# પદાર્થ પ્રકાશ

(ભાગ ૧૨)

કર્મપ્રકૃતિ

• ઉદીરણાકરણ • ઉપશમનાકરણ
• નિધત્તિકરણ • નિકાચનાકરણ

(પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી
(વિ.સં. ૧૯૬૭-૨૦૬૭, ચૈત્ર વદ-૬) અને
પંન્યાસ શ્રી પદ્મવિજયજી સ્વર્ગવાસ અર્ધશતાબ્દી
(વિ.સં. ૨૦૧૭-૨૦૬૭, શ્રાવણ વદ-૧૧) નિમિત્તે નવલું નજરાણું

# પદાર્થ પ્રકાશ

## ભાગ-૧૨

## કર્મપ્રકૃતિ

- ઉદીરણાકરણ
- ઉપશમનાકરણ
- નિધત્તિકરણ
- નિકાચનાકરણ

પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ


• સંકલન-સંપાદન •
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



વિ.સં. ૨૦૬૭ • વીર સં. ૨૫૩૭

• પ્રકાશક •
**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**
**સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**

# પ્રાપ્તિસ્થાન

- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬.
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
  મો : ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રાકાંત એસ. સંઘવી**
  ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫. (ઉ.ગુ.). ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી-૬, સર્વોદય સોસાયટી, સાંઈનાથનગર, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭, મો : ૯૮૨૦૫૯૫૦૪૯
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો : ૯૫૯૪૫૫૫૫૦૫


**પ્રથમ આવૃત્તિ** — **નકલ ૧૦૦૦**

**મૂલ્ય : રૂા. ૯૦-૦૦**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

# દિવ્યવંદના



પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા

પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા





પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર

શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય

આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના



## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર

ગચ્છાધિપતિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની

અમીદૃષ્ટિ સદા અમારી ઉપર વરસતી રહો.

# ઉપકારી ઉપકાર તમારો કદિય ન વિસરીએ



અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ. પ્રવર્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના



# પ્રકાશકીય

પદાર્થપ્રકાશ ભાગ-૧૨ને પ્રકાશિત કરતા હૈયું આનંદવિભોર થાય છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રી આચાર્ય વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અનેક ગ્રંથોના પદાર્થોનું સંકલન-સંપાદન કરી રહ્યા છે. તેને પ્રકાશિત કરવાનો અમૂલ્ય લાભ અમને મળી રહ્યો છે. તે બદલ અમે પૂજ્યશ્રીના આભારી છીએ અને અમારી જાતને પુણ્યશાળી માનીએ છીએ.

આજ સુધી પદાર્થ પ્રકાશ ભાગ-૧ થી ભાગ-૧૧ સુધીમાં ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણિ, ક્ષેત્રસમાસ, કર્મપ્રકૃતિના બંધનકરણ-સંક્રમકરણ-ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ અમે પ્રકાશિત કર્યા છે. હવે પદાર્થ પ્રકાશ ભાગ-૧૨ નામના આ પુસ્તકમાં કર્મપ્રકૃતિના ઉદીરણાકરણ-ઉપશમનાકરણ-નિધત્તિકરણ-નિકાચનાકરણના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ પ્રકાશિત કરીએ છીએ.

આ બધા પદાર્થો પૂજ્યશ્રીએ પ્રારંભિક સંયમજીવનમાં પૂજ્યપાદ આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસેથી વાચના દ્વારા મેળવેલા અને તેનો ખૂબ પાઠ કરેલો. તેથી પૂજ્યશ્રીને એ પદાર્થોના સંસ્કારો દૃઢ થયેલા. પૂજ્યશ્રી પદાર્થોના રસથાળનો આસ્વાદ માત્ર પોતે જ નથી માણી રહ્યા પણ પદાર્થપ્રકાશના ભાગો દ્વારા આપણને સહુને પીરસી રહ્યા છે. એ બદલ આપણે સહુ એમના ઋણી છીએ.

આ પુસ્તકના સંપૂર્ણ મેટરનું પંડિતવર્ય પારસભાઈ ચંપકલાલ શાહે સંશોધન કરેલ છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય કરનાર અમદાવાદ ભરતગ્રાફિક્સવાળા ભરતભાઈ તથા મહેન્દ્રભાઈ અને આકર્ષક ટાઈટલ બનાવનાર મલ્ટીગ્રાફિક્સવાળા મુકેશભાઈનો પણ આ પ્રસંગે આભાર માનીએ છીએ.

આ પુસ્તકના અધ્યયન દ્વારા કર્મપ્રકૃતિના રહસ્યાર્થોને જાણીને કર્મના બંધનોમાંથી છૂટીને સહુ કોઈ શીઘ્ર સિદ્ધિને પામે એ જ અંતરની અભિલાષા.

આજ સુધીમાં પૂજ્યશ્રી દ્વારા લિખિત-સંકલિત-સંપાદિત-પ્રેરિત ૬૫ ગ્રંથોના પ્રકાશનનો અમને બહુમૂલ્ય લાભ મળ્યો છે. હજી આગળ પણ પૂજ્યશ્રીના વધુ ને વધુ ગ્રંથો પ્રકાશિત કરવાનો લાભ અમને મળતો રહે એવી શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતીદેવીને પ્રાર્થના કરીએ છીએ.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**ટ્રસ્ટીગણ**

૧. તારાચંદ અંબાલાલ શાહ  ૨. ધરણેન્દ્ર અંબાલાલ શાહ

૩. પુંડરીક અંબાલાલ શાહ  ૪. મુકેશ બંસીલાલ શાહ

૫. ઉપેન્દ્ર તારાચંદ શાહ

# જ્ઞાનમગ્નનું સુખ અવર્ણનીય છે

અનુત્તરવાસી દેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે. તેમાં તેઓ પોતાની શય્યામાંથી એકવાર પણ ઊભા થતા નથી. તેઓ ક્યાંય ફરવા જતા નથી. ત્યાં દેવીઓ પણ હોતી નથી. પહેલા-બીજા દેવલોકની દેવીઓ ત્યાં જઈ શકતી નથી. છતાં પણ તે દેવો કંટાળતા નથી, કેમકે તેઓ તત્ત્વચિંતનમાં મશગૂલ હોય છે. તેમને સમય ક્યાં જતો રહે છે તેની ખબર પણ પડતી નથી. તેઓ જ્ઞાનાનંદમાં મગ્ન હોય છે. એ આનંદની સામે એમને અન્ય વિષયો તુચ્છ લાગે છે. વૈરાગ્યને પેદા કરવા અને ટકાવવા માટે જ્ઞાન એ પરમ ઉપાય છે.

જ્ઞાનાનંદને માણવા તત્ત્વચિંતનમાં ડૂબકી મારવી પડે છે. તે માટે પદાર્થોની ઉપસ્થિતિ જરૂરી છે. તે માટે પદાર્થો સમજવા આવશ્યક છે. તે માટે પદાર્થો સહેલાઈથી સમજાવી શકે એવા કુશળ ગુરુ કે પુસ્તકની જરૂર રહે છે. પરમગુરુદેવ આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાને ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ વગેરેના બધા પદાર્થો ઉપસ્થિત હતા. તેઓ સ્વયં છેલ્લી ઉંમર સુધી રોજ રાત્રે તેમનો પાઠ કરતા હતા. તેઓ શિષ્યોને એ પદાર્થોનો પાઠ પણ પુસ્તક વિના મોઢે જ આપતા અને સમજાવતા. મેં પણ પ્રારંભિક સંયમજીવનમાં પૂજ્યશ્રી પાસેથી પદાર્થોનું જ્ઞાન મેળવ્યું. તેનો ખૂબ પાઠ કર્યો. તેનાથી જ્ઞાનાનંદને માણ્યો. બીજા પણ આ જ્ઞાનાનંદને માણે એ ભાવનાથી પદાર્થોનું સંકલન કર્યું અને તે પદાર્થપ્રકાશ રૂપે પ્રકાશિત થયું. આજ સુધીમાં પદાર્થ-પ્રકાશના ભાગ ૧ થી ભાગ ૧૧ સુધીમાં ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણિ, ક્ષેત્રસમાસ અને કર્મપ્રકૃતિના બંધનકરણ, સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણના પદાર્થો પ્રકાશિત થઈ ગયા છે. પદાર્થપ્રકાશના આ ભાગ-૧૨ માં ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ

પ્રકાશિત થઈ રહ્યા છે. કર્મપ્રકૃતિના પદાર્થોનું પદાર્થપ્રકાશના ચાર ભાગોમાં સંકલન કર્યું છે. તે આ પ્રમાણે -

- **પદાર્થ પ્રકાશ ભાગ-૧૦ :** કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ અને ગાથા-શબ્દાર્થ.
- **પદાર્થ પ્રકાશ ભાગ-૧૧ :** કર્મપ્રકૃતિ સંક્રમકરણ-ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ અને ગાથા-શબ્દાર્થ.
- **પદાર્થ પ્રકાશ ભાગ-૧૨ :** કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણનો પદાર્થ-સંગ્રહ અને ગાથા-શબ્દાર્થ.
- **પદાર્થ પ્રકાશ ભાગ-૧૩ :** કર્મપ્રકૃતિ ઉદયાધિકાર-સત્તાધિકારનો પદાર્થસંગ્રહ અને ગાથા-શબ્દાર્થ

પદાર્થ પ્રકાશ ભાગ-૧૨ માં પહેલા ઉદીરણાકરણનો પદાર્થસંગ્રહ છે. ઉદીરણાકરણના ચાર ભેદ છે - પ્રકૃતિઉદીરણા, સ્થિતિઉદીરણા, રસઉદીરણા અને પ્રદેશઉદીરણા, પ્રકૃતિઉદીરણામાં છ દ્વાર છે. સ્થિતિઉદીરણામાં પાંચ દ્વાર છે. રસઉદીરણામાં છ દ્વાર છે. પ્રદેશઉદીરણામાં બે દ્વાર છે. ઉદીરણાકરણના પદાર્થસંગ્રહ પછી તેના મૂળગાથા-શબ્દાર્થ છે. ત્યાર પછી ઉપશમનાકરણનો પદાર્થસંગ્રહ છે. ઉપશમનાકરણમાં નવ અધિકારો છે. તે આ પ્રમાણે છે -

(૧) પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર
(૨) દેશવિરતિલાભપ્રરૂપણા અધિકાર
(૩) સર્વવિરતિલાભપ્રરૂપણા અધિકાર
(૪) અનંતાનુબંધી ૪ વિસંયોજના અધિકાર
(૫) અનંતાનુબંધી ૪ ઉપશમના અધિકાર
(૬) દર્શન ૩ ક્ષપણા અધિકાર
(૭) દર્શન ૩ ઉપશમના અધિકાર

(૮) ચારિત્રમોહનીય ઉપશમના અધિકાર

(૯) કરણકૃત દેશોપશમના અધિકાર

કરણકૃત દેશોપશમનાના ચાર પ્રકાર છે - પ્રકૃતિદેશોપશમના, સ્થિતિદેશોપશમના, રસદેશોપશમના અને પ્રદેશદેશોપશમના. ઉપશમનાકરણના પદાર્થસંગ્રહ પછી નિધત્તિકરણ અને નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ છે. ત્યાર પછી ઉપશમનાકરણના મૂળગાથા-શબ્દાર્થ છે. ત્યાર પછી નિધત્તિકરણ અને નિકાચનાકરણના મૂળગાથા-શબ્દાર્થ છે.

આ પુસ્તકના અધ્યયન દ્વારા ઉદીરણાકરણ-ઉપશમનાકરણ-નિધત્તિકરણ-નિકાચનાકરણના ગહન પદાર્થોનું જ્ઞાન સરળતાથી થાય છે. આ પુસ્તક દ્વારા એ પદાર્થો સહેલાઈથી કંઠસ્થ થઈ શકે છે, કેમકે આ પુસ્તકમાં પદાર્થોને સંક્ષેપમાં બરાબર સમજાવ્યા છે, બિનજરૂરી વિસ્તાર કર્યો નથી.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા કર્મપ્રકૃતિના ગૂઢરહસ્યો જાણીને સહુ કોઈ કર્મરાજાની વ્યૂહરચનામાંથી આબાદ રીતે છટકી જઈ નિર્વાણનગરી તરફ સંચરે એ જ અંતરની એક અભિલાષા છે.

પરમગુરુદેવ આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ્રગુરુદેવ આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને ગુરુદેવ પન્ન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવર આ ગુરુત્રયીની કૃપાવર્ષાથી જ આ કાર્ય શક્ય બન્યું છે. એમની કૃપાના બળે જ મોહાધીન એવો હું આજે આ કક્ષાએ પહોંચ્યો છું. એમના ઉપકારોને ફરી ફરી યાદ કરવા સાથે એમના ચરણોમાં અનંતશઃ વંદના કરું છું.

આ સંપૂર્ણ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો તેની ક્ષમા યાચું છું.

**ગુરુદેવ પન્ન્યાસપ્રવર**
**શ્રી પદ્મવિજયજી મહારાજની**
**૫૦મી સ્વર્ગારોહણતિથિ દિન**
**વિ.સં. ૨૦૬૭, શ્રાવણ વદ-૧૧,**
**ગુરુવારપેઠ, પુના, મહારાષ્ટ્ર**

**લી.**
**પ્રેમ-ભુવનભાનુસૂરિ-**
**પં. પદ્મવિજયજીના વિનેય**
**આ. હેમચન્દ્રસૂરિ**

## પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

## ગુજરાતી સાહિત્ય

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧
(જીવવિચાર-નવતત્ત્વ પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨
(દંડક-લઘુસંગ્રહણી પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩
(૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪
(૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) પદાર્થપ્રકાશ ભાગ-૫
(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૬) પદાર્થપ્રકાશ ભાગ-૬
(પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૭) પદાર્થપ્રકાશ ભાગ-૭
(છઠ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૮) પદાર્થપ્રકાશ ભાગ-૮
(બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૯) પદાર્થપ્રકાશ ભાગ-૯
(બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૦) પદાર્થપ્રકાશ ભાગ-૧૦
(કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૧) પદાર્થપ્રકાશ ભાગ-૧૧
(કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૨) મુક્તિનું મંગલદ્વાર
(ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)

(૧૩) શ્રી સીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)

(૧૪) ચાતુર્માસિક અને જીવનના નિયમો



(૧૫) વીશ વિહરમાન જિન સચિત્ર

(૧૬) વીશ વિહરમાન જિન પૂજા

(૧૭) બંધનથી મુક્તિ તરફ
(બારવ્રત તથા ભવઆલોચના વિષયક સમજણ)

(૧૮) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ

(૧૯) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ

(૨૦) તત્ત્વાર્થ ઉષા (પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)

(૨૧) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં. પદ્મવિજયજી મ.નું જીવનચરિત્ર)

(૨૨) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)

(૨૩) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)

(૨૪) પ્રેમપ્રભા ભાગ-૩
(બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)

(૨૫) સાધુતાનો ઉજાસ
(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)

(૨૬) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ
(પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)

(૨૭) ગુરુ દીવો, ગુરુ દેવતા. (પ્રેમપ્રભા ભાગ-૬)

(૨૮) પ્રભુ ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)

(૨૯) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)

(૩૦) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)

(૩૧) કામસુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)

(૩૨-૩૩) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧-૨ (પ્રેમપ્રભા ભાગ-૧૧-૧૨)

(૩૪) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા-દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)

(૩૫) ભક્તિમાં ભીંજાણા (પં. પદ્મવિજયજી ગણિવર્ય)
(વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)

(૩૬) આદીશ્વર અલબેલો રે (પૂ.ગણિ કલ્યાણબોધિવિજયજી)
(શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)

(૩૭) ઉપધાનતપવિધિ

(૩૮) રત્નકુક્ષી માતા પાહિણી

(૩૯) સતીસોનલ

(૪૦) નેમિદેશના
(૪૧) નરક દુઃખ વેદના ભારી
(૪૨) પંચસૂત્રનું પરિશીલન
(૪૩) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૪૪) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)



(૪૫) અધ્યાત્મયોગી (આ. કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)
(૪૬) ચિત્કાર
(૪૭) મનોનુશાસન
(૪૮) ભાવે ભજો અરિહંતને
(૪૯) લક્ષ્મી સરસ્વતી સંવાદ
(૫૦-૫૨) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩
(૫૩-૫૬) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪
(૫૭) સમતાસાગર (પૂ.પં. પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)
(૫૮) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૫૯) શુદ્ધિ (ભવઆલોચના)
(૬૦) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો
(૬૧) જયવીયરાય

## અંગ્રેજી સાહિત્ય

(૧) **A Shining Star of Spirituality**
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
(૨) **Padartha Prakash Part-I** (જીવવિચાર-નવતત્ત્વ)
(૩) **Pahini-A Gem-womb Mother**
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् ( गद्य ) (પં. પદ્મવિજયજી મ.નુ જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| I | કર્મપ્રકૃતિ ઉદીરણાકરણનો પદાર્થસંગ્રહ | ૧-૧૦૭ |
| A | પ્રકૃતિઉદીરણા | ૧-૪૩ |
| ૧ | દ્વાર ૧લુ લક્ષણ | ૧ |
| ૨ | દ્વાર ૨જુ ભેદ | ૧ |
| ૩ | દ્વાર ૩જુ સાદ્યાદિ પ્રરૂપણા | ૧ |
| ૪ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૨-૩ |
| ૫ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૩-૫ |
| ૬ | દ્વાર ૪થુ સ્વામિત્વ | ૫ |
| ૭ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાનું સ્વામિત્વ | ૫ |
| ૮ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાનું સ્વામિત્વ | ૬-૧૨ |
| ૯ | દ્વાર ૫મુ પ્રકૃતિઉદીરણાસ્થાન, દ્વાર ૬ઠ્ઠુ પ્રકૃતિઉદીરણાસ્થાનના સ્વામી | ૧૨ |
| ૧૦ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાસ્થાન અને તેના સ્વામી | ૧૨-૧૩ |
| ૧૧ | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીયના પ્રકૃતિઉદીરણાસ્થાન અને તેના સ્વામી | ૧૩ |
| ૧૨ | મોહનીયના પ્રકૃતિઉદીરણાસ્થાન અને તેના સ્વામી | ૧૪-૧૭ |
| ૧૩ | આયુષ્યના પ્રકૃતિઉદીરણાસ્થાન અને તેના સ્વામી | ૧૭ |
| ૧૪ | નામકર્મના પ્રકૃતિઉદીરણાસ્થાન અને તેના સ્વામી | ૧૭-૩૩ |
| ૧૫ | ચૌદ ગુણઠાણે નામકર્મના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા | ૩૩-૪૦ |
| ૧૬ | ચાર ગતિમાં નામકર્મના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા | ૪૧-૪૨ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૭ | ગોત્ર અને અંતરાયના પ્રકૃતિઉદીરણાસ્થાન અને તેના સ્વામી | ૪૩ |
| B | **સ્થિતિઉદીરણા** | **૪૪-૭૧** |
| ૧ | દ્વાર ૧લુ લક્ષણ | ૪૪ |
| ૨ | દ્વાર ૨જુ ભેદ | ૪૪-૪૫ |
| ૩ | દ્વાર ૩જુ સાદ્યાદિ પ્રરૂપણા | ૪૫ |
| ૪ | મૂળપ્રકૃતિઓમાં સ્થિતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૪૫-૪૮ |
| ૫ | ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૪૮-૫૦ |
| ૬ | દ્વાર ૪થુ અદ્ધાછેદ, દ્વાર ૫મુ સ્વામિત્વ | ૫૦ |
| ૭ | ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણાના સ્વામી | ૫૦-૬૫ |
| ૮ | જઘન્ય સ્થિતિઉદીરણઆના સ્વામી | ૬૫-૭૧ |
| C | **રસઉદીરણા** | **૭૨-૯૫** |
| ૧ | દ્વાર ૧લુ સંજ્ઞાપ્રરૂપણા | ૭૨-૭૩ |
| ૨ | દ્વાર ૨જુ શુભ-અશુભ પ્રરૂપણા | ૭૪ |
| ૩ | દ્વાર ૩જુ વિપાકપ્રરૂપણા | ૭૪-૭૫ |
| ૪ | દ્વાર ૪થુ પ્રત્યયપ્રરૂપણા | ૭૫-૭૮ |
| ૫ | દ્વાર ૫મુ સાદ્યાદિપ્રરૂપણા | ૭૮ |
| ૬ | મૂળપ્રકૃતિઓમાં રસઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૭૮-૮૦ |
| ૭ | ઉત્તરપ્રકૃતિઓમાં રસઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૮૧-૮૪ |
| ૮ | દ્વાર ૬ઠ્ઠુ સ્વામિત્વ | ૮૪ |
| ૯ | ઉત્કૃષ્ટ રસઉદીરણાના સ્વામી | ૮૫-૮૯ |
| ૧૦ | જઘન્ય રસઉદીરણાના સ્વામી | ૮૯-૯૫ |
| D | **પ્રદેશઉદીરણા** | **૯૬-૧૦૭** |
| ૧ | દ્વાર ૧લુ સાદ્યાદિ પ્રરૂપણા | ૯૬ |
| ૨ | મૂળપ્રકૃતિઓમાં પ્રદેશઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૯૬-૯૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશઉદીરણાના સાદ્યાદિ ભાંગા | ૯૮-૧૦૦ |
| ૪ | દ્વાર ૨જુ સ્વામિત્વ | ૧૦૧ |
| ૫ | ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણાના સ્વામી | ૧૦૧-૧૦૫ |
| ૬ | જઘન્ય પ્રદેશઉદીરણાના સ્વામી | ૧૦૫-૧૦૭ |
| **II** | **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણના મૂળગાથા-શબ્દાર્થ** | **૧૦૮-૧૩૩** |
| **III** | **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણનો પદાર્થસંગ્રહ** | **૧૩૪-૨૫૯** |
| ૧ | ઉપશમનાના બે પ્રકાર | ૧૩૪ |
| ૨ | ૯ અધિકારો | ૧૩૫ |
| **A** | **પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર** | **૧૩૫-૧૬૭** |
| ૧ | પૂર્વભૂમિકા | ૧૩૫-૧૪૨ |
| ૨ | યથાપ્રવૃત્તકરણ | ૧૪૨-૧૪૫ |
| ૩ | અપૂર્વકરણ | ૧૪૬-૧૫૬ |
| ૪ | અનિવૃત્તિકરણ | ૧૫૬-૧૬૦ |
| ૫ | પ્રથમઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ | ૧૬૧-૧૬૭ |
| **B-C** | **દેશવિરતિલાભ પ્રરૂપણા અધિકાર, સર્વવિરતિલાભપ્રરૂપણા અધિકાર** | **૧૬૭-૧૭૦** |
| **D** | **અનંતાનુબંધી ૪ વિસંયોજના અધિકાર** | **૧૭૧-૧૭૨** |
| **E** | **અનંતાનુબંધી ૪ ઉપશમના અધિકાર** | **૧૭૩-૧૭૪** |
| **F** | **દર્શન ૩ ક્ષપણા અધિકાર** | **૧૭૫-૧૭૯** |
| **G** | **દર્શન ૩ ઉપશમના અધિકાર** | **૧૮૦-૧૮૧** |
| **H** | **ચારિત્રમોહનીય ઉપશમના અધિકાર** | **૧૮૨-૨૪૬** |
| ૧ | યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ | ૧૮૨-૧૮૩ |
| ૨ | અનિવૃત્તિકરણ | ૧૮૪-૧૮૫ |
| ૩ | સ્થિતિબંધ વક્તવ્યતા | ૧૮૬-૧૯૨ |
| ૪ | દેશઘાતીરસબંધ | ૧૯૨ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫ | અંતરકરણક્રિયા | ૧૯૨-૧૯૩ |
| ૬ | ચાર કષાય અને ત્રણ વેદના ઉદયકાળનું અલ્પબહુત્વ | ૧૯૩ |
| ૭ | ચારિત્રમોહનીયની પ્રકૃતિઓના અંતરકરણની વિષમતા | ૧૯૩-૧૯૫ |
| ૮ | અંતરકરણનું દલિક નાંખવાની વિધિ | ૧૯૫-૧૯૭ |
| ૯ | ૭ વસ્તુઓ | ૧૯૭-૧૯૮ |
| ૧૦ | નપુંસકવેદઉપશમના | ૧૯૯ |
| ૧૧ | સ્ત્રીવેદઉપશમના | ૧૯૯-૨૦૨ |
| ૧૨ | હાસ્ય ૬ અને પુરુષવેદની ઉપશમના | ૨૦૩-૨૦૭ |
| ૧૩ | ક્રોધ ૩ની ઉપશમના | ૨૦૭-૨૦૮ |
| ૧૪ | માન ૩ની ઉપશમના | ૨૦૯-૨૧૧ |
| ૧૫ | માયા ૩ની ઉપશમના | ૨૧૧-૨૧૩ |
| ૧૬ | લોભ ૩ની ઉપશમના | ૨૧૩-૨૧૪ |
| ૧૭ | અશ્વકર્ણકરણાદ્ધા | ૨૧૫ |
| ૧૮ | કિટ્ટિકરણાદ્ધા | ૨૧૫-૨૨૦ |
| ૧૯ | સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક (કિટ્ટિવેદનાદ્ધા) | ૨૨૦-૨૨૩ |
| ૨૦ | ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક | ૨૨૩-૨૨૪ |
| ૨૧ | મોહનીયની ઉપશમના | ૨૨૫ |
| ૨૨ | ભિન્ન-ભિન્ન કષાયોદયે ઉપશમશ્રેણિ માંડનારની ભિન્નતા | ૨૨૬ |
| ૨૩ | ભિન્ન-ભિન્ન વેદોદયે ઉપશમશ્રેણિ માંડનારની ભિન્નતા | ૨૨૭ |
| ૨૪ | ૧૧મા ગુણઠાણેથી પ્રતિપાત | ૨૨૭ |
| ૨૫ | ભવક્ષયથી પ્રતિપાત | ૨૨૭-૨૨૮ |
| ૨૬ | કાળક્ષયથી પ્રતિપાત | ૨૨૮-૨૪૬ |
| **I** | **કરણકૃત દેશોપશમના અધિકાર** | **૨૪૬-૨૫૯** |
| ૧ | પ્રકૃતિ દેશોપશમના | ૨૪૭ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨ | સાદ્યાદિ પ્રરૂપણા | ૨૪૭ |
| ૩ | મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિદેશોપશમનાના સાદ્યાદિ ભાંગા | ૨૪૭-૨૪૮ |
| ૪ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિદેશોપશમનાના સાદ્યાદિ ભાંગા | ૨૪૮ |
| ૫ | દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૪૯ |
| ૬ | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીયના દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૪૯ |
| ૭ | મોહનીયના દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૫૦-૨૫૨ |
| ૮ | આયુષ્યના દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૫૨ |
| ૯ | નામકર્મના દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૫૩-૨૫૫ |
| ૧૦ | ગોત્ર અને અંતરાયના દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૫૫-૨૫૬ |
| ૧૧ | સ્થિતિદેશોપશમના | ૨૫૭-૨૫૮ |
| ૧૨ | રસદેશોપશમના | ૨૫૮ |
| ૧૩ | પ્રદેશદેશોપશમના | ૨૫૮-૨૫૯ |
| **IV** | **કર્મપ્રકૃતિ નિધત્તિકરણ-નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ** | **૨૫૯** |
| ૧ | નિધત્તિકરણ અને નિકાચનાકરણના લક્ષણ, ભેદ અને સ્વામી | ૨૫૯ |
| ૨ | ગુણશ્રેણિ, દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણ અને યથાપ્રવૃત્તસંક્રમના દલિકોનું અલ્પબહુત્વ | ૨૬૦ |
| ૩ | આઠ કરણોના અધ્યવસાયોનું અલ્પબહુત્વ | ૨૬૦ |
| **V** | **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણના મૂળગાથા-શબ્દાર્થ** | **૨૬૧-૨૭૯** |
| **VI** | **કર્મપ્રકૃતિ નિધત્તિકરણ-નિકાચનાકરણના મૂળગાથા-શબ્દાર્થ** | **૨૮૦** |

# કર્મપ્રકૃતિ

# ઉદીરણાકરણ

## પદાર્થસંગ્રહ

અહીં ૬ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **લક્ષણ** - જે વીર્યવિશેષથી જીવ ઉદયાવલિકા ઉપરની સ્થિતિમાં રહેલા કર્મદલિકોને ખેંચીને [1]ઉદયાવલિકામાં નાંખે તે ઉદીરણાકરણ કહેવાય છે.

(૨) **ભેદ** - ઉદીરણાના ચાર ભેદ છે - પ્રકૃતિઉદીરણા, સ્થિતિઉદીરણા, રસઉદીરણા અને પ્રદેશઉદીરણા. આ દરેકના ૨-૨ ભેદ છે - મૂળપ્રકૃતિવિષયક ઉદીરણા અને ઉત્તરપ્રકૃતિવિષયક ઉદીરણા. મૂળપ્રકૃતિવિષયક ઉદીરણાના ૮ ભેદ છે અને ઉત્તરપ્રકૃતિવિષયક ઉદીરણાના ૧૫૮ ભેદ છે.

## પ્રકૃતિઉદીરણા

(૩) **સાદ્યાદિ પ્રરૂપણા** -

**મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-**

---

૧. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૧ ની ચૂર્ણિમાં પાના નં. ૧** ઉપર કહ્યું છે કે, 'જે વીર્યવિશેષથી જીવ ઉદયાવલિકા ઉપરની સ્થિતિમાં રહેલા કર્મદલિકોને ખેંચીને ઉદયસમયમાં નાંખે તે ઉદીરણાકરણ કહેવાય છે.' **પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૧ ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૦૯** ઉપર કહ્યું છે કે, 'જે વીર્યવિશેષથી જીવ ઉદયાવલિકા ઉપરની સ્થિતિમાં રહેલા કર્મદલિકોને ખેંચીને ઉદયપ્રાપ્તસ્થિતિમાં નાંખે તે ઉદીરણાકરણ કહેવાય છે.'

(i) **જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાય = ૫ :-** જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયની ઉદીરણા ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી બધા જીવોને થાય છે. નામ, ગોત્રની ઉદીરણા ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી બધા જીવોને થાય છે. તેથી આ પાંચ પ્રકૃતિઓની ઉદીરણા અનાદિ છે. અભવ્યને આ પાંચ પ્રકૃતિઓની ઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પાંચ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેમની ઉદીરણા અધ્રુવ છે.

(ii) **વેદનીય :-** વેદનીયની ઉદીરણા ૬ઠ્ઠા ગુણઠાણા સુધી થાય છે, ત્યાર પછી થતી નથી. ૭મા વગેરે ગુણઠાણાથી પડેલાને વેદનીયની ઉદીરણા સાદિ છે. પૂર્વે ૭મું ગુણઠાણુ નહીં પામેલાને વેદનીયની ઉદીરણા અનાદિ છે. અભવ્યને વેદનીયની ઉદીરણા ધ્રુવ છે. ભવ્યને વેદનીયનો ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેની ઉદીરણા અધ્રુવ છે.

(iii) **મોહનીય :-** મોહનીયની ઉદીરણા ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી થાય છે, ત્યાર પછી થતી નથી. ઉદીરણાવિચ્છેદ થયા પછી પડેલાને મોહનીયની ઉદીરણા સાદિ છે. પૂર્વે તે સ્થાન નહીં પામેલાને મોહનીયની ઉદીરણા અનાદિ છે. અભવ્યને મોહનીયની ઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મોહનીયનો ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેની ઉદીરણા અધ્રુવ છે.

(iv) **આયુષ્ય :-** આયુષ્યની ચરમાવલિકામાં તેની ઉદીરણા થતી નથી. વળી પરભવના ઉત્પત્તિસમયથી આયુષ્યની ઉદીરણા થાય છે. તેથી આયુષ્યની ઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | – | ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યાં સુધી નિરંતર ઉદીરણા થાય. | અભવ્યને | ભવ્યને ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે |
| નામ, ગોત્ર | – | ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી નિરંતર ઉદીરણા થાય. | અભવ્યને | ભવ્યને ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે |
| વેદનીય | ૭મા ગુણઠાણાથી પડેલાને | પૂર્વે ૭મું ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે |
| મોહનીય | ઉદીરણાવિચ્છેદ થયા પછી પડેલાને | પૂર્વે ઉદીરણાવિચ્છેદસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે |
| આયુષ્ય | ભવના પ્રથમ સમયે | – | – | ભવની ચરમાવલિકામાં ઉદીરણા ન થાય |

## મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | ભાંગા | કુલ ભાંગા |
|---|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાય = ૫ | ૩ | ૧૫ |
| વેદનીય, મોહનીય = ૨ | ૪ | ૮ |
| આયુષ્ય | ૨ | ૨ |
| કુલ | | ૨૫ |

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-

(i) **મિથ્યાત્વમોહનીય :-** સમ્યક્ત્વાવસ્થામાં મિથ્યાત્વમોહનીયનો ઉદય ન હોવાથી તેની ઉદીરણા થતી નથી. સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે ગયેલાને મિથ્યાત્વમોહનીયની ઉદીરણા સાદિ છે. પૂર્વે સમ્યક્ત્વ નહીં પામેલાને મિથ્યાત્વમોહનીયની ઉદીરણા અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયની ઉદીરણા ધ્રુવ છે. ભવ્યને સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વમોહનીયની ઉદીરણા અધ્રુવ છે.

(ii) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી આ પ્રકૃતિઓની ઉદીરણા સતત થાય છે. તેથી તે અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની ઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેમની ઉદીરણા અધ્રુવ છે.

(iii) **તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૩૩ :-** ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી આ પ્રકૃતિઓની ઉદીરણા સતત થાય છે. તેથી તે અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની ઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેમની ઉદીરણા અધ્રુવ છે.

(iv) **શેષ ૧૧૦ :-** આ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી તેમની ઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| ઉત્તરપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|
| મિથ્યાત્વ-મોહનીય | સમ્યક્ત્વથી પડેલાને | સમ્યક્ત્વ નહીં પામેલ અનાદિ મિથ્યાદષ્ટિને | અભવ્યને | ભવ્યને સમ્યક્ત્વ પામે ત્યારે |
| જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫=૧૪ | – | ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી નિરંતર ઉદીરણા થાય. | અભવ્યને | ભવ્યને ૧૨મા ગુણઠાણાની આવલિકા શેષ રહે ત્યારે |
| તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૩૩ | – | ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી નિરંતર ઉદીરણા થાય | અભવ્યને | ભવ્યને ૧૪મું ગુણઠાણુ પામે ત્યારે |
| શેષ ૧૧૦ | અધ્રુવોદયી હોવાથી | – | – | અધ્રુવોદયી હોવાથી |

### ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| ઉત્તરપ્રકૃતિ | ભાંગા | કુલ ભાંગા |
|---|---|---|
| મિથ્યાત્વમોહનીય | ૪ | ૪ |
| જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૪૭ | ૩ | ૧૪૧ |
| શેષ ૧૧૦ | ૨ | ૨૨૦ |
| કુલ | | ૩૬૫ |

(૪) **સ્વામિત્વ** -

**મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાનું સ્વામિત્વ :-**

(૧) **જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય :-** ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૨) **મોહનીય :-** ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો મોહનીયની ઉદીરણા કરે છે.

(૩) **વેદનીય :-** ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો વેદનીયની ઉદીરણા કરે છે.

(૪) **આયુષ્ય :-** આયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો આયુષ્યની ઉદીરણા કરે છે.

(૫) **નામ, ગોત્ર :-** ૧લા ગુણઠાણાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો નામ અને ગોત્રની ઉદીરણા કરે છે.

**ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિઉદીરણાનું સ્વામિત્વ :-**

(૧) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૨) **તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૩૩ :-** ૧લા ગુણઠાણાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૩) **ઉપઘાત :-** શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત શરીરસ્થ જીવો ઉપઘાતની ઉદીરણા કરે છે.

(૪) **સૂક્ષ્મ કિટ્ટિકૃત લોભ :-** ૧૦મા ગુણઠાણાની ચરમાવલિકામાં નહીં રહેલા ૧૦મા ગુણઠાણાવાળા જીવો આ પ્રકૃતિની ઉદીરણા કરે છે.

(૫) **ત્રસ ૩, સ્થાવર ૩, ગતિ ૪, જાતિ ૫, દર્શન મોહનીય ૩, વેદ ૩ = ૨૧ :-** તે તે કર્મના ઉદયવાળા સયોગી જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૬) **દેવાયુષ્ય :-** દેવાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા દેવો દેવાયુષ્યની ઉદીરણા કરે છે.

(૭) **નરકાયુષ્ય :-** નરકાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા નારકો નરકાયુષ્યની ઉદીરણા કરે છે.

(૮) **તિર્યંચાયુષ્ય :-** તિર્યંચાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા તિર્યંચો તિર્યંચાયુષ્યની ઉદીરણા કરે છે.

(૯) **મનુષ્યાયુષ્ય :-** મનુષ્યાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા

૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના મનુષ્યો મનુષ્યાયુષ્યની ઉદીરણા કરે છે.

(૧૦)**પ્રત્યેક** :- શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત શરીરસ્થ પ્રત્યેકશરીરી જીવો પ્રત્યેકની ઉદીરણા કરે છે.

(૧૧)**સાધારણ** :- શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત શરીરસ્થ સાધારણશરીરી જીવો સાધારણની ઉદીરણા કરે છે.

(૧૨)**ઔદારિક શરીર, ઔદારિક બંધન ૪, ઔદારિક સંઘાતન = ૬** :- વૈક્રિયશરીરી અને આહારકશરીરી સિવાયના બધા આહારક મનુષ્યો અને આહારક તિર્યંચો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે. આહારક એટલે ઓજાહાર, લોમાહાર અને પ્રક્ષેપાહારમાંથી કોઈપણ આહાર ગ્રહણ કરનારા.

(૧૩)**ઔદારિક અંગોપાંગ** :- વૈક્રિયશરીરી, આહારકશરીરી અને એકેન્દ્રિય સિવાયના બધા આહારક મનુષ્યો અને આહારક તિર્યંચો ઔદારિક અંગોપાંગની ઉદીરણા કરે છે.

(૧૪)**વૈક્રિય શરીર, વૈક્રિય બંધન ૪, વૈક્રિય સંઘાતન = ૬** :- આહારક દેવ-નારકી, ઉત્તરવૈક્રિયશરીરી પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય-પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ - પર્યાપ્તા બાદર વાયુકાય આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૧૫)**વૈક્રિય અંગોપાંગ** :- આહારક દેવ-નારકી, ઉત્તરવૈક્રિયશરીરી પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય-પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય અંગોપાંગની ઉદીરણા કરે છે.

(૧૬)**આહારક ૭** :- આહારકશરીરી પ્રમત્તસંયતો આહારક ૭ની ઉદીરણા કરે છે.

(૧૭)**પહેલા ૫ સંઘયણ, મધ્યમ ૪ સંસ્થાન = ૯ :-** તે તે પ્રકૃતિના ઉદયવાળા શરીરસ્થ પર્યાપ્તા મનુષ્યો - પંચેન્દ્રિય તિર્યંચો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે. ક્ષપકશ્રેણિવાળા જીવો ૧લા સંઘયણની જ ઉદીરણા કરે છે.

(૧૮)**સેવાર્ત સંઘયણ :-** સેવાર્ત સંઘયણના ઉદયવાળા શરીરસ્થ મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો અને વિકલેન્દ્રિયો સેવાર્ત સંઘયણની ઉદીરણા કરે છે. વિકલેન્દ્રિય અને લબ્ધિ અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો-મનુષ્યો સેવાર્ત સંઘયણની જ ઉદીરણા કરે છે.

(૧૯)**સમચતુરસ્ર સંસ્થાન :-** સમચતુરસ્ર સંસ્થાનના ઉદયવાળા શરીરસ્થ મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો, આહારકશરીરી, વૈક્રિયશરીરી અને દેવો સમચતુરસ્ર સંસ્થાનની ઉદીરણા કરે છે. આહારકશરીરી, ઉત્તરવૈક્રિયશરીરી મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, ભોગભૂમીના મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો અને દેવો સમચતુરસ્રસંસ્થાનની જ ઉદીરણા કરે છે.

(૨૦)**હુંડક સંસ્થાન :-** હુંડક સંસ્થાનના ઉદયવાળા શરીરસ્થ એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, નારકો, મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો, લબ્ધિઅપર્યાપ્તા જીવો હુંડક સંસ્થાનની ઉદીરણા કરે છે. એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, નારકો અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો-મનુષ્યો હુંડક સંસ્થાનની જ ઉદીરણા કરે છે.

(૨૧)**આનુપૂર્વી ૪ :-** તે તે આનુપૂર્વીના ઉદયવાળા વિગ્રહગતિમાં રહેલા જીવો આનુપૂર્વી ૪ની ઉદીરણા કરે છે.

(૨૨)**પરાઘાત :-** શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત જીવો પરાઘાતની ઉદીરણા કરે છે.

(૨૩)**આતપ :-** સૂર્યના વિમાનમાં રહેલા પર્યાપ્તા બાદર પૃથ્વીકાય જીવો આતપની ઉદીરણા કરે છે.

(૨૪) **ઉદ્યોત** :- પર્યાપ્તા બાદર પૃથ્વીકાય-અપ્કાય-વનસ્પતિકાય-વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચ, ઉત્તરવૈક્રિયશરીરી દેવો[1] - સંયતો અને આહારકશરીરી સંયતો ઉદ્યોતની ઉદીરણા કરે છે.

(૨૫) **સુખગતિ** :- શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત કેટલાક મનુષ્યો, કેટલાક પંચેન્દ્રિય તિર્યંચો, દેવો, ભોગભૂમીના મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, ઉત્તરવૈક્રિયશરીરી અને આહારકશરીરી સુખગતિની ઉદીરણા કરે છે.

(૨૬) **સુસ્વર** :- ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત કેટલાક વિકલેન્દ્રિયો, કેટલાક પંચેન્દ્રિય તિર્યંચો, કેટલાક મનુષ્યો, દેવો, યુગલિકો, ઉત્તરવૈક્રિયશરીરી અને આહારકશરીરી [2]સુસ્વરની ઉદીરણા કરે છે.

(૨૭) **કુખગતિ** :- શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત વિકલેન્દ્રિયો, કેટલાક પંચેન્દ્રિય તિર્યંચો, કેટલાક મનુષ્યો અને નારકો કુખગતિની ઉદીરણા કરે છે.

(૨૮) **દુ:સ્વર** :- ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત કેટલાક વિકલેન્દ્રિયો, કેટલાક પંચેન્દ્રિય તિર્યંચો, કેટલાક મનુષ્યો અને નારકો [2]દુ:સ્વરની ઉદીરણા કરે છે.

(૨૯) **ઉચ્છ્વાસ** :- શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિથી પર્યાપ્ત બધા જીવો [3]ઉચ્છ્વાસની ઉદીરણા કરે છે.

(૩૦) **સુભગ, આદેય = ૨** :- કેટલાક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, કેટલાક ગર્ભજ મનુષ્યો અને કેટલાક દેવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

---

૧. દેવોને સ્વાભાવિકશરીરમાં ઉદ્યોતના ઉદય-ઉદીરણા ન હોય.

૨. કેવળીને વચનયોગનો નિરોધ ન થાય ત્યાં સુધી સ્વરની ઉદીરણા થાય છે.

૩. કેવળીને ઉચ્છ્વાસનો નિરોધ ન થાય ત્યાં સુધી ઉચ્છ્વાસની ઉદીરણા થાય છે.

(૩૧) **યશ** :- સૂક્ષ્મ જીવો, તેઉકાય, વાયુકાય અને નારકી સિવાયના કેટલાક પર્યાપ્તા જીવો યશની ઉદીરણા કરે છે.

(૩૨) **ઉચ્ચગોત્ર** :- દેવો, સંયતો અને કેટલાક મનુષ્યો ઉચ્ચગોત્રની ઉદીરણા કરે છે.

(૩૩) **દુર્ભગ, અનાદેય = ૨** :- એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, નારકો, સંમૂર્ચ્છિમ મનુષ્યો, સંમૂર્ચ્છિમ તિર્યંચો, કેટલાક દેવો, કેટલાક ગર્ભજ મનુષ્યો અને કેટલાક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો દુર્ભગ-અનાદેયની ઉદીરણા કરે છે.

(૩૪) **અયશ** :- સૂક્ષ્મ જીવો, તેઉકાય, વાયુકાય, નારકો, અપર્યાપ્ત જીવો અને કેટલાક શેષ જીવો અયશની ઉદીરણા કરે છે.

(૩૫) **નીચગોત્ર** :- નારકો, તિર્યંચો અને કેટલાક મનુષ્યો નીચગોત્રની ઉદીરણા કરે છે.

(૩૬) **જિન** :- ૧૩મા ગુણઠાણે રહેલા તીર્થંકર ભગવંતો જિનનામકર્મની ઉદીરણા કરે છે.

(૩૭) **નિદ્રા ૨** :- ઈન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્ત ક્ષપકશ્રેણીમાં નહીં રહેલા ૧૧મા ગુણઠાણા સુધીના જીવો નિદ્રા ૨ની ઉદીરણા કરે છે. મતાંતરે ક્ષપકશ્રેણિમાં પણ ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી નિદ્રા ૨ની ઉદીરણા થાય છે.

(૩૮) **થિણદ્ધિ ૩** :- યુગલિકો-વૈક્રિયશરીરી-આહારકશરીરી-અપ્રમત્તસંયત સિવાયના ઈન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્ત શેષ જીવો થિણદ્ધિ ૩ની ઉદીરણા કરે છે.

(૩૯) **સાતા, અસાતા = ૨** :- તે તે વેદનીયકર્મના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૪૦)**અનંતાનુબંધી ૪** :- તે તે કષાયના ઉદયવાળા ૧લા-૨જા ગુણઠાણાવાળા જીવો અનંતાનુબંધી ૪ની ઉદીરણા કરે છે.

(૪૧)**અપ્રત્યાખ્યાનાવરણીય ૪** :- તે તે કષાયના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૪૨)**પ્રત્યાખ્યાનાવરણીય ૪** :- તે તે કષાયના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી પાંચમા ગુણઠાણા સુધીના જીવો આ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

(૪૩)**સંજ્વલન ક્રોધ** :- સંજ્વલન ક્રોધના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી $\frac{૯}{૨}$ □ ગુણઠાણા સુધીના જીવો સંજ્વલન ક્રોધની ઉદીરણા કરે છે.

(૪૪)**સંજ્વલન માન** :- સંજ્વલન માનના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી $\frac{૯}{૩}$ Δ ગુણઠાણા સુધીના જીવો સંજ્વલન માનની ઉદીરણા કરે છે.

(૪૫)**સંજ્વલન માયા** :- સંજ્વલન માયાના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી $\frac{૯}{૪}$ ⊕ ગુણઠાણા સુધીના જીવો સંજ્વલન માયાની ઉદીરણા કરે છે.

---

□. $\frac{૯}{૨}$ ગુણઠાણુ = સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય ત્યાં સુધીનું ૯મુ ગુણઠાણું.

Δ. $\frac{૯}{૩}$ ગુણઠાણુ = સંજ્વલન માનના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય ત્યાં સુધીનું ૯મુ ગુણઠાણું.

⊕. $\frac{૯}{૪}$ ગુણઠાણુ = સંજ્વલન માયાના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય ત્યાં સુધીનું ૯મુ ગુણઠાણું.

(૪૬) **સંજ્વલન બાદર લોભ :-** સંજ્વલન બાદર લોભના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી ૯મા ગુણઠાણા સુધીના જીવો સંજ્વલન બાદર લોભની ઉદીરણા કરે છે.

(૪૭) **હાસ્ય ૬ :-** તે તે પ્રકૃતિના ઉદયવાળા ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો હાસ્ય-૬ની ઉદીરણા કરે છે.

દેવોને પ્રથમ અંતર્મુહૂર્તમાં સાતા, હાસ્ય અને રતિની જ ઉદીરણા હોય.

નારકોને પ્રથમ અંતર્મુહૂર્તમાં અસાતા, શોક અને અરતિની જ ઉદીરણા હોય.

પ્રથમ અંતર્મુહૂર્ત પછી દેવો અને નારકોને સાતા, અસાતા, હાસ્ય, શોક, રતિ અને અરતિમાંથી કોઈ પણ પ્રકૃતિની ઉદીરણા હોય. કેટલાક નારકોને સંપૂર્ણ આયુષ્ય સુધી અસાતા, અરતિ અને શોકની ઉદીરણા હોય છે.

**(૫) પ્રકૃતિઉદીરણાસ્થાન, (૬) પ્રકૃતિઉદીરણાસ્થાનના સ્વામી-મૂળપ્રકૃતિઓમાં :-** ઉદીરણાસ્થાન-૫

| ક. | ઉદીરણાસ્થાન | મૂળપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૮નું | સર્વ | આયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૭નું | ૮—આયુષ્ય | આયુષ્યની ચરમાવલિકામાં રહેલા ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો |
| ૩ | ૬નું | ૭—વેદનીય | ૭મા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો |
| ૪ | ૫નું | ૬—મોહનીય | ૧૦મા ગુણઠાણાની ચરમાવલિકાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો |

| ક્ર. | ઉદીરણાસ્થાન | મૂળપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૫ | ૨નું | નામ, ગોત્ર | ૧૨મા ગુણઠાણાની ચરમાવલિકાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો |

## ઉત્તરપ્રકૃતિઓમાં :-

### (૧) જ્ઞાનાવરણ :- ઉદીરણાસ્થાન-૧ :- ૫નું

| ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો |

### (૨) દર્શનાવરણ :- ઉદીરણાસ્થાન-૨ :- ૪નું, ૫નું

| ક્ર. | ઉદીરણાસ્થાન | ભાંગા | ઉત્તરપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|---|
| ૧ | ૪નું | ૧ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો |
| ૨ | ૫નું | ૫ | ઉપરની ૪ + ૧ નિદ્રા | ૧લા ગુણઠાણાથી ૧૧મા ગુણઠાણા સુધીના જીવો.[1] |

### (૩) વેદનીય :- ઉદીરણાસ્થાન-૧ :- ૧નું

| ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧નું | સાતા/અસાતા | ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો |

---

૧. મતાંતરે ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો.

(૪) **મોહનીય :-** ઉદીરણાસ્થાન-૯ :- ૧૦નું, ૯નું, ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૪નું, ૨નું, ૧નું.

| સ્વામી | ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧લા ગુણઠાણાવાળા જીવો | ૧ | ૭નું | (i) [1]મિથ્યાત્વમોહનીય, અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, પ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, સંજ્વલન કષાય ૧, વેદ ૧, [2]યુગલ ૧ | ૨૪[3] |
| | ૨ | ૮નું | (i) ઉપરની ૭ + અનંતાનુબંધી કષાય ૧ | ૨૪ |
| | | | (ii) [1]ઉપરની ૭ + ભય | ૨૪ |
| | | | (iii) [1]ઉપરની ૭ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | ૯નું | (i) ઉપરની ૭ + અનંતાનુબંધી કષાય ૧ + ભય | ૨૪ |
| | | | (ii) ઉપરની ૭ + અનંતાનુબંધી કષાય ૧ + જુગુપ્સા | ૨૪ |
| | | | (iii) [1]ઉપરની ૭ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | ૪ | ૧૦નું | (i) ઉપરની ૭ + અનંતાનુબંધી કષાય ૧ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૧૯૨ |
| ૨જા ગુણઠાણાવાળા જીવો | ૧ | [4]૭નું | (i) અનંતાનુબંધી કષાય ૧, અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, પ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, સંજ્વલન કષાય ૧, વેદ ૧, યુગલ ૧ | ૨૪ |
| | ૨ | [4]૮નું | (i) ઉપરની ૭ + ભય | ૨૪ |
| | | | (ii) ઉપરની ૭ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | [4]૯નું | (i) ઉપરની ૭ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૯૬ |

૧. અનંતાનુબંધીની વિસંયોજના કરી ૧લા ગુણઠાણે આવેલાને ૧લી આવલિકામાં અનંતાનુબંધીનો બંધ હોય પણ બંધાવલિકા હોવાથી તેમના ઉદય-ઉદીરણા ન હોય. તેથી તેને અનંતાનુબંધીની ઉદીરણા વિનાના મોહનીયના ૭ના, ૮ના અને ૯ના ઉદીરણાસ્થાનો હોય.

૨. યુગલ ૧ = હાસ્ય-રતિ અથવા શોક-અરતિ.

૩. ૨૪ ભાંગા = ૪ કષાય x ૩ વેદ x ૨ યુગલ

૪. જેઓ એમ માને છે કે ૨જા ગુણઠાણે અનંતાનુબંધી ૪ના ઉદય-ઉદીરણા અવશ્ય હોય જ તેમના મતે ૨જા ગુણઠાણે ઉપર કહ્યા મુજબ ૭ના, ૮ના અને ૯ના ઉદીરણાસ્થાનો હોય છે. જેઓ એમ માને છે કે અનંતાનુબંધી

| સ્વામી | ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૩જા ગુણઠાણાવાળા જીવો | ૧ | ૭નું | (i) મિશ્રમોહનીય, અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, પ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, સંજ્વલન કષાય ૧, વેદ ૧, યુગલ ૧ | ૨૪ |
| | ૨ | ૮નું | (i) ઉપરની ૭ + ભય | ૨૪ |
| | | | (ii) ઉપરની ૭ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | ૯નું | (i) ઉપરની ૭ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૯૬ |
| ૪થા ગુણઠાણાવાળા જીવો | ૧ | ૬નું | (i)[1] અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, પ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, સંજ્વલન કષાય ૧, વેદ ૧, યુગલ ૧ | ૨૪ |
| | ૨ | ૭નું | (i) ઉપરની ૬ + સમ્યક્ત્વમોહનીય | ૨૪ |
| | | | (ii)[1] ઉપરની ૬ + ભય | ૨૪ |
| | | | (iii)[1] ઉપરની ૬ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | ૮નું | (i) ઉપરની ૬ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૨૪ |
| | | | (ii) ઉપરની ૬ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૨૪ |
| | | | (iii)[1] ઉપરની ૬ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | ૪ | ૯નું | (i) ઉપરની ૬ + સમ્યક્ત્વમોહનીય + ભય+જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૧૯૨ |
| પમા ગુણઠાણાવાળા જીવો | ૧ | પનું | (i)[1] પ્રત્યાખ્યાનાવરણીય કષાય ૧, સંજ્વલન કષાય ૧, વેદ ૧, યુગલ ૧ | ૨૪ |
| | ૨ | ૬નું | (i) ઉપરની ૫ + સમ્યક્ત્વમોહનીય | ૨૪ |
| | | | (ii)[1] ઉપરની ૫ + ભય | ૨૪ |
| | | | (iii)[1] ઉપરની ૫ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | ૭નું | (i) ઉપરની ૫ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૨૪ |
| | | | (ii) ઉપરની ૫ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૨૪ |
| | | | (iii)[1] ઉપરની ૫ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | ૪ | ૮નું | (i) ઉપરની ૫ + સમ્યક્ત્વમોહનીય + ભય+જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૧૯૨ |

૪ના ઉદય-ઉદીરણા વિના પણ ૨જા ગુણઠાણે આવી શકાય તેમના મતે ૨જા ગુણઠાણે અનંતાનુબંધી ૪ના ઉદય-ઉદીરણા વિનાના ૬ના, ૭ના અને ૮ના ઉદયસ્થાનો-ઉદીરણાસ્થાનો હોય છે.

૧. આ ઉદીરણાસ્થાનો ઔપશમિક સમ્યગ્દષ્ટિ અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને હોય છે.

| સ્વામી | ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૬ઠ્ઠા-૭મા ગુણઠાણાવાળા જીવો | ૧ | ૪નું | (i)[1] સંજ્વલન કષાય ૧, વેદ ૧, યુગલ ૧ | ૨૪ |
| | ૨ | ૫નું | (i) ઉપરની ૪ + સમ્યક્ત્વમોહનીય | ૨૪ |
| | | | (ii)[1] ઉપરની ૪ + ભય | ૨૪ |
| | | | (iii)[1] ઉપરની ૪ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | ૬નું | (i) ઉપરની ૪ + સમ્યક્ત્વમોહનીય + ભય | ૨૪ |
| | | | (ii) ઉપરની ૪ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા | ૨૪ |
| | | | (iii)[1] ઉપરની ૪ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | ૪ | ૭નું | (i) ઉપરની ૪ + સમ્યક્ત્વમોહનીય + ભય+જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૧૯૨ |
| ૮મા ગુણઠાણાવાળા જીવો[2] | ૧ | ૪નું | (i)[1] સંજ્વલન કષાય ૧, વેદ ૧, યુગલ ૧ | ૨૪ |
| | ૨ | ૫નું | (i)[1] ઉપરની ૪ + ભય | ૨૪ |
| | | | (ii)[1] ઉપરની ૪ + જુગુપ્સા | ૨૪ |
| | ૩ | ૬નું | (i)[1] ઉપરની ૪ + ભય + જુગુપ્સા | ૨૪ |
| | | | કુલ | ૯૬ |
| ૯મા ગુણઠાણાવાળા જીવો | ૧ | ૨નું | (i)[1] સંજ્વલન કષાય ૧, વેદ ૧ | ૧૨[□] |
| | ૨ | ૧નું | (i)[1] સંજ્વલન કષાય ૧ | ૪[Δ] |
| | | | કુલ | ૧૬ |
| ૧૦મા ગુણઠાણાવાળા જીવો | ૧ | ૧નું | (i)[1] સંજ્વલન લોભ | ૧ |
| | | | કુલ | ૧ |
| કુલ | | | | ૯૭૭ |

૧. આ ઉદીરણાસ્થાનો ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને હોય છે.

૨. ૮મા ગુણઠાણાવાળા જીવોના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા ૬ઠ્ઠા-૭મા ગુણઠાણાવાળા જીવોના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગાથી અભિન્ન હોવાથી ૮મા ગુણઠાણાવાળા જીવોના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગાનો ૬ઠ્ઠા-૭મા ગુણઠાણાવાળા જીવોના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગામાં સમાવેશ થઈ જાય છે. માટે ૮મા ગુણઠાણાવાળા જીવોના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા જુદા ન ગણવા.

□. ૧૨ ભાંગા = ૪ કષાય X ૩ વેદ.

Δ. ૪ કષાયના ૪ ભાંગા છે.

| ઉદીરણાસ્થાન | સ્વામી | ભાંગા |
|---|---|---|
| ૧૦નું | ૧લા ગુણઠાણાવાળા જીવો | ૨૪ |
| ૯નું | ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના જીવો | ૧૪૪ |
| ૮નું | ૧લા ગુણઠાણાથી ૫મા ગુણઠાણા સુધીના જીવો | ૨૬૪ |
| ૭નું | ૧લા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો | ૨૪૦ |
| ૬નું | ૪થા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો | ૧૬૮ |
| ૫નું | ૫મા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો | ૯૬ |
| ૪નું | ૬ઠ્ઠા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો | ૨૪ |
| ૨નું | ૯મા ગુણઠાણાવાળા જીવો | ૧૨ |
| ૧નું | ૯મા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના જીવો | ૫ |
| કુલ | | ૯૭૭ |

(૫) **આયુષ્ય** :- ઉદીરણાસ્થાન-૧ :- ૧નું

| ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧નું | (i) દેવાયુષ્ય | દેવાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા દેવો |
| | | (ii) નરકાયુષ્ય | નરકાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલાં નારકો |
| | | (iii) તિર્યંચાયુષ્ય | તિર્યંચાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા તિર્યંચો |
| | | (iv) મનુષ્યાયુષ્ય | મનુષ્યાયુષ્યની ચરમાવલિકામાં નહીં રહેલા ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના મનુષ્યો |

(૬) **નામ** :- ઉદીરણાસ્થાન-૧૦ :- ૪૧નું, ૪૨નું, ૫૦નું, ૫૧નું, ૫૨નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું.

## એકેન્દ્રિયના ઉદીરણાસ્થાનો-૫ :- ૪૨નું, ૫૦નું, ૫૧નું, ૫૨નું, ૫૩નું

| ક. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | [□]વિગ્રહગતિમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩[⊠], તિર્યંચ ૨, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, બાદર/સૂક્ષ્મ, પર્યાપ્ત/અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | ૫[Δ] (બાદર x પર્યાપ્ત x યશ / અયશ = ૨, બાદર x અપર્યાપ્ત x અયશ=૧, સૂક્ષ્મ x પર્યાપ્ત / અપર્યાપ્ત x અયશ = ૨) |
| ૨ | (i) ઉત્પત્તિસમયથી | ૫૦નું | ઉપરની ૪૨ – તિર્યંચાનુપૂર્વી + ઔદારિક ૬ + હુંડક + ઉપઘાત + પ્રત્યેક/સાધારણ | ૧૦ (બાદર x પર્યાપ્ત x પ્રત્યેક/સાધારણ x યશ/અયશ = ૪, બાદર x અપર્યાપ્ત x પ્રત્યેક/સાધારણ x અયશ = ૨, સૂક્ષ્મ x પ્રત્યેક/સાધારણ x પ્રર્યાપ્ત/અપર્યાપ્ત x અયશ = ૪) |
| | (ii) ઉત્તરવૈક્રિય શરીર કરતા બાદર વાયુકાયને | ૫૦નું | ઉપરની ૪૨ – તિર્યંચાનુપૂર્વી + વૈક્રિય ૬ + હુંડક + ઉપઘાત + પ્રત્યેક (બાદર, પર્યાપ્ત, અયશ જ હોય)[⊕] | ૧ |
| | | | કુલ | ૧૧ |
| ૩ | (i) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૧નું | ઉપરની ૫૦ + પરાઘાત (પણ પર્યાપ્ત જ) | ૬ (બાદર x પ્રત્યેક/સાધારણ x યશ/અયશ = ૪, સૂક્ષ્મ x પ્રત્યેક/સાધારણ x અયશ = ૨) |
| | (ii) ઉત્તરવૈક્રિયશરીર કરતા બાદર વાયુકાયને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૧નું | ઉપરની ૫૦ + પરાઘાત | ૧ |
| | | | કુલ | ૭ |

□. ઋજુગતિથી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થનારાને ૪૨નું ઉદીરણાસ્થાન ન હોય, સીધુ ૫૦નું ઉદીરણાસ્થાન હોય.

⊠. ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩ = તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨.

Δ. અપર્યાપ્તના ઉદય-ઉદીરણા સાથે યશના ઉદય-ઉદીરણા ન હોય. સૂક્ષ્મના ઉદય-ઉદીરણા સાથે યશના ઉદય-ઉદીરણા ન હોય.

⊕. તેઉકાય-વાયુકાયને સાધારણ અને યશના ઉદય-ઉદીરણા ન હોય.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૪ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૨નું | ઉપરની ૫૧ + ઉચ્છ્વાસ | ૬ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને આતપ/ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૨નું | ઉપરની ૫૧ + આતપ/ઉદ્યોત (પણ બાદર જ) | ૬□ (બાદર x આતપ x પ્રત્યેક x યશ/અયશ = ૨, બાદર x ઉદ્યોત x પ્રત્યેક/સાધારણ x અયશ/અયશ = ૪) |
| | (iii) ઉત્તરવૈક્રિય શરીર કરતા બાદર વાયુકાયને શ્વાસો-ચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૨નું | ∆ઉપરની ૫૧ + ઉચ્છ્વાસ | ૧ |
| | | | કુલ | ૧૩ |
| ૫ | શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી આતપ/ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૩નું | ઉપરની ૫૧ + ઉચ્છ્વાસ + આતપ/ઉદ્યોત | ૬ (૫૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | કુલ | | | ૪૨ |

## વિકલેન્દ્રિયના ઉદીરણાસ્થાનો-૬ :- ૪૨નું, ૫૨નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | ⊕વિગ્રહગતિમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, તિર્યંચ ૨, ત્રસ, બાદર, બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ, પર્યાપ્ત/અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | ૯ (બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ x પર્યાપ્ત x યશ/અયશ = ૬, બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ x અપર્યાપ્ત x અયશ = ૩) |

□. સૂક્ષ્મ જીવોને આતપ-ઉદ્યોતના ઉદય-ઉદીરણા ન હોય. સાધારણ જીવોને આતપના ઉદય-ઉદીરણા ન હોય.

∆. તેઉકાય-વાયુકાયને આતપ-ઉદ્યોતના ઉદય-ઉદીરણા ન હોય.

⊕. ઋજુગતિથી વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થનારને ૪૨નું ઉદીરણાસ્થાન ન હોય, સીધું ૫૨નું ઉદીરણાસ્થાન હોય.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૨ | ઉત્પત્તિસમયથી | ૫૨નું | ઉપરની ૪૨ – તિર્યંચાનુપૂર્વી + ઔદારિક ૭ + હુંડક + સેવાર્ત + ઉપઘાત + પ્રત્યેક | ૯ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| ૩ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૨ + કુખગતિ + પરાઘાત (પણ પર્યાપ્ત જ) | ૬ (બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ x પર્યાપ્ત x યશ/અયશ = ૬) |
| ૪ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ | ૬ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૫નું | ઉપરની ૫૪ + ઉદ્યોત | ૬ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૧૨ |
| ૫ | (i) ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૬નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ + સ્વર ૧ | ૧૨ (બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ x સુસ્વર/દુઃસ્વર x યશ/અયશ = ૧૨) |
| | (ii) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૬નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ + ઉદ્યોત | ૬ (બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ x યશ/અયશ = ૬) |
| | | | કુલ | ૧૮ |
| ૬ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૭નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ + સ્વર ૧ + ઉદ્યોત | ૧૨ (૫૬ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | કુલ | | | ૬૬ |

● જેઓના હૈયામાં ગુરુ વસે છે તે આત્માઓ ધન્ય છે. જેઓ ગુરુના હૈયામાં વસે છે તે આત્માઓ ધન્યાતિધન્ય છે.

સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ઉદીરણાસ્થાન-૬ :- ૪૨નું, ૫૨નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | □વિગ્રહગતિમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, તિર્યંચ ૨, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત/અપર્યાપ્ત, સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય, યશ/અયશ | ૫ Δ (પર્યાપ્ત x સુભગ-આદેય/દુર્ભગ -અનાદેય x યશ/અયશ = ૪, અપર્યાપ્ત x દુર્ભગ-અનાદેય x અયશ = ૧) |
| ૨ | ઉત્પત્તિસમયથી | ૫૨નું | ઉપરની ૪૨ – તિર્યંચાનુપૂર્વી + ઔદારિક ૭ + સંસ્થાન ૧ + સંઘયણ ૧ + ઉપઘાત + પ્રત્યેક | ૧૪૫ ⊕ (પર્યાપ્ત x ૬ સંસ્થાન x ૬ સંઘયણ x સુભગ-આદેય/ દુર્ભગ-અનાદેય x યશ/અયશ = ૧૪૪, અપર્યાપ્ત x હુંડક x સેવાર્ત x દુર્ભગ-અનાદેય x અયશ = ૧) |
| ૩ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૨ + પરાઘાત + ખગતિ ૧ (પણ પર્યાપ્ત જ) | ૨૮૮ ⊠ (૬ સંસ્થાન x ૬ સંઘયણ x સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય x યશ/અયશ x ૨ ખગતિ ૨૮૮) |

□. ઋજુગતિથી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થનારાને ૪૨નું ઉદીરણાસ્થાન ન હોય, સીધુ ૫૨નું ઉદીરણાસ્થાન હોય.

Δ. સુભગ અને આદેયના ઉદય-ઉદીરણા સાથે જ થાય. દુર્ભગ અને અનાદેયના ઉદય-ઉદીરણા સાથે જ થાય. અપર્યાપ્તની સાથે દુર્ભગ અને અનાદેયના જ ઉદય-ઉદીરણા થાય. તેથી અહીં ૫ ભાંગા કહ્યા છે. મતાંતરે સુભગ અને આદેયના ઉદય-ઉદીરણા સાથે થાય અથવા ન પણ થાય, તથા દુર્ભગ અને અનાદેયના ઉદય-ઉદીરણા સાથે થાય અથવા ન પણ થાય. તેથી પર્યાપ્ત x સુભગ/દુર્ભગ x આદેય/અનાદેય x યશ/અયશ = ૮ ભાંગા અને અપર્યાપ્ત x દુર્ભગ x અનાદેય x અયશ = ૧ ભાંગો, એમ કુલ ૯ ભાંગા થાય. એમ આગળ પણ આ મતાંતર પ્રમાણે ભાંગાની વિષમતા જાણવી.

⊕. મતાંતરે ૨૮૯ ભાંગા.

⊠. મતાંતરે ૫૭૬ ભાંગા.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૪ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ | ૨૮૮□ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૫નું | ઉપરની ૫૪ + ઉદ્યોત | ૨૮૮□ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૫૭૬Δ |
| ૫ | (i) ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૬નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ + સ્વર ૧ | ૫૭૬Δ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ ૨૮૮ ભાંગા x ૨ સ્વર = ૫૭૬) |
| | (ii) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૬નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ + ઉદ્યોત | ૨૮૮□ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૮૬૪⊕ |
| ૬ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૭નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ + સ્વર ૧ + ઉદ્યોત | ૫૭૬Δ (૫૬ના ઉદરણાસ્થાનની જેમ) |
| | કુલ | | | ૨,૪૫૪⊠ |

□. મતાંતરે ૫૭૬ ભાંગા

Δ. મતાંતરે ૧,૧૫૨ ભાંગા

⊕. મતાંતરે ૧,૭૨૮ ભાંગા

⊠. મતાંતરે ૪,૯૦૬ ભાંગા

- સમાધિ એટલે ગમે તેવી વિપરીત પરિસ્થિતિને પણ સમભાવે સહન કરવી.

## ઉત્તરવૈક્રિય શરીર કરતા પંચેન્દ્રિય તિર્યંચના ઉદીરણાસ્થાનો-૫ :- ૫૧નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે | ૫૧નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ-આદેય/ દુર્ભગ-અનાદેય, યશ/અયશ, વૈક્રિય ૭, ૧લુ સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક | ૪□ (સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય x યશ/અયશ = ૪) |
| ૨ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૩નું | ઉપરની ૫૧ + પરાઘાત + સુખગતિ | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| ૩ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૪નું | ઉપરની ૫૩ + ઉદ્યોત | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૮Δ |
| ૪ | (i) ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + ઉદ્યોત | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૮Δ |
| ૫ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૬નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર + ઉદ્યોત | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | કુલ | | | ૨૮⊕ |

□. મતાંતરે ૮ ભાંગા, Δ. મતાંતરે ૧૬ ભાંગા, ⊕. મતાંતરે ૫૬ ભાંગા

પંચેન્દ્રિય તિર્યંચના ઉદીરણાસ્થાનોના કુલ ભાંગા = ૨,૪૫૪ + ૨૮=૨,૪૮૨, મતાંતરે ૪,૯૦૬ + ૫૬ = ૪,૯૬૨ ભાંગા.

**સામાન્ય મનુષ્યના ઉદીરણાસ્થાનો-૫ :- ૪૨નું, ૫૨નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું.**

| ક. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | □વિગ્રહગતિમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત/અપર્યાપ્ત, સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય, યશ/અયશ | ૫Δ (પર્યાપ્ત x સુભગ-આદેય/દુર્ભગ -અનાદેય x યશ/અયશ = ૪, અપર્યાપ્ત x દુર્ભગ-અનાદેય x અયશ = ૧) |
| ૨ | ઉત્પત્તિસમયથી | ૫૨નું | (ઉપરની ૪૨ – મનુષ્યાનુપૂર્વી + ઔદારિક ૭ + સંસ્થાન ૧ + સંઘયણ ૧ + ઉપઘાત + પ્રત્યેક) | ૧૪૫⊕ (પર્યાપ્ત x ૬ સંસ્થાન x ૬ સંઘયણ x સુભગ-આદેય/ દુર્ભગ-અનાદેય x યશ/અયશ = ૧૪૪, અપર્યાપ્ત x હુંડક x સેવાર્ત x દુર્ભગ-અનાદેય x અયશ = ૧) |
| ૩ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૨ + પરાઘાત + ખગતિ ૧ (પણ પર્યાપ્ત જ) | ૨૮૮⊠ (૬ સંસ્થાન x ૬ સંઘયણ x સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય x યશ/અયશ x ૨ ખગતિ = ૨૮૮) |
| ૪ | શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૪ + ઉચ્છ્વાસ | ૨૮૮⊠ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ) |
| ૫ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૬નું | ઉપરની ૫૫ + સ્વર ૧ | ૫૭૬⊗ (૫૪ના ઉદીરણાસ્થાનની જેમ ૨૮૮ ભાંગા x ૨ સ્વર = ૫૭૬) |
| | કુલ | | | ૧,૩૦૨∇ |

□. ઋજુગતિથી મનુષ્યમાં ઉત્પન્ન થનારને ૪૨નું ઉદીરણાસ્થાન ન હોય, સીધું ૫૨નું ઉદીરણાસ્થાન હોય. Δ. મતાંતરે ૯ ભાંગા. ⊕. મતાંતરે ૨૮૯ ભાંગા. ⊠. મતાંતરે ૫૭૬ ભાંગા. ⊗. મતાંતરે ૧,૧૫૨ ભાંગા. ∇. મતાંતરે ૨,૬૦૨ ભાંગા.

## ઉત્તરવૈક્રિય શરીર કરતા મનુષ્યના ઉદીરણાસ્થાનો-૫ :- ૫૧નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે | ૫૧નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય, યશ/અયશ, વૈક્રિય ૭, ૧લુ સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક | ૪□ (સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય x યશ/અયશ = ૪) |
| ૨ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૩નું | ઉપરની ૫૧ + પરાઘાત + સુખગતિ | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| ૩ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૪નું | ઉપરની ૫૩ + ઉદ્યોત (પણ સુભગ, આદેય, યશ જ) | ૧Δ |
| | | | કુલ | ૫⊕ |
| ૪ | (i) ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર | ૪□ (૫૧ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + ઉદ્યોત (પણ સુભગ, આદેય, યશ જ) | ૧Δ |
| | | | કુલ | ૫⊕ |
| ૫ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૬નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર + ઉદ્યોત | ૧Δ |
| | | | કુલ | ૧૯☒ |

□. મતાંતરે ૮ ભાંગા. Δ. ઉદ્યોતના ઉદયવાળા ઉત્તરવૈક્રિયશરીરી મનુષ્યને બધી શુભપ્રકૃતિઓના જ ઉદય-ઉદીરણા થતા હોવાથી ૧ જ ભાંગો છે. ⊕. મતાંતરે ૯ ભાંગા. ☒. મતાંતરે ૩૫ ભાંગા.

## આહારક શરીર કરતા મનુષ્યના ઉદીરણાસ્થાનો-૫ :- ૫૧નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે | ૫૧નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ, વૈક્રિય ૭, ૧લુ સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક | ૧ |
| ૨ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૩નું | ઉપરની ૫૧ + પરાઘાત + સુખગતિ | ૧ |
| ૩ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ | ૧ |
| | (ii) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૪નું | ઉપરની ૫૩ + ઉદ્યોત | ૧ |
| | | | કુલ | ૨ |
| ૪ | (i) ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર | ૧ |
| | (ii) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + ઉદ્યોત | ૧ |
| | | | કુલ | ૨ |
| ૫ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૬નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર + ઉદ્યોત | ૧ |
| | કુલ | | | ૭ |

**તીર્થંકર કેવળીના ઉદીરણાસ્થાનો-૫ :- ૪૨નું, ૫૩નું, ૫૫નું, ૫૬નું, ૫૭નું.**

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | કેવળી સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિન | ૧ |
| ૨ | કેવળી સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્ર કાયયોગમાં | ૫૩નું | ઉપરની ૪૨ + ઔદારિક ૭ + ૧લું સંસ્થાન + ૧લું સંઘયણ + ઉપઘાત + પ્રત્યેક | ૧ |
| ૩ | ઔદારિક કાયયોગમાં | ૫૭નું | ઉપરની ૫૩ + પરાઘાત + ઉચ્છ્વાસ + સુખગતિ + સુસ્વર | ૧ |
| ૪ | વચનયોગના નિરોધ પછી | ૫૬નું | ઉપરની ૫૭ – સુસ્વર | ૧ |
| ૫ | શ્વાસોચ્છ્વાસના નિરોધ પછી | ૫૫નું | ઉપરની ૫૬ – ઉચ્છ્વાસ | ૧ |
| | કુલ | | | ૫ |

**અતીર્થંકર કેવળીના ઉદીરણાસ્થાનો-૫ :- ૪૧નું, ૫૨નું, ૫૪નું, ૫૫નું, ૫૬નું**

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | કેવળી સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગમાં | ૪૧નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ, આદેય, યશ | ૧ |
| ૨ | કેવળી સમુદ્ઘાતમાં ઔદારિકમિશ્ર કાયયોગમાં | ૫૨નું | ઉપરની ૪૧ + ઔદારિક ૭ + સંસ્થાન ૧ + ૧લું સંઘયણ + ઉપઘાત + પ્રત્યેક | ૬ (૬ સંસ્થાનના) |
| ૩ | ઔદારિક કાયયોગમાં | ૫૬નું | ઉપરની ૫૨ + પરાઘાત + ઉચ્છ્વાસ + ખગતિ ૧ + સ્વર ૧ | ૨૪ (૬ સંસ્થાન x ૨ ખગતિ x ૨ સ્વર) |
| ૪ | વચનયોગના નિરોધ પછી | ૫૫નું | ઉપરની ૫૬ – સ્વર ૧ | ૧૨ (૬ સંસ્થાન x ૨ ખગતિ) |
| ૫ | શ્વાસોચ્છ્વાસના નિરોધ પછી | ૫૪નું | ઉપરની ૫૫ – ઉચ્છ્વાસ | ૧૨ (૬ સંસ્થાન x ૨ ખગતિ) |

અતીર્થંકર કેવળીના ૫૨ના, ૫૪ના, ૫૫ના, ૫૬ના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગાઓનો સામાન્ય મનુષ્યના ૫૨ના, ૫૪ના, ૫૫ના, ૫૬ના ઉદીરણાસ્થાનો અને તેના ભાંગાઓમાં સમાવેશ થઈ જાય છે. તેથી અતીર્થંકર કેવળીના ૫૨ના, ૫૪ના, ૫૫ના, ૫૬ના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા જુદા ગણ્યા નથી.

મનુષ્યના ઉદીરણાસ્થાનોના કુલ ભાંગા =
૧,૩૦૨ + ૧૯ + ૭ + ૫ + ૧ = ૧,૩૩૪,
મતાંતરે ૨,૬૦૨ + ૩૫ + ૭ + ૫ + ૧ = ૨,૬૦૫ ભાંગા.

**દેવોના ઉદીરણાસ્થાનો-૬ :- ૪૨નું, ૫૧નું, ૫૩નું, ૫૪નું, ૫૬નું.**

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | □વિગ્રહગતિમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય, યશ/અયશ | ૪$^{\Delta}$ (સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય x યશ/અયશ = ૪) |
| ૨ | ઉત્પત્તિસમયથી | ૫૧નું | ઉપરની ૪૨ – દેવાનુપૂર્વી + વૈક્રિય ૭ + ૧લું સંસ્થાન + ઉપઘાત + પ્રત્યેક | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| ૩ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૩નું | ઉપરની ૫૧ + પરાઘાત + સુખગતિ | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| ૪ | (i) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |

□. ઋજુગતિથી દેવોમાં ઉત્પન્ન થનારને ૪૨નું ઉદીરણાસ્થાન ન હોય, સીધું ૫૧નું ઉદીરણાસ્થાન હોય. **Δ**. મતાંતરે ૮ ભાંગા.

- હૃદયમાં દંભ કે માયા રાખવાથી પોતાની ઉન્નતિના દ્વાર બંધ જ થઈ જાય છે.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાન | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| | (ii) □શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૪નું | ઉપરની ૫૩ + ઉદ્યોત | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૮$^{\oplus}$ |
| ૫ | (i) ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | (ii) □શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૫નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + ઉદ્યોત | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | | | કુલ | ૮$^{\oplus}$ |
| ૬ | □ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૫૬નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ + સુસ્વર + ઉદ્યોત | ૪$^{\Delta}$ (૪૨ના ઉદીરણાસ્થાનની જેમ) |
| | કુલ | | | ૩૨☒ |

□. આ ઉદીરણાસ્થાનો ઉત્તરવૈક્રિય શરીર કરતા દેવોને હોય છે. સામાન્ય દેવોને ૪૨ના, ૫૧ના, ૫૩ના, ૫૪ના અને ૫૫ના ઉદીરણાસ્થાનો હોય છે. ઉત્તરવૈક્રિય શરીર કરતા દેવોને ૫૧ના, ૫૩ના, ૫૪ના, ૫૫ના અને ૫૬ના ઉદીરણાસ્થાનો હોય છે. Δ. મતાંતરે ૮ ભાંગા, ⊕. મતાંતરે ૧૬ ભાંગા. ☒. મતાંતરે ૬૪ ભાંગા.

- સાધુ જીવનના પ્રારંભમાં આહાર અને ઉપધિની સ્પૃહાથી સંયમજીવન મલિન બને છે. આગળ વધતા વ્યાખ્યાન, શિષ્યો અને પદવીની સ્પૃહાથી જીવન દૂષિત બનતું જાય છે.
- પરિસ્થિતને અનુસાર જેટલી વધુને વધુ આરાધના થાય તેટલી કરી લેવી.

## નારકીના ઉદીરણાસ્થાનો-૫ :- ૪૨નું, ૫૧નું, ૫૩નું, ૫૪નું, ૫૫નું.

| ક્ર. | અવસ્થા | ઉદીરણા-સ્થાનો | ઉત્તરપ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|---|
| ૧ | [1]વિગ્રહગતિમાં | ૪૨નું | ધ્રુવોદીરણા પ્રકૃતિ ૩૩, નરક ૨, પંચેન્દ્રિયજાતિ, ત્રસ ૩, દુર્ભગ, અનાદેય, અયશ | ૧ |
| ૨ | ઉત્પત્તિસમયથી | ૫૧નું | ઉપરની ૪૨ – નરકાનુપૂર્વી + વૈક્રિય ૭ + હુંડક + ઉપઘાત + પ્રત્યેક | ૧ |
| ૩ | શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૩નું | ઉપરની ૫૧ + પરાઘાત + કુખગતિ | ૧ |
| ૪ | શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૪નું | ઉપરની ૫૩ + ઉચ્છ્વાસ | ૧ |
| ૫ | ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૫૫નું | ઉપરની ૫૪ + દુઃસ્વર | ૧ |
| | કુલ | | | ૫ |

- દોષો કરનાર કરતા દોષો જોનારનો મોક્ષ વધુ દૂર છે.
- શાસનની સ્થાપના એ જ પ્રભુનો જગત પરનો સૌથી મોટો ઉપકાર છે.
- મોરના ટહુકાથી ચંદનવૃક્ષોને વીંટળાયેલા બધા જ સર્પો તુરંત જ ભાગી જાય છે. તેમ ભાવપૂર્વક કરાયેલ જિનભક્તિના ટહુકાથી હૃદયમાં રહેલા બધા જ સંક્લેશો નાશ પામે છે.
- મેનેજર એવો જોઈએ જે કંપનીને લાભ કરાવી આપે. મન એવું જોઈએ જે આત્માને લાભ કરાવી આપે.

૧. ઋજુગતિથી નરકમાં ઉત્પન્ન થનારને ૪૨નું ઉદીરણાસ્થાન ન હોય, સીધું ૫૧નું ઉદીરણાસ્થાન હોય. ૪૨નું ઉદીરણાસ્થાન સામાન્ય નારકીને હોય છે. શેષ ઉદીરણાસ્થાનો સામાન્ય નારકીને અને ઉત્તરવૈક્રિય શરીર કરતા નારકીને હોય છે.

- મન, વચન અને કાયા પરથી પોતાનું આધિપત્ય ઉઠાવીને ગુરુના આધિપત્યને સ્થાપન કરવું, તેનું નામ સમર્પણ.
- પાપસેવનનો કાળ અલ્પ છે, તેના ફળ ભોગવવાનો કાળ ઘણો છે.

  ધર્મસેવનનો કાળ અલ્પ છે, તેના ફળ ભોગવવાનો કાળ ઘણો છે.
- બહારના ઉપયોગ માટેની દવા ભૂલથી પણ પેટમાં પધરાવાય તો મૃત્યુ થઈ જાય. તેમ ભૂલથી પણ ભૂલ થઈ જાય તો કર્મ સજા કરે.
- છ મહિનામાં એક વાર પણ જેના હૈયામાં સંવેગ પ્રગટ થતો નથી તેનું ચારિત્ર નિષ્ફળ છે.
- ચારિત્ર લેવા માત્રથી મોક્ષ નથી મળતો, પણ ચારિત્રને આરાધવાથી મોક્ષ મળે છે.
- સંયમમાં પ્રમાદ કરે તે સંયમપર્યાયભક્ષી કહેવાય, અર્થાત્ નિશ્ચયનયથી એટલો પર્યાય કપાઈ જાય.
- બીજાનું જે જોઈને આનંદ થાય તે આપણને મળે. બીજાનું જે જોઈને દુઃખ થાય તે આપણી પાસેથી જાય.
- જેનો સદુપયોગ કરીએ તે ભવિષ્યમાં વધુ મળે, જેનો દુરુપયોગ કરીએ તે ભવિષ્યમાં ન મળે.
- દુનિયામાં કોઈ આપણું ખરાબ કરતું નથી. કદાચ આગલા ભવનું દેવું બાકી હોય તો લઈ જાય છે.

## ચારે ગતિના જીવોના નામકર્મના

| ઉદીરણા-સ્થાન | ભાં | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકે-ન્દ્રિય | વિકલે-ન્દ્રિય | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | | વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચ | | સામાન્ય મનુષ્ય | | વૈક્રિય |
| | | | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત |
| ૪૧નું | - | - | - | - | - | - | - | - | - |
| ૪૨નું | ૫ | ૯ | ૫ | ૯ | - | - | ૫ | ૯ | - |
| ૫૦નું | ૧૧ | - | - | - | - | - | - | - | - |
| ૫૧નું | ૭ | - | - | - | ૪ | ૮ | - | - | ૪ |
| ૫૨નું | ૧૩ | ૯ | ૧૪૫ | ૨૮૯ | - | - | ૧૪૫ | ૨૮૯ | - |
| ૫૩નું | ૬ | - | - | - | ૪ | ૮ | - | - | ૪ |
| ૫૪નું | - | ૬ | ૨૮૮ | ૫૭૬ | ૮ | ૧૬ | ૨૮૮ | ૫૭૬ | ૫ |
| ૫૫નું | - | ૧૨ | ૫૭૬ | ૧,૧૫૨ | ૮ | ૧૬ | ૨૮૮ | ૫૭૬ | ૫ |
| ૫૬નું | - | ૧૮ | ૮૬૪ | ૧,૭૨૮ | ૪ | ૮ | ૫૭૬ | ૧,૧૫૨ | ૧ |
| ૫૭નું | - | ૧૨ | ૫૭૬ | ૧,૧૫૨ | - | - | - | - | - |
| કુલ | ૪૨ | ૬૬ | ૨,૪૫૪ | ૪,૯૦૬ | ૨૮ | ૫૬ | ૧,૩૦૨ | ૨,૬૦૨ | ૧૯ |

## ગુણઠાણુ-૧લુ ગુણઠાણે નામકર્મના ઉદીરણાસ્થાનો

| ઉદીરણા-સ્થાન | ભાં | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | એકેન્દ્રિય | વિકલેન્દ્રિય | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | | વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચ | | સામાન્ય |
| | | | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત |
| ૪૨નું | ૫ | ૯ | ૫ | ૯ | - | - | ૫ |
| ૫૦નું | ૧૧ | - | - | - | - | - | - |
| ૫૧નું | ૭ | - | - | - | ૪ | ૮ | - |
| ૫૨નું | ૧૩ | ૯ | ૧૪૫ | ૨૮૯ | - | - | ૧૪૫ |
| ૫૩નું | ૬ | - | - | - | ૪ | ૮ | - |
| ૫૪નું | - | ૬ | ૨૮૮ | ૫૭૬ | ૮ | ૧૬ | ૨૮૮ |
| ૫૫નું | - | ૧૨ | ૫૭૬ | ૧,૧૫૨ | ૮ | ૧૬ | ૨૮૮ |
| ૫૬નું | - | ૧૮ | ૮૬૪ | ૧,૭૨૮ | ૪ | ૮ | ૫૭૬ |
| ૫૭નું | - | ૧૨ | ૫૭૬ | ૧,૧૫૨ | - | - | - |
| કુલ | ૪૨ | ૬૬ | ૨,૪૫૪ | ૪,૯૦૬ | ૨૮ | ૫૬ | ૧,૩૦૨ |

## ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા

| ગા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મનુષ્ય | આહારક મનુષ્ય | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી | દેવ | | નારકી | કુલ | |
| મતાંતર | | | | સ્વમત | મતાંતર | | સ્વમત | મતાંતર |
| - | - | - | ૧ | - | - | - | ૧ | ૧ |
| - | - | ૧ | - | ૪ | ૮ | ૧ | ૩૦ | ૪૨ |
| - | - | - | - | - | - | - | ૧૧ | ૧૧ |
| ૮ | ૧ | - | - | ૪ | ૮ | ૧ | ૨૧ | ૩૩ |
| - | - | - | ૬ | - | - | - | ૩૧૨ | ૬૦૦ |
| ૮ | ૧ | ૧ | - | ૪ | ૮ | ૧ | ૨૧ | ૩૩ |
| ૯ | ૨ | - | ૧૨ | ૮ | ૧૬ | ૧ | ૬૦૬ | ૧,૨૦૨ |
| ૯ | ૨ | ૧ | ૧૨ | ૮ | ૧૬ | ૧ | ૯૦૧ | ૧,૭૮૫ |
| ૧ | ૧ | ૧ | ૨૪ | ૪ | ૮ | - | ૧,૪૬૯ | ૨,૯૧૭ |
| - | - | ૧ | - | - | - | - | ૫૮૯ | ૧,૧૬૫ |
| ૩૫ | ૭ | ૫ | ૫૫ | ૩૨ | ૬૪ | ૫ | ૩,૯૬૧ | ૭,૭૮૯ |

## અને તેમના ભાંગા

| ગા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મનુષ્ય | વૈક્રિય મનુષ્ય | | દેવ | | નારકી | કુલ | |
| મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | | સ્વમત | મતાંતર |
| ૯ | - | - | ૪ | ૮ | ૧ | ૨૯ | ૪૧ |
| - | - | - | - | - | - | ૧૧ | ૧૧ |
| - | ૪ | ૮ | ૪ | ૮ | ૧ | ૨૦ | ૩૨ |
| ૨૮૯ | - | - | - | - | - | ૩૧૨ | ૬૦૦ |
| - | ૪ | ૮ | ૪ | ૮ | ૧ | ૧૯ | ૩૧ |
| ૫૭૬ | ૪ | ૮ | ૮ | ૧૬ | ૧ | ૬૦૩ | ૧,૧૯૯ |
| ૫૭૬ | ૪ | ૮ | ૮ | ૧૬ | ૧ | ૮૯૭ | ૧,૭૮૧ |
| ૧,૧૫૨ | - | - | ૪ | ૮ | - | ૧,૪૬૬ | ૨,૯૧૪ |
| - | - | - | - | - | - | ૫૮૮ | ૧,૧૬૪ |
| ૨,૬૦૨ | ૧૬ | ૩૨ | ૩૨ | ૬૪ | ૫ | ૩,૯૪૫ | ૭,૭૭૩ |

કેવળી, વૈક્રિય શરીર કરતા સંયત અને આહારક શરીર કરતા સંયતને ૧લુ ગુણઠાણુ ન હોવાથી અહીં તેમના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા લીધા નથી.

## ગુણઠાણુ ૨જું

| ઉદીરણા-સ્થાન | ભાં | | | | |
|---|---|---|---|---|---|
| | એકેન્દ્રિય | વિકલેન્દ્રિય | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | | સામાન્ય |
| | | | સ્વમત | મતાંતર | સ્વમત |
| ૪૨નું | ૨ | ૬ | ૪ | ૮ | ૪ |
| ૫૦નું | ૨ | - | - | - | - |
| ૫૧નું | - | - | - | - | - |
| ૫૨નું | - | ૬ | ૧૪૪ | ૨૮૮ | ૧૪૪ |
| ૫૫નું | - | - | - | - | - |
| ૫૬નું | - | - | ૫૭૬ | ૧,૧૫૨ | ૫૭૬ |
| ૫૭નું | - | - | ૫૭૬ | ૧,૧૫૨ | - |
| કુલ | ૪ | ૧૨ | ૧,૩૦૦ | ૨,૬૦૦ | ૭૨૪ |

૨જા ગુણઠાણે રહેલો જીવ નરકમાં ઉત્પન્ન ન થાય. તેથી ૪૨ના ઉદીરણાસ્થાનમાંથી નારકીનો ૧ ભાંગો ઓછો કરવો. વળી ૨જા ગુણઠાણે રહેલો જીવ સૂક્ષ્મ, સાધારણ અને અપર્યાપ્તમાં ઉત્પન્ન ન થાય. તેથી ૪૨ના ઉદીરણાસ્થાનમાં એકેન્દ્રિયના બાદર x પર્યાપ્ત x યશ/અયશ = ૨ ભાંગા હોય, વિકલેન્દ્રિયના બેઈન્દ્રિયજાતિ/તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ x પર્યાપ્ત x યશ/અયશ = ૬ ભાંગા હોય, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના પર્યાપ્તના સ્વમતે ૪ ભાંગા - મતાંતરે ૮ ભાંગા હોય, સામાન્ય મનુષ્યના સ્વમતે ૪ ભાંગા - મતાંતરે ૮ ભાંગા હોય, દેવના સ્વમતે ૪ ભાંગા - મતાંતરે ૮ ભાંગા હોય. તેથી ૪૨ના ઉદીરણાસ્થાનના કુલ સ્વમતે ૨૦ - મતાંતરે ૩૨ ભાંગા થાય.

૨જા ગુણઠાણે ૫૦ના ઉદીરણાસ્થાનના બાદર પર્યાપ્ત એકેન્દ્રિયના યશ/અયશના ૨ ભાંગા હોય.

૨જા ગુણઠાણે ૫૩ના અને ૫૪ના ઉદીરણાસ્થાનો ન હોય, કેમકે તે ઉત્પત્તિ પછી અંતર્મુહૂર્ત બાદ હોય છે અને પૂર્વભવમાંથી સાથે લાવેલું ૨જું ગુણઠાણુ તો ઉત્પત્તિ પછી ઉત્કૃષ્ટથી ન્યૂન ૬ આવલિકા સુધી જ હોય છે.

| ગા | | | | | |
|---|---|---|---|---|---|
| મનુષ્ય | દેવ | | નારકી | કુલ | |
| મતાંતર | સ્વમત | મતાંતર | | સ્વમત | મતાંતર |
| ૮ | ૪ | ૮ | - | ૨૦ | ૩૨ |
| - | - | - | - | ૨ | ૨ |
| - | ૪ | ૮ | - | ૪ | ૮ |
| ૨૮૮ | - | - | - | ૨૯૪ | ૫૮૨ |
| - | ૪ | ૮ | ૧ | ૫ | ૯ |
| ૧,૧૫૨ | ૪ | ૮ | - | ૧,૧૫૬ | ૨,૩૧૨ |
| - | - | - | - | ૫૭૬ | ૧.૧૫૨ |
| ૧,૪૪૮ | ૧૬ | ૩૨ | ૧ | ૨,૦૫૭ | ૪,૦૯૭ |

૨જા ગુણઠાણે કાળ કરીને જીવ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ, સામાન્ય મનુષ્ય અને દેવમાં ઉત્પન્ન થાય. ત્યાં બે ઉદીરણાસ્થાન સુધી ૨જું ગુણઠાણુ હોય. તે અપેક્ષાએ ૪૨ના, ૫૦ના, ૫૧ના, ૫૨ના ઉદીરણાસ્થાનો હોય. પર્યાપ્તાવસ્થામાં સામાન્ય મનુષ્ય, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ, દેવ અને નારકીને ૨જું ગુણઠાણુ હોય. તે અપેક્ષાએ ૫૫ના, ૫૬ના ૫૭ના ઉદીરણાસ્થાનો હોય.

૨જા ગુણઠાણે ૫૬ના ઉદીરણાસ્થાનમાં દેવોના ૪ ભાંગા ઉત્તરવૈક્રિયશરીરી દેવને હોય છે. ઉત્તરવૈક્રિયશરીર પૂર્ણ ન થયું હોય એ અવસ્થામાં ૨જુ ગુણઠાણુ ન પામે. તેથી દેવના ૫૪ના અને ૫૫ના ઉદીરણાસ્થાનોના ઉદ્યોત સહિતના ૪-૪ ભાંગા ૨જા ગુણઠાણે ન મળે.

## ગુણઠાણુ ૩જું

| ઉદીરણા-સ્થાન | ભાં | | | |
|---|---|---|---|---|
| | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | | સામાન્ય મનુષ્ય | |
| | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર |
| ૫૫નું | - | - | - | - |
| ૫૬નું | ૫૭૬ | ૧,૧૫૨ | ૫૭૬ | ૧,૧૫૨ |
| ૫૭નું | ૫૭૬ | ૧,૧૫૨ | - | - |
| કુલ | ૧,૧૫૨ | ૨,૩૦૪ | ૫૭૬ | ૧,૧૫૨ |

૩જું ગુણઠાણુ પર્યાપ્તાવસ્થામાં જ હોય. તેથી ત્યાં ૫૫ના, ૫૬ના, ૫૭ના જ ઉદીરણાસ્થાનો હોય.

## ગુણઠાણુ ૪થું

| ઉદીરણા-સ્થાન | ભાં | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | | વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચ | | સામાન્ય મનુષ્ય | | વૈક્રિય |
| | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત |
| ૪૨નું | ૪ | ૮ | - | - | ૪ | ૮ | - |
| ૫૧નું | - | - | ૪ | ૮ | - | - | ૪ |
| ૫૨નું | ૧૪૪ | ૨૮૮ | - | - | ૧૪૪ | ૨૮૮ | - |
| ૫૩નું | - | - | ૪ | ૮ | - | - | ૪ |
| ૫૪નું | ૨૮૮ | ૫૭૬ | ૮ | ૧૬ | ૨૮૮ | ૫૭૬ | ૪ |
| ૫૫નું | ૫૭૬ | ૧,૧૫૨ | ૮ | ૧૬ | ૨૮૮ | ૫૭૬ | ૪ |
| ૫૬નું | ૮૬૪ | ૧,૭૨૮ | ૪ | ૮ | ૫૭૬ | ૧,૧૫૨ | - |
| ૫૭નું | ૫૭૬ | ૧,૧૫૨ | - | - | - | - | - |
| કુલ | ૨,૪૫૨ | ૪,૯૦૪ | ૨૮ | ૫૬ | ૧,૩૦૦ | ૨,૬૦૦ | ૧૬ |

૪થું ગુણઠાણુ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, ઉત્તરવૈક્રિય શરીર કરતા સંયત, આહારક શરીર કરતા સંયત, કેવળી, લબ્ધિ અપર્યાપ્ત જીવોને ન હોવાથી તેમના ઉદીરણાસ્થાન અને તેમના ભાંગા અહીં લીધા નથી.

| ગા | | | | |
|---|---|---|---|---|
| દેવ | | નારકી | કુલ | |
| સ્વમત | મતાંતર | | સ્વમત | મતાંતર |
| ૪ | ૮ | ૧ | ૫ | ૯ |
| - | - | - | ૧,૧૫૨ | ૨,૩૦૪ |
| - | - | - | ૫૭૬ | ૧,૧૫૨ |
| ૪ | ૮ | ૧ | ૧,૭૩૩ | ૩,૪૬૫ |

• હસતા બાંધેલા કર્મ રડતા પણ છુટવા મુશ્કેલ બને છે.

| ગા | | | | | |
|---|---|---|---|---|---|
| મનુષ્ય | દેવ | | નારકી | કુલ | |
| મતાંતર | સ્વમત | મતાંતર | | સ્વમત | મતાંતર |
| - | ૪ | ૮ | ૧ | ૧૩ | ૨૫ |
| ૮ | ૪ | ૮ | ૧ | ૧૩ | ૨૫ |
| - | - | - | - | ૨૮૮ | ૫૭૬ |
| ૮ | ૪ | ૮ | ૧ | ૧૩ | ૨૫ |
| ૮ | ૮ | ૧૬ | ૧ | ૫૯૭ | ૧,૧૯૩ |
| ૮ | ૮ | ૧૬ | ૧ | ૮૮૫ | ૧,૭૬૯ |
| - | ૪ | ૮ | - | ૧,૪૪૮ | ૨,૮૯૬ |
| - | - | - | - | ૫૭૬ | ૧,૧૫૨ |
| ૩૨ | ૩૨ | ૬૪ | ૫ | ૩,૮૩૩ | ૭,૬૬૧ |

• સાધુપણાનો પ્રાણ બ્રહ્મચર્ય છે, સંપૂર્ણ બ્રહ્મચર્ય વિનાનો સાધુ અને સદાચાર વિનાનો શ્રાવક એ બંને જીવતા મડદા છે.

## ગુણઠાણુ પમું

| ઉદીરણા-સ્થાન | ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચ | સામાન્ય મનુષ્ય | વૈક્રિય મનુષ્ય | કુલ |
| ૫૧નું | - | ૧ | - | ૧ | ૨ |
| ૫૩નું | - | ૧ | - | ૧ | ૨ |
| ૫૪નું | - | ૨ | - | ૧ | ૩ |
| ૫૫નું | - | ૨ | - | ૧ | ૩ |
| ૫૬નું | ૧૪૪ | ૧ | ૧૪૪ | - | ૨૮૯ |
| ૫૭નું | ૧૪૪ | - | - | - | ૧૪૪ |
| કુલ | ૨૮૮ | ૭ | ૧૪૪ | ૪ | ૪૪૩ |

ઉત્તરવૈક્રિય શરીર કરતા મનુષ્ય અને ઉત્તરવૈક્રિય શરીર કરતા પંચેન્દ્રિય તિર્યંચને પમા ગુણઠાણે બધી શુભપ્રકૃતિની જ ઉદીરણા હોવાથી તેમના ઉદીરણાસ્થાનોમાં ૧-૧ ભાંગો હોય.

૫૬નું ઉદીરણાસ્થાન સામાન્ય મનુષ્ય, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ, ઉત્તરવૈક્રિય શરીર કરતા પંચેન્દ્રિય તિર્યંચને હોય. પમા ગુણઠાણે દુર્ભગ, અનાદેય, અયશની ઉદીરણા ન હોય. તેથી સામાન્ય મનુષ્ય અને સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચને ૫૬ના ઉદીરણાસ્થાનના ૬ સંસ્થાન x ૬ સંઘયણ x ૨ સ્વર x ૨ ખગતિ = ૧૪૪ ભાંગા થાય. ઉત્તરવૈક્રિય શરીર કરતા પંચેન્દ્રિય તિર્યંચને ૫૬ના ઉદીરણાસ્થાનનો ૧ ભાંગો હોય.

૫૭ના ઉદીરણાસ્થાનમાં સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચને ઉપર મુજબ ૧૪૪ ભાંગા હોય.

- જેમ જેમ સેવા-ભક્તિ કરીએ તેમ તેમ ચિત્તની પ્રસન્નતા વધે.
- મર્યાદાભંગ એ મોટું પાપ છે.

## ગુણઠાણુ ૬ઠ્ઠું

| ઉદીરણા-સ્થાન | ભાંગા | | | |
|---|---|---|---|---|
| | સામાન્ય સંયત | વૈક્રિય સંયત | આહારક સંયત | કુલ |
| ૫૧નું | - | ૧ | ૧ | ૨ |
| ૫૩નું | - | ૧ | ૧ | ૨ |
| ૫૪નું | - | ૨ (ઉદ્યોત સાથે અને ઉદ્યોત વિના) | ૨ (ઉદ્યોત સાથે અને ઉદ્યોત વિના) | ૪ |
| ૫૫નું | - | ૨ (ઉદ્યોત સાથે અને ઉદ્યોત વિના) | ૨ (ઉદ્યોત સાથે અને ઉદ્યોત વિના) | ૪ |
| ૫૬નું | ૧૪૪ | ૧ | ૧ | ૧૪૬ |
| કુલ | ૧૪૪ | ૭ | ૭ | ૧૫૮ |

ઉત્તરવૈક્રિય શરીર કરતા સંયત અને આહારક શરીર કરતા સંયતને શુભ પ્રકૃતિઓની જ ઉદીરણા થતી હોવાથી તેમના ઉદીરણાસ્થાનોમાં ૧-૧ ભાંગો જ હોય. સ્વભાવસ્થ સંયતને ૫૬ના ઉદીરણાસ્થાનમાં પૂર્વે કહ્યા મુજબ ૧૪૪ ભાંગા હોય.

## ગુણઠાણુ ૭મું

| ઉદીરણા-સ્થાન | ભાંગા | | | |
|---|---|---|---|---|
| | સામાન્ય સંયત | વૈક્રિય સંયત | આહારક સંયત | કુલ |
| ૫૫નું | - | ૧ (ઉદ્યોત વિના) | ૧ (ઉદ્યોત વિના) | ૨ |
| ૫૬નું | ૧૪૪ | ૧ (ઉદ્યોત સાથે) | ૧ (ઉદ્યોત સાથે) | ૧૪૬ |
| કુલ | ૧૪૪ | ૨ | ૨ | ૧૪૮ |

૬ઠ્ઠા ગુણઠાણે ઉત્તરવૈક્રિય શરીર કે આહારક શરીર કરીને ૭મા ગુણઠાણે આવેલાને સુસ્વર સહિતના ૫૫ના અને ૫૬ના ઉદીરણાસ્થાનો હોય. તેમાં ૧-૧ ભાંગો હોય. સ્વભાવસ્થ સંયતને ૫૬ના ઉદીરણાસ્થાનમાં પૂર્વે કહ્યા મુજબ ૧૪૪ ભાંગા હોય.

## ગુણઠાણુ ૮મું, ૯મું, ૧૦મું, ૧૧મું

| ઉદીરણાસ્થાન | ભાંગા | |
|---|---|---|
| | સંયત | |
| | ૧લો મત | ૨જો મત |
| ૫૬નું | ૨૪ | ૭૨ |

જેઓ એમ માને છે કે ૧લા સંઘયણવાળો જ ઉપશમશ્રેણિ માંડી શકે તેમના મતે ૧લું સંઘયણ x ૬ સંસ્થાન x ૨ સ્વર x ૨ ખગતિ = ૨૪ ભાંગા હોય.

પહેલા ત્રણમાંથી કોઈપણ સંઘયણવાળો ઉપશમશ્રેણિ માંડી શકે એવું માનનારના મતે ૩ સંઘયણ x ૬ સંસ્થાન x ૨ સ્વર x ૨ ખગતિ = ૭૨ ભાંગા હોય.

## ગુણઠાણુ ૧૨મું

| ઉદીરણા સ્થાન | ભાંગા |
|---|---|
| | સંયત |
| ૫૬નું | ૨૪ |

૧લા સંઘયણવાળો જ ક્ષપકશ્રેણિ માંડે. તેથી ૫૬ના ઉદીરણાસ્થાનના ઉપર કહ્યા મુજબ ૨૪ ભાંગા હોય.

## ગુણઠાણુ ૧૩મું

| ઉદીરણાસ્થાન | ભાંગા | | |
|---|---|---|---|
| | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી | કુલ |
| ૪૧નું | - | ૧ | ૧ |
| ૪૨નું | ૧ | - | ૧ |
| ૫૨નું | - | ૬ | ૬ |
| ૫૩નું | ૧ | - | ૧ |
| ૫૪નું | - | ૧૨ | ૧૨ |
| ૫૫નું | ૧ | ૧૨ | ૧૩ |
| ૫૬નું | ૧ | ૨૪ | ૨૫ |
| ૫૭નું | ૧ | - | ૧ |
| કુલ | ૫ | ૫૫ | ૬૦ |

૧૪મા ગુણઠાણે ઉદીરણા થતી નથી.

## ગતિમાં નામકર્મના ઉદીરણાસ્થાનો અને તેમના ભાંગા

### નરકગતિ

| ઉદીરણાસ્થાન | ભાંગા |
|---|---|
| ૪૨નું | ૧ |
| ૫૧નું | ૧ |
| ૫૩નું | ૧ |
| ૫૪નું | ૧ |
| ૫૫નું | ૧ |
| કુલ | ૫ |

### તિર્યંચગતિ

| ઉદીરણા-સ્થાન | ભાંગા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | એકેન્દ્રિય | વિકલે-ન્દ્રિય | સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ | | વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચ | | કુલ | |
| | | | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર |
| ૪૨નું | ૫ | ૯ | ૫ | ૯ | - | - | ૧૯ | ૨૩ |
| ૫૦નું | ૧૧ | - | - | - | - | - | ૧૧ | ૧૧ |
| ૫૧નું | ૭ | - | - | - | ૪ | ૮ | ૧૧ | ૧૫ |
| ૫૨નું | ૧૩ | ૯ | ૧૪૫ | ૨૮૯ | - | - | ૧૬૭ | ૩૧૧ |
| ૫૩નું | ૬ | - | - | - | ૪ | ૮ | ૧૦ | ૧૪ |
| ૫૪નું | - | ૬ | ૨૮૮ | ૫૭૬ | ૮ | ૧૬ | ૩૦૨ | ૫૯૮ |
| ૫૫નું | - | ૧૨ | ૫૭૬ | ૧,૧૫૨ | ૮ | ૧૬ | ૫૯૬ | ૧,૧૮૦ |
| ૫૬નું | - | ૧૮ | ૮૬૪ | ૧,૭૨૮ | ૪ | ૮ | ૮૮૬ | ૧,૭૫૪ |
| ૫૭નું | - | ૧૨ | ૫૭૬ | ૧,૧૫૨ | - | - | ૫૮૮ | ૧,૧૬૪ |
| કુલ | ૪૨ | ૬૬ | ૨,૪૫૪ | ૪,૯૦૬ | ૨૮ | ૫૬ | ૨,૫૯૦ | ૫,૦૭૦ |

- દેવાદારનું લેણદાર પ્રત્યે જેવું વર્તન હોય તેવું શિષ્યનું ગુરુ પ્રત્યે હોવું જોઈએ.

## દેવગતિ

| ઉદીરણાસ્થાનો | ભાંગા | |
|---|---|---|
| | સ્વમત | મતાંતર |
| ૪૨નું | ૪ | ૮ |
| ૫૧નું | ૪ | ૮ |
| ૫૩નું | ૪ | ૮ |
| ૫૪નું | ૮ | ૧૬ |
| ૫૫નું | ૮ | ૧૬ |
| ૫૬નું | ૪ | ૮ |
| કુલ | ૩૨ | ૬૪ |

## મનુષ્યગતિ

| ઉદીરણા-સ્થાન | ભાંગા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય મનુષ્ય | | વૈક્રિય મનુષ્ય | | આહારક મનુષ્ય | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી | કુલ | |
| | સ્વમત | મતાંતર | સ્વમત | મતાંતર | | | | સ્વમત | મતાંતર |
| ૪૧નું | - | - | - | - | - | - | ૧ | ૧ | ૧ |
| ૪૨નું | ૫ | ૯ | - | - | - | ૧ | - | ૬ | ૧૦ |
| ૫૧નું | - | - | ૪ | ૮ | ૧ | - | - | ૫ | ૯ |
| ૫૨નું | ૧૪૫ | ૨૮૯ | - | - | - | - | - | ૧૪૫ | ૨૮૯ |
| ૫૩નું | - | - | ૪ | ૮ | ૧ | ૧ | - | ૬ | ૧૦ |
| ૫૪નું | ૨૮૮ | ૫૭૬ | ૫ | ૯ | ૨ | - | - | ૨૯૫ | ૫૮૭ |
| ૫૫નું | ૨૮૮ | ૫૭૬ | ૫ | ૯ | ૨ | ૧ | - | ૨૯૬ | ૫૮૮ |
| ૫૬નું | ૫૭૬ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૫૭૯ | ૧,૧૫૫ |
| ૫૭નું | - | - | - | - | - | ૧ | - | ૧ | ૧ |
| કુલ | ૧,૩૦૨ | ૨,૬૦૨ | ૧૯ | ૩૫ | ૭ | ૫ | ૧ | ૧,૩૩૪ | ૨,૬૫૦ |

- મૈથુનસંજ્ઞામાં તીવ્ર આસક્તિવાળા જીવો ભૂંડના ભવમાં જાય.
- મનને સાધતા આવડે તે સદા સુખી, મનને સાધતા ન આવડે તે સદા દુઃખી

## (૭) ગોત્ર :- ઉદીરણાસ્થાન-૧ :- ૧નું

| ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧(i) | ૧નું | ઉચ્ચગોત્ર | ૧લા ગુણઠાણાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો |
| ૧(ii) | ૧નું | નીચગોત્ર | ૧લા ગુણઠાણાથી ૫મા ગુણઠાણા સુધીના જીવો |

## (૮) અંતરાય :- ઉદીરણાસ્થાન-૧ :- ૫નું

| ક્ર. | ઉદીરણાસ્થાન | ઉત્તરપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૫નું | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય | ૧લા ગુણઠાણાથી ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધીના જીવો |

- નિશ્ચય કરવો કે- કોઈપણ રીતે મારે મારા મનને બગાડવું નથી.
- સાધનામાં જેને ગુરુનું નિયંત્રણ ન હોય તેને અસંયમમાં પણ ગુરુનું નિયંત્રણ ન હોય. તેથી તેનું પતન થાય.
- એક સાધુની આશાતના = બધા સાધુઓની આશાતના.
  એક સાધુની આરાધના = બધા સાધુઓની આરાધના.
- કષાયો અને વિષયોની ઉગ્રતાથી ભાવમરણ થાય છે.
- સંસારમાં એક પણ પાપ એવું નથી જે આપણે ભૂતકાળમાં કર્યુ ન હોય. સંસારનું એક પણ દુઃખ એવું નથી જે આપણે ભૂતકાળમાં સહન ન કર્યું હોય.
- જેને કંઇ ન જોઈએ તે મહાપુરુષ છે.
- ત્યાગ વિના વૈરાગ્ય ન આવે.

# સ્થિતિઉદીરણા

અહીં ૫ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **લક્ષણ** :-

કર્મપ્રકૃતિનો ઉદય બે પ્રકારનો છે - (૧) સમ્પ્રાપ્તિઉદય અને (૨) અસમ્પ્રાપ્તિઉદય.

(૧) **સમ્પ્રાપ્તિઉદય** :- કર્મદલિકોનો કાળક્રમે ઉદયમાં કારણભૂત દ્રવ્ય, ક્ષેત્ર વગેરે સામગ્રી પ્રાપ્ત થવા પર જે ઉદય થાય તે સમ્પ્રાપ્તિ ઉદય.

(૨) **અસમ્પ્રાપ્તિઉદય** :- જે કર્મદલિકોના ઉદયનો કાળ ન થયો હોય તેમને વીર્યવિશેષથી ખેંચી જે કર્મદલિકોના ઉદયનો કાળ થયો હોય તેમની સાથે ભોગવવા તે અસમ્પ્રાપ્તિ ઉદય છે. એ જ ઉદીરણા છે.

ઉદય અપ્રાપ્ત કર્મસ્થિતિને વીર્યવિશેષથી ખેંચીને ઉદયપ્રાપ્ત સ્થિતિની સાથે ભોગવવી તે સ્થિતિઉદીરણા છે.

(૨) **ભેદ** :-

બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા થાય છે. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિ – (બંધાવલિકા + ઉદયાવલિકા) પ્રમાણ સ્થિતિ ઉદીરણાયોગ્ય છે. ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા પ્રમાણ સ્થિતિના જેટલા સમયો છે તેટલા સ્થિતિઉદીરણાના ભેદ છે. તે આ પ્રમાણે - બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની જે જીવને ૧ સમયમાત્ર સ્થિતિ બાકી હોય તે જીવ તે સમયમાત્ર સ્થિતિની ઉદીરણા કરે છે, જે જીવને ૨ સમયમાત્ર સ્થિતિ બાકી હોય તે જીવ તે ૨ સમયમાત્ર સ્થિતિની ઉદીરણા કરે છે. એમ અન્ય અન્ય જીવોની અપેક્ષાએ ૧-૧

સમયમાત્ર સ્થિતિની ઉદીરણા વધારતા ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા પ્રમાણ સ્થિતિની થાય છે.

જે સ્થિતિઓના ભેદની કલ્પના સંભવે તે સેચીકાસ્થિતિઓ કહેવાય છે. તે બે પ્રકારે છે - ઉદીરણાયોગ્ય અને ઉદીરણાઅયોગ્ય. બંધાવલિકા, સંક્રમાવલિકા અને ઉદયાવલિકામાં રહેલ સેચીકા-સ્થિતિઓ ઉદીરણાઅયોગ્ય છે. શેષ સેચીકાસ્થિતિઓ ઉદીરણાયોગ્ય છે.

ઉદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉદીરણાયોગ્ય સ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા

ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ, અનુદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ અને અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉદીરણાયોગ્ય સ્થિતિઓ યથાસંભવ જાણવી. તે આગળ કહેવાશે.

## (૩) સાદ્યાદિ પ્રરૂપણા :-

### મૂળપ્રકૃતિઓમાં સ્થિતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા -

**(i) મોહનીય :-** ક્ષપકને ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે મોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. તે સિવાયની મોહનીયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. તે ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારથી ન થાય. ત્યાંથી પડેલાને મોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા સાદિ છે. પૂર્વે તે સ્થાન નહીં પામેલાને મોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા અનાદિ છે. અભવ્યને મોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા થાય ત્યારે તેની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા ઉત્કૃષ્ટસંક્લેશમાં રહેલ મિથ્યાદષ્ટિ કરે છે. થોડા સમય પછી તે અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા કરે છે. વળી કાલાંતરે તે ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા કરે છે. આમ સંક્લેશ-વિશુદ્ધિને અનુસારે ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા સતત બદલાતા રહે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(ii) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય** = ૩ :- ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા થાય ત્યારે તેમની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

આ ત્રણ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(iii) નામ, ગોત્ર** :- ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે નામ અને ગોત્રની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. નામ અને ગોત્રની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને નામ અને ગોત્રની અજઘન્ય સ્થિતિઉદીરણા ધ્રુવ છે. ભવ્યને નામ અને ગોત્રની જઘન્ય સ્થિતિઉદીરણા કરે ત્યારે તેમની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

નામ અને ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(iv) વેદનીય :-** વેદનીયની જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય જીવો તેની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. બીજા સમયે વેદનીયની સ્થિતિસત્તા વધતા તે તેની અજઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. ફરી કાલાંતરે તે વેદનીયની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. આમ વેદનીયની જઘન્ય સ્થિતિઉદીરણા અને અજઘન્ય સ્થિતિઉદીરણા બદલાતી હોવાથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

વેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(v) આયુષ્ય :-** આયુષ્યની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તેની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. આયુષ્યની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. ભવના પહેલા સમયે તે સાદિ છે. આયુષ્યની જઘન્ય સ્થિતિઉદીરણા થાય ત્યારે તેની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

ઉત્કૃષ્ટ આયુષ્યવાળાને ભવના પહેલા સમયે તેની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. આયુષ્યની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે. ઉત્કૃષ્ટ આયુષ્યવાળાને ભવના બીજા સમયથી અને અનુત્કૃષ્ટ આયુષ્યવાળાને ભવના પ્રથમ સમયથી આયુષ્યની અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા શરૂ થાય છે. માટે તે સાદિ છે. આયુષ્યની

ચરમાવલિકામાં ઉદીરણા ન થતી હોવાથી ત્યારે આયુષ્યની અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં સ્થિતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-

| મૂળપ્રકૃતિ | સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | અજઘન્ય | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | કુલ |
| મોહનીય | ૨ | ૪ | ૨ | ૨ | ૧૦ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય નામ, ગોત્ર = ૫ | ૨ | ૩ | ૨ | ૨ | ૪૫ |
| વેદનીય, આયુષ્ય = ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૬ |
| કુલ | ૧૬ | ૨૩ | ૧૬ | ૧૬ | ૭૧ |

## ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા -

**(i) મિથ્યાત્વમોહનીય :-** પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પામતા મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે મિથ્યાત્વમોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા થાય. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. મિથ્યાત્વમોહનીયની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવે ત્યારે મિથ્યાત્વમોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા સાદિ છે. પૂર્વે સમ્યક્ત્વ નહીં પામેલા અનાદિ મિથ્યાદષ્ટિને મિથ્યાત્વમોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મિથ્યાત્વમોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા થાય ત્યારે કે સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વમોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશમાં રહેલ મિથ્યાદષ્ટિ જીવ કરે છે. થોડા સમય પછી તે અનુત્કૃષ્ટ

સ્થિતિઉદીરણા કરે છે. વળી કાલાંતરે તે ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા કરે છે. આમ સંક્લેશ-વિશુદ્ધિને અનુસારે ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા સતત બદલાતા રહે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(ii) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા થાય ત્યારે તેમની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(iii) તૈજસ ૭, વર્ણાદિ ૨૦, સ્થિર ૨, અસ્થિર ૨, અગુરુલઘુ, નિર્માણ = ૩૩ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી સ્થિતિઉદીરણા તે અજઘન્ય સ્થિતિઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા થાય ત્યારે તેમની અજઘન્ય સ્થિતિઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

×

**(iv) શેષ ૧૧૦ :-** આ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી તેમની જઘન્ય સ્થિતિઉદીરણા, અજઘન્ય સ્થિતિઉદીરણા, ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

**ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-**

| ઉત્તરપ્રકૃતિઓ | સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | અજઘન્ય | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | કુલ |
| મિથ્યાત્વમોહનીય | ૨ | ૪ | ૨ | ૨ | ૧૦ |
| શેષ ધ્રુવોદયી ૪૭ | ૨ | ૩ | ૨ | ૨ | ૪૨૩ |
| અધ્રુવોદયી ૧૧૦ | ૨ | ૨ | ૨ | ૨ | ૮૮૦ |
| કુલ | ૩૧૬ | ૩૬૫ | ૩૧૬ | ૩૧૬ | ૧,૩૧૩ |

**(૪) અદ્ધાછેદ, (૫) સ્વામિત્વ :-**

**અદ્ધાછેદ** - ઉદીરણાને અયોગ્ય સ્થિતિને અદ્ધાછેદ કહેવાય છે.

**યત્થિસ્થતિ** - ઉદીરણા કરતી વખતે સત્તામાં રહેલ કુલ સ્થિતિને યત્સ્થિતિ કહેવાય છે.

અદ્ધાછેદ અને યત્સ્થિતિ સ્વામિત્વની સાથે જ કહેવાશે.

**ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણાના સ્વામી :-** ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણાના સ્વામી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી પ્રમાણે જાણવા, પણ ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ તો તે તે પ્રકૃતિના ઉદયવાળા અને અનુદયવાળા જીવો કરતા હતા જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો જ કરે છે.

(૧) **ઉદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ ૮૬** - **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અસાતા, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૬, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૭, વૈક્રિય ૭, હુંડક સંસ્થાન, વર્ણાદિ ૨૦, કુખગતિ, ઉપઘાત,**

**પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, અગુરુલઘુ, નિર્માણ, ત્રસ ૪, અસ્થિર ૬, નીચગોત્ર, અંતરાય ૫ :-** આ પ્રકૃતિઓના ઉદયવાળા જીવો આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સર્વ સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = ૨ આવલિકા□
યત્સ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિ – ૧ આવલિકા∆
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા□

**ઉદયબંધોત્કૃષ્ટ ૮૬ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા**




**(૨) ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ ૨૯**⊠ **- સાતા, નોકષાય ૯, મનુષ્યગતિ, પહેલા ૫ સંસ્થાન, પહેલા ૫ સંઘયણ, સુખગતિ, સ્થિર ૬, ઉચ્ચગોત્ર :-**

બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ પ્રકૃત પ્રકૃતિઓ બાંધે ત્યારે ઉદયાવલિકા ઉપરની તે ઉત્કૃષ્ટ સ્થિતિ તેમાં સંક્રમાવે. સંક્રમાવલિકા વીત્યા બાદ આ

□. ૨ આવલિકા = બંધાવલિકા + ઉદયાવલિકા

∆. ૧ આવલિકા = બંધાવલિકા

⊠. સમ્યક્ત્વમોહનીય પણ ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિ છે, પણ તે અલગથી કહેવાશે.

પ્રકૃતિઓના ઉદયવાળો તે જીવ ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = ૩ આવલિકા[Δ]

યત્સ્થિતિ = બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા[⊕]

ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ – ૩ આવલિકા[Δ]

## ઉદયસંક્રમોત્કૃષ્ટ ૨૯ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




(૩) **સમ્યક્ત્વમોહનીય :-** મિથ્યાત્વમોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને [⊠]અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામે ત્યારે ઉદયાવલિકા ઉપરની ઉત્કૃષ્ટ સ્થિતિ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિ સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે. સંક્રમાવલિકા વીત્યા બાદ સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળો તે જીવ

---

**Δ**. ૩ આવલિકા = બંધાવલિકા + સંક્રમાવલિકા + ઉદયાવલિકા

⊕. ૨ આવલિકા = બંધાવલિકા + સંક્રમાવલિકા

⊠. મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશમાં બંધાય છે, જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ વિશુદ્ધિમાં થાય છે. તેથી મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધ્યા પછી તરત જ સમ્યક્ત્વ ન પામી શકે. માટે મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામે એમ કહ્યું.

ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે છે. તે સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત□ + ૨ આવલિકાΔ

યત્સ્થિતિ = ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકા⊕)

ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત□ + ૨ આવલિકાΔ)

## સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




□. અંતર્મુહૂર્ત = પહેલા ગુણઠાણાનું અંતર્મુહૂર્ત

Δ. ૨ આવલિકા = સંક્રમાવલિકા + ઉદયાવલિકા

⊕. ૧ આવલિકા = સંક્રમાવલિકા

**અનુદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ અને અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ :-**

(૪) **મિશ્રમોહનીય :-** મિથ્યાત્વ મોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત□ પછી સમ્યક્ત્વ પામે ત્યારે ઉદયાવલિકા ઉપરની ઉત્કૃષ્ટ સ્થિતિ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિ મિશ્રમોહનીયમાં સંક્રમાવે. અંતર્મુહૂર્તΔ પછી ૩જા ગુણઠાણે જાય ત્યારે મિશ્રમોહનીયના ઉદયવાળો તે જીવ ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે છે. તે મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = ૨ અંતર્મુહૂર્ત⊕ + ૧ આવલિકા⊠
યત્સ્થિતિ = ૭૦ કોડાકોડી સાગરોપમ – ૨ અંતર્મુહૂર્ત⊕
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૭૦ કોડાકોડી સાગરોપમ – (૨ અંતર્મુહૂર્ત⊕ + ૧ આવલિકા⊠)

---

□. મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશમાં બંધાય છે, જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ વિશુદ્ધિમાં થાય છે. તેથી મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધ્યા પછી તરત સમ્યક્ત્વ ન પામી શકે. માટે મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામે એમ કહ્યું.

Δ. સમ્યક્ત્વ પામ્યા પછી જઘન્યથી પણ અંતર્મુહૂર્ત સુધી તો એ અવશ્ય ટકે જ છે. ત્યાર પછી જ ત્યાંથી જીવ અન્ય ગુણઠાણે જાય છે. તેથી સમ્યક્ત્વ પામ્યા પછી જીવ તરત જ ૩જા ગુણઠાણે ન જઈ શકે. માટે સમ્યક્ત્વ પામીને અંતર્મુહૂર્ત પછી ૩જા ગુણઠાણે જાય એમ કહ્યું. ૧લા ગુણઠાણેથી સીધો ૩જા ગુણઠાણે આવે તો ત્યાં મિથ્યાત્વમોહનીયની સ્થિતિ મિશ્રમોહનીયમાં ન સંક્રમાવે, કેમકે ૩જા ગુણઠાણે દર્શનમોહનીયનો સંક્રમ થતો નથી. માટે ૧લા ગુણઠાણેથી સમ્યક્ત્વ પામીને પછી ૩જા ગુણઠાણે આવે એમ કહ્યું.

⊕. ૨ અંતર્મુહૂર્ત = ૧લા ગુણઠાણાનું અંતર્મુહૂર્ત + સમ્યક્ત્વ પામ્યા પછીનું અંતર્મુહૂર્ત.

⊠. ૧ આવલિકા = ઉદયાવલિકા.

## મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




**(૫) આહારક ૭ :-** તદ્યોગ્ય સંક્લેશવાળો ૭મા ગુણઠાણાવાળો જીવ આહારક ૭ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકા બાદ તેમાં પરપ્રકૃતિને સંક્રમાવે છે. તેથી તેની સ્થિતિસત્તા ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે. બંધ પછી અંતર્મુહૂર્ત પછી ૬ઠ્ઠા ગુણઠાણે આવી આહારક શરીર બનાવે. ત્યારે આહારક ૭ને અનુભવતો તે જીવ ઉદયાવલિકા ઉપરની આહારક ૭ની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આહારક ૭ની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકા∆
યત્સ્થિતિ = અંતઃકોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત□
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = અંતઃકોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકા∆)

---

□. અંતર્મુહૂર્ત = ૭મા ગુણઠાણાનું અંતર્મુહૂર્ત
∆. ૧ આવલિકા = ઉદયાવલિકા

(૬) **નરક ૨ :-** મનુષ્ય કે □પંચેન્દ્રિય તિર્યંચ નરક ૨ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત પછી નીચેની ત્રણ નરકમાં જાય. (નરક ૨ની ઉત્કૃષ્ટ સ્થિતિ કૃષ્ણલેશ્યામાં બંધાય છે. કૃષ્ણલેશ્યાવાળો નીચેની ત્રણ નરકમાં જાય છે.) ત્યાં પહેલા સમયે નરકગતિની ઉદયાવલિકા ઉપરની ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિની ઉદીરણા કરે છે. તે નરકગતિની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે. નીચેની ત્રણ નરકમાં જતા વિગ્રહગતિમાં ત્રણ સમય સુધી નરકાનુપૂર્વીની ઉદયાવલિકા ઉપરની ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિની ઉદીરણા કરે છે. તે નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત$^{\Delta}$ + ૧ આવલિકા$^{\oplus}$
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત$^{\Delta}$
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત$^{\Delta}$ + ૧ આવલિકા$^{\oplus}$)

ત્રસનાડીમાં ૨ સમયની જ વિગ્રહગતિ હોય એવો નિયમ છે. તેથી અહીં નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા વિગ્રહગતિથી નરકમાં જનારા જીવને ત્રણ સમય સુધી કહી છે તે વિચારણીય લાગે છે. વળી અહીં 'મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ નરક ૨ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત પછી નીચેની ત્રણ નરકમાં જાય' એમ કહ્યું છે, તે પણ વિચારણીય છે, કેમકે મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ સ્વાયુષ્યના ચરમ સમય સુધી નરક ૨ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને પછી નીચેની ત્રણ નરકમાં જઈ શકે છે. વળી આ અપેક્ષાએ જ વિગ્રહગતિમાં બન્ને સમયોમાં ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા

□. **પંચસંગ્રહ ઉદીરણાકરણની ગાથા ૩૦ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૪** ઉપર અહીં માત્ર મનુષ્ય જ કહ્યા છે.

Δ. અંતર્મુહૂર્ત = મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચનું છેલ્લું અંતર્મુહૂર્ત.

⊕. ૧ આવલિકા = ઉદયાવલિકા

ઘટી શકે છે. મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચના ભવની છેલ્લી આવલિકા શેષ હોય ત્યારે નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી બંધાવલિકા વીત્યા બાદ વિગ્રહગતિના પ્રથમ સમયે તેની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા કરે. મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચના ભવની સમય ન્યૂન આવલિકા શેષ હોય ત્યારે નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી બંધાવલિકા વીત્યા બાદ વિગ્રહગતિના બીજા સમયે તેની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા કરે. જો મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત પછી નરકમાં જાય તો વિગ્રહગતિના પહેલા સમયે જ નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા થાય, વિગ્રહગતિના બીજા સમયે નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા ન થાય.

**કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૩૨ની ચૂર્ણિમાં પાના નં. ૪૯** ઉપર કહ્યું છે, 'મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ નરક રની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને નીચેની ત્રણ નરકમાં જાય. ત્યાં નરકગતિની બંધાવલિકા વીત્યા બાદ ૧ આવલિકા સુધી ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા થાય. નરકાનુપૂર્વીની બંધાવલિકા વીત્યા બાદ વિગ્રહગતિથી નીચેની ત્રણ નરકમાં જતા ત્રણ સમય સુધી નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા થાય છે.' તેથી **કર્મપ્રકૃતિચૂર્ણિકાર**ના મતે નરક રનો

અદ્ધાછેદ = ૨ આવલિકા□
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – ૧ આવલિકા$^{\Delta}$
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ –૨ આવલિકા□

**કર્મપ્રકૃતિચૂર્ણિકાર**નો આ મત બરાબર લાગે છે. પણ નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા 'ત્રણ સમય સુધી થાય છે' એમ કહેવાની બદલે 'બે સમય સુધી થાય છે' એમ કહેવું જોઈએ. અહીં તત્ત્વ કેવલીગમ્ય છે.

---

□. ૨ આવલિકા = બંધાવલિકા + ઉદયાવલિકા

$\Delta$. ૧ આવલિકા = બંધાવલિકા

## આહારક ૭, નરક ૨, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, તિર્યંચ ૨, ઔદારિક ૭, સેવાર્તની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




(૭) દેવ ૨ :- કોઈ જીવ નરક ૨ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને દેવ ૨ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. તે નરક ૨ની બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ બંધાતી દેવ ૨ માં સંક્રમાવે. દેવ ૨નો જઘન્ય બંધકાળ અંતર્મુહૂર્ત છે. તેથી અંતર્મુહૂર્ત સુધી દેવ ૨ બાંધે. પછી કાળ કરી દેવલોકમાં જઈ પહેલા સમયે દેવગતિના ઉદયવાળો થયેલો તે ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે. વિગ્રહગતિથી દેવલોકમાં જતો જીવ વિગ્રહગતિના પહેલા સમયે ઉદયાવલિકા ઉપરની દેવાનુપૂર્વીની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે દેવાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકાΔ
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત□
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકાΔ)

---

□. અંતર્મુહૂર્ત = નરક ૨નો બંધ સમય+દેવ ૨ ના જઘન્ય બંધકાળનું અંતર્મુહૂર્ત
Δ. ૧ આવલિકા = ઉદયાવલિકા

## દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, સૂક્ષ્મ ૩, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા દેવગતિની જેમ જાણવી.

(૮) **મનુષ્યાનુપૂર્વી** :- કોઈ જીવ નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને મનુષ્યાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. તે નરકાનુપૂર્વીની બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ બંધાતી મનુષ્યાનુપૂર્વીમાં સંક્રમાવે. મનુષ્યાનુપૂર્વીનો જઘન્ય બંધકાળ અંતર્મુહૂર્ત છે. તેથી તે અંતર્મુહૂર્ત સુધી મનુષ્યાનુપૂર્વી બાંધીને કાળ કરીને વિગ્રહગતિથી મનુષ્યગતિમાં જતા વિગ્રહગતિના પહેલા સમયે ઉદયાવલિકા ઉપરની મનુષ્યાનુપૂર્વીની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે મનુષ્યાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકા△
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત□
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ –
(અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકા△)

(૯) **આતપ :-** ઉત્કૃષ્ટ સંક્લેશવાળો દેવ આતપની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. પછી તે અંતર્મુહૂર્ત સુધી ત્યાં જ રહે. પછી તે કાળ કરીને બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થઈ શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ આતપના ઉદયવાળો થાય ત્યારે ઉદયાવલિકા ઉપરની આતપની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આતપની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = ૨ અંતર્મુહૂર્ત⊕ + ૧ આવલિકા⊠
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – ૨ અંતર્મુહૂર્ત⊕
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ –
(૨ અંતર્મુહૂર્ત⊕ + ૧ આવલિકા⊠)

- જાણકાર ન થાય ત્યાં સુધી જાણકારની સલાહ મુજબ કસરત કરે તો આરોગ્ય પામે, નહિતર કસરત કરવા છતાં નુકસાન થાય. તેમ ગીતાર્થ ન થઈએ ત્યાં સુધી ગીતાર્થની સલાહ મુજબ આરાધના કરીએ તો ભાવઆરોગ્ય મળે, સ્વેચ્છાએ આરાધના કરીએ તો નુકસાન થાય.

□. અંતર્મુહૂર્ત = નરકાનુપૂર્વીનો બંધસમય+મનુષ્યાનુપૂર્વીના જઘન્ય બંધકાળનું અંતર્મુહૂર્ત.

△. ૧ આવલિકા = ઉદયાવલિકા

⊕. ૨ અંતર્મુહૂર્ત = દેવના ભવનું છેલ્લું અંતર્મુહૂર્ત + બાદર પૃથ્વીકાયમાં શરીરપર્યાપ્તિનું અંતર્મુહૂર્ત.

⊠. ૧ આવલિકા = ઉદયાવલિકા.

## આતપની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




**(૧૦) સ્થાવર, એકેન્દ્રિય** = ૨ :- ઉત્કૃષ્ટ સંક્લેશવાળો દેવ આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત બાદ કાળ કરી એકેન્દ્રિયમાં જઈ આ પ્રકૃતિઓના ઉદયવાળો થઈ આ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકાΔ
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત□
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત□ + ૧ આવલિકાΔ)

**(૧૧) તિર્યંચ ૨, ઔદારિક ૭, સેવાર્ત સંઘયણ = ૧૦ :-** નારકી આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને મધ્યમપરિણામવાળો થઈને ત્યાં જ અંતર્મુહૂર્ત રહે. પછી તે કાળ કરીને તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય. તે ઉદયાવલિકા ઉપરની આ પ્રકૃતિઓની બધી

□. અંતર્મુહૂર્ત = દેવના ભવનું છેલ્લું અંતર્મુહૂર્ત.
Δ. ૧ આવલિકા = ઉદયાવલિકા.

સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત + ૧ આવલિકા
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા)

**(૧૨) નિદ્રા ૫ :-** કોઈ જીવ નિદ્રા ૫ના અનુદયમાં ઉત્કૃષ્ટ સંક્લેશથી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. તેને અંતર્મુહૂર્ત બાદ નિદ્રા ૫નો ઉદય થાય છે. ત્યારે તે ઉદયાવલિકા ઉપરની નિદ્રા ૫ની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે નિદ્રા ૫ની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે. અતિસંક્લેશમાં નિદ્રા ૫નો ઉદય ન થાય. તેથી નિદ્રા ૫ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત બાદ તેમનો ઉદય થવાનું કહ્યું.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત + ૧ આવલિકા
યત્સ્થિતિ = ૩૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૩૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા)

**(૧૩) સૂક્ષ્મ ૩, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ = ૬ :-** કોઈ જીવ સ્થાવર અને એકેન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. તે સ્થાવર અને એકેન્દ્રિયજાતિની બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિ આ પ્રકૃતિઓમાં સંક્રમાવે. અંતર્મુહૂર્ત પછી કાળ કરી આ પ્રકૃતિઓના ઉદયવાળો થયેલો તે જીવ ઉદયાવલિકા ઉપરની આ પ્રકૃતિઓની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતર્મુહૂર્ત + ૧ આવલિકા
યત્સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૨૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા)

(૧૪) **જિનનામકર્મ :-** કોઈ જીવ શુભ અધ્યવસાયથી અપવર્તના કરી કરીને જિનનામકર્મની સ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ કરે. પછી ૧૩મા ગુણઠાણે આવી જિનનામકર્મના ઉદયવાળો થયેલો તે જીવ ઉદયાવલિકા ઉપરની જિનનામકર્મની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે જિનનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = અંતઃકોડાકોડી સાગરોપમ – $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} - \text{૧ આવલિકા}\right)$
યત્સ્થિતિ = $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ – ૧ આવલિકા

## જિનનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




- શ્રદ્ધા - બહુમાન વિનાની તર્કની હોંશિયારી ખતરનાક છે.

**(૧૫) નરકાયુષ્ય, દેવાયુષ્ય = ૨ :-** આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિવાળો જીવ તે તે ભવના પ્રથમ સમયે ઉદયાવલિકા ઉપરની આ પ્રકૃતિઓની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = ૧ આવલિકા
યત્સ્થિતિ = ૩૩ સાગરોપમ
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૩૩ સાગરોપમ – ૧ આવલિકા

**દેવાયુષ્ય-નરકાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા**




**(૧૬) મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય = ૨ :-** આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિવાળો જીવ તે તે ભવના પ્રથમ સમયે ઉદયાવલિકા ઉપરની આ પ્રકૃતિઓની બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા છે.

અદ્ધાછેદ = ૧ આવલિકા
યત્સ્થિતિ = ૩ પલ્યોપમ
ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા = ૩ પલ્યોપમ – ૧ આવલિકા

- સારી વસ્તુ આપણને ન મળે તો આપણને શું વિચાર આવે 'રહી ગયો' કે 'બચી ગયો' ?

## મનુષ્યાયુષ્ય-તિર્યંચાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા




**જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામી :-** જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામી જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી પ્રમાણે જાણવા, પણ જઘન્ય સ્થિતિસંક્રમ તે તે પ્રકૃતિઓના ઉદયવાળા અને અનુદયવાળા જીવો કરતા હતા જ્યારે જઘન્ય સ્થિતિઉદીરણા તો તે તે પ્રકૃતિઓના ઉદયવાળા જીવો જ કરે છે.

(૧) **પહેલા ૧૨ કષાય, ભય, જુગુપ્સા, નિદ્રા ૫, આતપ, ઉદ્યોત = ૨૧ :-** આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ સ્થિતિસત્તાની સમાન કે કંઈક અધિક સ્થિતિબંધ કરીને બંધાવલિકાના ચરમસમયે આ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની પૂર્વબદ્ધ બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા છે. આતપ-ઉદ્યોતની પ્રતિપક્ષી પ્રકૃતિ ન હોવાથી અને શેષ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી બીજી કોઈ રીતે અન્યત્ર તેમની જઘન્ય સ્થિતિઉદીરણા મળતી નથી.

(૨) **એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ = ૪ :-** એકેન્દ્રિયજાતિની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ

બેઈન્દ્રિયજાતિ વગેરે બધી જાતિઓ ક્રમશઃ બાંધે. તેથી એકેન્દ્રિયજાતિની તેટલી સ્થિતિ ઓછી થાય છે. પછી તે જીવ એકેન્દ્રિયજાતિ બાંધી બંધાવલિકાના ચરમ સમયે એકેન્દ્રિયજાતિની ઉદયાવલિકા ઉપરની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે છે. તે એકેન્દ્રિયજાતિની જઘન્ય સ્થિતિઉદીરણા છે. બંધાવલિકા વીત્યા બાદ પ્રથમ સમયે બંધાયેલી સ્થિતિની પણ ઉદીરણા થતી હોવાથી જઘન્ય સ્થિતિઉદીરણા ન મળે.

એ પ્રમાણે સ્થાવર, સૂક્ષ્મ, સાધારણની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ પ્રતિપક્ષી પ્રકૃતિઓ (સ્થાવર માટે પ્રતિપક્ષી પ્રકૃતિ ત્રસ છે, સૂક્ષ્મ માટે પ્રતિપક્ષી પ્રકૃતિ બાદર છે, સાધારણ માટે પ્રતિપક્ષી પ્રકૃતિ પ્રત્યેક છે.) બાંધીને પછી સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ બાંધી તેની બંધાવલિકાના ચરમસમયે ઉદયાવલિકા ઉપરની સ્થાવર, સૂક્ષ્મ, સાધારણની પૂર્વબદ્ધ બધી સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૩) **બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ** = ૩ :- બેઈન્દ્રિયજાતિની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ બેઈન્દ્રિયમાં આવી બેઈન્દ્રિયજાતિને અનુભવે. તે પ્રથમ સમયથી ક્રમશઃ એકેન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિય-જાતિ અને પંચેન્દ્રિયજાતિ મોટા અંતર્મુહૂર્ત સુધી બાંધે. પછી તે બેઈન્દ્રિયજાતિ બાંધે. તેની બંધાવલિકાના ચરમ સમયે ઉદયાવલિકા ઉપરની બેઈન્દ્રિયજાતિની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે છે. તે બેઈન્દ્રિયજાતિની જઘન્ય સ્થિતિઉદીરણા છે. આ જ પ્રમાણે તેઈન્દ્રિયજાતિ અને ચઉરિન્દ્રિયજાતિ માટે પણ જાણવું.

(૪) **સાતા** :- સાતાની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવી ઉત્પત્તિસમયથી સાતાને અનુભવતો મોટા અંતર્મુહૂર્ત સુધી અસાતા બાંધે. પછી તે સાતા બાંધે તેની બંધાવલિકાના ચરમ સમયે સાતાની ઉદયાવલિકા ઉપરની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે છે. તે સાતાની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૫) **અસાતા** :- અસાતાની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવી ઉત્પત્તિસમયથી અસાતાને અનુભવતો મોટા અંતર્મુહૂર્ત સુધી સાતા બાંધે. પછી તે અસાતા બાંધે તેની બંધાવલિકાના ચરમ સમયે અસાતાની ઉદયાવલિકા ઉપરની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે. તે અસાતાની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૬) **હાસ્ય, રતિ = ૨** :- આ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામી સાતાના જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામીની જેમ જાણવા.

(૭) **શોક, અરતિ, નીચગોત્ર, દુર્ભગ, અનાદેય, અયશ = ૬** :- આ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામી અસાતાના જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામીની જેમ જાણવા.

(૮) **અપર્યાપ્ત** :- અપર્યાપ્તની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવી ઉત્પત્તિસમયથી મોટા અંતર્મુહૂર્ત સુધી પર્યાપ્ત બાંધીને પછી અપર્યાપ્ત બાંધે તેની બંધાવલિકાના ચરમ સમયે ઉદયાવલિકા ઉપરની અપર્યાપ્તની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે છે. તે અપર્યાપ્તની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૯) **પહેલા સિવાયના ૫ સંઘયણ** :- તે તે સંઘયણની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવી જે સંઘયણનો ઉદય હોય તે સિવાયના દરેક સંઘયણને લાંબા અંતર્મૂહુર્ત સુધી બાંધી વેદ્યમાન સંઘયણ બાંધે તેની બંધાવલિકાના ચરમ સમયે તે સંઘયણની ઉદયાવલિકા ઉપરની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે. તે તે સંઘયણની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૧૦) **તિર્યંચગતિ** :- તિર્યંચગતિની જઘન્ય સ્થિતિસત્તાવાળા બાદર તેઉકાય-વાયુકાય જીવો પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં આવી લાંબા અંતર્મુહૂર્ત સુધી મનુષ્યગતિ બાંધીને તિર્યંચગતિ બાંધે તેની બંધાવલિકાના ચરમ સમયે તિર્યંચગતિની ઉદયાવલિકા ઉપરની પૂર્વબદ્ધ સ્થિતિની ઉદીરણા કરે છે. તે તિર્યંચગતિની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૧૧) **તિર્યંચાનુપૂર્વી** :- તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિતિસત્તાવાળા બાદર તેઉકાય-વાયુકાય જીવો વિગ્રહગતિથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવે ત્યારે વિગ્રહગતિના ત્રીજા સમયે તિર્યંચાનુપૂર્વીની ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે છે. તે તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૧૨) **દેવગતિ, નરકગતિ, વૈક્રિય અંગોપાંગ** = ૩ :- અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધીને લાંબો કાળ ત્યાં રહીને $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ના આયુષ્યવાળો દેવ કે નારક થાય. તે ભવના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૧૩) **દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી** = ૨ :- અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ કરીને લાંબો કાળ ત્યાં રહીને વિગ્રહગતિથી દેવગતિ કે નરકગતિમાં આવે ત્યારે વિગ્રહગતિના ત્રીજા સમયે આ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે છે. તે આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૧૪) **મનુષ્યાનુપૂર્વી** :- મનુષ્યાનુપૂર્વીની જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ વિગ્રહગતિથી મનુષ્યગતિમાં આવે ત્યારે વિગ્રહગતિના ત્રીજા સમયે મનુષ્યાનુપૂર્વીની ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે છે. તે મનુષ્યાનુપૂર્વીની જઘન્ય સ્થિતિઉદીરણા છે.

(૧૫) **મિથ્યાત્વમોહનીય, વેદ ૩, સંજ્વલન ૩** = ૭ :- સમ્યક્ત્વ પામતી વખતે મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે મિથ્યાત્વમોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. ક્ષપકશ્રેણિમાં વેદ ૩ અને સંજ્વલન ૩ની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તેમની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે.

(૧૬) **સમ્યક્ત્વમોહનીય** :- દર્શન ૩નો ઉપશમ કે ક્ષય કરનાર જીવ સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તેની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે.

(૧૭) **સંજ્વલન લોભ** :- ઉપશમશ્રેણિમાં કે ક્ષપકશ્રેણિમાં સંજ્વલન લોભની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તેની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે.

(૧૮) **મિશ્રમોહનીય** :- મિશ્રમોહનીયની ૧ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જીવ સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવે. ત્યાં મિશ્રમોહનીયની સ્થિતિ ઉદીરણાને અપ્રાયોગ્ય બને તેના અંતર્મુહૂર્ત પૂર્વે તે ત્રીજું ગુણઠાણુ પામે. તે ત્રીજા ગુણઠાણાના ચરમ સમયે મિશ્રમોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. એકેન્દ્રિયની મિશ્રમોહનીયની જઘન્ય સ્થિતિસત્તાથી ઓછી મિશ્રમોહનીયની સ્થિતિસત્તા જેને હોય તેને મિથ્યાત્વમોહનીયનો અવશ્ય ઉદય થવાથી મિશ્રમોહનીયની ઉદ્વલના થાય. તેથી તેને મિશ્રમોહનીયની ઉદીરણા ન થાય.

(૧૯) **વૈક્રિય ૬**□ :- વૈક્રિય ૬ની $\frac{૨}{૭}$ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ જઘન્ય સ્થિતિસત્તાવાળો બાદર વાયુકાય જીવ ઘણી વાર ઉત્તરવૈક્રિય શરીર બનાવીને છેલ્લી વાર ઉત્તરવૈક્રિય શરીર કરે ત્યારે તેના ચરમ સમયે વૈક્રિય ૬ની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. ત્યાર પછીના સમયે વૈક્રિય ૬ની સ્થિતિસત્તા એકેન્દ્રિયની જઘન્ય સ્થિતિસત્તા કરતા હીન થવાથી તે ઉદીરણાયોગ્ય રહેતી નથી, પણ ઉદ્વલનાયોગ્ય થઈ જાય છે.

(૨૦) **આહારક ૭** :- કોઈ જીવ ૪ વાર ઉપશમશ્રેણિ માંડીને પછી દર્શન ૩નો ક્ષય કરે. પછી તે ૩૩ સાગરોપમ આયુષ્યવાળો દેવ થાય. પછી તે મનુષ્યગતિમાં આવી ૮ વર્ષ પછી ચારિત્ર લઈ ૭મા ગુણઠાણે આવી આહારક ૭ બાંધે. પછી તે દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી સંયમ પાળી અંતે આહારક શરીર

□. વૈક્રિય ૬ = વૈક્રિય શરીર, વૈક્રિય વૈક્રિય બંધન, વૈક્રિય તૈજસ બંધન, વૈક્રિય કાર્મણ બંધન, વૈક્રિય તૈજસ કાર્મણ બંધન, વૈક્રિય સંઘાતન.

બનાવે ત્યારે તેના ચરમ સમયે આહારક ૭ની જઘન્ય સ્થિતિઉદીરણા કરે. ઉપશમશ્રેણિમાં સ્થિતિઘાત વગેરે વડે નામકર્મની શેષ પ્રકૃતિઓની ઘણી સ્થિતિની અપવર્તનાકરણ વડે અપવર્તના કરે છે. તેથી આહારક ૭ના બંધ વખતે નામકર્મની શેષ પ્રકૃતિઓની અલ્પસ્થિતિનો જ આહારક ૭માં સંક્રમ થાય. દેશોનપૂર્વક્રોડવર્ષમાં આહારક ૭ની ઘણી સ્થિતિસત્તાનો ક્ષય થાય. તેથી દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી સંયમ પાળવાનું કહ્યું.

(૨૧) **જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે.

(૨૨) **મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંઘયણ, ઔદારિક ૭, સંસ્થાન ૬, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, જિન, ત્રસ ૪, સુભગ ૪, દુઃસ્વર, ઉચ્ચગોત્ર, નામકર્મની ધ્રુવોદીરણા પ્રકૃતિઓ ૩૩ = ૬૫ :-** ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે.

(૨૩) **આયુષ્ય ૪ :-** તે તે ભવમાં રહેલ જીવો તે તે ભવની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તે તે આયુષ્યની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે.

- અંકુશમાં રહેવું એ જ સાધના છે. નિરંકુશપણું એ જ વિરાધના છે.
- ગુરુને ભગવાને નીમ્યા છે. માટે ગુરુની અવગણના એ ભગવાનની અવગણના છે.

# રસઉદીરણા

અહીં ૬ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **સંજ્ઞાપ્રરૂપણા :-** સંજ્ઞા બે પ્રકારે છે. તે આ પ્રમાણે -

**(i) સ્થાનસંજ્ઞા** - તે ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે -

(a) ૧ ઠાણિયો રસ (b) ૨ ઠાણિયો રસ

(c) ૩ ઠાણિયો રસ (d) ૪ ઠાણિયો રસ

**(ii) ઘાતીસંજ્ઞા** - તે ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે -

(a) સર્વઘાતી રસ (b) દેશઘાતી રસ (c) અઘાતી રસ

શુભપ્રકૃતિઓનો રસ દૂધ-સાકરના રસ જેવો હોય છે.

અશુભપ્રકૃતિઓનો રસ હરળે-લિંબડાના રસ જેવો હોય છે.

આ સ્થાનસંજ્ઞા અને ઘાતીસંજ્ઞા બન્ધશતકના રસબંધના અધિકારમાં અને કર્મપ્રકૃતિના સંક્રમકરણના રસસંક્રમ અધિકારમાં વિસ્તારપૂર્વક કહી છે તે પ્રમાણે જાણવી.

| પ્રકૃતિ | સ્થાનસંજ્ઞા | | ઘાતીસંજ્ઞા | |
|---|---|---|---|---|
| | બંધમાં રસ કેટલા ઠાણિયો ? | ઉદીરણામાં રસ કેટલા ઠાણિયો ? | બંધમાં રસ કેવો ? | ઉદીરણામાં રસ કેવો ? |
| મિશ્રમોહનીય | – | ૨ | – | સર્વઘાતી |
| સમ્યક્ત્વ-મોહનીય | – | ૨, ૧ | – | દેશઘાતી |
| અંતરાય ૫, અચક્ષુદર્શનાવરણ = ૬ | ૪, ૩, ૨, ૧ | ૨, ૧ | સર્વઘાતી, દેશઘાતી | દેશઘાતી |
| નપુંસકવેદ | ૪, ૩, ૨ | ૪, ૩, ૨, ૧□ | સર્વઘાતી | સર્વઘાતી, દેશઘાતી |
| કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ=૨ | ૪, ૩, ૨ | ૨ | અઘાતી | સર્વઘાતી જેવો |
| સ્ત્રીવેદ | ૪, ૩, ૨ | ૨, ૧ | સર્વઘાતી | સર્વઘાતી, દેશઘાતી |

□. ક્ષપકશ્રેણીમાં રસઘાત થવાથી નપુંસકવેદનો ઉદીરણામાં ૧ ઠાણિયો રસ મળે છે.

| પ્રકૃતિ | સ્થાનસંજ્ઞા | | ઘાતીસંજ્ઞા | |
|---|---|---|---|---|
| | બંધમાં રસ કેટલા ઠાણિયો ? | ઉદીરણામાં રસ કેટલા ઠાણિયો ? | બંધમાં રસ કેવો ? | ઉદીરણામાં રસ કેવો ? |
| મનુષ્ય ૩, તિર્યંચ ૩, જાતિ ૪, ઔદારિક ૭, મધ્યમ સંસ્થાન ૪, સંઘયણ ૬, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી = ૩૪ | ૪, ૩, ૨ | ૨ | અઘાતી | સર્વઘાતી જેવો |
| પુરુષવેદ, ચક્ષુદર્શનાવરણ = ૨ | ૪, ૩, ૨, ૧ | ૨, ૧ | સર્વઘાતી, દેશઘાતી | સર્વઘાતી, દેશઘાતી |
| સંજ્વલન ૪ | ૪, ૩, ૨, ૧ | ૪, ૩, ૨, ૧ | સર્વઘાતી, દેશઘાતી | સર્વઘાતી, દેશઘાતી |
| મનઃપર્યવજ્ઞાનાવરણ | ૪, ૩, ૨, ૧ | ૪, ૩, ૨ | સર્વઘાતી, દેશઘાતી | સર્વઘાતી, દેશઘાતી |
| મતિજ્ઞાનાવરણ, શ્રુત-જ્ઞાનાવરણ, અવધિ-જ્ઞાનાવરણ, અવધિ-દર્શનાવરણ = ૪ | ૪, ૩, ૨, ૧ | ૪, ૩, ૨, ૧□ | સર્વઘાતી, દેશઘાતી | સર્વઘાતી, દેશઘાતી |
| કેવળજ્ઞાનાવરણ, નિદ્રા ૫, કેવળદર્શનાવરણ, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૨ = ૨૦ | ૪, ૩, ૨ | ૪, ૩, ૨ | સર્વઘાતી | સર્વઘાતી |
| હાસ્ય ૬ | ૪, ૩, ૨ | ૪, ૩, ૨ | સર્વઘાતી | સર્વઘાતી, દેશઘાતી |
| શેષ ૭૫ પ્રકૃતિઓ | ૪, ૩, ૨ | ૪, ૩, ૨ | અઘાતી | સર્વઘાતી જેવો |

□. જેને એક પણ અક્ષરનું બધા પર્યાયો સહિત જ્ઞાન હોય તે શ્રુતકેવળીને મતિજ્ઞાનાવરણ વગેરે ૪ પ્રકૃતિઓના ૧ ઠાણિયા રસની ઉદીરણા થાય છે. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૪૬ની ચૂર્ણિમાં પાના નં. ૬૬** ઉપર કહ્યું છે કે, 'જેને એક પણ અક્ષરનું જ્ઞાન હોય તેને મતિજ્ઞાનાવરણ વગેરે ૪ પ્રકૃતિઓના ૧ ઠાણિયા રસની ઉદીરણા થાય છે. કેટલાક એમ કહે છે કે, 'જે એક પણ અક્ષરને બધા પર્યાયો સહિત જાણે છે તેને મતિજ્ઞાનાવરણ વગેરે ૪ પ્રકૃતિઓના ૧ ઠાણિયા રસની ઉદીરણા હોય છે.''

(૨) **શુભ-અશુભ પ્રરૂપણા :-** શુભ-અશુભ પ્રરૂપણા બન્ધશતકના રસબંધ અધિકારમાં અને કર્મપ્રકૃતિના સંક્રમકરણના રસસંક્રમ અધિકારમાં કહી છે તે પ્રમાણે જાણવી. ઉદીરણાને આશ્રયી પુણ્યપ્રકૃતિઓ બધી શુભ છે અને પાપપ્રકૃતિઓ, સમ્યક્ત્વ-મોહનીય, મિશ્રમોહનીય અશુભ છે.

ઉત્કૃષ્ટ રસસત્તાની અપેક્ષાએ અનંતભાગહીન, અસંખ્યાત-ભાગહીન, સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન, અસંખ્યાતગુણહીન કે અનંતગુણહીન રસ સત્તામાં હોય ત્યારે પણ ઉત્કૃષ્ટ રસની ઉદીરણા થાય, કેમકે અનંતાનંત સ્પર્ધકોના રસનો ક્ષય કર્યા પછી પણ સત્તામાં ઉત્કૃષ્ટ રસવાળા અનંતા સ્પર્ધકો વિદ્યમાન હોય છે.

(૩) **વિપાકપ્રરૂપણા :-** વિપાક એટલે ઉદય. કઈ પ્રકૃતિઓનો ઉદય શેને આશ્રયીને થાય છે ? તેની વિચારણા કરવી એ વિપાકપ્રરૂપણા છે. વિપાક પ્રરૂપણા બન્ધશતકના રસબંધ અધિકારમાં કહી છે તે પ્રમાણે જાણવી.

**(૧) જ્ઞાનાવરણ ૫**[□]**, કેવળદર્શનાવરણ, મોહનીય ૨૮, વીર્યાંતરાય = ૩૫ :-** આ પ્રકૃતિઓનો વિપાક સર્વ જીવદ્રવ્યોમાં અને અસર્વપર્યાયોમાં થાય છે.

**(૨) ચક્ષુદર્શનાવરણ :-** ચક્ષુદર્શનાવરણનો વિપાક ગુરુલઘુ સ્પર્શવાળા અનંતપ્રદેશવાળા સ્કંધોને વિષે થાય છે. ચક્ષુદર્શન વગેરેનો જેટલો વિષય હોય તેટલો જ વિષય ચક્ષુદર્શનાવરણ વગેરે કર્મોનો હોય છે.

● કષાયો આવે છે તે આપણી નિર્બળતા છે.

□. પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૪૮ અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૩૩ ઉપર અવધિજ્ઞાનાવરણનો વિપાક રૂપી દ્રવ્યોને વિષે કહ્યો છે.

(૩) **શેષ અંતરાય ૪ :-** આ પ્રકૃતિઓનો વિપાક ગ્રહણધારણયોગ્ય પુદ્‌ગલદ્રવ્યોને વિષે થાય છે.

(૪) **અવધિદર્શનાવરણ :-** અવધિદર્શનાવરણનો વિપાક રૂપી દ્રવ્યોને વિષે થાય છે.

(૫) **શરીર ૫, અંગોપાંગ ૩, બંધન ૧૫, સંઘાતન ૫, સંસ્થાન ૬, સંઘયણ ૬, વર્ણાદિ ૨૦, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, નિર્માણ, પ્રત્યેક, સાધારણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૭૨ :-** આ પ્રકૃતિઓ ઔદારિક વગેરે પુદ્‌ગલોને વિષે પોતાનો વિપાક બતાવે છે.

(૬) **આનુપૂર્વી ૪ :-** આ પ્રકૃતિઓ આકાશરૂપી ક્ષેત્રને વિષે પોતાનો વિપાક બતાવે છે.

(૭) **આયુષ્ય ૪ :-** આ પ્રકૃતિઓ તે તે ભવને વિષે પોતાનો વિપાક બતાવે છે.

(૮) **અચક્ષુદર્શનાવરણ, નિદ્રા ૫, વેદનીય ૨, ગતિ ૪, જાતિ ૫, ખગતિ ૨, જિન, ઉચ્છ્‌વાસ, ત્રસ ૩, સુભગ ૪, સ્થાવર ૩, દુર્ભગ ૪, ગોત્ર ૨ = ૩૭ :-** આ પ્રકૃતિઓ જીવને વિષે પોતાનો વિપાક બતાવે છે.

(૪) **પ્રત્યયપ્રરૂપણા :-** રસઉદીરણાનું કારણ તે પ્રત્યય. જે કારણથી પ્રકૃતિઓના રસની ઉદીરણા થાય તેની વિચારણા કરવી તે પ્રત્યય પ્રરૂપણા છે. પ્રત્યય બે પ્રકારના છે - પરિણામપ્રત્યય અને ભવપ્રત્યય. પરિણામપ્રત્યયના બે પ્રકાર છે - સગુણપરિણામપ્રત્યય અને નિર્ગુણપરિણામપ્રત્યય.

- જેમાં મોહ ભળેલો ન હોય તેવી કોઈ પણ સારી ભાવના અવશ્ય ફળે છે.

**રસઉદીરણાના પ્રત્યય**

- **પરિણામપ્રત્યય**
  - **સગુણપરિણામપ્રત્યય**
  - **નિર્ગુણપરિણામપ્રત્યય**
- **ભવપ્રત્યય**

(૧) **વૈક્રિય ૭ :-** વૈક્રિય ૭ની રસઉદીરણા તિર્યંચ અને મનુષ્યને ગુણપરિણામપ્રત્યય છે, તથા દેવ અને નારકીને ભવપ્રત્યય છે.

(૨) **તૈજસ ૭, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્નિગ્ધસ્પર્શ, રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્થિર ૨, અસ્થિર ૨, અગુરુલઘુ = ૨૮ :-** આ ૨૮ પ્રકૃતિઓની રસઉદીરણા તિર્યંચ અને મનુષ્યને પરિણામપ્રત્યય છે, તથા દેવ અને નારકીને ભવપ્રત્યય છે. મનુષ્ય અને તિર્યંચને અમુક અવસ્થામાં તૈજસશરીર મંદ હોવાથી મંદાગ્નિપણુ થાય છે અને અમુક અવસ્થામાં તૈજસશરીર પ્રબળ હોવાથી પ્રૌઢાગ્નિપણુ થાય છે. તેથી તૈજસ ૭ની રસઉદીરણા પરિણામપ્રત્યય છે. એમ અન્ય પ્રકૃતિઓ માટે પણ જાણવું.

(૩) **સમચતુરસ્રસંસ્થાન, મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ, સુખગતિ, પરાઘાત, ઉદ્યોત, પ્રત્યેક, સુસ્વર = ૮ :-** આ પ્રકૃતિઓની રસઉદીરણા ઉત્તરવૈક્રિય શરીરમાં અને આહારક શરીરમાં શરીરપરિણામપ્રત્યય છે અને શેષ જીવોને ભવપ્રત્યય છે.

(૪) **આહારક ૭ :-** મનુષ્યને આહારક ૭ની રસઉદીરણા ગુણપરિણામપ્રત્યય છે. અન્ય જીવોને આહારક ૭ના ઉદય-ઉદીરણા થતા નથી.

**(૫) સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર = ૪ :-** આ પ્રકૃતિઓની રસઉદીરણા દેશવિરત અને સર્વવિરત જીવોને ગુણપરિણામપ્રત્યય છે, વ્રતરહિત જીવોને ભવપ્રત્યય છે.

**(૬) નોકષાય ૯ :-** આ પ્રકૃતિઓના જઘન્ય રસસ્પર્ધકથી માંડીને અસંખ્યાતમા ભાગ[1] પ્રમાણ રસસ્પર્ધકોની ઉદીરણા દેશવિરત વગેરેને ગુણપરિણામપ્રત્યય છે. જઘન્ય રસસ્પર્ધકથી અસંખ્યાતમા ભાગ પ્રમાણ રસસ્પર્ધકોની ઉપરના રસસ્પર્ધકોનો રસ અત્યંત દૃઢ હોવાથી તેમની ઉદીરણા થતી હોય ત્યારે દેશવિરતિ પરિણામ થતો નથી. જઘન્ય રસસ્પર્ધકથી અસંખ્યાતમા ભાગ પ્રમાણ રસસ્પર્ધકોની ઉપરના ઉત્કૃષ્ટ રસસ્પર્ધક સુધીના અસંખ્ય બહુભાગ પ્રમાણ રસસ્પર્ધકોની ઉદીરણા દેવ, નારક અને વ્રતરહિત મનુષ્ય-તિર્યંચને ભવપ્રત્યય છે.

**(૭) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, દર્શનમોહનીય ૩, કષાયો ૧૬, અંતરાય ૫ = ૩૮ :-** આ પ્રકૃતિઓની રસઉદીરણા તિર્યંચ અને મનુષ્યને ગુણપરિણામપ્રત્યય છે, તથા દેવ અને નારકીને ભવપ્રત્યય છે.

**(૮) જિનનામકર્મ :-** જિનનામકર્મની રસઉદીરણા મનુષ્યને ગુણપરિણામપ્રત્યય છે.

**(૯) શેષ ૫૬ પ્રકૃતિઓ (વેદનીય ૨, આયુષ્ય ૪, ગતિ ૪, જાતિ ૫, ઔદારિક ૭, સંઘયણ ૬, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ, આનુપૂર્વી ૪, કુખગતિ, ઉપઘાત,**

---

૧. **પંચસંગ્રહ** ઉદીરણાકરણ ગાથા **૫૧** અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. **૧૩૪** ઉપર કહ્યું છે કે, '૯ નોકષાયોના જઘન્ય રસસ્પર્ધકથી માંડીને અનંતમા ભાગ પ્રમાણ રસસ્પર્ધકોની ઉદીરણા દેશવિરત વગેરેને ગુણપરિણામપ્રત્યય છે.'

**આતપ, ઉચ્છ્વાસ, નિર્માણ, ત્રસ ૩, સ્થાવર ૪, દુર્ભગ ૪, નીચગોત્ર = ૫૬)** :- આ પ્રકૃતિઓની રસઉદીરણા બધા જીવોને ભવપ્રત્યય☐ છે.

## (૫) સાદ્યાદિ પ્રરૂપણા :-

### મૂળપ્રકૃતિઓમાં રસઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-

**(i) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય = ૩** :- ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. આ પ્રકૃતિઓની તે સિવાયની બધી રસઉદીરણા તે અજઘન્ય રસઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય ત્યારે તેમની અજઘન્ય રસઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(ii) મોહનીય** :- ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા

---

☐. **પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૫૨ અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૩૫** ઉપર શેષ ૫૬ પ્રકૃતિઓની રસઉદીરણાની પ્રત્યયપ્રરૂપણા આ રીતે બતાવી છે - 'નરક ૩ની રસઉદીરણા નરકભવપ્રત્યય છે, દેવ ૩ની રસઉદીરણા દેવભવપ્રત્યય છે, તિર્યંચ ૩ - જાતિ ૪ - સ્થાવર - સૂક્ષ્મ - સાધારણ - આતપની રસઉદીરણા તિર્યંચભવપ્રત્યય છે, મનુષ્ય ૩ની રસઉદીરણા મનુષ્યભવપ્રત્યય છે, શેષ પ્રકૃતિઓની રસઉદીરણા નિર્ગુણપરિણામપ્રત્યય છે.' વિવક્ષાભેદથી આ રીતે કહેવું પણ યોગ્ય છે.

બાકી હોય ત્યારે મોહનીયની જઘન્ય રસઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. મોહનીયની તે સિવાયની બધી રસઉદીરણા તે અજઘન્ય રસઉદીરણા છે. તે ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારથી ન થાય. ત્યાંથી પડેલાને મોહનીયની અજઘન્ય રસઉદીરણા સાદિ છે. પૂર્વે તે સ્થાન નહીં પામેલાને મોહનીયની અજઘન્ય રસઉદીરણા અનાદિ છે. અભવ્યને મોહનીયની અજઘન્ય રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મોહનીયની જઘન્ય રસઉદીરણા થાય ત્યારે તેની અજઘન્ય રસઉદીરણા અધ્રુવ છે.

મોહનીયની ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(iii) વેદનીય :-** ઉપશમશ્રેણિમાં ૧૦મા ગુણઠાણે બંધાયેલા વેદનીયની સર્વાર્થસિદ્ધમાં જઈને પહેલા સમયે જે રસઉદીરણા થાય છે તે ઉત્કૃષ્ટ રસઉદીરણા છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. વેદનીયની તે સિવાયની બધી રસઉદીરણા તે અનુત્કૃષ્ટ રસઉદીરણા છે. તે ૭મા ગુણઠાણાથી થતી નથી. ત્યાંથી પડેલાને વેદનીયની અનુત્કૃષ્ટ રસઉદીરણા સાદિ છે. પૂર્વે તે સ્થાન નહીં પામેલાને વેદનીયની અનુત્કૃષ્ટ રસઉદીરણા અનાદિ છે. અભવ્યને વેદનીયની અનુત્કૃષ્ટ રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને ૭મું ગુણઠાણુ પામે ત્યારે વેદનીયની અનુત્કૃષ્ટ રસઉદીરણા અધ્રુવ છે.

વેદનીયની જઘન્ય રસઉદીરણા અને અજઘન્ય રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(iv) નામ, ગોત્ર = ૨ :-** ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી રસઉદીરણા તે અનુત્કૃષ્ટ રસઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ રસઉદીરણા અધ્રુવ છે.

નામ અને ગોત્રની જઘન્ય રસઉદીરણા અને અજઘન્ય રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(v) આયુષ્ય :-** આયુષ્ય એ અધ્રુવોદીરણાપ્રકૃતિ હોવાથી તેની જઘન્ય રસઉદીરણા, અજઘન્ય રસઉદીરણા, ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં રસઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | અજઘન્ય | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | કુલ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય = ૩ | ૨ | ૩ | ૨ | ૨ | ૨૭ |
| મોહનીય | ૨ | ૪ | ૨ | ૨ | ૧૦ |
| વેદનીય | ૨ | ૨ | ૨ | ૪ | ૧૦ |
| નામ, ગોત્ર = ૨ | ૨ | ૨ | ૨ | ૩ | ૧૮ |
| આયુષ્ય | ૨ | ૨ | ૨ | ૨ | ૮ |
| કુલ | ૧૬ | ૨૧ | ૧૬ | ૨૦ | ૭૩ |

- આચરણામાં વાસ્તવિકતા જોવી. આદર્શમાં ઉત્સર્ગ રાખવો.

**ઉત્તરપ્રકૃતિઓમાં રસઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-**

**(i) મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ = ૨ :-** આહારકશરીરી આ બે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે. તે સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી રસઉદીરણા તે અનુત્કૃષ્ટ રસઉદીરણા છે. તે આહારક શરીરનો ઉપસંહાર કરનારને સાદિ છે. પૂર્વે તે સ્થાન નહીં પામેલાને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ રસઉદીરણા અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય ત્યારે અથવા ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ રસઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા અને અજઘન્ય રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(ii) મિથ્યાત્વમોહનીય :-** સમ્યક્ત્વ સહિત સંયમ પામવાને અભિમુખ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયની જઘન્ય રસઉદીરણા કરે છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની મિથ્યાત્વમોહનીયની બધી રસઉદીરણા તે અજઘન્ય રસઉદીરણા છે. સમ્યક્ત્વથી પડેલાને તે સાદિ છે. પૂર્વે સમ્યક્ત્વ નહીં પામેલાને મિથ્યાત્વમોહનીયની અજઘન્ય રસઉદીરણા અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયની અજઘન્ય રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મિથ્યાત્વમોહનીયની જઘન્ય રસઉદીરણા કરે ત્યારે કે સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વમોહનીયની અજઘન્ય રસઉદીરણા અધ્રુવ છે.

મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(iii) કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ = ૨ :-** કેવલીસમુદ્ઘાતમાંથી પાછા ફરનારને □ છઠ્ઠા સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી રસઉદીરણા તે અજઘન્ય રસઉદીરણા છે. તે કેવલીસમુદ્ઘાતમાંથી પાછા ફરનારને ૭મા Δ સમયે સાદિ છે. પૂર્વે તે સ્થાન નહીં પામેલાને આ પ્રકૃતિઓની અજઘન્ય રસઉદીરણા અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય ત્યારે કે ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેમની અજઘન્ય રસઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(iv) તૈજસ ૭, મૃદુસ્પર્શ-લઘુસ્પર્શ વિના શુભવર્ણાદિ ૯, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, શુભ = ૨૦ :-** ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી રસઉદીરણા તે અનુત્કૃષ્ટ રસઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ

---

□. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૫૬ની ચૂર્ણિ**માં કહ્યું છે કે, 'કેવલીસમુદ્ઘાતમાંથી પાછા ફરનારને મંથાન વખતે એટલે કે ૫મા સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.'

Δ. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૫૬ની ચૂર્ણિ**માં કહ્યું છે કે, 'મંથાનથી પડનારાને એટલે કે છઠ્ઠા સમયે આ પ્રકૃતિઓની અજઘન્ય રસઉદીરણા થાય છે.'

રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ રસઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા અને અજઘન્ય રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(v) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી રસઉદીરણા તે અજઘન્ય રસઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય ત્યારે તેમની અજઘન્ય રસઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(vi) કર્કશસ્પર્શ-ગુરુસ્પર્શ વિના અશુભવર્ણાદિ ૭, અસ્થિર, અશુભ = ૯ :-** આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી રસઉદીરણા તે અજઘન્ય રસઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અજઘન્ય રસઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય ત્યારે તેમની અજઘન્ય રસઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા મિથ્યાદષ્ટિ જીવ વારાફરતી કરે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(vii) શેષ ૧૧૦ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓ અધ્રુવોદીરણાવાળી હોવાથી તેમની જઘન્ય રસઉદીરણા, અજઘન્ય રસઉદીરણા, ઉત્કૃષ્ટ રસઉદીરણા અને અનુત્કૃષ્ટ રસઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

**ઉત્તરપ્રકૃતિઓમાં રસઉદીરણાના સાદ્યાદિ ભાંગા**

| ઉત્તરપ્રકૃતિ | સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | અજઘન્ય | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | કુલ |
| મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ = ૨ | ૨ | ૨ | ૨ | ૪ | ૨૦ |
| મિથ્યાત્વમોહનીય, કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ = ૩ | ૨ | ૪ | ૨ | ૨ | ૩૦ |
| તૈજસ ૭, શેષ શુભવર્ણાદિ ૯, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, શુભ = ૨૦ | ૨ | ૨ | ૨ | ૩ | ૧૮૦ |
| જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, શેષ અશુભવર્ણાદિ ૭, અસ્થિર, અશુભ, અંતરાય ૫ = ૨૩ | ૨ | ૩ | ૨ | ૨ | ૨૦૭ |
| શેષ ૧૧૦ | ૨ | ૨ | ૨ | ૨ | ૮૮૦ |
| કુલ | ૩૧૬ | ૩૪૫ | ૩૧૬ | ૩૪૦ | ૧,૩૧૭ |

(૬) **સ્વામિત્વ :-** પરિણામપ્રત્યય રસઉદીરણા પ્રાયઃ ઉત્કૃષ્ટ રસઉદીરણા છે. ભવપ્રત્યય રસઉદીરણા પ્રાયઃ જઘન્ય રસઉદીરણા છે. શુભપ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા પ્રાયઃ સંક્લેશમાં થાય છે અને અશુભપ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા પ્રાયઃ વિશુદ્ધિમાં થાય છે. શુભપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા પ્રાયઃ વિશુદ્ધિમાં થાય છે અને અશુભપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા પ્રાયઃ સંક્લેશમાં થાય છે. પુદ્‌ગલવિપાકી

વગેરે પ્રકૃતિઓની પુદ્‌ગલ વગેરે પ્રત્યયના પ્રકર્ષમાં ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે અને પ્રથમ સમયે જઘન્ય રસઉદીરણા થાય છે.

**ઉત્કૃષ્ટ રસઉદીરણાના સ્વામી :-**

(૧) **અંતરાય ૫, અચક્ષુદર્શનાવરણ = ૬ :-** દાનાદિની અને અચક્ષુદર્શનની સર્વથી અલ્પ લબ્ધિવાળા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવને પ્રથમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા હોય છે. અંતરાય ૫ અને અચક્ષુદર્શનાવરણ વડે કરાયેલ સૌથી વધુ લબ્ધિનો અપકર્ષ ત્યારે જ સંભવે છે.

(૨) **ચક્ષુદર્શનાવરણ :-** સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત તેઈન્દ્રિયને પર્યાપ્તિના ચરમ સમયે ચક્ષુદર્શનાવરણની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે, કેમકે ચક્ષુદર્શનાવરણ વડે કરાયેલ લબ્ધિના પ્રતિબંધનો પરમપ્રકર્ષ ત્યારે જ સંભવે છે.

(૩) **નિદ્રા ૫ :-** સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત મધ્યમ પરિણામવાળા તત્પ્રાયોગ્યસંક્લેશવાળા જીવોને નિદ્રા ૫ની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે. અતિવિશુદ્ધિમાં અને અતિસંક્લેશમાં નિદ્રા ૫ નો ઉદય ન થતો હોવાથી અહીં મધ્યમપરિણામવાળા જીવો લીધા.

(૪) **નપુંસકવેદ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, અસાતા, નરકગતિ, હુંડક સંસ્થાન, કુખગતિ, ઉપઘાત, દુર્ભગ ૪, નીચગોત્ર, નરકાયુષ્ય = ૧૬ :-** સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત ઉત્કૃષ્ટસ્થિતિવાળા સર્વસંક્લિષ્ટ નારકીને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા હોય છે.

(૫) **સાતા, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૭, ઉચ્છ્‌વાસ, ત્રસ ૩, સુસ્વર = ૧૫ :-** સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત ઉત્કૃષ્ટ-સ્થિતિવાળા સર્વવિશુદ્ધ દેવને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા હોય છે.

(૬) **સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ :-** પછીના સમયે મિથ્યાત્વ પામનાર સર્વસંક્લિષ્ટ જીવોને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા હોય છે.

(૭) **હાસ્ય, રતિ = ૨ :-** સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત સહસ્રારદેવલોકના દેવને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા હોય છે.

(૮) **અપર્યાપ્ત :-** સર્વસંક્લિષ્ટ અપર્યાપ્ત મનુષ્યને ચરમ સમયે અપર્યાપ્ત નામકર્મની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે. અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ કરતા અપર્યાપ્ત મનુષ્ય વધુ સંક્લિષ્ટ હોય છે. તેથી અહીં અપર્યાપ્ત મનુષ્ય લીધા.

(૯) **સ્ત્રીવેદ, પુરુષવેદ, તિર્યંચગતિ, મધ્યમ ૪ સંસ્થાન, પહેલા સંઘયણ વિના ૫ સંઘયણ, કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ = ૧૪ :-** ૮ વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને ૮મા વર્ષે સર્વ સંક્લેશમાં આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે.

(૧૦) **મનુષ્યગતિ, ઔદારિક ૭, ૧લુ સંઘયણ = ૯ :-** ૩ પલ્યોપમના આયુષ્યવાળા સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત સર્વવિશુદ્ધ મનુષ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે.

(૧૧) **દેવાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય = ૩ :-** સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, તે તે આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિવાળા, સર્વવિશુદ્ધ જીવો તે તે આયુષ્યની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૨) **બેઈન્દ્રિયજાતિ :-** સર્વજઘન્યસ્થિતિવાળા, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વસંક્લિષ્ટ બેઈન્દ્રિય જીવો બેઈન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૩) **તેઈન્દ્રિયજાતિ** :- સર્વજઘન્યસ્થિતિવાળા[1], સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વસંક્લિષ્ટ તેઈન્દ્રિય જીવો તેઈન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૪) **ચઉરિન્દ્રિયજાતિ** :- સર્વજઘન્યસ્થિતિવાળા[1], સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વસંક્લિષ્ટ ચઉરિન્દ્રિય જીવો ચઉરિન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૫) **સૂક્ષ્મ** :- સર્વજઘન્યસ્થિતિવાળા[1], સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વસંક્લિષ્ટ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સૂક્ષ્મ નામકર્મની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૬) **એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સાધારણ** = ૩ :- સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, જઘન્યસ્થિતિવાળો, સર્વસંક્લિષ્ટ બાદર એકેન્દ્રિય સ્થાવર જીવ સ્થાવરની, સાધારણ જીવ સાધારણની અને સ્થાવર-સાધારણ જીવો એકેન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે. સૂક્ષ્મ જીવો કરતા બાદર જીવોને સંક્લેશ વધુ હોય છે. તેથી અહીં બાદર જીવો લીધા.

(૧૭) **આહારક ૭, ૧લુ સંસ્થાન, મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ, સુખગતિ, પરાઘાત, પ્રત્યેક** = ૧૩ :- સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત સર્વવિશુદ્ધ આહારકશરીરી સંયત આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૮) **ઉદ્યોત** :- સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વવિશુદ્ધ, ઉત્તરવૈક્રિય શરીરમાં રહેલ સંયત ઉદ્યોતની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૧૯) **આતપ** :- સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વવિશુદ્ધ, ઉત્કૃષ્ટ

---

૧. સર્વજઘન્યસ્થિતિવાળા જીવો સર્વસંક્લિષ્ટ હોવાથી અહીં તેમને લીધા છે.

સ્થિતિવાળો બાદર ખરપૃથ્વીકાય જીવ આતપની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૨૦) **મનુષ્યાનુપૂર્વી** :- વિશુદ્ધ મનુષ્યો વિગ્રહગતિના ત્રીજા સમયે મનુષ્યાનુપૂર્વીની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૨૧) **દેવાનુપૂર્વી** :- વિશુદ્ધ દેવો વિગ્રહગતિના ત્રીજા સમયે દેવાનુપૂર્વીની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૨૨) **નરકાનુપૂર્વી** :- સંક્લિષ્ટ નારકીઓ વિગ્રહગતિના ત્રીજા સમયે નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૨૩) **તિર્યંચાનુપૂર્વી** :- સંક્લિષ્ટ તિર્યંચો વિગ્રહગતિના ત્રીજા સમયે તિર્યંચાનુપૂર્વીની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૨૪) **તૈજસ ૭, મૃદુસ્પર્શ-લઘુસ્પર્શ વિના શુભવર્ણાદિ ૯, અગુરુલઘુ, નિર્માણ, જિન, સ્થિર શુભ, સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્ર = ૨૫** :- ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે.

(૨૫) **મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૬, કર્કશસ્પર્શ-ગુરુસ્પર્શ વિના અશુભ વર્ણાદિ ૭, અસ્થિર, અશુભ = ૩૧** :- સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, સર્વસંક્લિષ્ટ, ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

(૨૬) **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨** :- અવધિજ્ઞાન - અવધિદર્શન વિનાના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે.

**જઘન્ય રસઉદીરણાના સ્વામી :-**

(૧) **મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ = ૪ :-** ૧૪ પૂર્વધરને ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૨) **મનઃપર્યવજ્ઞાનાવરણ :-** વિપુલમતિમનઃપર્યવજ્ઞાનીને ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે મનઃપર્યવજ્ઞાનાવરણની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૩) **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨ :-** પરમાવધિજ્ઞાનીને ૧૨માં ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૪) **કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, અંતરાય ૫ = ૭ :-** ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૫) **સંજ્વલન ૩, વેદ ૩ = ૬ :-** ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે તે તે પ્રકૃતિની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તે તે પ્રકૃતિની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૬) **સંજ્વલન લોભ :-** ક્ષપકશ્રેણિમાં □૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન લોભની જઘન્ય રસઉદીરણા થાય છે.

---

□. કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૭૦ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૮૬ ઉપર અને પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૭૦ની મલયગિરિ

(૭) **હાસ્ય ૬ :-** ક્ષપકશ્રેણિમાં ૮મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૮) **નિદ્રા ૨ :-** ૧૧મા ગુણઠાણે નિદ્રા ૨ની જઘન્ય રસઉદીરણા થાય છે, કેમકે તે સર્વવિશુદ્ધ છે. મતાંતરે ૧૨મા ગુણઠાણાની ૨ સમયાધિક ૧ આવલિકા બાકી હોય ત્યારે નિદ્રા ૨ની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૯) **થિણદ્ધિ ૩ :-** ૭મા ગુણઠાણાને અભિમુખ વિશુદ્ધ પ્રમત્તસંયતને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૧૦) **સમ્યક્ત્વમોહનીય :-** દર્શન ૩નો ક્ષય કરનારને સમ્યક્ત્વ-મોહનીયની સ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તેની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૧૧) **મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪ = ૫ :-** પછીના સમયે સંયમ સહિત સમ્યક્ત્વ પામનાર મિથ્યાદષ્ટિને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૧૨) **અપ્રત્યાખ્યાનાવરણીય ૪ :-** પછીના સમયે સંયમ પામનાર

---

**મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૪૩** ઉપર સંજ્વલન લોભની જઘન્ય રસઉદીરણા ક્ષપકને ૯મા ગુણઠાણે સંજ્વલન લોભની ઉદીરણાને અંતે કહી છે. તેનું કારણ **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટીપ્પણ ૪૨માં પાના નં. ૩૬૯** ઉપર આ પ્રમાણે કહ્યું છે - '૧૦મા ગુણઠાણે સંજ્વલન લોભના કિટ્ટિકૃત રસના ઉદય-ઉદીરણા હોય છે. ૧ ઠાણિયા રસથી ૪ ઠાણિયા રસમાંના કોઈપણ રસમાં તેનો સમાવેશ થતો નથી. તેથી તે અત્યંત તુચ્છ છે. માટે તે અવ્યવહાર્ય છે. તેથી તેની ગણતરી કરી ન હોય. માટે ક્ષપકને ૯મા ગુણઠાણે સંજ્વલન લોભની ઉદીરણાને અંતે સંજ્વલન લોભની જઘન્ય રસઉદીરણા કહી હોય.'

અવિરતસમ્યગ્દૃષ્ટિને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. મિથ્યાદૃષ્ટિ કરતા અવિરતસમ્યગ્દૃષ્ટિ અનંતગુણ-વિશુદ્ધ હોય છે. તેથી અહીં અવિરતસમ્યગ્દૃષ્ટિ લીધા.

(૧૩) **પ્રત્યાખ્યાનાવરણીય ૪** :- પછીના સમયે સંયમ પામનાર દેશવિરતને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. અવિરતસમ્યગ્દૃષ્ટિ કરતા દેશવિરત અનંતગુણવિશુદ્ધ હોય છે. તેથી અહીં દેશવિરત લીધા.

(૧૪) **મિશ્રમોહનીય** :- પછીના સમયે સમ્યક્ત્વ પામનાર મિશ્રદૃષ્ટિને મિશ્રમોહનીયની જઘન્ય રસઉદીરણા થાય છે. મિશ્રદૃષ્ટિને તેવા પ્રકારની વિશુદ્ધિ ન હોવાથી તે સંયમસહિત સમ્યક્ત્વ પામી શકતો નથી. તેથી અહીં માત્ર સમ્યક્ત્વ પામનાર જીવ લીધો.

(૧૫) **નરકાયુષ્ય** :- જઘન્યસ્થિતિવાળા અતિવિશુદ્ધ નારકીને સ્વભવની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે નરકાયુષ્યની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૧૬) **શેષ ૩ આયુષ્ય** :- જઘન્યસ્થિતિવાળા અતિસંક્લિષ્ટ તે તે જીવોને તે તે ભવની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે તે તે આયુષ્યની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૧૭) **ઔદારિક ૬** :- જઘન્યસ્થિતિવાળો અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય જીવ ભવના પ્રથમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા કરે છે. જઘન્યસ્થિતિવાળો જીવ વધુ સંક્લેશમાં હોવાથી અહીં જઘન્યસ્થિતિવાળો જીવ લીધો છે.

(૧૮) **વૈક્રિય ૬** :- જઘન્યસ્થિતિવાળો પર્યાપ્ત બાદર વાયુકાય જીવ

ઉત્તરવૈક્રિય શરીર કરે ત્યારે પહેલા સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા કરે છે. જઘન્ય સ્થિતિવાળો જીવ વધુ સંક્લેશમાં હોવાથી અહીં જઘન્યસ્થિતિવાળો જીવ લીધો છે.

(૧૯) **ઔદારિક અંગોપાંગ :-** જઘન્યસ્થિતિવાળો બેઈન્દ્રિય જીવ ભવના પહેલા સમયે ઔદારિક અંગોપાંગની જઘન્ય રસઉદીરણા કરે છે. જઘન્યસ્થિતિવાળો જીવ વધુ સંક્લેશમાં હોવાથી અહીં જઘન્યસ્થિતિવાળો જીવ લીધો છે.

(૨૦) **વૈક્રિય અંગોપાંગ :-** વૈક્રિય ૭ની ઉદ્વલના કરી અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આવી અલ્પકાળ વૈક્રિય અંગોપાંગ બાંધી દીર્ઘસ્થિતિવાળો નારકી થાય. તેને ભવના પહેલા સમયે વૈક્રિય અંગોપાંગની જઘન્ય રસઉદીરણા થાય છે. દીર્ઘસ્થિતિવાળો નારકી વધુ સંક્લેશમાં હોવાથી અહીં દીર્ઘસ્થિતિવાળો નારકી લીધો છે.

(૨૧) **આહારક ૭ :-** આહારક શરીર બનાવતા સંક્લિષ્ટ સંયતને પહેલા સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૨૨) **૧લુ સંસ્થાન, ૧લુ સંઘયણ = ૨ :-** જઘન્યસ્થિતિવાળા, અતિસંક્લિષ્ટ, આહારક અસંજ્ઞી પંચેન્દ્રિયને ભવના પ્રથમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. જઘન્યસ્થિતિવાળો વધુ સંક્લેશમાં હોય છે. તેથી અહીં જઘન્યસ્થિતિવાળો જીવ લીધો છે.

(૨૩) **મધ્યમ ૪ સંસ્થાન :-** ઉત્કૃષ્ટસ્થિતિવાળા, આહારક, અસંજ્ઞી પંચેન્દ્રિયને ભવના પહેલા સમયે આ પ્રકૃતિઓની જઘન્ય

રસઉદીરણા થાય છે. ઉત્કૃષ્ટસ્થિતિવાળો વિશુદ્ધિમાં હોય છે. તેથી અહીં ઉત્કૃષ્ટસ્થિતિવાળો જીવ લીધો છે.

(૨૪) **મધ્યમ ૪ સંઘયણ :-** પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા આહારક મનુષ્યને ભવના પહેલા સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. દીર્ઘઆયુષ્યવાળો વિશુદ્ધિમાં હોય છે. પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ મનુષ્ય અલ્પબળવાળા હોય છે. માટે અહીં પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા મનુષ્યો લીધા.

(૨૫) **હુંડક સંસ્થાન, ઉપઘાત, સાધારણ = ૩ :-** દીર્ઘસ્થિતિવાળા આહારક સૂક્ષ્મ એકેન્દ્રિયને ભવના પ્રથમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૨૬) **સેવાર્ત સંઘયણ :-** ૧૨ વર્ષના આયુષ્યવાળા બેઈન્દ્રિયને ૧૨મા વર્ષે સેવાર્ત સંઘયણની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૨૭) **મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ = ૨ :-** તદ્યોગ્ય વિશુદ્ધ અનાહારક સંજ્ઞી પંચેન્દ્રિયને આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૨૮) **તૈજસ ૭, મૃદુસ્પર્શ-લઘુસ્પર્શ વિના શુભવર્ણાદિ ૯, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, શુભ = ૨૦ :-** સર્વસંક્લિષ્ટ અનાહારક મિથ્યાદૃષ્ટિને વિગ્રહગતિમાં આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. સર્વસંક્લિષ્ટ જીવ શુભપ્રકૃતિની રસઉદીરણા અલ્પ કરતો હોવાથી અહીં સર્વસંક્લિષ્ટ જીવ લીધો છે.

(૨૯) **પ્રત્યેક :-** જઘન્યસ્થિતિવાળા, પર્યાપ્ત થવાના જઘન્ય

કાળવાળા, આહારક, અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયને ભવના પ્રથમ સમયે પ્રત્યેકની જઘન્ય રસઉદીરણા થાય છે.

(૩૦) **પરાઘાત** :- જઘન્યસ્થિતિવાળા, અતિસંક્લિષ્ટ, શીઘ્ર પર્યાપ્ત થયેલ સૂક્ષ્મ એકેન્દ્રિયને પર્યાપ્તિના ચરમ સમયે પરાઘાતની જઘન્ય રસઉદીરણા થાય છે. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૭૭ની ચૂર્ણિમાં પાના નં. ૯૨** ઉપર કહ્યું છે કે, 'જઘન્યસ્થિતિવાળા, અતિસંક્લિષ્ટ, શીઘ્ર પર્યાપ્ત થયેલ સૂક્ષ્મ એકેન્દ્રિયને પર્યાપ્તાવસ્થાના પહેલા સમયે પરાઘાતની જઘન્ય રસઉદીરણા થાય છે.'

(૩૧) **આતપ, ઉદ્યોત = ૨** :- શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત, સંક્લિષ્ટ, તદ્યોગ્ય પૃથ્વીકાયને પર્યાપ્તાવસ્થાના પહેલા સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે.

(૩૨) **જિનનામકર્મ** :- તીર્થંકરને [૧]આયોજિકાકરણની પહેલા જિનનામકર્મની જઘન્ય રસઉદીરણા થાય છે. આયોજિકાકરણમાં ઘણી રસઉદીરણા થવાથી અહીં આયોજિકાકરણની પહેલા જઘન્ય રસઉદીરણા કહી.

---

૧. કેવળજ્ઞાનથી પોતાના આયુષ્ય કરતા શેષ અઘાતીકર્મોની સ્થિતિને અધિક જાણી તેને આયુષ્યની સમાન કરવા તે સ્થિતિનો ઘાત કરવો તે સમુદ્‌ઘાત છે. મર્યાદાપૂર્વક અતિશુભયોગોનો વ્યાપાર કરવો તે આયોજિકાકરણ છે. કેટલાક આને આવર્જિતકરણ કહે છે. આવર્જિતકરણ એટલે તથાભવ્યત્વ વડે મોક્ષગમન પ્રત્યે અભિમુખ કરાયેલ જીવની ઉદીરણાવલિકામાં કર્મોને નાંખવા તે. કેટલાક આને આવશ્યકકરણ કહે છે. સમુદ્‌ઘાત કેટલાક કેવળી કરે અને કેટલાક ન કરે, પણ આયોજિકાકરણ તો બધા ય કેવળી અવશ્ય કરે. તેથી આયોજિકાકરણને આવશ્યકકરણ કહ્યું છે. આયોજિકાકરણનો કાળ અંતર્મુહૂર્તનો છે.

(૩૩) **કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ = ૨ :-** કેવળીસમુદ્‌ઘાતમાંથી પાછા ફરનારા કેવળીને મંથાનના સંહારસમયે (એટલે કે ૬ઠ્ઠા સમયે) આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા હોય છે. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૭૮ ની ચૂર્ણિમાં પાના નં.** ૯૨ ઉપર કહ્યું છે કે, 'કેવળીસમુદ્‌ઘાતમાંથી પાછા ફરનારા, મંથાનમાં રહેલા (એટલે કે ૫મા સમયે રહેલા) ને આ બે પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ**માં કહ્યું છે કે, 'કેવળીસમુદ્‌ઘાતમાંથી પાછા ફરનારા, મંથાનમાં રહેલા (એટલે કે ૫મા સમયે રહેલા) ને આ બે પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા થાય છે. આ બે પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા તૈજસશરીરમાં જ હોય છે, કેમકે કેવળીસમુદ્‌ઘાતના ૫મા સમયે ઔદારિકશરીરનો ઉદય હોતો નથી, તૈજસશરીર અને કાર્મણશરીરનો જ ઉદય હોય છે અને કાર્મણશરીરમાં આ બે સ્પર્શ હોતા નથી.'

(૩૪) **શેષ અશુભ વર્ણાદિ ૭, અસ્થિર, અશુભ = ૯ :-** આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે, કેમકે આ પ્રકૃતિઓની ઉદીરણા કરનારાઓમાં તે સૌથી વિશુદ્ધ છે.

(૩૫) **વેદનીય ૨, ગતિ ૪, જાતિ ૫, ખગતિ ૨, આનુપૂર્વી ૪, ઉચ્છ્‌વાસ, ત્રસ ૩, સ્થાવર ૩, સુભગ ૪, દુર્ભગ ૪, ગોત્ર ૨ = ૩૪ :-** તે તે પ્રકૃતિના ઉદયવાળા મધ્યમ પરિણામવાળા જીવો આ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા કરે છે.

• તમને જે અનિષ્ટ હોય તે બીજા માટે ન ઈચ્છો.

# પ્રદેશઉદીરણા

અહીં ૨ દ્વાર છે. તે આ પ્રમાણે -

## (૧) સાદ્યાદિ પ્રરૂપણા -

**મૂળપ્રકૃતિઓમાં પ્રદેશઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-**

**(i) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય = ૩ :-** ગુણિતકર્માંશ જીવને ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અધ્રુવ છે.

અતિસંક્લિષ્ટ પરિણામવાળા મિથ્યાદૃષ્ટિને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા થાય છે. સંક્લિષ્ટ પરિણામથી પડીને મિથ્યાદૃષ્ટિ આ પ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. ફરી કાલાંતરે મિથ્યાદૃષ્ટિ જીવ અતિસંક્લિષ્ટ પરિણામવાળો થઈ આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. આમ આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણા વારાફરતી થતી હોવાથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(ii) નામ, ગોત્ર = ૨ :-** ગુણિતકર્માંશ જીવ ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે

બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણા જ્ઞાનાવરણની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(iii) વેદનીય :-** ૭મા ગુણઠાણાને અભિમુખ પ્રમત્તસંયતને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની વેદનીયની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે ૭મા વગેરે ગુણઠાણે હોતી નથી. ત્યાંથી પડેલાને તે સાદિ છે. પૂર્વે ૭મા વગેરે ગુણઠાણા નહીં પામેલાને વેદનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અનાદિ છે. અભવ્યને વેદનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને વેદનીયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય ત્યારે તેની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા અધ્રુવ છે.

વેદનીયની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણા જ્ઞાનાવરણની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(iv) મોહનીય :-** ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે મોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની મોહનીયની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારથી ન થાય. ત્યાંથી પડેલાને મોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા સાદિ છે. પૂર્વે

તે સ્થાન નહીં પામેલાને મોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અનાદિ છે. અભવ્યને મોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય ત્યારે તેની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અધ્રુવ છે.

મોહનીયની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણા જ્ઞાનાવરણની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(v) આયુષ્ય :-** આયુષ્ય એ અધ્રુવોદીરણાવાળી પ્રકૃતિ હોવાથી તેની જઘન્ય પ્રદેશઉદીરણા, અજઘન્ય પ્રદેશઉદીરણા, ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં પ્રદેશઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | અજઘન્ય | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | કુલ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, નામ, ગોત્ર = ૫ | ૨ | ૨ | ૨ | ૩ | ૪૫ |
| વેદનીય, મોહનીય = ૨ | ૨ | ૨ | ૨ | ૪ | ૨૦ |
| આયુષ્ય | ૨ | ૨ | ૨ | ૨ | ૮ |
| કુલ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૫ | ૭૩ |

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશઉદીરણાના સાદ્યાદિ ભાંગા :-

**(i) મિથ્યાત્વમોહનીય :-** પછીના સમયે સંયમસહિત સમ્યક્ત્વ પામનાર મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની મિથ્યાત્વમોહનીયની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે સમ્યક્ત્વથી પડેલાને સાદિ છે. પૂર્વે સમ્યક્ત્વ

નહીં પામેલાને મિથ્યાત્વમોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અનાદિ છે. અભવ્યને મિથ્યાત્વમોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય ત્યારે કે ઉદીરણાવિચ્છેદ થાય ત્યારે તેની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અધ્રુવ છે.

અતિસંક્લિષ્ટ પરિણામવાળો મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વ-મોહનીયની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. અતિસંક્લિષ્ટ પરિણામથી પડીને મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયની અજઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. ફરી કાલાંતરે તે અતિસંક્લિષ્ટ પરિણામવાળો થઈને મિથ્યાત્વમોહનીયની જઘન્ય પ્રદેશોદીરણા કરે છે. આમ મિથ્યાત્વ-મોહનીયની જઘન્ય પ્રદેશોદીરણા અને અજઘન્ય પ્રદેશોદીરણા વારાફરતી થતી હોવાથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

**(ii) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ગુણિતકર્માંશ જીવ ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા કરે છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે ત્યારે તેમની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણા મિથ્યાત્વમોહનીયની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

• સાચા શિષ્ય બનતા આવડે તો આખા જગતનું ગુરુપદ મળે.

**(iii) તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૩૩ :-** ગુણિતકર્માંશ જીવને ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. તે ૧ સમય થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયની આ પ્રકૃતિઓની બધી પ્રદેશઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ધ્રુવ છે. ભવ્યને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય ત્યારે તેમની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અધ્રુવ છે.

આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણા મિથ્યાત્વમોહનીયની જઘન્ય પ્રદેશઉદીરણા અને અજઘન્ય પ્રદેશઉદીરણાની જેમ સાદિ અને અધ્રુવ છે.

**(iv) શેષ ૧૧૦ પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓ અધ્રુવોદીરણાવાળી હોવાથી તેમની જઘન્ય પ્રદેશઉદીરણા, અજઘન્ય પ્રદેશઉદીરણા, ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અને અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા સાદિ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશઉદીરણાના સાદ્યાદિ ભાંગા

| ઉત્તરપ્રકૃતિ | સાદ્યાદિ ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | અજઘન્ય | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | કુલ |
| મિથ્યાત્વમોહનીય | ૨ | ૨ | ૨ | ૪ | ૧૦ |
| જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર ૨, અસ્થિર ૨ = ૪૭ | ૨ | ૨ | ૨ | ૩ | ૪૨૩ |
| શેષ ૧૧૦ પ્રકૃતિઓ | ૨ | ૨ | ૨ | ૨ | ૮૮૦ |
| કુલ | ૩૧૬ | ૩૧૬ | ૩૧૬ | ૩૬૫ | ૧,૩૧૩ |

(૨) **સ્વામિત્વ :-**

**ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણાના સ્વામી :-** ઘાતીકર્મોની જઘન્ય રસઉદીરણાના જે સ્વામી પૂર્વે કહ્યા તે જ ગુણિતકર્માંશ જીવો તેમની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણાના સ્વામી છે, પણ તે ચૌદપૂર્વધર વગેરે વિશેષણોવાળો હોય અથવા ન હોય. ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા સર્વવિશુદ્ધિમાં થાય.

૧. **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨ :-** અવધિજ્ઞાન-અવધિદર્શન વિનાનો ગુણિતકર્માંશ જીવ ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૨. **શેષ આવરણ ૭, અંતરાય ૫ = ૧૨ :-** ગુણિતકર્માંશ જીવ ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૩. **નિદ્રા ૨ :-** ૧૧મા ગુણઠાણાવાળો ગુણિતકર્માંશ જીવ નિદ્રા ૨ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે. મતાંતરે ક્ષપકશ્રેણિમાં ૧૨મા ગુણઠાણાની ૨ સમયાધિક ૧ આવલિકા બાકી હોય ત્યારે ગુણિતકર્માંશ જીવ નિદ્રા ૨ ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૪. **થિણદ્ધિ ૩ :-** ૭મા ગુણઠાણાને અભિમુખ ગુણિતકર્માંશ પ્રમત્તસંયતને ચરમ સમયે થિણદ્ધિ ૩ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૫. **મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪ = ૫ :-** સંયમસહિત સમ્યક્ત્વ પામનાર ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિને ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૬. **મિશ્રમોહનીય** :- પછીના સમયે સમ્યક્ત્વ પામનાર ગુણિતકર્માંશ મિશ્રદૃષ્ટિને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૭. **અપ્રત્યાખ્યાનાવરણીય ૪** :- પછીના સમયે સર્વવિરતિ પામનાર ગુણિતકર્માંશ અવિરતસમ્યગ્દૃષ્ટિને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. **કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૮૨ની મલયગિરિ મહારાજ કૃત ટીકા**માં કહ્યું છે કે, 'પછીના સમયે દેશવિરતિ પામનાર ગુણિતકર્માંશ અવિરતસમ્યગ્દૃષ્ટિને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.'

૮. **પ્રત્યાખ્યાનાવરણીય ૪** :- પછીના સમયે સર્વવિરતિ પામનાર ગુણિતકર્માંશ દેશવિરતને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૯. **સંજ્વલન ૩, વેદ ૩=૬** :-ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ગુણિત-કર્માંશ જીવને પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૧૦. **સંજ્વલન લોભ** :- ક્ષપકશ્રેણિમાં ૧૦મા ગુણઠાણે ગુણિતકર્માંશ જીવને સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન લોભની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૧૧. **હાસ્ય ૬** :- ગુણિતકર્માંશ જીવને ક્ષપકશ્રેણિમાં ૮મા ગુણઠાણાના ચરમ સમયે હાસ્ય ૬ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૧૨. **સાતા, અસાતા = ૨** :- ૭મા ગુણઠાણાને અભિમુખ ગુણિતકર્માંશ પ્રમત્ત સંયતને ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે, કેમકે તે સૌથી વધુ વિશુદ્ધિવાળો છે.

૧૩. **પહેલા સંઘયણ સિવાયના સંઘયણ ૫, વૈક્રિય ૭, આહારક ૭, ઉદ્યોત = ૨૦ :-** ૭મા ગુણઠાણાવાળા ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ જીવને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૧૪. **દેવાયુષ્ય :-** ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળા દેવને અતિ દુઃખના ઉદયમાં દેવાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. ઘણા દુઃખના અનુભવમાં આયુષ્યના ઘણા પુદ્‌ગલોની નિર્જરા થાય છે. માટે અહીં ઘણા દુઃખના ઉદયવાળો જીવ લીધો.

૧૫. **નરકાયુષ્ય :-** ૩૩ સાગરોપમના આયુષ્યવાળા નારકીને અતિદુઃખના ઉદયમાં નરકાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. ઘણા દુઃખના અનુભવમાં આયુષ્યના ઘણા પુદ્‌ગલોની નિર્જરા થાય છે. માટે અહીં ઘણા દુઃખના ઉદયવાળો જીવ લીધો.

૧૬. **તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય = ૨ :-** ૮ વર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યને ૮મા વર્ષે અતિદુઃખના ઉદયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે. ઘણા દુઃખના અનુભવમાં આયુષ્યના ઘણા પુદ્‌ગલોની નિર્જરા થાય છે. માટે અહીં ઘણા દુઃખના ઉદયવાળા જીવો લીધા.

૧૭. **એકેન્દ્રિયજાતિ, સ્થાવર = ૨ :-** ગુણિતકર્માંશ, સર્વવિશુદ્ધ, બાદર પૃથ્વીકાયને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૧૮. **આતપ :-** ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ ખર બાદર પૃથ્વીકાયને આતપની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૧૯. **સૂક્ષ્મ :-** ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ પર્યાપ્ત સૂક્ષ્મ જીવોને સૂક્ષ્મનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૦. **સાધારણ** :- ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ સાધારણ વનસ્પતિકાયને સાધારણનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૧. **બેઈન્દ્રિયજાતિ** :- ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ બેઈન્દ્રિય જીવ બેઈન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૨૨. **તેઈન્દ્રિયજાતિ** :- ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ તેઈન્દ્રિય જીવ તેઈન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૨૩. **ચઉરિન્દ્રિયજાતિ** :- ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ ચઉરિન્દ્રિય જીવ ચઉરિન્દ્રિયજાતિની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૨૪. **અપર્યાપ્ત** :- ગુણિતકર્માંશ અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ[૧] મનુષ્યને ચરમ સમયે અપર્યાપ્તનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૫. **તિર્યંચગતિ** :- ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ દેશવિરત તિર્યંચને તિર્યંચગતિનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૬. **આનુપૂર્વી ૪** :- ગુણિતકર્માંશ સર્વવિશુદ્ધ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને વિગ્રહગતિથી તે તે ગતિમાં જતા વિગ્રહગતિના ત્રીજા સમયે તે તે આનુપૂર્વીની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૭. **દુર્ભગ, અનાદેય, અયશ, નીચગોત્ર = ૪** :- પછીના સમયે સંયમ પામનાર ગુણિતકર્માંશ અવિરત સમ્યગ્દૃષ્ટિને આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૮. **મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૭, તૈજસ ૭, સંસ્થાન ૬, ૧લુ સંઘયણ, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ,**

---

૧. **પંચસંગ્રહ ગાથા ૮૭ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૫૧** ઉપર કહ્યું છે કે, 'ગુણિતકર્માંશ અપર્યાપ્ત મનુષ્યને અપર્યાપ્તાવસ્થાના ચરમ સમયે અપર્યાપ્ત નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.' અહીં કહેવાની રીત જુદી છે, બાકી અર્થ ઉપર પ્રમાણે જ છે.

**ઉપઘાત, પરાઘાત, જિન, ખગતિ ૨, સુસ્વર વિના ત્રસ ૯, અસ્થિર ૨, ઉચ્ચગોત્ર = ૬૨ :-** ગુણિતકર્માંશ જીવને ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા થાય છે.

૨૯. **સ્વર ૨ :-** ગુણિતકર્માંશ કેવળી વચનયોગનો નિરોધ કરે ત્યારે સ્વર ૨ ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૩૦. **ઉચ્છ્વાસ :-** ગુણિતકર્માંશ કેવળી શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે ઉચ્છ્વાસની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૩૧. **દેવગતિ :-** ગુણિતકર્માંશ, સર્વવિશુદ્ધ, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવ દેવગતિની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

૩૨. **નરકગતિ :-** ગુણિતકર્માંશ, સર્વવિશુદ્ધ, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ નારકી નરકગતિની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે.

**જઘન્ય પ્રદેશઉદીરણાના સ્વામી :-** ક્ષપિતકર્માંશ અતિસંક્લિષ્ટ પરિણામવાળો જીવ જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૧. **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨ :-** અવધિલબ્ધિવાળા સર્વસંક્લિષ્ટ જીવો આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. અવધિજ્ઞાન અને અવધિદર્શન ઉત્પન્ન કરતા ઘણા પુદ્ગલોની નિર્જરા થાય છે. તેથી અવધિલબ્ધિવાળાને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા મળે છે.

૨. **શેષ આવરણ ૭, વેદનીય ૨, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૬, નોકષાય ૯ = ૩૫ :-** સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત સર્વસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ જીવો આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૩. **નિદ્રા ૫ :-** તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પર્યાપ્ત સંજ્ઞી મિથ્યાદષ્ટિ જીવો આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૪. **સમ્યક્ત્વમોહનીય** :- પછીના સમયે મિથ્યાત્વ પામનાર અતિસંક્લિષ્ટ સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વમોહનીયની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૫. **મિશ્રમોહનીય** :- પછીના સમયે મિથ્યાત્વ પામનાર અતિસંક્લિષ્ટ મિશ્રદષ્ટિ મિશ્રમોહનીયની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૬. ગતિ ૪, **પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૭, વૈક્રિય ૭, તૈજસ ૭, સંસ્થાન ૬, સંઘયણ ૬, વર્ણાદિ ૨૦, ખગતિ ૨, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, નિર્માણ, ઉદ્યોત, ત્રસ ૧૦, અસ્થિર ૬, ગોત્ર ૨, અંતરાય ૫ = ૮૯** :- સર્વોત્કૃષ્ટ સંક્લેશવાળા પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૭. **આહારક ૭** :- તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ આહારકશરીરી સંયત આહારક ૭ની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૮. **આનુપૂર્વી ૪** :- તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ વિગ્રહગતિવાળા જીવોને આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા થાય છે.

૯. **આતપ** :- સર્વસંક્લિષ્ટ ખર બાદર પૃથ્વીકાય આતપની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૧૦. **એકેન્દ્રિય, સ્થાવર, સાધારણ = ૩** :- સર્વસંક્લિષ્ટ એકેન્દ્રિય□ આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૧૧. **સૂક્ષ્મ** :- સર્વસંક્લિષ્ટ સૂક્ષ્મ એકેન્દ્રિય આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

---

□. **પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૮૯ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૫૩** ઉપર કહ્યું છે કે, 'સર્વસંક્લિષ્ટ બાદર એકેન્દ્રિય આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.'

૧૨. **અપર્યાપ્ત** :- સર્વસંક્લિષ્ટ અપર્યાપ્ત મનુષ્ય ચરમ સમયે આ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૧૩. **બેઈન્દ્રિયજાતિ** :- સર્વસંક્લિષ્ટ બેઈન્દ્રિય જીવ બેઈન્દ્રિયજાતિની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.Δ

૧૪. **તેઈન્દ્રિયજાતિ** :- સર્વસંક્લિષ્ટ તેઈન્દ્રિય જીવ તેઈન્દ્રિયજાતિની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.Δ

૧૫. **ચઉરિન્દ્રિયજાતિ** :- સર્વસંક્લિષ્ટ ચઉરિન્દ્રિય જીવ ચઉરિન્દ્રિયજાતિની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.Δ

૧૬. **જિનનામકર્મ** :- તીર્થંકર કેવળી આયોજિકાકરણ ન કરે ત્યાં સુધી જિનનામકર્મની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

૧૭. **નરકાયુષ્ય** :- ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળો નારકી નરકાયુષ્યની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. અન્ય નારકીઓની અપેક્ષાએ જઘન્ય સ્થિતિવાળો નારકી વધુ સુખી હોય છે. સુખી જીવોને આયુષ્યની પ્રદેશઉદીરણા અલ્પ થાય છે.

૧૮. **તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય** = ૩ :- ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પરમ સુખી તિર્યંચો, મનુષ્યો અને દેવો તે તે આયુષ્યની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. સુખી જીવોને આયુષ્યની પ્રદેશઉદીરણા અલ્પ થાય છે. તેથી અહીં સુખી જીવો લીધા.

**કર્મપ્રકૃતિના ઉદીરણાકરણનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

---

Δ. **પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૮૯ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૫૪** ઉપર કહ્યું છે કે 'સર્વસંક્લિષ્ટ વિકલેન્દ્રિય જીવો ભવના ચરમ સમયે તે તે જાતિની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.' **પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૮૯ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૫૩** ઉપર કહ્યું છે કે, 'સર્વસંક્લિષ્ટ જઘન્યસ્થિતિવાળા વિકલેન્દ્રિય જીવો ભવના ચરમ સમયે તે તે જાતિની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે.

# ઉદીરણાકરણ

## મૂળગાથા-શબ્દાર્થ

**जं करणेणोकड्डिय, उदए दिज्जइ उदीरणा एसा ।**
**पगइठिइअणुभाग-प्पएसमूलुत्तरविभागा ॥१॥**

જે વીર્યવિશેષથી ઉદયાવલિકાની બહાર રહેલા દલિકોને ખેંચીને ઉદયસમયમાં અપાય છે એ ઉદીરણા છે. તેના ચાર પ્રકાર છે - પ્રકૃતિઉદીરણા, સ્થિતિઉદીરણા, રસઉદીરણા અને પ્રદેશઉદીરણા. તે દરેકના બે પ્રકાર છે - મૂળપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક. (૧)

**मूलपगईसु पंचण्ह, तिहा दोण्हं चउव्विहा होइ ।**
**आउस्स साइ अधुवा, दसुत्तरसउत्तरासिंपि ॥२॥**

મૂળપ્રકૃતિઓમાં પાંચ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાય)ની પ્રકૃતિઉદીરણા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે, બે પ્રકૃતિઓ (વેદનીય, મોહનીય)ની પ્રકૃતિઉદીરણા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે, આયુષ્યની પ્રકૃતિઉદીરણા સાદિ-અધ્રુવ છે. ૧૧૦ ઉત્તરપ્રકૃતિઓની પ્રકૃતિઉદીરણા પણ સાદિ-અધ્રુવ છે. (૨)

**मिच्छत्तस्स चउद्धा, तिहा य आवरणविग्घचउदसगे ।**
**थिरसुभसेयर उवघाय-वज्ज धुवबंधिनामे य ॥३॥**

મિથ્યાત્વમોહનીયની પ્રકૃતિઉદીરણા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪,

અંતરાય ૫ = ૧૪ પ્રકૃતિઓની અને સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, ઉપઘાત સિવાયની નામકર્મની શેષ ધ્રુવબંધી ૨૯ પ્રકૃતિઓની (તૈજસ ૭, અગુરુલઘુ, વર્ણાદિ ૨૦, નિર્માણ) = ૪૩ પ્રકૃતિઓની પ્રકૃતિઉદીરણા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. (૩)

**घाईणं छउमत्था, उदीरगा रागिणो य मोहस्स ।**
**तइयाऊण पमत्ता, जोगंता उ त्ति दोण्हं च ॥४॥**

ઘાતી પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય)ની ઉદીરણા છદ્મસ્થ જીવો (૧૨મા ગુણઠાણા સુધીના જીવો) કરે છે. મોહનીયની ઉદીરણા સરાગી જીવો (૧૦મા ગુણઠાણા સુધીના જીવો) કરે છે. ત્રીજી કર્મપ્રકૃતિ (વેદનીય) અને આયુષ્યની ઉદીરણા પ્રમત્ત જીવો (છઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો) કરે છે. બે પ્રકૃતિઓ (નામ અને ગોત્ર)ની ઉદીરણા સયોગી કેવલી ગુણઠાણા સુધીના જીવો કરે છે. (૪)

**विग्घावरणधुवाणं, छउमत्था जोगिणो उ धुविगाणं ।**
**उवघायस्स तणुत्था, तणुकिट्टीणं तणुगरागा ॥५॥**

અંતરાય ૫, જ્ઞાનાવરણ ૫ અને દર્શનાવરણ ૪ = ૧૪ પ્રકૃતિઓની ઉદીરણા છદ્મસ્થ જીવો (૧૨મા ગુણઠાણા સુધીના જીવો) કરે છે. નામની ધ્રુવબંધી પ્રકૃતિઓ (તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ = ૩૩ પ્રકૃતિઓ)ની ઉદીરણા સયોગી જીવો (૧૩મા ગુણઠાણા સુધીના જીવો) કરે છે. ઉપઘાતની ઉદીરણા શરીરસ્થ જીવો કરે છે. સૂક્ષ્મકિટ્ટિઓની ઉદીરણા સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળા જીવો કરે છે. (૫)

**तसबायरपज्जत्तग-सेयरगइजाइदिट्ठिवेयाणं ।**
**आऊण य तन्नामा, पत्तेगियरस्स उ तणुत्था ॥६॥**

ત્રસ, બાદર, પર્યાપ્ત, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, ગતિ ૪, જાતિ ૫, દર્શનમોહનીય ૩, વેદ ૩, આયુષ્ય ૪ની ઉદીરણા તે તે પ્રકૃતિના નામવાળા જીવો કરે છે. પ્રત્યેક અને સાધારણની ઉદીરણા શરીરસ્થ જીવો કરે છે. (૬)

**आहारगनरतिरिया, सरीरदुगवेयए पमोत्तूणं ।**
**ओरालाए एवं, तदुवंगाए तसजियाओ ॥७॥**

વૈક્રિયશરીરી અને આહારકશરીરી સિવાયના આહારક મનુષ્યો-તિર્યંચો ઔદારિકશરીરની ઉદીરણા કરે છે. ઔદારિક અંગોપાંગની ઉદીરણા પણ એ જ પ્રમાણે જાણવી, પણ તે ત્રસજીવો કરે છે. (૭)

**वेउव्विगाइ सुरनेरईया, आहारगा नरो तिरिओ ।**
**सन्नी बायरपवणो य, लद्धिपज्जत्तगो होज्जा ॥८॥**

વૈક્રિયશરીરની ઉદીરણા આહારક દેવો-નારકો અને વૈક્રિયલબ્ધિવાળા સંજ્ઞી મનુષ્ય, સંજ્ઞી તિર્યંચ અને લબ્ધિ પર્યાપ્ત બાદર વાયુકાય કરે છે. (૮)

**वेउव्विउवंगाए, तणुतुल्ला पवणबायरं हिच्चा ।**
**आहारगाए विरओ, विउव्वयंतो पमत्तो य ॥९॥**

વૈક્રિય અંગોપાંગની ઉદીરણા કરનારા, બાદર વાયુકાયને છોડીને વૈક્રિય શરીરની ઉદીરણા કરનારાની સમાન છે. આહારક શરીરને વિકુર્વનાર પ્રમત્ત સંયત આહારકશરીરની ઉદીરણા કરે છે. (૯)

**छण्हं संठाणाणं, संघयणाणं च सगलतिरियनरो ।**
**देहत्थो पज्जत्तो, उत्तमसंघयणिणो सेढी ॥१०॥**

છ સંઘયણો અને છ સંસ્થાનોની ઉદીરણા શરીરસ્થ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો કરે છે. વજ્રઋષભનારાચ-સંઘયણવાળા જીવો ક્ષપકશ્રેણિ માંડે છે. (૧૦)

**चउरंसस्स तणुत्था, उत्तरतणुसगलभोगभूमिगया ।**
**देवा इयरे हुंडा, तसतिरियनरा य सेवट्टा ॥११॥**

સમચતુરસ્રસંસ્થાનની ઉદીરણા શરીરસ્થ ઉત્તરવૈક્રિયશરીરી જીવો, પંચેન્દ્રિય જીવો, ભોગભૂમીના જીવો અને દેવો કરે છે. શેષ જીવો (એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, નારકી, અપર્યાપ્ત મનુષ્યો-તિર્યંચો) હુંડકસંસ્થાનની ઉદીરણા કરે છે. વિકલેન્દ્રિય અને લબ્ધિ અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો-મનુષ્યો સેવાર્ત સંઘયણની ઉદીરણા કરે છે. (૧૧)

**संघयणाणि न उत्तरतणूसु, तन्नामगा भवंतरगा ।**
**अणुपुव्वीणं परघायस्स उ, देहेण पज्जत्ता ॥१२॥**

ઉત્તરશરીરો (વૈક્રિય શરીર અને આહારક શરીર)માં સંઘયણો હોતા નથી. તે તે નામવાળા ભવાંતરમાં જનારા જીવો આનુપૂર્વીઓની ઉદીરણા કરે છે. પરાઘાતની ઉદીરણા શરીર-પર્યાપ્તિથી પર્યાપ્ત જીવો કરે છે. (૧૨)

**बायरपुढवी आयावस्स य, वज्जित्तु सुहुमसुहुमतसे ।**
**उज्जोयस्स य तिरिओ, उत्तरदेहे य देवजई ॥१३॥**

આતપની ઉદીરણા બાદર પૃથ્વીકાય જીવો કરે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય અને સૂક્ષ્મ ત્રસ (તેઉકાય, વાયુકાય) સિવાયના તિર્યંચો,

ઉત્તરવૈક્રિયશરીરવાળા દેવો અને આહારકશરીરવાળા સંયતો ઉદ્યોતની ઉદીરણા કરે છે. (૧૩)

**सगलो य इट्ठखगई, उत्तरतणुदेवभोगभूमिगया ।**
**इट्ठसराए तसा विय, इयरासिं तसा सनेरइया ॥१४॥**

શુભ વિહાયોગતિની ઉદીરણા પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, ઉત્તરવૈક્રિયશરીરવાળા પંચેન્દ્રિય તિર્યંચો-મનુષ્યો, આહારક-શરીરવાળા મનુષ્યો, દેવો અને ભોગભૂમિના પંચેન્દ્રિય તિર્યંચો-મનુષ્યો કરે છે. સુસ્વરની ઉદીરણા ઉપર કહેલા જીવો અને વિકલેન્દ્રિય કરે છે. અશુભવિહાયોગતિ અને દુઃસ્વરની ઉદીરણા વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને નારકો કરે છે. (૧૪)

**उस्सासस्स सराण य, पज्जत्ता आणपाणभासासु ।**
**सव्वन्नूणुस्सासो, भासा वि य जा न रुज्झंति ॥१५॥**

ઉચ્છ્વાસ અને સ્વરોની ઉદીરણા ક્રમશઃ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી અને ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત જીવો કરે છે. કેવળી ઉચ્છ્વાસ અને ભાષાનો નિરોધ ન કરે ત્યાં સુધી તેમની ઉદીરણા કરે છે. (૧૫)

**देवो सुभगाइज्जाण, गब्भवक्कंतिओ य कित्तीए ।**
**पज्जत्तो वज्जित्ता, ससुहुमनेरइयसुहुमतसे ॥१६॥**

દેવ, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સુભગ-આદેયની ઉદીરણા કરે છે. સૂક્ષ્મએકેન્દ્રિય, નારકી અને સૂક્ષ્મત્રસ સિવાયના પર્યાપ્તા જીવો યશની ઉદીરણા કરે છે. (૧૬)

**गोउत्तमस्स देवा नरा य, वइणो चउण्हमियरासिं ।**
**तव्वइरित्ता तित्थगरस्स उ, सव्वन्नुयाए भवे ॥१७॥**

ઉચ્ચગોત્રની ઉદીરણા દેવો, મનુષ્યો અને વ્રતિઓ કરે છે. ઈતર ચાર પ્રકૃતિઓ (દુર્ભગ, અનાદેય, અયશ, નીચગોત્ર)ની ઉદીરણા તે સિવાયના જીવો કરે છે. જિનનામકર્મની ઉદીરણા સર્વજ્ઞપણામાં થાય છે. (૧૭)

**इंदियपज्जत्तीए, दुसमयपज्जत्तगाए पाउग्गा ।**
**निद्दापयलाणं खीण-रागखवगे परिचज्ज ॥१८॥**

ક્ષીણરાગ અને ક્ષપકને છોડીને ઈન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્ત જીવો બીજા સમયથી નિદ્રા-પ્રચલાની ઉદીરણા કરે છે. (૧૮)

**निद्दानिद्दाईण वि, असंखवासा य मणुयतिरिया य ।**
**वेउव्वाहारतणू, वज्जित्ता अप्पमत्ते य ॥१९॥**

નિદ્રાનિદ્રા વગેરે ત્રણ પ્રકૃતિઓની ઉદીરણા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, વૈક્રિયશરીરી, આહારક-શરીરી અને અપ્રમત્ત જીવોને છોડીને શેષ જીવો કરે છે. (૧૯)

**वेयणियाण पमत्ता, ते ते बंधंतगा कसायाणं ।**
**हासाईछक्कस्स य, अपुव्वकरणस्स चरमंते ॥२०॥**

વેદનીયની ઉદીરણા પ્રમત્ત જીવો કરે છે. તે તે કષાયને બાંધનારા જીવો તે તે કષાયની ઉદીરણા કરે છે. હાસ્ય ૬ની ઉદીરણા અપૂર્વકરણના ચરમ સમય સુધીના જીવો કરે છે. (૨૦)

**जावूणखणो पढमो, सुहरइहासाणमेवमियरासिं ।**
**देवा नेरइया वि य, भवट्ठिइं केइ नेरइया ॥२१॥**

દેવો પહેલા અંતર્મુહૂર્તમાં સાતા, હાસ્ય અને રતિની ઉદીરણા કરે છે. નારકો પહેલા અંતર્મુહૂર્તમાં અસાતા, શોક અને અરતિની ઉદીરણા કરે છે. કેટલાક નારકો ભવસ્થિતિ સુધી અસાતા, શોક અને અરતિની ઉદીરણા કરે છે. (૨૧)

**पंचण्हं च चउण्हं, बिइए एक्काइ जा दसण्हं तु ।**
**तिगहीणाइं मोहे, मिच्छे सत्ताइ जाव दस ॥२२॥**

બીજા દર્શનાવરણ કર્મમાં ૫ પ્રકૃતિઓની કે ૪ પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. મોહનીયકર્મમાં ૩ પ્રકૃતિ સિવાયની ૧ પ્રકૃતિથી માંડીને ૧૦ પ્રકૃતિઓ સુધીની ઉદીરણા થાય છે. ૧લા ગુણઠાણે મોહનીયના ૭ પ્રકૃતિથી ૧૦ પ્રકૃતિ સુધીના ઉદીરણાસ્થાનો છે. (૨૨)

**सासणमीसे नव, अविरए य छाई परम्मि पंचाई ।**
**अट्ठ विरए य चउराइ, सत्त छच्चोवरिल्लंमि ॥२३॥**

મોહનીયના બીજા-ત્રીજા ગુણઠાણે ૭ પ્રકૃતિથી ૯ પ્રકૃતિ સુધીના ઉદીરણાસ્થાનો છે, ૪થા ગુણઠાણે ૬ પ્રકૃતિથી ૯ પ્રકૃતિ સુધીના ઉદીરણાસ્થાનો છે, ૫મા ગુણઠાણે ૫ પ્રકૃતિથી ૮ પ્રકૃતિ સુધીના ઉદીરણાસ્થાનો છે, ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે ૪ પ્રકૃતિથી ૭ પ્રકૃતિ સુધીના ઉદીરણાસ્થાનો છે, ૮મા ગુણઠાણે ૪ પ્રકૃતિથી ૬ પ્રકૃતિ સુધીના ઉદીરણાસ્થાનો છે. (૨૩)

**अनियट्टिम्मि दुगेगं, लोभो तणुरागेगो चउवीसा ।**
**एक्कगछक्केक्कारस, दस सत्त चउक्क एक्काओ ॥२४॥**

મોહનીયના ૯મા ગુણઠાણે ૨ પ્રકૃતિના અને ૧ પ્રકૃતિના ઉદીરણાસ્થાનો છે, ૧૦મા ગુણઠાણે સંજ્વલન સૂક્ષ્મ લોભની

ઉદીરણા થાય છે. ૧૦ પ્રકૃતિઓની ઉદીરણાની ૧ ચોવીશી છે, ૯ પ્રકૃતિઓની ઉદીરણાની ૬ ચોવીશી છે, ૮ પ્રકૃતિઓની ઉદીરણાની ૧૧ ચોવીશી છે, ૭ પ્રકૃતિઓની ઉદીરણાની ૧૦ ચોવીશી છે, ૬ પ્રકૃતિઓની ઉદીરણાની ૭ ચોવીશી છે, ૫ પ્રકૃતિઓની ઉદીરણાની ૪ ચોવીશી છે, ૪ પ્રકૃતિઓની ઉદીરણાની ૧ ચોવીશી છે. (૨૪)

**एगबियाला पण्णाइ, सत्तपण्णत्ति गुणिसु नामस्स ।**
**नव सत्त तिन्नि अट्ठ य, छप्पंच य अप्पमत्ते दो ॥२५॥**

૪૧ પ્રકૃતિનું, ૪૨ પ્રકૃતિનું, ૫૦ પ્રકૃતિથી ૫૭ પ્રકૃતિના નામકર્મના ઉદીરણાસ્થાનો છે. ૧લા ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધી નામકર્મના ઉદીરણાસ્થાનો ક્રમશઃ આ પ્રમાણે છે - ૯, ૭, ૩, ૮, ૬ અને ૫. અપ્રમત્તસંયત ગુણઠાણે નામકર્મના ૨ ઉદીરણાસ્થાનો છે. (૨૫)

**एगं पंचसु एक्कम्मि, अट्ठ ठाणक्कमेण भंगा वि ।**
**एक्कग तीसेक्कारस, इगवीस सबार तिसए य ॥२६॥**

**इगवीसा छच्च सया छहि, अहिया नवसया य एगहिया ।**
**अउणुत्तराणि चउदस, सयाणि गुणनउइ पंचसया ॥२७॥**

એક ઉદીરણાસ્થાન (૫૬નું) પાંચ ગુણઠાણે છે. એક ગુણઠાણે (૧૩મા ગુણઠાણે) ૮ ઉદીરણાસ્થાનો છે. ઉદીરણાસ્થાનોના ભાંગાઓ ક્રમશઃ આ પ્રમાણે છે - ૧, ૩૦, ૧૧, ૨૧, ૩૧૨, ૨૧, ૬૦૬, ૯૦૧, ૧,૪૬૯, ૫૮૯. (૨૬-૨૭)

**पण नव नवगछक्काणि, गइसु ठाणाणि सेसकम्माणं ।**
**एगेगमेव णेयं, साहित्तेगेगपगई उ ॥२८॥**

ચાર ગતિઓમાં ૫, ૯, ૯, ૬ ઉદીરણાસ્થાનો છે. શેષકર્મોના ૧-૧ ઉદીરણાસ્થાનો ૧-૧ પ્રકૃતિના ઉદીરણાના સ્વામિત્વમાંથી નક્કી કરીને જાણવા. (૨૮)

**संपत्तिए य उदए, पओगओ दिस्सए उईरणा सा ।**
**सेचीकाठिइहिंतो, जाहिंतो तत्तिगा एसा ॥२९॥**

ઉદીરણાપ્રયોગથી જે સ્થિતિ સંપ્રાપ્તિઉદયમાં નંખાયેલી દેખાય છે તે સ્થિતિઉદીરણા છે. જેટલી સેચીકાસ્થિતિમાંથી સ્થિતિને ખેંચીને સંપ્રાપ્તિઉદયમાં અપાય છે તેટલા સ્થિતિ-ઉદીરણાના ભેદ છે. (૨૯)

**मूलठिई अजहन्ना, मोहस्स चउव्विहा तिहा सेसा ।**
**वेयणियाऊण दुहा, सेसविगप्पा य सव्वासिं ॥३०॥**

મૂળપ્રકૃતિઓમાં અજઘન્ય સ્થિતિઉદીરણા મોહનીયની ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે, શેષ કર્મોની ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે, વેદનીય-આયુષ્યની બે પ્રકારની (સાદિ, અધ્રુવ) છે. બધી પ્રકૃતિઓના શેષ વિકલ્પો (જઘન્ય સ્થિતિઉદીરણા, ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા, અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા) બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. (૩૦)

**मिच्छत्तस्स चउद्धा, अजहन्ना धुवउदीरणाण तिहा ।**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥३१॥**

મિથ્યાત્વમોહનીયની અજઘન્ય સ્થિતિઉદીરણા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. ધ્રુવોદીરણા પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિઉદીરણા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. આ પ્રકૃતિઓના શેષ વિકલ્પો (જઘન્ય સ્થિતિઉદીરણા, ઉત્કૃષ્ટ

સ્થિતિઉદીરણા, અનુત્કૃષ્ટ સ્થિતિઉદીરણા) અને શેષ પ્રકૃતિઓના બધા વિકલ્પો બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. (૩૧)

**अद्धाच्छेओ सामित्तं पि य, ठिइसंकमे जहा नवरं ।**
**तव्वेइसु निरयगईए वा, तिसु हिट्ठिमखिईसु ॥३२॥**

અદ્ધાચ્છેદ અને સ્વામિત્વ સ્થિતિસંક્રમની જેમ અહીં પણ જાણવા, પણ તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવોને તેમની સ્થિતિઉદીરણા થાય છે. નરકગતિ અને નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા નીચેની ત્રણ નરકોમાં હોય છે. (૩૨)

**देवगतिदेवमणुयाणुपुव्वी-आयावविगलसुहुमतिगे ।**
**अंतोमुहुत्तभग्गा, तावइऊणं तदुक्कस्सं ॥३३॥**

તે તે પ્રકૃતિના ઉદયવાળા ઉત્કૃષ્ટ સ્થિતિબંધાધ્યવસાયથી પડીને અંતર્મુહૂર્ત પછીના જીવો દેવગતિ, દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, આતપ, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ અને સૂક્ષ્મ ૩ની અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા કરે છે. (૩૩)

**तित्थयरस्स य, पल्लासंखिज्जइमे जहन्नगे इत्तो ।**
**थावरजहन्नसंतेण, समं अहिगं व बंधंतो ॥३४॥**

**गंतूणावलिमित्तं, कसायबारसगभयदुगंच्छाणं ।**
**निद्दाइपंचगस्स य, आयावुज्जोयनामस्स ॥३५॥**

જિનનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે. હવે જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામી કહેવાય છે. જઘન્ય સ્થિતિસત્તાની સમાન કે અધિક સ્થિતિ બાંધતો સ્થાવર જીવ બંધાવલિકા વીત્યા પછી પહેલા ૧૨ કષાય, ભય, જુગુપ્સા, નિદ્રા ૫, આતપ, ઉદ્યોત = ૨૧ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. (૩૪-૩૫)

**एगिंदियजोग्गाणं, इयरा बंधित्तु आलिगं गंतुं ।**
**एगिंदियागए तट्ठिईए, जाईणमवि एवं ॥३६॥**

પ્રતિપક્ષી પ્રકૃતિઓ બાંધીને એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધીને બંધાવલિકા પસાર કરીને તેના ચરમ સમયે એકેન્દ્રિયમાં આવેલો જીવ એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિઓની તેટલી સ્થિતિની જઘન્ય સ્થિતિ-ઉદીરણા કરે છે. બેઈન્દ્રિયજાતિ વગેરેની જઘન્ય સ્થિતિઉદીરણા પણ આ પ્રમાણે જાણવી. (૩૬)

**वेयणियनोकसाया-ऽसमत्तसंघयणपंच-नीयाणं ।**
**तिरियदुगअयस-दूभगणाइज्जाणं च सन्निगए ॥३७॥**

સાતા, અસાતા, હાસ્ય ૪, અપર્યાપ્ત, છેલ્લા ૫ સંઘયણ, નીચગોત્ર, તિર્યંચ ૨, અયશ, દુર્ભગ, અનાદેય = ૧૮ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિઉદીરણા સંજ્ઞી પંચેન્દ્રિય કરે છે. (૩૭)

**अमणागयस्स चिरठिइअंते, सुरनरयगइउवंगाणं ।**
**अणुपुव्वी तिसमइगे, नराण एगिंदियागयगे ॥३८॥**

અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી આવેલ દેવ-નારક પોતાના આયુષ્યની દીર્ઘસ્થિતિને અંતે દેવગતિ, નરકગતિ અને વૈક્રિય અંગોપાંગની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. અસંજ્ઞી પંચેન્દ્રિય વિગ્રહગતિથી દેવગતિ-નરકગતિમાં આવે ત્યારે તેને વિગ્રહગતિના ત્રીજા સમયે દેવાનુપૂર્વી-નરકાનુપૂર્વીની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. એકેન્દ્રિયમાંથી વિગ્રહગતિથી મનુષ્યમાં આવનારને વિગ્રહગતિના ત્રીજા સમયે મનુષ્યાનુપૂર્વીની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. (૩૮)

**समयाहिगालिगाए, पढमठिईए उ सेसवेलाए ।**
**मिच्छत्ते वेएसु य, संजलणासु वि य समत्ते ॥३९॥**

પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ શેષ હોય ત્યારે મિથ્યાત્વમોહનીય, વેદ ૩, સંજ્વલન ૪ અને સમ્યક્ત્વ મોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. (૩૯)

**पल्लासंखियभागूणुदही एगिंदियागए मिस्से ।**
**बेसत्तभागवेउव्वियाइ, पवणस्स तस्संते ॥४०॥**

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ન્યૂન ૧ સાગરોપમની મિશ્રમોહનીયની સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિયમાંથી સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવેલો જીવ મિશ્રમોહનીયની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ન્યૂન $\frac{2}{7}$ સાગરોપમની વૈક્રિય ૬ની સ્થિતિસત્તાવાળો બાદર વાયુકાય ઘણીવાર વૈક્રિયશરીર કરીને છેલ્લી વાર વૈક્રિયશરીર કરે તેના ચરમ સમયે વૈક્રિય ૬ની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. (૪૦)

**चउरुवसमेत्तु पेज्जं, पच्छा मिच्छं खवेत्तु तेत्तीसा ।**
**उक्कोससंजमद्धा, अंते सुतणूउवंगाणं ॥४१॥**

ચાર વાર મોહનીયનો ઉપશમ કરીને પછી દર્શન ૩નો ક્ષય કરીને ૩૩ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય. ત્યાંથી મનુષ્યમાં આવી ઉત્કૃષ્ટ કાળ સુધી સંયમ પાળી તેને અંતે આહારક શરીર અને આહારક અંગોપાંગની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. (૪૧)

**छउमत्थखीणरागे, चउदस समयाहिगालिगठिईए ।**
**सेसाणुदीरणंते, भिन्नमुहुत्तो ठिईकालो ॥४२॥**

૧૨મા ગુણઠાણાવાળા જીવને સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ બાકી હોય ત્યારે ૧૪ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ ૫,

દર્શનાવરણ ૪, અંતરાય ૫) ની જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. શેષ પ્રકૃતિઓની ઉદીરણાને અંતે અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિકાળવાળી જઘન્ય સ્થિતિઉદીરણા થાય છે. (૪૨)

**अणुभागुदीरणाए, सन्ना य सुभासुभा विवागो य ।**
**अणुभागबंधभणिया, नाणत्तं पच्चया चेमे ॥४३॥**

રસઉદીરણામાં સંજ્ઞા, શુભ-અશુભ અને વિપાકની પ્રરૂપણા રસબંધમાં કહ્યા પ્રમાણે જાણવી. જે વિશેષ છે તે અને આ ઉદીરણાના પ્રત્યયો કહેવાય છે. (૪૩)

**मीसं दुट्ठाणे सव्वघाइ, दुट्ठाणएगठाणे य ।**
**सम्मत्तमंतरायं च, देसघाई अचक्खू य ॥४४॥**

મિશ્રમોહનીયના ૨ ઠાણિયા અને સર્વઘાતી રસની ઉદીરણા થાય છે. સમ્યક્ત્વમોહનીય, અંતરાય ૫ અને અચક્ષુદર્શનાવરણની ૨ ઠાણિયા-૧ ઠાણિયા અને દેશઘાતી રસની ઉદીરણા થાય છે. (૪૪)

**ठाणेसु चउसु अपुमं, दुट्ठाणे कक्खडं च गुरुकं च ।**
**अणुपुव्वीओ तीसं, नरतिरिएगंतजोग्गा य ॥४५॥**

નપુંસકવેદની ૪ ઠાણિયા, ૩ ઠાણિયા, ૨ ઠાણિયા, ૧ ઠાણિયા રસની ઉદીરણા થાય છે. કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ, આનુપૂર્વી ૪ અને એકાંતે મનુષ્ય-તિર્યંચ યોગ્ય ૩૦ પ્રકૃતિઓ (મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યગતિ, તિર્યંચગતિ, જાતિ ૪, ઔદારિક ૭, મધ્યમ ૪ સંસ્થાન, સંઘયણ ૬, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ)ની ૨ ઠાણિયા રસની ઉદીરણા થાય છે. (૪૫)

**वेया एगट्ठाणे, दुट्ठाणे वा अचक्खुचक्खू य ।**
**जस्सऽत्थि एगमवि, अक्खरं तु तस्सेगठाणाणि ॥४६॥**

સ્ત્રીવેદ, પુરુષવેદ, અચક્ષુદર્શનાવરણ અને ચક્ષુદર્શનાવરણની ૧ ઠાણિયા અને ૨ ઠાણિયા રસની ઉદીરણા થાય છે. જેને એક પણ અક્ષરનું બધા પર્યાયો સહિત જ્ઞાન હોય છે તે શ્રુતકેવલીને (મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, અવધિ-દર્શનાવરણની) ૧ ઠાણિયા રસની ઉદીરણા થાય છે. (૪૬)

**मणनाणं सेससमं, मीसगसम्मत्तमवि य पावेसु ।**
**छट्ठाणवडियहीणा, संतुक्कस्सा उदीरणया ॥४७॥**

મનઃપર્યવજ્ઞાનાવરણની રસઉદીરણા શેષ કર્મોની સમાન (એટલે કે ૪ ઠાણિયા, ૩ ઠાણિયા, ૨ ઠાણિયા રસની) છે. મિશ્ર-મોહનીય અને સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિઓ રસઉદીરણાને આશ્રયી પાપકર્મોમાં જાણવી. ષટ્સ્થાનપતિતહીન રસસત્તા હોય ત્યારે પણ ઉત્કૃષ્ટ રસઉદીરણા થાય છે. (૪૭)

**विरियंतरायकेवल-दंसणमोहणीयणाणवरणाणं ।**
**असमत्तपज्जएसुं य, सव्वदव्वेसु उ विवागो ॥४८॥**

વીર્યાંતરાય, કેવળદર્શનાવરણ, મોહનીય ૨૮, જ્ઞાનાવરણ ૫ = ૩૫ પ્રકૃતિઓનો વિપાક અસમસ્તપર્યાયોમાં અને સર્વદ્રવ્યોમાં છે. (૪૮)

**गुरुलघुगाऽणंतपएसिएसु, चक्खुस्स रूविदव्वेसु ।**
**ओहिस्स गहणधारण-जोग्गे सेसंतरायाणं ॥४९॥**

ચક્ષુદર્શનાવરણનો વિપાક ગુરુલઘુ સ્પર્શવાળા અનંતપ્રદેશવાળા સ્કંધોને વિષે થાય છે. અવધિદર્શનાવરણનો વિપાક રૂપીદ્રવ્યોને

વિષે થાય છે. શેષ અંતરાયોનો વિપાક ગ્રહણધારણયોગ્ય પુદ્ગલદ્રવ્યોને વિષે થાય છે. (૪૯)

**वेउव्वियतेयग-कम्मवन्नरसगंधनिद्धलुक्खाओ ।**
**सीउण्हथिरसुभेयर, अगुरुलघुगो य नरतिरिए ॥५०॥**

વૈક્રિય ૭, તૈજસ ૭, વર્ણ ૫, રસ ૫, ગંધ ૨, સ્નિગ્ધસ્પર્શ, રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરુલઘુ = ૩૫ પ્રકૃતિઓની રસઉદીરણા મનુષ્યો-તિર્યંચોને પરિણામપ્રત્યય છે. (૫૦)

**चउरंसमउयलहुगा, परघाउज्जोयइट्ठखगइसरा ।**
**पत्तेगतणू उत्तरतणूसु, दोसु वि य तणू तइया ॥५१॥**

સમચતુરસ્રસંસ્થાન, મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ, પરાઘાત, ઉદ્યોત, શુભવિહાયોગતિ, સુસ્વર, પ્રત્યેક = ૮ પ્રકૃતિઓની રસઉદીરણા ઉત્તરવૈક્રિયશરીરમાં અને આહારકશરીરમાં પરિણામપ્રત્યય છે. આહારકશરીર (આહારક ૭)ની રસઉદીરણા ગુણપરિણામપ્રત્યય છે. (૫૧)

**देसविरयविरयाणं, सुभगाएज्जजसकित्तिउच्चाणं ।**
**पुव्वाणुपुव्विगाए, असंखभागो थियाईणं ॥५२॥**

સુભગ, આદેય, યશ, ઉચ્ચગોત્રની અને સ્ત્રીવેદ વગેરે ૯ નોકષાયોના પૂર્વાનુપૂર્વીથી અસંખ્યાતમા ભાગના રસસ્પર્ધકોની રસઉદીરણા દેશવિરત અને વિરતને ગુણપરિણામપ્રત્યય છે. (૫૨)

**तित्थयरं घाईणि य, परिणामपच्चयाणि सेसाओ ।**
**भवपच्चइया पुव्वुत्ता, वि य पुव्वुत्तसेसाणं ॥५३॥**

જિનનામકર્મ અને ઘાતી પ્રકૃતિઓની (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, નોકષાય સિવાયની મોહનીયની ૧૯, અંતરાય ૫ = ૩૮ પ્રકૃતિઓની) રસઉદીરણા મનુષ્યો-તિર્યંચોને પરિણામપ્રત્યય છે. શેષ પ્રકૃતિઓની રસઉદીરણા ભવપ્રત્યય છે. પૂર્વે કહેલી પ્રકૃતિઓની રસઉદીરણા પૂર્વે કહેલા જીવો સિવાયના જીવોને ભવપ્રત્યય છે. (૫૩)

**घाईणं अजहन्ना, दोण्हमणुक्कोसिया य तिविहाओ ।**
**वेयणिएणुक्कोसा, अजहन्ना मोहणीए उ ॥५४॥**

**साइअणाई धुवा अधुवा य, तस्सेसगा य दुविगप्पा ।**
**आउस्स साइ अधुवा, सव्वविगप्पा उ विन्नेया ॥५५॥**

ઘાતી પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય)ની અજઘન્ય રસઉદીરણા અને બે પ્રકૃતિઓ (નામ, ગોત્ર)ની અનુત્કૃષ્ટ રસઉદીરણા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. વેદનીયની અનુત્કૃષ્ટ રસઉદીરણા અને મોહનીયની અજઘન્ય રસઉદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે. તે બધી પ્રકૃતિઓના શેષ વિકલ્પો બે વિકલ્પવાળા (સાદિ, અધ્રુવ) છે. આયુષ્યના બધા વિકલ્પો સાદિ અને અધ્રુવ જાણવા. (૫૪-૫૫)

**मउलहुगाणुक्कोसा, चउव्विहा तिण्हमवि य अजहन्ना**
**णाइगधुवा य अधुवा, वीसाए होयणुक्कोसा ॥५६॥**

મૃદુસ્પર્શ અને લઘુસ્પર્શની અનુત્કૃષ્ટ રસઉદીરણા અને ત્રણ પ્રકૃતિઓ (મિથ્યાત્વમોહનીય, ગુરુસ્પર્શ, કર્કશસ્પર્શ)ની અજઘન્ય રસઉદીરણા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. ૨૦ પ્રકૃતિઓ (તૈજસ ૭, મૃદુસ્પર્શ-લઘુસ્પર્શ વિના શુભવર્ણાદિ ૯, સ્થિર, શુભ, નિર્માણ, અગુરુલઘુ)ની અનુત્કૃષ્ટ રસઉદીરણા અનાદિ, ધ્રુવ, અધ્રુવ છે. (૫૬)

**तेवीसाए अजहन्ना वि य, एयासि सेसगविगप्पा ।**
**सव्वविगप्पा सेसाण वावि, अधुवा य साई य ॥५७॥**

૨૩ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, કર્કશસ્પર્શ-ગુરુસ્પર્શ સિવાયના અશુભવર્ણાદિ ૭, અસ્થિર, અશુભ, અંતરાય ૫)ની અજઘન્ય રસઉદીરણા પણ અનાદિ, ધ્રુવ, અધ્રુવ છે. આ પ્રકૃતિઓના શેષવિકલ્પો અને શેષપ્રકૃતિઓના સર્વ વિકલ્પો સાદિ અને અધ્રુવ છે. (૫૭)

**दाणाइअचक्खूणं, जिट्ठा आइम्मि हीणलद्धिस्स ।**
**सुहुमस्स चक्खुणो पुण, तेइंदियसव्वपज्जत्ते ॥५८॥**

દાનાદિ (૫ અંતરાય) અને અચક્ષુદર્શનાવરણની ઉત્કૃષ્ટ રસઉદીરણા દાનાદિની અને અચક્ષુદર્શનની સર્વથી અલ્પ લબ્ધિવાળા સૂક્ષ્મ એકેન્દ્રિયને પહેલા સમયે હોય છે. ચક્ષુદર્શનાવરણની ઉત્કૃષ્ટ રસઉદીરણા સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત તેઈન્દ્રિય (પર્યાપ્તિના ચરમ સમયે) કરે છે. (૫૮)

**निद्दाइपंचगस्स य, मज्झिमपरिणामसंकिलिट्ठस्स ।**
**अपुमादिअसायाणं, निरए जेट्ठाठिइसमत्तो ॥५९॥**

નિદ્રા વગેરે ૫ની ઉત્કૃષ્ટ રસઉદીરણા મધ્યમપરિણામવાળા તત્પ્રાયોગ્યસંક્લેશવાળા (સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત) જીવો કરે છે. નપુંસકવેદ વગેરે (નપુંસકવેદ, અરતિ, શોક, ભય, જુગુપ્સા) અને અસાતાની ઉત્કૃષ્ટ રસઉદીરણા ઉત્કૃષ્ટસ્થિતિવાળો સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત નારક કરે છે. (૫૯)

**पंचिंदियतसबायर-पज्जत्तगसायसुस्सरगईणं ।**
**वेउव्वुस्सासाणं देवो, जेट्ठट्ठिइसमत्तो ॥६०॥**

પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સાતા, સુસ્વર, દેવગતિ, વૈક્રિય ૭, ઉચ્છ્વાસ = ૧૫ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા ઉત્કૃષ્ટ સ્થિતિવાળો સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત દેવ કરે છે. (૬૦)

**सम्मत्तमीसगाणं, से काले गहिहिइत्ति मिच्छत्तं ।**
**हासरईणं सहस्सा-रगस्स पज्जत्तदेवस्स ॥६१॥**

પછીના સમયે મિથ્યાત્વ પામનાર (સર્વસંક્લિષ્ટ) જીવ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે. સહસ્રાર દેવલોકનો પર્યાપ્તદેવ હાસ્ય-રતિની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે. (૬૧)

**गइहुंडुवघायाणिट्ठ-खगइनीयाण दुह( ग )चउक्कस्स ।**
**निरउक्कस्ससमत्ते असमत्ताए नरस्संते ॥६२॥**

નરકગતિ, હુંડકસંસ્થાન, ઉપઘાત, અશુભવિહાયોગતિ, નીચગોત્રની અને દુર્ભગ ૪ની ઉત્કૃષ્ટ રસઉદીરણા ઉત્કૃષ્ટ સ્થિતિવાળો સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત નારક કરે છે. અપર્યાપ્તની ઉત્કૃષ્ટ રસઉદીરણા અપર્યાપ્ત મનુષ્ય ચરમ સમયે કરે છે. (૬૨)

**कक्खडगुरुसंघयणात्थी-पुमसंठाणतिरियनामाणं ।**
**पंचिंदिओ तिरिक्खो, अट्ठमवासेऽट्ठवासाऊ ॥६३॥**

કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ, છેલ્લા ૫ સંઘયણ, સ્ત્રીવેદ, પુરુષવેદ, મધ્યમ ૪ સંસ્થાન, તિર્યંચગતિની ઉત્કૃષ્ટ રસઉદીરણા ૮ વર્ષના આયુષ્યવાળો પંચેન્દ્રિય તિર્યંચ ૮મા વર્ષે કરે છે. (૬૩)

**मणुओरालियवज्जरिसहाण, मणुओ तिपल्लपज्जत्तो ।**
**नियगठिईउक्कोसो, पज्जत्तो आउगाणं पि ॥६४॥**

મનુષ્યગતિ, ઔદારિક ૭, ૧લુ સંઘયણ = ૯ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા ૩ પલ્યોપમના આયુષ્યવાળો સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત મનુષ્ય કરે છે. આયુષ્યની ઉત્કૃષ્ટ રસઉદીરણા પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિવાળો સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત જીવ કરે છે. (૬૪)

**हस्सट्ठिइ पज्जत्ता, तन्नामा विगलजाइसुहुमाणं ।**
**थावरनिगोयएगिंदिया-णमवि बायरो नवरिं ॥६५॥**

બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ અને સૂક્ષ્મની ઉત્કૃષ્ટ રસઉદીરણા જઘન્યસ્થિતિવાળા સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત તે તે નામવાળા જીવો કરે છે. સ્થાવર, સાધારણ, એકેન્દ્રિયની ઉત્કૃષ્ટ રસઉદીરણા જઘન્યસ્થિતિવાળા સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત બાદર એકેન્દ્રિય કરે છે. (૬૫)

**आहारतणू पज्जत्तगो य, चउरंसमउयलहुगाणं ।**
**पत्तेयखगइपरघाया-ऽऽहारतणूण य विसुद्धो ॥६६॥**

સમચતુરસ્રસંસ્થાન, મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ, પ્રત્યેક, શુભવિહાયોગતિ, પરાઘાત, આહારક ૭ = ૧૩ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત સર્વવિશુદ્ધ આહારકશરીરી સંયત કરે છે. (૬૬)

**उत्तरवेउव्विजई, उज्जोवस्सायवस्स खरपुढवी ।**
**नियगगईणं भणिया, तइए समएऽणुपुव्वीणं ॥६७॥**

ઉદ્યોતની ઉત્કૃષ્ટ રસઉદીરણા ઉત્તરવૈક્રિયશરીરી યતિ કરે છે. આતપની ઉત્કૃષ્ટ રસઉદીરણા ખરબાદરપૃથ્વીકાય કરે છે. પોતાની ગતિના ત્રીજા સમયે રહેલા જીવો આનુપૂર્વીની ઉત્કૃષ્ટ રસઉદીરણા કરે છે. (૬૭)

**जोगंते सेसाणं, सुभाणमियरासि चउसु वि गईसु ।**
**पज्जत्तुक्कडमिच्छस्सोहीण-मणोहिलद्धिस्स ॥६८॥**

શેષ શુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા સયોગીકેવલીને અંતે થાય છે. અશુભપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસઉદીરણા ચારે ગતિમાં રહેલ સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત ઉત્કૃષ્ટ સંક્લેશવાળા મિથ્યાદષ્ટિ જીવને થાય છે. અવધિજ્ઞાનાવરણ-અવધિદર્શનાવરણની ઉત્કૃષ્ટ રસઉદીરણા અવધિલબ્ધિરહિત તે જ જીવને થાય છે. (૬૮)

**सुयकेवलिणो मइसुय-चक्खुअचक्खूणुदीरणा मंदा ।**
**विपुलपरमोहिगाणं, मणणाणोहीदुगस्सावि ॥६९॥**

મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુદર્શનાવરણ, ચક્ષુદર્શનાવરણની જઘન્ય રસઉદીરણા શ્રુતકેવલીને થાય છે. વિપુલમતિમનઃપર્યવજ્ઞાની અને પરમાવધિજ્ઞાનીને ક્રમશઃ મનઃપર્યવજ્ઞાનાવરણ અને અવધિજ્ઞાનાવરણ-અવધિદર્શનાવરણની જઘન્ય રસઉદીરણા થાય છે. (૬૯)

**खवणाए विग्घकेवल-संजलणाण य सनोकसायाणं ।**
**सयसयउदीरणंते, निद्दापयलाणमुवसंते ॥७०॥**

અંતરાય ૫, કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, સંજ્વલન ૪ અને નોકષાય ૯ની જઘન્ય રસઉદીરણા ક્ષપણા કરનાર જીવ પોતપોતાની ઉદીરણાને અંતે કરે છે. નિદ્રા અને પ્રચલાની જઘન્ય રસઉદીરણા ૧૧મા ગુણઠાણે થાય છે. (૭૦)

**निद्दानिद्दाईणं, पमत्तविरए विसुज्झमाणम्मि ।**
**वेयगसम्मत्तस्स उ, सगखवणोदीरणाचरमे ॥७१॥**

નિદ્રાનિદ્રા વગેરે ત્રણ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા વિશુદ્ધ

થતા (અપ્રમત્તાભિમુખ) પ્રમત્તસંયતને થાય છે. સમ્યક્ત્વમોહનીયની જઘન્ય રસઉદીરણા પોતાની ક્ષપણા થાય ત્યારે ચરમઉદીરણા વખતે થાય છે. (૭૧)

**से काले सम्मत्तं, ससंजमं गिण्हओ य तेरसगं ।**
**सम्मत्तमेव मीसे, आऊण जहन्नगठिईसु ॥७२॥**

પછીના સમયે સમ્યક્ત્વ સહિત સંયમ ગ્રહણ કરનાર ૧૩ પ્રકૃતિઓ (મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪) ની જઘન્ય રસઉદીરણા કરે છે. પછીના સમયે સમ્યક્ત્વ પામનાર મિશ્રદૃષ્ટિ મિશ્રમોહનીયની જઘન્ય રસઉદીરણા કરે છે. આયુષ્યની જઘન્ય રસઉદીરણા જઘન્યસ્થિતિવાળા જીવો કરે છે. (૭૨)

**पोग्गलविवागियाणं, भवाइसमये विसेसमवि चासिं ।**
**आइतणूणं दोण्हं, सुहुमो वाऊ य अप्पाऊ ॥७३॥**

પુદ્ગલવિપાકી પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા ભવના પહેલા સમયે થાય છે. એમની જઘન્ય રસઉદીરણાનો વિશેષ પણ છે - પહેલા બે શરીર (ઔદારિક ૭, વૈક્રિય ૭)ની જઘન્ય રસઉદીરણા જઘન્યસ્થિતિવાળા ક્રમશઃ સૂક્ષ્મ વાયુકાય અને બાદર વાયુકાય કરે છે. (૭૩)

**बेइंदिय अप्पाउग निरय, चिरट्ठिई असन्निणो वावि ।**
**अंगोवंगाणाहारगाइ, जइणोऽप्पकालम्मि ॥७४॥**

જઘન્યસ્થિતિવાળો બેઈન્દ્રિય ઔદારિક અંગોપાંગની જઘન્ય રસઉદીરણા કરે છે. અસંજ્ઞી પંચેન્દ્રિય ઉત્કૃષ્ટસ્થિતિવાળો નારક થઈને વૈક્રિય અંગોપાંગની જઘન્ય રસઉદીરણા કરે છે. આહારક

૭ની જઘન્ય રસઉદીરણા આહારક શરીર કરતા યતિને પ્રથમ સમયે થાય છે. (૭૪)

**अमणो चउरंससुभाण-प्पाऊ सगच्चिरट्ठिई सेसे ।**
**संघयणाण य मणुओ, हुंडुवघायाणमवि सुहुमो ॥७५॥**

જઘન્યસ્થિતિવાળો અસંજ્ઞી પંચેન્દ્રિય સમચતુરસ્રસંસ્થાન અને વજ્રઋષભનારાચસંઘયણની જઘન્ય રસઉદીરણા કરે છે. પોતાની ઉત્કૃષ્ટસ્થિતિવાળો અસંજ્ઞી પંચેન્દ્રિય હુંડક સિવાયના શેષ સંસ્થાનોની જઘન્ય રસઉદીરણા કરે છે. પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય મધ્યમ ૪ સંઘયણની જઘન્ય રસઉદીરણા કરે છે. હુંડકસંસ્થાન અને ઉપઘાતની જઘન્ય રસઉદીરણા દીર્ઘસ્થિતિવાળો સૂક્ષ્મ એકેન્દ્રિય કરે છે. (૭૫)

**सेवट्टस्स बिइंदिय, बारसवासस्स मउयलहुगाणं ।**
**सन्निविसुद्धाऽणाहारगस्स, वीसा अइकिलिट्ठो ॥७६॥**

૧૨ વર્ષના આયુષ્યવાળા બેઈન્દ્રિયને સેવાર્તસંઘયણની જઘન્ય રસઉદીરણા થાય છે. મૃદુસ્પર્શ અને લઘુસ્પર્શની જઘન્ય રસઉદીરણા વિશુદ્ધ અનાહારક સંજ્ઞી પંચેન્દ્રિયને થાય છે. ૨૦ પ્રકૃતિઓ (તૈજસ ૭, મૃદુસ્પર્શ-લઘુસ્પર્શ સિવાયના શુભવર્ણાદિ ૯, અગુરુલઘુ, સ્થિર, શુભ, નિર્માણ)ની જઘન્ય રસઉદીરણા વિગ્રહગતિમાં રહેલ અતિસંક્લિષ્ટ અનાહારક મિથ્યાદૃષ્ટિ કરે છે. (૭૬)

**पत्तेयमुरालसमं, इयरं हुंडेण तस्स परघाओ ।**
**अप्पाउस्स य आया-वुज्जोयाणमवि तज्जोगो ॥७७॥**

પ્રત્યેકની જઘન્ય રસઉદીરણાના સ્વામી ઔદારિક શરીરની જઘન્ય રસઉદીરણાના સ્વામીની સમાન છે. સાધારણની જઘન્ય

રસઉદીરણાના સ્વામી હુંડક સંસ્થાનની જઘન્ય રસઉદીરણાના સ્વામીની સમાન છે. જઘન્ય આયુષ્યવાળા તે સૂક્ષ્મએકેન્દ્રિયને પરાઘાતની જઘન્ય રસઉદીરણા થાય છે. આતપ અને ઉદ્યોતની જઘન્ય રસઉદીરણા તેને યોગ્ય પૃથ્વીકાય કરે છે. (૭૭)

**जा नाउज्जियकरणं, तित्थगरस्स नवगस्स जोगंते ।**
**कक्खडगुरूण मंथे, नियत्तमाणस्स केवलिणो ॥७८॥**

જિનનામકર્મની જઘન્ય રસઉદીરણા તીર્થંકરને જ્યાં સુધી આયોજિકાકરણ શરૂ ન કરે ત્યાં સુધી થાય છે. ૯ પ્રકૃતિઓ (નીલવર્ણ, કૃષ્ણવર્ણ, દુરભિગંધ, તિક્તરસ, કટુરસ, શીતસ્પર્શ, રૂક્ષસ્પર્શ, અસ્થિર, અશુભ)ની જઘન્ય રસઉદીરણા સયોગી કેવળીને ચરમસમયે થાય છે. કર્કશસ્પર્શ અને ગુરુસ્પર્શની જઘન્ય રસઉદીરણા કેવલીસમુદ્ઘાતથી પાછા ફરતા મંથાનમાં વર્તતા જીવને થાય છે. (૭૮)

**सेसाण पगइवेई, मज्झिमपरिणामपरिणओ होज्जा ।**
**पच्चयसुभासुभा वि य, चिंतिय नेओ विवागे य ॥७९॥**

શેષ પ્રકૃતિઓની જઘન્ય રસઉદીરણા તે તે પ્રકૃતિઓના ઉદયવાળા મધ્યમપરિણામવાળા જીવો કરે છે. પ્રકૃતિઓના પ્રત્યય, શુભપણું, અશુભપણું અને વિપાક વિચારીને તેમના જઘન્ય રસઉદીરણાના અને ઉત્કૃષ્ટ રસઉદીરણાના સ્વામી જાણવા. (૭૯)

**पंचण्हमणुक्कोसा, तिहा पएसे चउव्विहा दोण्हं ।**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य आउस्स ॥८०॥**

પાંચ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાય)ની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ,

અધ્રુવ) છે. બે પ્રકૃતિઓ (વેદનીય, મોહનીય)ની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. આ પ્રકૃતિઓના શેષ વિકલ્પો અને આયુષ્યના બધા વિકલ્પો બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. (૮૦)

**मिच्छत्तस्स चउद्धा, सगयालाए तिहा अणुक्कोसा ।**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥८१॥**

મિથ્યાત્વમોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. ૪૭ ધ્રુવોદીરણા પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ત્રણ પ્રકારની (અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. આ પ્રકૃતિઓના શેષ વિકલ્પો અને શેષ પ્રકૃતિઓના સર્વવિકલ્પો બે પ્રકારના (સાદિ, અધ્રુવ) છે. (૮૧)

**अणुभागुदीरणाए, जहन्नसामी पएसजिट्ठाए ।**
**घाईणं अन्नयरो, ओहीण विणोहिलंभेणं ॥८२॥**

ઘાતીકર્મોના જઘન્ય રસઉદીરણાના સ્વામી એ તેમની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણાના સ્વામી છે, પણ તેઓ તે તે લબ્ધિવાળા હોય કે ન પણ હોય. અવધિજ્ઞાનાવરણ - અવધિદર્શનાવરણની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અવધિલબ્ધિ વિનાના જીવો કરે છે. (૮૨)

**वेयणियाणं गहिहिई, से काले अप्पमायमिय विरओ ।**
**संघयणपणगतणु-दुगउज्जोया अप्पमत्तस्स ॥८३॥**

પછીના સમયે અપ્રમત્તસંયમ ગ્રહણ કરનારો પ્રમત્તસંયત ચરમ સમયે સાતા-અસાતાની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે. પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, વૈક્રિય ૭, આહારક ૭, ઉદ્યોતની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અપ્રમત્તસંયત કરે છે. (૮૩)

**देवनिरयाउगाणं, जहन्नजेट्ठट्ठिई गुरुअसाए ।**
**इयराऊण वि अट्ठम-वासे णेयोऽट्ठवासाऊ ॥८४॥**

દેવાયુષ્ય અને નરકાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ઘણી અસાતાના ઉદયવાળા ક્રમશઃ જઘન્યસ્થિતિવાળા અને ઉત્કૃષ્ટ-સ્થિતિવાળા દેવ અને નારક કરે છે. તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા ૮ વર્ષના આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્યોને ૮મા વર્ષે થાય છે. (૮૪)

**एगंततिरियजोग्गा, नियगविसिट्ठेसु तह अपज्जत्ता ।**
**संमुच्छिममणुयंते, तिरियगई देसविरयस्स ॥८५॥**

એકાંતે તિર્યંચયોગ્ય પ્રકૃતિઓ (જાતિ ૪, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ = ૮ પ્રકૃતિઓ)ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા પોતાનાથી વિશિષ્ટ જીવો કરે છે. અપર્યાપ્તની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ મનુષ્યો ચરમસમયે કરે છે. તિર્યંચગતિની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા દેશવિરતને થાય છે. (૮૫)

**अणुपुव्विगइदुगाणं, सम्मद्दिट्ठी उ दुभगाइणं ।**
**नीयस्स य से काले, गहिहिइ विरइ त्ति सो चेव ॥८६॥**

૪ આનુપૂર્વી અને ૨ ગતિ (નરકગતિ, દેવગતિ)ની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા સમ્યગ્દષ્ટિ કરે છે. પછીના સમયે વિરતિ પામનારો તે જ અવિરતિસમ્યગ્દષ્ટિ દુર્ભગ વગેરે (દુર્ભગ, અનાદેય, અયશ)ની અને નીચગોત્રની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કરે છે. (૮૬)

**जोगंतुदीरगाणं, जोगंते सरदुगाणुपाणूणं ।**
**नियगंते केवलिणो, सव्वविसुद्धो य सव्वासिं ॥८७॥**

સયોગીકેવલીના ચરમ સમય સુધી જેમની ઉદીરણા થાય છે

એવી ૬૨ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા સયોગીકેવલીને ચરમ સમયે થાય છે. સ્વર ૨ અને ઉચ્છ્વાસની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા કેવલીને પોતપોતાના નિરોધ વખતે થાય છે. સર્વ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશઉદીરણા તે તે પ્રકૃતિઓની ઉદીરણા કરનારાઓમાંના સર્વવિશુદ્ધ જીવો કરે છે. (૮૭)

**तप्पगउदीरगति-संकिलिट्ठभावो उ सव्वपगईणं ।**
**नेयो जहन्नसामी, अणुभागुत्तो य तित्थयरे ॥८८॥**

સર્વપ્રકૃતિઓની જઘન્ય પ્રદેશઉદીરણાનો સ્વામી તે તે પ્રકૃતિની ઉદીરણા કરનારો અતિસંક્લિષ્ટ ભાવવાળો જીવ જાણવો. જિનનામકર્મની જઘન્ય રસઉદીરણાનો સ્વામી એ જ તેમની જઘન્ય પ્રદેશઉદીરણાનો સ્વામી જાણવો. (૮૮)

**ओहीणं ओहिजुए, अइसुहवेई य आउगाणं तु ।**
**पढमस्स जहन्नठिई, सेसाणुक्कोसगठिईसु ॥८९॥**

અવધિજ્ઞાનાવરણ-અવધિદર્શનાવરણની જઘન્ય પ્રદેશઉદીરણા અવધિલબ્ધિવાળો જીવ કરે છે. પહેલા આયુષ્યની (નરકાયુષ્યની) જઘન્યસ્થિતિવાળા અને શેષ આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિવાળા અતિસુખને અનુભવનારા જીવો તે તે આયુષ્યની જઘન્ય પ્રદેશઉદીરણા કરે છે. (૮૯)

**કર્મપ્રકૃતિના ઉદીરણાકરણના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત**

## કર્મપ્રકૃતિ

# ઉપશમનાકરણ

## પદાર્થસંગ્રહ

**ઉપશમનાકરણ :-** જે વીર્યવિશેષથી કર્મોને ઉદય, ઉદીરણાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણને અયોગ્ય બનાવાય તે ઉપશમનાકરણ કહેવાય છે.

ઉપશમના બે પ્રકારે છે -

(૧) **સર્વોપશમના :-** કર્મદલિકોની સર્વથા ઉપશમના કરવી તે સર્વોપશમના છે. તેને ગુણોપશમના અને પ્રશસ્તોપશમના પણ કહેવાય છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૧ની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૫૪** ઉપર આને ઉદયોપશમના પણ કહી છે. સર્વોપશમના મોહનીયકર્મની જ થાય છે.

(૨) **દેશોપશમના :-** કર્મદલિકોની દેશથી ઉપશમના કરવી તે દેશોપશમના છે. તેને અગુણોપશમના અને અપ્રશસ્તોપશમના પણ કહેવાય છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૧ની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૫૪ ઉપર** આને અનુદયોપશમના પણ કહી છે. તે બધા કર્મોની થાય છે.

સર્વોપશમના કરણકૃત જ હોય છે. દેશોપશમના કરણકૃત અને અકરણકૃત હોય છે.

(૧) **કરણકૃત ઉપશમના :-** યથાપ્રવૃત્તકરણ-અપૂર્વકરણ-અનિવૃત્તિ-કરણથી સાધ્ય ક્રિયાવિશેષ તે કરણ. તેનાથી કરાયેલ ઉપશમના તે કરણકૃત ઉપશમના છે.

(૨) **અકરણકૃત ઉપશમના :-** યથાપ્રવૃત્તકરણ વગેરે કરણોથી સાધ્ય ક્રિયાવિશેષ વિના પણ પર્વતની નદીમાં રહેલ પથ્થરની ગોળાઈ થવાના ન્યાયથી વેદના અનુભવવી વગેરે કારણો વડે જે ઉપશમના થાય છે તે અકરણકૃત ઉપશમના છે. આને અકરણોપશમના અને અનુદીર્ણોપશમના પણ કહેવાય છે. હાલ તેના અનુયોગનો વિચ્છેદ થયો છે.

અહીં કરણકૃત ઉપશમનાનો અધિકાર છે.

અહીં ૯ અધિકારો છે. તે આ પ્રમાણે -

(૧) પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર
(૨) દેશવિરતિલાભપ્રરૂપણા અધિકાર
(૩) સર્વવિરતિલાભપ્રરૂપણા અધિકાર
(૪) અનંતાનુબંધી ૪ વિસંયોજના અધિકાર
(૫) અનંતાનુબંધી ૪ ઉપશમના અધિકાર.
(૬) દર્શન ૩ ક્ષપણા અધિકાર
(૭) દર્શન ૩ ઉપશમના અધિકાર
(૮) ચારિત્રમોહનીય ઉપશમના અધિકાર
(૯) કરણકૃત દેશોપશમના અધિકાર.

## (૧) પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર

પ્રથમઉપશમસમ્યક્ત્વ પામનાર જીવ આવો હોય છે -

(૧) તે મિથ્યાદૃષ્ટિ હોય છે અને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય હોય છે.

(૨) તે ત્રણ લબ્ધિવાળો હોય છે. તે ત્રણ લબ્ધિ આ પ્રમાણે છે -

**(i) ઉપશમલબ્ધિ :-** કર્મને ઉપશાંત કરવાની શક્તિ તે ઉપશમલબ્ધિ છે.

(ii) **ઉપદેશશ્રવણલબ્ધિ** :- ઉપદેશ કરવાને સક્ષમ આચાર્ય વગેરેની પ્રાપ્તિ થવી અને ઉપદેશને સમજવાની તથા પરિણમાવવાની શક્તિ તે ઉપદેશશ્રવણલબ્ધિ છે.

(iii) **પ્રયોગલબ્ધિ** :- સમ્યક્ત્વપ્રાપ્તિ માટેના ત્રણ કરણો માટે જોઈતી મન, વચન અને કાયાના યોગોની લબ્ધિ તે પ્રયોગલબ્ધિ છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩ની ચૂર્ણિમાં પાના નં. ૩ ઉપર અને તેની મુનિચન્દ્રસૂરિ મહારાજકૃત ટિપ્પણ ૧માં પાના નં. ૩૮૭** ઉપર અહીં પ્રયોગલબ્ધિની બદલે પ્રાયોગ્યલબ્ધિ કહી છે. ટિપ્પણમાં તેનો અર્થ આ પ્રમાણ કર્યો છે - 'પ્રાયોગ્યની એટલે કે ઉપશમ પ્રત્યે અંતરંગ કારણભૂત અનુકંપા, અકામનિર્જરા વગેરેની લબ્ધિની પ્રાપ્તિ તે પ્રાયોગ્યલબ્ધિ છે.' આ લબ્ધિ ત્રણ કરણમાં કારણભૂત છે.

(૩) તે કરણકાળ પૂર્વે અંતર્મુહૂર્ત સુધી પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં વર્તતો હોય છે. તે ગ્રન્થિદેશે રહેલા અભવ્યજીવોની વિશુદ્ધિ કરતા અનંતગુણ વિશુદ્ધ હોય છે.

(૪) તે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનમાંથી કોઈ પણ એક સાકારોપયોગમાં હોય છે.

(૫) તે મનોયોગ, વચનયોગ અને કાયયોગમાંથી કોઈ પણ એક યોગમાં હોય છે તથા તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાંથી કોઈ પણ એક લેશ્યામાં હોય છે.

(૬) તે પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદમાંથી કોઈ પણ એક વેદવાળો હોય છે.

(૭) તે સત્તામાં રહેલ અશુભપ્રકૃતિઓના ૪ ઠાણિયા રસને ૨ ઠાણિયો કરે છે અને સત્તામાં રહેલ શુભપ્રકૃતિઓના ૨ ઠાણિયા રસને ૪ ઠાણિયો કરે છે.

(૮) **પ્રકૃતિબંધ :- મૂળપ્રકૃતિબંધ :-** તે આયુષ્ય સિવાયની ૭ મૂળપ્રકૃતિ બાંધે છે.

**ઉત્તરપ્રકૃતિબંધ :-** તે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૬, ભય, જુગુપ્સા, તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, અંતરાય ૫ = ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓ બાંધે છે.

તે આયુષ્ય વિનાની પરાવર્તમાન પ્રકૃતિઓ તે તે ભવયોગ્ય અને શુભ જ બાંધે છે.

તિર્યંચો અને મનુષ્યો દેવગતિયોગ્ય સાતા, હાસ્ય, રતિ, પુરુષવેદ, દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, સમચતુરસ્રસંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૧૦, ઉચ્ચગોત્ર = ૨૪ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ બાંધે છે.

દેવો અને નારકો મનુષ્યગતિયોગ્ય સાતા, હાસ્ય, રતિ, પુરુષવેદ, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, સમચતુરસ્ર-સંસ્થાન, ૧લુ સંઘયણ, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૧૦, ઉચ્ચગોત્ર = ૨૫ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ બાંધે છે.

સાતમી નરકનો નારકી તિર્યંચગતિયોગ્ય સાતા, હાસ્ય, રતિ, પુરુષવેદ, તિર્યંચ ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, સમચતુરસ્રસંસ્થાન, ૧લુ સંઘયણ, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૧૦, નીચગોત્ર = ૨૫ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ અથવા ઉદ્યોત સહિત ૨૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ બાંધે છે.

(૯) **સ્થિતિબંધ** :- તે બંધાતા કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ બાંધે છે, વધુ બાંધતો નથી, નવો નવો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ ન્યૂન કરે છે.

(૧૦) **રસબંધ** :- તે અશુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધે છે. તે પણ પ્રતિસમય અનંતગુણહીન બાંધે છે. તે શુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે છે. તે પણ પ્રતિસમય અનંતગુણઅધિક બાંધે છે.

(૧૧) **પ્રદેશબંધ** :- તે જઘન્ય યોગ, મધ્યમ યોગ અને ઉત્કૃષ્ટ યોગ પ્રમાણે જઘન્ય પ્રદેશો, મધ્યમ પ્રદેશો અને ઉત્કૃષ્ટ પ્રદેશો બાંધે છે.

(૧૨) **પ્રકૃતિઉદય** :- નારકીને ૫૪ પ્રકૃતિઓનો, ૫૫ પ્રકૃતિઓનો, ૫૬ પ્રકૃતિઓનો કે ૫૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે -

(i) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતા/અસાતા, મિથ્યાત્વ-મોહનીય, કષાય ૪[□], નપુંસકવેદ, હાસ્ય-રતિ/શોક-અરતિ, નરકાયુષ્ય, નરકગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, હુંડક સંસ્થાન, વર્ણાદિ ૪, કુખગતિ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સ્થિર ૨, અસ્થિર ૨, દુર્ભગ ૪, નીચગોત્ર, અંતરાય ૫ = ૫૪ પ્રકૃતિઓ

(ii) (a) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ = ૫૫ પ્રકૃતિઓ
(b) ૫૪ પ્રકૃતિઓ + ભય = ૫૫ પ્રકૃતિઓ
(c) ૫૪ પ્રકૃતિઓ + જુગુપ્સા = ૫૫ પ્રકૃતિઓ

---

□. કષાય ૪ = અનંતાનુબંધી ૪ માંથી ૧ + અપ્રત્યાખ્યાનાવરણીય ૪ માંથી ૧ + પ્રત્યાખ્યાનાવરણીય ૪ માંથી ૧ + સંજ્વલન ૪ માંથી ૧.

(iii) (a) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય = ૫૬ પ્રકૃતિઓ
(b) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + જુગુપ્સા = ૫૬ પ્રકૃતિઓ
(c) ૫૪ પ્રકૃતિઓ + ભય + જુગુપ્સા = ૫૬ પ્રકૃતિઓ

(iv) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય + જુગુપ્સા = ૫૭ પ્રકૃતિઓ

દેવને ૫૪ પ્રકૃતિઓ, ૫૫ પ્રકૃતિઓ, ૫૬ પ્રકૃતિઓ કે ૫૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે -

(i) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતા/અસાતા, મિથ્યાત્વ-મોહનીય, કષાય ૪, પુરુષવેદ/સ્ત્રીવેદ, હાસ્ય-રતિ/શોક-અરતિ, દેવાયુષ્ય, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, ૧લુ સંસ્થાન, વર્ણાદિ ૪, સુખગતિ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સ્થિર ૨, અસ્થિર ૨, સુભગ/દુર્ભગ, સુસ્વર, આદેય/અનાદેય, યશ/અયશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ = ૫૪ પ્રકૃતિઓ

(ii) (a) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ = ૫૫ પ્રકૃતિઓ
(b) ૫૪ પ્રકૃતિઓ + ભય = ૫૫ પ્રકૃતિઓ
(c) ૫૪ પ્રકૃતિઓ + જુગુપ્સા = ૫૫ પ્રકૃતિઓ

(iii) (a) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય = ૫૬ પ્રકૃતિઓ
(b) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + જુગુપ્સા = ૫૬ પ્રકૃતિઓ
(c) ૫૪ પ્રકૃતિઓ + ભય + જુગુપ્સા = ૫૬ પ્રકૃતિઓ

(iv) ૫૪ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય + જુગુપ્સા = ૫૭ પ્રકૃતિઓ

તિર્યંચને ૫૫ પ્રકૃતિઓ, ૫૬ પ્રકૃતિઓ, ૫૭ પ્રકૃતિઓ, ૫૮ પ્રકૃતિઓ કે ૫૯ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે -

(i) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતા/અસાતા, મિથ્યાત્વમોહનીય, કષાય ૪, વેદ ૧, હાસ્ય-રતિ/શોક-અરતિ, તિર્યંચાયુષ્ય, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, ૧લું સંસ્થાન, ૧લું સંઘયણ, વર્ણાદિ ૪, ખગતિ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સ્થિર ૨, અસ્થિર ૨, સુભગ/દુર્ભગ, સુસ્વર/દુઃસ્વર, આદેય/અનાદેય, યશ/અયશ, નીચગોત્ર, અંતરાય ૫ = ૫૫ પ્રકૃતિઓ

(ii) (a) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ = ૫૬ પ્રકૃતિઓ
(b) ૫૫ પ્રકૃતિઓ + ભય = ૫૬ પ્રકૃતિઓ
(c) ૫૫ પ્રકૃતિઓ + જુગુપ્સા = ૫૬ પ્રકૃતિઓ
(d) ૫૫ પ્રકૃતિઓ + ઉદ્યોત = ૫૬ પ્રકૃતિઓ

(iii) (a) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય = ૫૭ પ્રકૃતિઓ
(b) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + જુગુપ્સા = ૫૭ પ્રકૃતિઓ
(c) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ઉદ્યોત = ૫૭ પ્રકૃતિઓ
(d) ૫૫ પ્રકૃતિઓ + ભય + જુગુપ્સા = ૫૭ પ્રકૃતિઓ
(e) ૫૫ પ્રકૃતિઓ + ભય + ઉદ્યોત = ૫૭ પ્રકૃતિઓ
(f) ૫૫ પ્રકૃતિઓ + જુગુપ્સા + ઉદ્યોત = ૫૭ પ્રકૃતિઓ

(iv) (a) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય + જુગુપ્સા=૫૮ પ્રકૃતિઓ
(b) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય + ઉદ્યોત=૫૮ પ્રકૃતિઓ

(c) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + જુગુપ્સા + ઉદ્યોત = ૫૮ પ્રકૃતિઓ

(d) ૫૫ પ્રકૃતિઓ + ભય + ઉદ્યોત + જુગુપ્સા = ૫૮ પ્રકૃતિઓ

(v) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય + જુગુપ્સા + ઉદ્યોત = ૫૯ પ્રકૃતિઓ

મનુષ્યને ૫૫ પ્રકૃતિઓ, ૫૬ પ્રકૃતિઓ, ૫૭ પ્રકૃતિઓ કે ૫૮ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે -

(i) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતા/અસાતા, મિથ્યાત્વમોહનીય, કષાય ૪, વેદ ૧, હાસ્ય-રતિ/શોક-અરતિ, મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, ૧લું સંસ્થાન, ૧લું સંઘયણ, વર્ણાદિ ૪, ખગતિ ૧, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સ્થિર ૨, અસ્થિર ૨, સુભગ/દુર્ભગ, સુસ્વર/દુઃસ્વર, આદેય/અનાદેય, યશ/અયશ, ગોત્ર ૧, અંતરાય ૫ = ૫૫ પ્રકૃતિઓ

(ii) (a) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ = ૫૬ પ્રકૃતિઓ
(b) ૫૫ પ્રકૃતિઓ + ભય = ૫૬ પ્રકૃતિઓ
(c) ૫૫ પ્રકૃતિઓ + જુગુપ્સા = ૫૬ પ્રકૃતિઓ

(iii) (a) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય = ૫૭ પ્રકૃતિઓ
(b) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + જુગુપ્સા = ૫૭ પ્રકૃતિઓ
(c) ૫૫ પ્રકૃતિઓ + ભય + જુગુપ્સા = ૫૭ પ્રકૃતિઓ

(iv) ૫૫ પ્રકૃતિઓ + નિદ્રા ૧ + ભય + જુગુપ્સા=૫૮ પ્રકૃતિઓ

(૧૩) **સ્થિતિઉદય** :- તેને ઉદયપ્રાપ્ત એક જ સ્થિતિસ્થાનના દલિકોનો ઉદય હોય છે. ઉદીરણા વડે ઉદયાવલિકા ઉપરના સર્વ સ્થિતિસ્થાનોના દલિકો ઉદયમાં આવે છે.

(૧૪) **રસઉદય** :- તેને અજઘન્ય-અનુત્કૃષ્ટ રસનો ઉદય હોય છે.

(૧૫) **પ્રદેશઉદય** :- તેને અજઘન્ય-અનુત્કૃષ્ટ પ્રદેશોનો ઉદય હોય છે.

(૧૬) **પ્રકૃતિસત્તા** :- તેને ૧૩૮ પ્રકૃતિઓ કે ૧૩૯ પ્રકૃતિઓની સત્તા હોય છે.

(i) ૧૩૮ પ્રકૃતિઓ = ૧૪૮ પ્રકૃતિઓ – (સમ્યક્ત્વ-મોહનીય, મિશ્રમોહનીય, આયુષ્ય ૩, આહારક ૪, જિનનામકર્મ)

(ii) ૧૩૯ પ્રકૃતિઓ = ૧૩૮ પ્રકૃતિઓ + પરભવાયુષ્ય

(૧૭) **સ્થિતિસત્તા** :- તેને આયુષ્ય સિવાયના ૭ કર્મોની સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે.

(૧૮) **રસસત્તા** :- તેને અજઘન્ય-અનુત્કૃષ્ટ રસની સત્તા હોય છે.

(૧૯) **પ્રદેશસત્તા** :- તેને અજઘન્ય-અનુત્કૃષ્ટ પ્રદેશોની સત્તા હોય છે.

આવો જીવ સૌથી પહેલા યથાપ્રવૃત્તકરણ કરે છે.

(૧) **યથાપ્રવૃત્તકરણ** :- યથાપ્રવૃત્તકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. યથાપ્રવૃત્તકરણમાં રહેલો જીવ પ્રતિસમય અનંતગુણવિશુદ્ધિમાં હોય છે. યથાપ્રવૃત્તકરણના દરેક સમયે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયો છે. ઉત્તરોત્તર સમયના અધ્યવસાયો વિશેષાધિક છે. ૧ સમયના અધ્યવસાયો પરસ્પર ષટ્સ્થાનપતિત છે.

# પૂર્વભૂમિકા તથા યથાપ્રવૃત્તકરણ

| પૂર્વભૂમિકા (અંતર્મુહૂર્ત) | યથાપ્રવૃત્તકરણ (અંતર્મુહૂર્ત) |
|---|---|
| ૧. પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય<br>૨. મિથ્યાદૃષ્ટિ<br>૩. લબ્ધિત્રયયુક્ત<br>૪. વિશુદ્ધિ<br>૫. યોગ<br>૬. વેદ<br>૭. ઉપયોગ<br>૮. લેશ્યા<br>૯. કષાય<br>૧૦. મૂળપ્રકૃતિબંધ<br>૧૧. ઉત્તરપ્રકૃતિબંધ<br>૧૨. સ્થિતિબંધ<br>૧૩. રસબંધ<br>૧૪. પ્રદેશબંધ<br>૧૫. પ્રકૃતિ ઉદય<br>૧૬. સ્થિતિ ઉદય<br>૧૭. અનુભાગોદય<br>૧૮. પ્રદેશોદય<br>૧૯. પ્રકૃતિસત્તા<br>૨૦. સ્થિતિસત્તા<br>૨૧. અનુભાગસત્તા<br>૨૨. પ્રદેશસત્તા | ૧. પૂર્વભૂમિકાની માફક અહીં પણ ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણ સ્થિતિબંધ થાય છે.<br>૨. વિવિધ જીવોની અપેક્ષાએ પ્રત્યેક સમયના અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાય હોય છે.<br>૩. અધ્યવસાયોની અનુકૃષ્ટિ તથા તીવ્રતા-મંદતા<br>૪. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ ન થાય.<br>૫. આ કરણનો કાળ અપૂર્વકરણથી સંખ્યાતગુણ છે. |

## યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયો




## યથાપ્રવૃત્તકરણની વિશુદ્ધિ



પહેલા સમયના જઘન્ય અધ્યવસાયની વિશુદ્ધિ અલ્પ છે. તેના કરતા બીજા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. એમ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગ સુધી ઉત્તરોત્તર સમયના જઘન્ય અધ્યવસાયો અનંતગુણવિશુદ્ધ છે. ત્યાર પછી પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા સંખ્યાતમા ભાગની ઉપરના પહેલા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણ-વિશુદ્ધ છે. તેના કરતા નીચેના બીજા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા સંખ્યાતમા ભાગની ઉપરના બીજા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. એમ યથાપ્રવૃત્તકરણના ચરમ સમયના જઘન્ય અધ્યવસાય સુધી સંખ્યાતમા ભાગની ઉપરના ૧-૧ સમયનો જઘન્ય અધ્યવસાય અને નીચેના ૧-૧ સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય ઉત્તરોત્તર અનંતગુણવિશુદ્ધ છે. યથાપ્રવૃત્તકરણના ચરમ સમયના જઘન્ય અધ્યવસાય કરતા યથાપ્રવૃત્તકરણના ચરમ સંખ્યાતમા ભાગના પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. ત્યાર પછી ચરમ સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાય સુધી ઉત્તરોત્તર સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયો અનંતગુણવિશુદ્ધ છે.

યથાપ્રવૃત્તકરણ અન્ય કરણો કરતા પહેલા પ્રવર્તતુ હોવાથી તેને પૂર્વપ્રવૃત્તકરણ પણ કહેવાય છે.

અહીં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ થતા નથી. અહીં જીવ પ્રતિસમય અનંતગુણવિશુદ્ધિવાળો હોય છે. તે અશુભપ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધે છે અને શુભપ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે છે. તે નવો નવો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ ન્યૂન કરે છે.

આમ અંતર્મુહૂર્ત સુધી યથાપ્રવૃત્તકરણ કરીને તે અપૂર્વકરણ કરે છે.

(૨) **અપૂર્વકરણ** :- અપૂર્વકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અપૂર્વકરણના દરેક સમયે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે. અપૂર્વકરણના ઉત્તરોત્તર સમયના અધ્યવસાયો વિશેષાધિક છે. યથાપ્રવૃત્તકરણના ઉત્કૃષ્ટ અધ્યવસાય કરતા અપૂર્વકરણનો જઘન્ય અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે.

અપૂર્વકરણના પહેલા સમયના જઘન્ય અધ્યવસાયની વિશુદ્ધિ અલ્પ છે. તેના કરતા પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા બીજા સમયનો જઘન્ય અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા બીજા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણવિશુદ્ધ છે. એમ અપૂર્વકરણના ચરમ સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાય સુધી દરેક સમયના જઘન્ય અધ્યવસાયો અને ઉત્કૃષ્ટ અધ્યવસાયો ઉત્તરોત્તર અનંતગુણવિશુદ્ધ છે.

અપૂર્વકરણના પહેલા સમયથી જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને સ્થિતિબંધ - આ ચાર અપૂર્વ પદાર્થો એક સાથે શરૂ કરે છે. તેથી આને અપૂર્વકરણ કહેવાય છે.

**(i) સ્થિતિઘાત** :- સ્થિતિસત્તાના અગ્રભાગથી નીચે ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ સ્થિતિખંડના દલિકોને અપવર્તનાકરણ વડે ખાલી કરીને નીચેની સ્થિતિમાં નાંખે છે. અંતર્મુહૂર્તમાં આ સ્થિતિખંડ ખાલી થઈ જાય છે. આ અંતર્મુહૂર્ત અપૂર્વકરણના અંતર્મુહૂર્ત કરતા નાનું હોય છે. આને એક સ્થિતિઘાત કહેવાય છે. ત્યાર પછી પ્રથમ સ્થિતિખંડની નીચે $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ બીજા સ્થિતિખંડનો અંતર્મુહૂર્તમાં તે જ રીતે ઘાત કરે છે. અપૂર્વકરણમાં આ રીતે હજારો સ્થિતિઘાત થાય છે.

## અપૂર્વકરણના અધ્યવસાયો




## અપૂર્વકરણની વિશુદ્ધિ



# સ્થિતિઘાત



સ્થિતિઘાતાદ્ધાના પ્રથમ સમયે
← ઉદયવતી પ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ → ↙ ગુણશ્રેણિચરમનિષેક
← અનુદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ →
અપૂર્વકરણ
અનિવૃત્તિકરણ
ત્યાર પછી યાવત્ અતીત્થાપનાવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અથવા ત્યાર પછી સ્થિતિખંડ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સર્વત્ર દલનિક્ષેપ.
ઘાત્યમાન સ્થિતિખંડ. ૪૦ થી પલ્યો૦/સં૦ ૭૦ થી સેંકડો સાગરોપમ.
સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમ સમયે
← ઉદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ → ↙ ગુણશ્રેણિચરમનિષેક
← અનુદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ →
અપૂર્વકરણ
અનિવૃત્તિકરણ
ત્યાર પછી યાવત્ અતીત્થાપનાવલિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અથવા ત્યાર પછી સ્થિતિખંડ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સર્વત્ર દલનિક્ષેપ.
ઘાત્યમાન સ્થિતિખંડ
સ્થિતિઘાતાદ્ધાના ચરમ સમયે
← ઉદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ → ↙ ગુણશ્રેણિચરમનિષેક
← અનુદયવતીપ્રકૃતિઓનો અસંખ્યગુણાકારે દલનિક્ષેપ →
અપૂર્વકરણ
અનિવૃત્તિકરણ
ત્યાર પછી ઘાત્યમાન સ્થિતિખંડ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દલનિક્ષેપ થાય.
ઘાત્યમાન સ્થિતિખંડ પ્રમાણ સ્થિતિ ન્યૂન થાય.

## નિર્વ્યાઘાતભાવી અપવર્તનામાં નિક્ષેપ તથા અતીત્થાપના




ઉદયાવલિકા = ૧૨ સમય

અતીત્થાપનાવલિકા = ૧૨ સમય

તેથી અપૂર્વકરણના પ્રથમ સમયની સ્થિતિસત્તા કરતા ચરમ સમયની સ્થિતિસત્તા સંખ્યાતમા ભાગની હોય છે.

**(ii) રસઘાત :-** અશુભપ્રકૃતિઓના સત્તામાં રહેલા રસમાંથી અનંતમો ભાગ રાખી શેષ રસનો અંતર્મુહૂર્તમાં અપવર્તનાકરણ વડે ઘાત કરે છે. આને એક રસઘાત કહેવાય છે. ત્યાર પછી ફરી તે અનંતમા ભાગમાંથી અનંતમો ભાગ રાખી શેષ રસનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. આ રીતે એક સ્થિતિઘાતમાં હજારો રસઘાત થાય છે. રસઘાતનું અંતર્મુહૂર્ત સ્થિતિઘાતના અંતર્મુહૂર્ત કરતા નાનુ છે. આમ અપૂર્વકરણના અંત સુધી જાણવું.

**અસત્કલ્પનાએ રસઘાતમાં હણાતા અને**
**શેષ રહેલા રસસ્પર્ધકોની સંખ્યા**

| રસઘાત | હણાતા રસસ્પર્ધકો (અનંતા બહુ ભાગ પ્રમાણ) | શેષ રહેલ રસસ્પર્ધકો (અનંતમો ભાગ) |
|---|---|---|
| ૧લો | ૯,૦૦૦ કરોડ | ૧,૦૦૦ કરોડ |
| ૨જો | ૯૦૦ કરોડ | ૧૦૦ કરોડ |
| ૩જો | ૯૦ કરોડ | ૧૦ કરોડ |
| ૪થો | ૯ કરોડ | ૧ કરોડ |
| ૫મો | ૯૦ લાખ | ૧૦ લાખ |
| ૬ઠ્ઠો | ૯ લાખ | ૧ લાખ |
| ૭મો | ૯૦ હજાર | ૧૦ હજાર |
| ૮મો | ૯ હજાર | ૧ હજાર |
| ૯મો | ૯૦૦ | ૧૦૦ |
| ૧૦મો | ૯૦ | ૧૦ |
| ૧૧મો | ૯ | ૧ |
| : | : | : |

**(iii) સ્થિતિબંધ :-** અપૂર્વકરણના પહેલા સમયે નવો સ્થિતિબંધ પૂર્વના સ્થિતિબંધ કરતા $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ ન્યૂન કરે છે. એક સ્થિતિબંધનો કાળ એક સ્થિતિઘાતના કાળ જેટલો છે. ત્યાર પછી નવો નવો સ્થિતિબંધ પૂર્વ પૂર્વના સ્થિતિબંધ કરતા $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ ન્યૂન કરે છે. એમ અપૂર્વકરણના અંત સુધી જાણવું.

જે સમયે નવો સ્થિતિબંધ શરૂ કરે છે ત્યારથી અંતર્મુહૂર્ત સુધી (સ્થિતિબંધાદ્ધા સુધી) તેટલો જ સ્થિતિબંધ ચાલુ રહે છે. ત્યાર પછીના સમયે પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણ નવો સ્થિતિબંધ થાય છે.

**'મહાબન્ધ'** ગ્રન્થમાં જઘન્ય સ્થિતિબંધનો કાળ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત કહ્યો છે, ૧ સમયનો નહીં. એ ઉપરથી સૂચિત થાય છે કે જઘન્ય સ્થિતિબંધ જે સમયે થયો તે સમયથી અંતર્મુહૂર્ત સુધી તેટલો જ ચાલુ રહે છે. જઘન્ય સ્થિતિબંધ ઉપરના ગુણસ્થાનકે શ્રેણિમાં થાય છે. ત્યાં પણ કરણગત વર્ધમાન વિશુદ્ધિ છે. એટલે કરણગત વિશુદ્ધિમાં અંતર્મુહૂર્ત સુધી સમાન સ્થિતિબંધ રહેવામાં કોઈ વિરોધ નથી.

**'લબ્ધિસાર' ગ્રન્થની ગાથા ૩૯ની ટીકા**માં પણ કહ્યું છે - **'अधःप्रवृत्तकरणकाले प्रथमसमयादारभ्यान्तर्मुहूर्त्तपर्यन्तं प्राक्तन-स्थितिबन्धात्पल्यसङ्ख्यातैकभागन्यूनां स्थितिं बध्नाति । ततः परमन्तर्मुहूर्त्तपर्यन्तं पुनरपि पल्यसङ्ख्यातैकभागन्यूनां स्थितिं बध्नाति ।'** આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે અંતર્મુહૂર્ત પર્યન્ત સમાન સ્થિતિબંધ રહે છે અને ત્યાર પછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં જીવ વધે છે, છતા સ્થિતિબંધ

પ્રતિસમય ન્યૂન નથી થતો, પણ અંતર્મુહૂર્ત સુધી એક સરખો જ રહે છે તેનું કારણ આ પ્રમાણે છે -

એક જ સ્થિતિસ્થાનના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે. તે ષટ્સ્થાનકના ક્રમપૂર્વક હોવાથી તેમાં અસંખ્યાતા અનંતગુણવિશુદ્ધિના સ્થાન આવે છે. આમ સ્થિતિબંધના પ્રથમ સમયે જે અધ્યવસાય છે ત્યાર પછી તે સ્થિતિસ્થાનના કુલ અધ્યવસાયના અસંખ્યાતમા ભાગરૂપ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો ઓળંગી ત્યાર પછીનો અધ્યવસાય બીજા સમયે છે. વળી ત્યાર પછી ફરી તે સ્થિતિસ્થાનના કુલ અધ્યવસાયના અસંખ્યાતમા ભાગરૂપ અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો ઓળંગીને ત્રીજા સમયનો અધ્યવસાય છે. એમ એક જ સ્થિતિસ્થાનને યોગ્ય જે અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો છે તે અસંખ્ય સમય સુધી ચાલી શકે અને તેથી જ અંતર્મુહૂર્ત સુધી પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધતી હોવા છતા તેનો તે જ સ્થિતિબંધ ચાલુ રહે. ત્યાર પછી પ્રથમ સ્થિતિબંધના ચરમ સમય પછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનને યોગ્ય જે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે તેટલા અધ્યવસાયો ઓળંગી ત્યાર પછીનો અધ્યવસાય આવે. તેથી નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણ થાય. આવી રીતે દરેક સ્થિતિબંધમાં સમજવું.

**(iv) ગુણશ્રેણિ :-** જે સ્થિતિખંડનો ઘાત કરે છે તેમાંથી દલિકો લઈને ઉદયસમયમાં થોડા દલિકો નાંખે છે, બીજા સમયે અસંખ્યગુણ દલિકો નાંખે છે, ત્રીજા સમયે અસંખ્યગુણ દલિકો નાંખે છે. એમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકો નાંખે છે. તે અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને

## અપૂર્વકરણથી શરૂ થતો ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ




પ્રથમ સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ ब

બીજા સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ'ब

અપૂર્વકરણના પ્રથમ સમયથી

૧. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, અપૂવસ્થિતિબંધનો પ્રારંભ.

૨. પ્રતિસમયના અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો અને બધા અપૂર્વ અધ્યવસાયો.

અપૂર્વકરણનો કાળ અનિવૃત્તિકરણથી સંખ્યાતગુણ.

## અપૂર્વકરણથી શરૂ થતો અનુદયવતી પ્રકૃતિઓનો ઉદયાવલિકા ઉપર ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ




પ્રથમ સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ ब
બીજા સમયે ગુણશ્રેણિનિક્ષેપ अ'ब

## ઉદયવતી પ્રકૃતિની ગુણશ્રેણી




## અનુદયવતી પ્રકૃતિની ગુણશ્રેણી



અનિવૃત્તિકરણના કાળ કરતા કંઈક અધિક છે. આને ગુણશ્રેણિ કહેવાય છે. બીજા સમયે પહેલા સમય કરતા અસંખ્યગુણ દલિકો લે છે અને તે જ ક્રમે નાંખે છે. એમ ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકો લઈ લઈને તે જ ક્રમે નાંખે છે. ઉદય વડે નીચેથી ૧-૧ સમય ઓછો થતા શેષ સમયોમાં દલિકો પૂર્વે કહેલા ક્રમે નાંખે છે, પણ ગુણશ્રેણિશીર્ષને ઉપર ૧-૧ સમય વધારે નહીં. ઉદયવતી પ્રકૃતિઓની ગુણશ્રેણિ આ પ્રમાણે થાય છે. અનુદયવતી પ્રકૃતિઓની ગુણશ્રેણી ઉદયાવલિકા ઉપરથી થાય છે.

(૩) **અનિવૃત્તિકરણ :-** અનિવૃત્તિકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અહીં પણ સ્થિતિઘાત, રસઘાત, સ્થિતિબંધ, ગુણશ્રેણિ પૂર્વેની જેમ થાય છે. અનિવૃત્તિકરણના પ્રથમ સમયમાં રહેલા ત્રણે કાળના જીવોના અધ્યવસાયો એકસરખા હોય છે. અનિવૃત્તિકરણના બીજા સમયમાં રહેલા ત્રણે કાળના જીવોના અધ્યવસાયો એકસરખા હોય છે. એમ અનિવૃત્તિકરણના ચરમ સમય સુધી જાણવું. તેથી અનિવૃત્તિકરણના કુલ અધ્યવસાયો અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના સમયો જેટલા છે. ઉત્તરોત્તર સમયના અધ્યવસાયો પૂર્વ પૂર્વ સમયના અધ્યવસાયો કરતા અનંતગુણવિશુદ્ધ છે.

અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે અંતર્મુહૂર્તકાળમાં મિથ્યાત્વમોહનીયની સ્થિતિમાં નીચે અંતર્મુહૂર્ત છોડી અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. અંતરકરણ એટલે તેટલી સ્થિતિમાંથી દલિકો સર્વથા ખાલી કરવા. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૧૬, ૧૭ની ચૂર્ણિ અને બન્ને ટીકાઓ**માં પ્રથમસ્થિતિ કરતા અંતરકરણ કેટલું છે ? એ બાબતનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૧૮ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૬૨** ઉપર અને

# અંતરકરણક્રિયા



←અનિવૃત્તિકરણ→
અંતરકરણક્રિયાપ્રારંભ
અપૂર્વકરણ
સંખ્યાતા બહુભાગ. એક સાથે રહેલા જીવને સમાન અધ્યવસાય.
સંખ્યાતમો ભાગ. પ્રથમ-સ્થિતિ.
અંતરકરણ (અંતર્મુહૂર્ત્ત) (જેમાંથી મિથ્યાત્વના દલિકો ઉખેડી પ્રથમસ્થિતિ-દ્વિતીયસ્થિતિમાં નાંખે છે.)
દ્વિતીયસ્થિતિ (અંતઃકોડાકોડી સાગરોપમ)
અંતરકરણક્રિયાકાળનો પ્રથમસમય
અપૂર્વકરણ
પ્રથમ-સ્થિતિ
અંતરકરણ (અંતર્મુહૂર્ત્ત) (જેમાંથી મિથ્યાત્વના દલિકો ઉખેડી પ્રથમસ્થિતિ-દ્વિતીયસ્થિતિમાં નાંખે છે.)
દ્વિતીયસ્થિતિ
અંતરકરણક્રિયાકાળનો દ્વિચરમ સમય
અપૂર્વકરણ
પ્રથમ-સ્થિતિ
અંતરકરણ
અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ સર્વથા મિથ્યાત્વના દલિક વગરની થાય છે.
દ્વિતીયસ્થિતિ
અંતરકરણક્રિયાકાળનો ચરમ સમય

**સપ્તતિકાની ગાથા ૬૨ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૨૫૦** ઉપર કહ્યું છે કે, 'અંતરકરણ પ્રથમસ્થિતિથી કંઈક અધિક છે.' **નવ્યશતકની ગાથા ૯૮ની દેવેન્દ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૨૮** ઉપર કહ્યું છે કે, 'અંતરકરણ પ્રથમસ્થિતિથી કંઈક અધિક કે ન્યૂન છે.' **કષાયપ્રાભૃતચૂર્ણિના** પ્રથમઉપશમસમ્યક્ત્વ-પ્રાપ્તિ અધિકારના ૨૫ વસ્તુઓના કાળના અલ્પબહુત્વના આધારે અંતરકરણ પ્રથમસ્થિતિથી સંખ્યાતગુણ આવે છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે. અંતરકરણક્રિયાકાળ એક સ્થિતિબંધના કાળ તુલ્ય છે અને પ્રથમસ્થિતિ કરતા કંઈક ન્યૂન છે. **કષાયપ્રાભૃતચૂર્ણિના** પ્રથમઉપશમ-સમ્યક્ત્વપ્રાપ્તિ અધિકારના ૨૫ વસ્તુઓના કાળના અલ્પબહુત્વને આધારે અંતરકરણક્રિયાકાળ કરતા પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ આવે છે. અંતરકરણની નીચેની સ્થિતિ તે પ્રથમસ્થિતિ છે અને ઉપરની સ્થિતિ તે બીજીસ્થિતિ છે. અંતરકરણ કરતી વખતે ગુણશ્રેણિના સંખ્યાતા બહુભાગો પ્રથમસ્થિતિમાં રહેલા છે અને એક સંખ્યાતમો ભાગ અંતરકરણમાં છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૧૭ની ઉપા. યશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૪** ઉપર કહ્યું છે કે, 'અંતરકરણ કરતી વખતે ગુણશ્રેણિના સંખ્યાતા ભાગો પ્રથમસ્થિતિમાં અને બીજીસ્થિતિમાં રહેલા છે.' પરંતુ ગુણશ્રેણિની લંબાઈ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક છે. તેથી ગુણશ્રેણિના સંખ્યાતા બહુભાગો પ્રથમસ્થિતિમાં હોઈ શકે પણ બીજીસ્થિતિમાં ગુણશ્રેણિના સંખ્યાતા બહુભાગો ન હોઈ શકે. તેથી ઉપાધ્યાયજી મહારાજે અંતરકરણને બીજી સ્થિતિમાં ગણીને પ્રથમસ્થિતિ અને બીજીસ્થિતિ બન્નેમાં મળીને ગુણશ્રેણીના સંખ્યાતા ભાગો હોય છે એવું ઉપરનું વિધાન કર્યું હોય એમ લાગે છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે. અંતરકરણના દલિકોની સાથે અંતરકરણમાં રહેલ ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગના દલિકો પણ ખાલી કરે છે.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૧૭ની ચૂર્ણિમાં પાના નં. ૧૩ ઉપર કહ્યું** છે કે, 'અંતરકરણ કરતી વખતે અનિવૃત્તિકરણના ગુણશ્રેણિનિક્ષેપના અગ્રભાગમાંથી અસંખ્યાતમો ભાગ ખાલી કરે છે.' અંતરકરણનું બધુ દલિક પ્રથમસ્થિતિ અને બીજીસ્થિતિમાં નાંખે છે. અંતર્મુહૂર્તમાં અંતરકરણનું બધું દલિક ખાલી થઈ જાય છે. અંતરકરણનું અંતર્મુહૂર્ત પ્રથમસ્થિતિના અંતર્મુહૂર્ત કરતા મોટું છે. ઉદીરણાકરણ વડે પ્રથમસ્થિતિમાંથી દલિકો લઈને ઉદયસમયમાં નાંખવા તે ઉદીરણા છે. ઉદીરણાકરણ વડે બીજીસ્થિતિમાંથી દલિકો લઈને ઉદયસમયમાં નાંખવા તે આગાલ છે. આગાલની આ વ્યાખ્યા **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૨૦ની ચૂર્ણિ અને બન્ને ટીકાઓ** તથા **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૨૦ની બન્ને ટીકાઓ** પ્રમાણે કરી છે. પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજનું સૂચન એવું છે કે, 'બીજીસ્થિતિ કે પ્રથમસ્થિતિના દલિકોને ઉપરથી નીચે ઉતારવા તે ઉદીરણા છે. પ્રથમસ્થિતિના દલિકોને ઉદ્વર્તના દ્વારા ઉપરની બીજીસ્થિતિમાં નાખવા તે આગાલ છે. તેથી જ આગાલનો પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી હોય ત્યારે વિચ્છેદ થાય છે. પ્રથમસ્થિતિમાંથી આગાલ દ્વારા બીજીસ્થિતિમાં ગયેલા દલિકની જ્યાં સુધી ઉદ્વર્તનાવલિકા પસાર ન થાય ત્યાં સુધી તે ઉપશમતું નથી. માટે ૨ આવલિકા પહેલા આગાલવિચ્છેદ થાય છે જેથી ઉપશમના માટે પણ ૧ આવલિકા મળી રહે.'

અંતરકરણ કર્યા પછી જીવ ઉપશમક કહેવાય છે. તે પ્રથમસ્થિતિમાં રહેલ મિથ્યાત્વમોહનીયના દલિકોને ઉદય-ઉદીરણા વડે અનુભવે અને બીજીસ્થિતિમાં રહેલ મિથ્યાત્વમોહનીયના દલિકોને પ્રતિસમય અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. આમ કરતા અનિવૃત્તિકરણના ચરમ સમયે મિથ્યાત્વમોહનીયના બીજીસ્થિતિના

## અંતરકરણક્રિયા પછી અનિવૃત્તિકરણમાં થતી ક્રિયાઓ




अ = બે આવલિકા શેષે આગાલનો વિચ્છેદ તથા મિથ્યાત્વમોહનીયની ગુણશ્રેણિનો વિચ્છેદ.

ब = આવલિકા શેષે ઉદીરણાવિચ્છેદ તથા મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત-રસઘાત અટકે.

क = ચરમ સમયે મિથ્યાત્વમોહનીયનો ઉદયવિચ્છેદ તથા બંધવિચ્છેદ.

સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો સિવાયના બધા દલિકો ઉપશાંત થઈ જાય છે. બીજીસ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકાના બંધાયેલા દલિકો ઉપશાંતાદ્ધામાં પ્રવેશ કર્યા પછી તેટલા કાળે અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષ હોય ત્યારે મિથ્યાત્વમોહનીયનો આગાલવિચ્છેદ થાય અને મિથ્યાત્વમોહનીયની ગુણશ્રેણિની નિવૃત્તિ થાય. પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી હોય ત્યારે મિથ્યાત્વમોહનીયનો ઉદીરણાવિચ્છેદ થાય અને મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત-રસઘાતની નિવૃત્તિ થાય. પ્રથમસ્થિતિની ચરમાવલિકા માત્ર ઉદય દ્વારા અનુભવે. તેને અંતે મિથ્યાત્વમોહનીયનો ઉદયવિચ્છેદ થાય છે. અંતરકરણના પહેલા સમયે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે.

જેમ જન્મથી આંધળાને પુણ્યોદયે આંખ મળે અને બધું દેખાય તેમ સમ્યક્ત્વ પામ્યા પછી વસ્તુનું યથાવસ્થિત સ્વરૂપ દેખાય. ભયંકર રોગથી પીડાયેલાને રોગ દૂર થવા પર જેમ અતિશય આનંદ થાય છે તેમ સમ્યક્ત્વ પામ્યા પછી જીવને અતિશય આનંદ થાય છે. કોઈ જીવ ઔપશમિક સમ્યક્ત્વની સાથે દેશવિરતિ કે સર્વવિરતિ પણ પામે છે. જીવ જ્યાં સુધી અંતરકરણમાં હોય ત્યાં સુધી ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ હોય છે.

મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિના ચરમ સમયે મિથ્યાત્વ-મોહનીયની બીજીસ્થિતિના દલિકોના રસભેદે ત્રણ ભેદ કરે છે- શુદ્ધ, અર્ધશુદ્ધ અને અવિશુદ્ધ. **શિવશર્મસૂરિ મહારાજ વિરચિત બંધશતકચૂર્ણિની ગાથા ૯ની ચિરંતનાચાર્ય કૃત ચૂર્ણિમાં પાના નં. ૨૨** ઉપર અને **કર્મસ્તવની ગાથા ૨ની દેવેન્દ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૭૦ ઉપર** કહ્યું છે કે, 'સમ્યક્ત્વના પ્રથમસમયે ત્રણ પુંજ કરે છે.' શુદ્ધ દલિકો ૧ ઠાણિયા રસવાળા અને મંદ ૨ ઠાણિયા

# ઉપશાંતાદ્ધા (સમ્યક્ત્વકાળ)માં થતી ક્રિયાઓ




૧ = બીજીસ્થિતિમાં રહેલ મિથ્યાત્વમોહનીયના દલિકોને ત્રિધા કરે છે તથા મિથ્યાત્વમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ તથા બીજીસ્થિતિના સમયન્યૂન ૨ આવલિકાના બંધાયેલા મિથ્યાત્વમોહનીયના દલિકોની અસંખ્યગુણાકારે ઉપશમના કરે.

૨ = મિશ્રમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ (કર્મપ્રકૃતિના મતે)

૩ = મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ તથા શેષકર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અટકી જાય.

---

*કષાયપ્રાભૃતચૂર્ણિના મતે ઉપશાંતાદ્ધાથી અંતરકરણ સંખ્યાતગુણ હોય છે.

# પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ




૧ - અંતરકરણક્રિયાકાળ.
૨ - મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમકાળ.
૩ - મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિ.
૪ - અપૂર્વકરણના પ્રથમસમયે ગુણશ્રેણિશીર્ષ.
૫ - પ્રથમસ્થિતિની બે આવલિકા શેષે આગાલવિચ્છેદ તથા મિથ્યાત્વમોહનીયનો ગુણશ્રેણિવિચ્છેદ.
૬ - પ્રથમસ્થિતિની આવલિકા શેષે મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત-રસઘાત અટકે તથા મિથ્યાત્વમોહનીયનો ઉદીરણાવિચ્છેદ.
૭ - અનિવૃત્તિકરણનો ચરમ સમય, મિથ્યાત્વમોહનીયનો બંધોદયવિચ્છેદ.
૮ - ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ, ત્રિપુંજીકરણ, મિથ્યાત્વમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ.
૯ - આવલિકા બાદ મિશ્રમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ.
૧૦ - મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ અટકી જાય. શેષકર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ પણ અટકી જાય.
૧૧ - અંતરકરણની સાધિક આવલિકા શેષે દ્વિતીયસ્થિતિમાંથી દર્શન-૩ના દલિક લઈ ચરમાવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે.
૧૨ - દર્શન-૩ માંથી અન્યતરનો ઉદય.

રસવાળા છે. તે સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. તેનો રસ દેશઘાતી છે. અર્ધશુદ્ધ દલિકો મધ્યમ ૨ ઠાણિયા રસવાળા છે. તે મિશ્રમોહનીય કહેવાય છે. તેનો રસ સર્વઘાતી છે. અવિશુદ્ધ દલિકો તીવ્ર ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા છે. તે મિથ્યાત્વમોહનીય કહેવાય છે. તેનો રસ સર્વઘાતી છે.

આમ ત્રણ પુંજ કરવાથી પતદ્ગ્રહ મળવાથી સમ્યક્ત્વના પહેલા સમયથી મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ થઈ શકે છે. ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રથમ સમયથી મિથ્યાત્વમોહનીયનું દલિક ગુણસંક્રમથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં સંક્રમાવે છે. તે આ રીતે - પ્રથમસમયે સમ્યક્ત્વમોહનીયમાં અલ્પ દલિકો નાંખે છે. તેના કરતા પ્રથમ સમયે મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ દલિકો નાંખે છે. તેના કરતા બીજા સમયે સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યગુણ દલિકો નાંખે છે. તેના કરતા બીજા સમયે મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ દલિકો નાંખે છે. એમ અંતર્મુહૂર્ત સુધી દરેક સમયે આ પ્રમાણે જાણવું. ત્યાર પછી વિધ્યાતસંક્રમ થાય છે.

જ્યાં સુધી ગુણસંક્રમ થાય ત્યાં સુધી આયુષ્ય સિવાયના સાત કર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ થાય છે. ગુણસંક્રમની નિવૃત્તિ સાથે તે કર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિની પણ નિવૃત્તિ થાય છે.

અંતરકરણમાં પ્રવેશેલો જીવ પહેલા સમયથી અંતર્મુહૂર્ત સુધી ઔપશમિક સમ્યક્ત્વ અનુભવે છે. ઔપશમિક સમ્યક્ત્વની સાધિક આવલિકા બાકી હોય ત્યારે બીજી સ્થિતિમાં રહેલા સમ્યક્ત્વ-

મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયના દલિકોને વિશેષ પ્રકારના અધ્યવસાયોથી ખેંચીને અંતરકરણની ચરમાવલિકામાં ગોઠવે છે. તે આ પ્રમાણે - પ્રથમ સમયે ઘણા દલિકો ગોઠવે, બીજા સમયે તેનાથી ઓછા દલિકો ગોઠવે, ત્રીજા સમયે તેનાથી ઓછા દલિકો ગોઠવે. એમ આવલિકાના ચરમ સમય સુધી ગોપુચ્છાકારે દલિકો ગોઠવે. આ પ્રમાણે ત્રણે દર્શનમોહનીયના દલિકોને ગોઠવે. ત્યાર પછી અંતરકરણની આવલિકા શેષ રહે ત્યારે અધ્યવસાયને અનુસારે ત્રણ દર્શનમોહનીયમાંથી એક દર્શનમોહનીયનો ઉદય થાય. સમ્યક્ત્વમોહનીયનો ઉદય થાય તો જીવ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થાય. મિશ્રમોહનીયને ઉદય થાય તો જીવ મિશ્રદષ્ટિ થાય. મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય તો જીવ મિથ્યાદષ્ટિ થાય.

## ગુણસંક્રમથી સંક્રમતુ દલિક

| સમય | બધ્યમાન પરપ્રકૃતિમાં સંક્રમતુ દલિક | અબધ્યમાન અશુભ પ્રકૃતિમાં શેષ રહેતું દલિક |
|---|---|---|
| ૧લો | અલ્પ (અનંત) | ઘણુ (અનંતગુણ) |
| ૨જો | તેના કરતા અસંખ્યગુણ | તેના કરતા અસંખ્યાતભાગહીન |
| ૩જો | તેના કરતા અસંખ્યગુણ | તેના કરતા અસંખ્યાતભાગહીન |
| ૪થો | તેના કરતા અસંખ્યગુણ | તેના કરતા અસંખ્યાતભાગહીન |
| ૫મો | તેના કરતા અસંખ્યગુણ | તેના કરતા અસંખ્યાતભાગહીન |
| ૬ઠ્ઠો | તેના કરતા અસંખ્યગુણ | તેના કરતા અસંખ્યાતભાગહીન |
| ૭મો | તેના કરતા અસંખ્યગુણ | તેના કરતા અસંખ્યાતભાગહીન |
| ⋮ | ⋮ | ⋮ |
| એમ અંતર્મુહૂર્ત સુધી જાણવું. | | |

## મિથ્યાત્વમોહનીયનું ગુણસંક્રમથી સંક્રમતુ દલિક

| સમય | સંક્રમતુ દલિક |
|---|---|
| ૧લો | સમ્યક્ત્વમોહનીયમાં અલ્પ |
| ૧લો | તેના કરતા મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ |
| ૨જો | તેના કરતા સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યગુણ |
| ૨જો | તેના કરતા મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ |
| ૩જો | તેના કરતા સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યગુણ |
| ૩જો | તેના કરતા મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ |
| ૪થો | તેના કરતા સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યગુણ |
| ૪થો | તેના કરતા મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ |
| ⋮ | ⋮ |
| એમ અંતર્મુહૂર્ત સુધી જાણવું. | |

ઔપશમિક સમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા કાળ બાકી હોય ત્યારે કોઈક જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય. ત્યારે મિથ્યાત્વમોહનીયનો ઉદય થયો હોતો નથી. આવો જીવ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે આવે છે. ત્યાં તે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા સુધી રહે છે. ત્યાર પછી તેને અવશ્ય મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય છે અને તે ૧લા ગુણઠાણે આવે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદિષ્ટ પ્રવચનની અવશ્ય શ્રદ્ધા કરે. ક્યારેક અજ્ઞાનથી અથવા તેવા પ્રકારના સમ્યગ્જ્ઞાન વિનાના કે મિથ્યાદૃષ્ટિ એવા ગુરુની આજ્ઞાને પરાધીન હોવાથી અસદ્ભૂત (ખોટા) પ્રવચનની પણ શ્રદ્ધા કરે.

મિથ્યાદૃષ્ટિ જીવ ઉપદિષ્ટ પ્રવચનની અવશ્ય શ્રદ્ધા નથી કરતો. તે ઉપદિષ્ટ કે અનુપદિષ્ટ અસદ્ભૂત પ્રવચનની શ્રદ્ધા કરે છે.

અનભિનિવિષ્ટ (કદાગ્રહ વિનાના) જીવને મિથ્યાદૃષ્ટિની નિશ્રામાં પણ સમ્યક્ત્વ હોઈ શકે. અભિનિવિષ્ટ જીવને સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિની નિશ્રામાં મિથ્યાત્વ જ હોય.

મિશ્રદૃષ્ટિ સાકારોપયોગમાં હોય કે અનાકારોપયોગમાં હોય. જો સાકારોપયોગમાં હોય તો અવશ્ય વ્યંજનાવગ્રહમાં જ હોય, અર્થાવગ્રહમાં નહીં, કેમકે મિશ્રદૃષ્ટિ સંશયજ્ઞાનીરૂપ છે અને સંશયજ્ઞાનીરૂપતા વ્યંજનાવગ્રહમાં જ હોય છે.

## ચારિત્રમોહનીયની ઉપશમના

અવિરત, દેશવિરત અને સર્વવિરત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ વિશુદ્ધિમાં હોય ત્યારે ચારિત્રમોહનીયની ઉપશમના કરે છે.

અવિરત, દેશવિરત અને સર્વવિરતનું સ્વરૂપ આ પ્રમાણે છે- **(૨) દેશવિરતિલાભપ્રરૂપણા અધિકાર, (૩) સર્વવિરતિલાભ-પ્રરૂપણાઅધિકાર.**

અહીં વ્રતોને જાણે, વ્રતોને સ્વીકારે અને વ્રતોને પાળે - આ ત્રણ પદોના ૮ ભાંગા થાય છે.

| ભાંગા ક્ર. | વ્રતોને જાણે | વ્રતોને સ્વીકારે | વ્રતોને પાળે | કયા જીવો ? |
|---|---|---|---|---|
| ૧ | × | × | × | સર્વલોક |
| ૨ | × | × | ✓ | અજ્ઞાન તપસ્વી |
| ૩ | × | ✓ | × | પાર્શ્વસ્થ |
| ૪ | × | ✓ | ✓ | અગીતાર્થ |
| ૫ | ✓ | × | × | શ્રેણિક વગેરે સમકિતી |
| ૬ | ✓ | × | ✓ | અનુત્તરવાસી દેવ |

| ભાંગા ક્ર. | વ્રતોને જાણે | વ્રતોને સ્વીકારે | વ્રતોને પાળે | કયા જીવો ? |
|---|---|---|---|---|
| ૭ | ✓ | ✓ | × | સંવિગ્નપાક્ષિક |
| ૮ | ✓ | ✓ | ✓ | વ્રતધારી |

પહેલા ચાર ભાંગામાં સમ્યગ્જ્ઞાન નથી.

પાંચમા-છઠ્ઠા ભાંગામાં સમ્યક્સ્વીકાર નથી.

સાતમા ભાંગામાં સમ્યક્પાલન નથી.

તેથી પહેલા ભાંગાથી સાતમા ભાંગા સુધીના ભાંગા અવિરતને હોય.

આઠમો ભાંગો દેશવિરતને કે સર્વવિરતને હોય.

દેશવિરત જઘન્યથી ૧ વ્રતવાળો હોય, મધ્યમથી ૨-૩ વગેરે વ્રતોવાળો હોય અને ઉત્કૃષ્ટથી સંવાસ અનુમતિ માત્રને સેવનારો અને શેષ બધા પાપોના પચ્ચક્ખાણ કરનારો હોય.

અનુમતિ ત્રણ પ્રકારે છે -

(૧) **પ્રતિસેવન અનુમતિ :-** જે પોતે કે બીજાએ કરેલા પાપની પ્રશંસા કરે અને સાવદ્ય આરંભથી યુક્ત અશન વગેરે વાપરે તેને પ્રતિસેવન અનુમતિ હોય છે.

(૨) **પ્રતિશ્રવણ અનુમતિ :-** જે પુત્ર વગેરેએ કરેલા પાપને સાંભળે અને સાંભળીને અનુમોદના કરે, પણ અટકાવે નહીં તેને પ્રતિશ્રવણ અનુમતિ હોય છે.

(૩) **સંવાસ અનુમતિ :-** જે પુત્ર વગેરેએ કરેલા પાપને સાંભળે પણ નહીં અને અનુમોદે પણ નહીં, માત્ર તેમની ઉપર મમત્વ રાખે તેને સંવાસ અનુમતિ હોય છે.

જે સંવાસ અનુમતિનો પણ ત્યાગ કરે છે તે સર્વવિરત છે.

દેશવિરતિલાભમાં અને સર્વવિરતિલાભમાં યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ થાય છે, અનિવૃત્તિકરણ થતું નથી. તે આ રીતે -

કરણકાળની પૂર્વે પણ જીવ અંતર્મુહૂર્ત સુધી પ્રતિસમય અનંતગુણવિશુદ્ધિવાળો હોય છે. તે સત્તામાં રહેલા અશુભકર્મોનો રસ ૨ ઠાણિયો કરે છે. આ બધી પૂર્વભૂમિકા જે પ્રથમ ઉપશમ-સમ્યક્ત્વપ્રાપ્તિ વખતે કહી હતી તે અહીં પણ તે જ પ્રમાણે સમજવી.

યથાપ્રવૃત્તકરણ પણ પૂર્વે કહ્યા મુજબ થાય છે.

અપૂર્વકરણ પણ પૂર્વે કહ્યા મુજબ થાય છે. અહીં ગુણશ્રેણિ થતી નથી.

અપૂર્વકરણનો કાળ પૂર્ણ થતા પછીના સમયે અવશ્ય દેશવિરતિ કે સર્વવિરતિ પામે. જો અવિરત આ બે કરણો કરે તો દેશવિરતિ કે સર્વવિરતિ પામે. જો દેશવિરત આ બે કરણો કરે તો સર્વવિરતિ પામે.

દેશવિરતિ કે સર્વવિરતિ પામ્યા પછી જ્યાં સુધી દેશવિરતિ કે સર્વવિરતિ પાળે ત્યાં સુધી ઉદયાવલિકાની ઉપર અંતર્મુહૂર્ત પ્રમાણવાળી અને પ્રતિસમય અસંખ્યગુણવૃદ્ધ દલિકવાળી ગુણશ્રેણિ રચે છે. જેમ જેમ અનુભવ દ્વારા નીચેથી ૧-૧ સમયનો ક્ષય થાય છે તેમ તેમ ઉપર ઉપર ગુણશ્રેણિની રચનામાં ૧-૧ સમય વધતો જાય છે. એટલે કે ગુણશ્રેણિની લંબાઈ એ જ રહે છે, પણ ગુણશ્રેણિશીર્ષ બદલાતું જાય છે.

દેશવિરતિલાભ અને સર્વવિરતિલાભ પછી અંતર્મુહૂર્ત સુધી જીવ અવશ્ય વર્ધમાન પરિણામવાળો હોય છે. તે અસંખ્યસમયપ્રબદ્ધ દલિકોને ઉકેરીને ગુણશ્રેણિ રચે છે. ત્યાર પછી કોઈ વર્ધમાન

પરિણામવાળો હોય, કોઈ અવસ્થિત પરિણામવાળો હોય અને કોઈ હીયમાન પરિણામવાળો હોય. જો અવસ્થિત પરિણામવાળો કે હીયમાન પરિણામવાળો હોય તો સ્થિતિઘાત-રસઘાત ન કરે. જો વર્ધમાન પરિણામવાળો હોય તો પરિણામને અનુસારે અસંખ્યાત-ભાગવૃદ્ધ, સંખ્યાતભાગવૃદ્ધ, સંખ્યાતગુણવૃદ્ધ કે અસંખ્યગુણવૃદ્ધ દલિકોની ગુણશ્રેણિ કરે. આ વાત ઉકેરાતા દલિકોને આશ્રયીને સમજવી. એટલે કે પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે વિશુદ્ધિ કે સંક્લેશના આધારે ચારે પ્રકારની વૃદ્ધિવાળા કે હાનિવાળા દલિકો ગ્રહણ કરે. પરંતુ નિક્ષેપનો ક્રમ તો ઉદયાવલિકાની ઉપરના ગુણશ્રેણિઆયામમાં (ગુણશ્રેણિની લંબાઈમાં) અસંખ્યગુણના ક્રમે હોય છે. આ પ્રમાણે દેશવિરતિ ગુણસ્થાનકના ચરમ સમય સુધી જાણવું. પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિની ગુણશ્રેણિ કરતા દેશવિરતિની ગુણશ્રેણિ લંબાઈને આશ્રયી સંખ્યાતગુણહીન છે અને દલિકોને આશ્રયી અસંખ્યગુણ છે. દેશવિરતિની ગુણશ્રેણી કરતા સર્વવિરતિની ગુણશ્રેણિ લંબાઈને આશ્રયી સંખ્યાતગુણહીન છે અને દલિકને આશ્રયી અસંખ્યગુણ છે.

અનાભોગથી પરિણામ ઘટવાથી જેઓ દેશવિરતિથી પડીને અવિરત થાય કે સર્વવિરતિથી પડીને દેશવિરત કે અવિરત થાય તેઓ પરિણામવશ ફરીથી તે જ દેશવિરતિ કે સર્વવિરતિ અંતર્મુહૂર્તમાં પામે તો કરણ કર્યા વિના જ પામે, અંતર્મુહૂર્ત પછી પામે તો અવશ્ય કરણ કરવા જ પડે.

જેઓ આભોગથી દેશવિરતિથી કે સર્વવિરતિથી પડે અને આભોગથી જ મિથ્યાત્વ પામે તેઓ અવશ્ય કરણ કરીને જ જઘન્યથી અંતર્મુહૂર્ત પછી અને ઉત્કૃષ્ટથી ઘણા કાળ પછી દેશવિરતિ કે સર્વવિરતિ પામે.

ચારિત્રમોહનીયની ઉપશમના કરનારો સર્વપ્રથમ અવશ્ય અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે છે. તે આ પ્રમાણે -

## (૪) અનંતાનુબંધી ૪ વિસંયોજના અધિકાર

સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત, ચારે ગતિના ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ, શ્રેણિ માંડનારા કે નહીં માંડનારા જીવો અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે છે. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનાર દેવ કે નારકી હોય તો તે અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય, તિર્યંચ હોય તો અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરત હોય અને મનુષ્ય હોય તો અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરત કે સર્વવિરત હોય.

અહીં પણ જીવ પૂર્વે કહ્યા મુજબ પૂર્વભૂમિકા અને ત્રણ કરણ કરે છે. અપૂર્વકરણના પ્રથમસમયથી અનંતાનુબંધી ૪નો ગુણસંક્રમ પણ થાય છે. પ્રથમ સમયે પરપ્રકૃતિમાં થોડા દલિકો સંક્રમાવે છે. બીજા સમયે પરપ્રકૃતિમાં અસંખ્યગુણ દલિકો સંક્રમાવે છે. એમ અપૂર્વકરણના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પરપ્રકૃતિમાં અસંખ્યગુણ દલિકો સંક્રમાવે છે. આ ગુણસંક્રમ ઉદ્વલનાસંક્રમથી યુક્ત હોય છે. આમ ઉદ્વલનાસંક્રમથી યુક્ત ગુણસંક્રમ વડે અપૂર્વકરણમાં અનંતાનુબંધી ૪ના દલિકો પરપ્રકૃતિમાં સંક્રમાવી અનંતાનુબંધી ૪નો વિનાશ કરે છે. આ વાત **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૧ની ઉપા. યશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં.** ૨૪ ઉપર કહી છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૧ની મલયગિરિ મહારાજકૃત ટીકામાં પાના નં. ૨૪** ઉપર કહ્યું છે કે, 'અપૂર્વકરણમાં પ્રથમસમયથી અનંતાનુબંધી ૪નો ગુણસંક્રમ થાય છે. અનિવૃત્તિકરણમાં ઉદ્વલનાસંક્રમ પણ શરૂ થાય છે અને અનંતાનુબંધી ૪નો સંપૂર્ણ નાશ થાય છે.' **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૩૫ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૬૯ ઉપર**

કહ્યું છે છે કે, 'અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં ગુણસંક્રમ વડે અનંતાનુબંધી કષાયોનો નાશ કરે છે.' **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૩૫ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૭૦ ઉપર** કહ્યું છે કે, 'અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે અનંતાનુબંધી કષાયોનો નાશ કરે છે.'

અનિવૃત્તિકરણમાં અનંતાનુબંધી ૪ના નીચે ૧ આવલિકા પ્રમાણ દલિકો રાખી શેષ સર્વ દલિકોનો ઉદ્વલનાયુક્ત ગુણસંક્રમ વડે વિનાશ કરે છે. તે ૧ આવલિકાનું દલિક પણ સ્તિબુકસંક્રમ વડે વેદ્યમાન પરપ્રકૃતિમાં સંક્રમાવે છે. અહીં અંતરકરણ થતું નથી.

આમ અનંતાનુબંધી ૪ની વિસંયોજના થાય એટલે જીવ મોહનીયની ૨૪ની સત્તાવાળો થાય. અનિવૃત્તિકરણ પછી અંતર્મુહૂર્ત સુધી શેષ કર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ થાય છે. ત્યાર પછી તે થતા નથી પણ જીવ સ્વભાવસ્થ બને છે.

## અનંતાનુબંધી ૪ વિસંયોજના

←— અનિવૃત્તિકરણ —→
(અંતર્મુહૂર્ત)

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિશુદ્ધિ (અંત-મુહૂર્ત) | યથા-પ્રવૃત્ત-કરણ (અંત-મુહૂર્ત) | અપૂર્વ-કરણ (અંત-મુહૂર્ત) | | ૧ આવ-લિકા | અનંતાનુબંધીનો ક્ષય |

કેટલાક આચાર્યો એમ માને છે કે અનંતાનુબંધી ૪ની ઉપશમના કરીને પણ ઉપશમશ્રેણિ માંડી શકાય છે. તેમના મતે અનંતાનુબંધી ૪ની ઉપશમના આ રીતે થાય છે -

## (૫) અનંતાનુબંધી ૪ ઉપશમના અધિકાર

૪થા ગુણઠાણાથી માંડીને ૭મા ગુણઠાણા સુધીના જીવો અનંતાનુબંધી ૪ની ઉપશમના કરે છે. તેઓ પૂર્વે કહ્યા મુજબ પૂર્વભૂમિકા, યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ કરે છે.

અપૂર્વકરણમાં ગુણસંક્રમ થાય છે. અપૂર્વકરણમાં અંતર્મુહૂર્ત ઉપરની સ્થિતિમાંથી દલિકો લઈ ઉદયાવલિકા ઉપર પ્રતિસમય અસંખ્યગુણવૃદ્ધ ગુણશ્રેણિ કરે છે.

અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધી ૪ની નીચે ૧ આવલિકા છોડી નવા સ્થિતિબંધના કાળ સમાન અંતર્મુહૂર્તમાં અંતર્મુહૂર્તપ્રમાણ અંતરકરણ કરે છે. અંતરકરણના દલિકો ખાલી કરીને બંધાતી પરપ્રકૃતિમાં નાંખે છે. પ્રથમસ્થિતિના આવલિકા માત્ર દલિકો વેદ્યમાન પરપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે છે. અંતરકરણ કર્યા પછી બીજા સમયથી બીજીસ્થિતિમાં રહેલ અનંતાનુબંધી ૪ના દલિકો ઉપશમાવે છે. પ્રથમ સમયે થોડા દલિકોને ઉપશમાવે છે. બીજા સમયે અસંખ્યગુણ દલિકોને ઉપશમાવે છે. એમ અંતર્મુહૂર્ત સુધી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકોને ઉપશમાવે છે. પ્રથમસ્થિતિ ૧ આવલિકાપ્રમાણ છે અને બીજીસ્થિતિના દલિકોની ઉપશમના અંતર્મુહૂર્ત સુધી થાય છે. એટલે પ્રથમસ્થિતિ પૂર્ણ થયા પછી પણ બીજીસ્થિતિના દલિકોની ઉપશમના ચાલુ હોય છે. અંતર્મુહૂર્ત પછી અનંતાનુબંધી ૪ સર્વથા ઉપશાંત થઈ જાય છે, એટલે કે તે સંક્રમકરણ, ઉદય, ઉદીરણાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણને અયોગ્ય થઈ જાય છે. અનંતાનુબંધી ૪ સર્વથા ઉપશાંત થાય ત્યારે અનિવૃત્તિકરણ સમાપ્ત થાય એમ સંભવે છે.


અનંતાનુબંધી ૪ ઉપશમના
અનિવૃત્તિકરણ (અંતર્મુહૂર્ત)
બીજીસ્થિતિ ઉપશાંત
અંતર (અંતર્મુહૂર્ત)
પ્રથમ-સ્થિતિ ૧ આવલિકા
અપૂર્વકરણ (અંતર્મુહૂર્ત)
યથાપ્રવૃત્તકરણ (અંતર્મુહૂર્ત)
વિશુદ્ધિ (અંતર્મુહૂર્ત)
અનંતાનુબંધી ૪ સર્વથા ઉપશાંત
અનંતાનુબંધીની ઉપશમના શરૂ
અંતર્મુહૂર્ત
સંખ્યાતમો ભાગ
૧ સ્થિતિબંધકાળ
સંખ્યાતા બહુભાગ
અંતરકરણક્રિયા શરૂ

અનંતાનુબંધી ૪ની વિસંયોજના કર્યા પછી કેટલાક જીવો દર્શન ૩નો ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે. તે દર્શન ૩ની ક્ષપણા આ રીતે થાય છે -

## (૬) દર્શન ૩ ક્ષપણા અધિકાર

૮ વર્ષની ઉપરની વયવાળો, ૧લા સંઘયણવાળો, શુક્લલેશ્યાવાળો, ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં રહેલો, જિનકાલિક મનુષ્ય દર્શન ૩ની ક્ષપણા કરે છે. જિનકાલિક એટલે કેવળીના કાળમાં રહેલો, એટલે કે સામાન્યથી અવસર્પિણીમાં ત્રીજા આરાના અંતે અને ચોથા આરામાં થયેલો તથા ઉત્સર્પિણીમાં ત્રીજા આરામાં અને ચોથા આરાની શરૂઆતમાં ઉત્પન્ન થયેલો. સત્તાને આશ્રયીને દેવ વગેરે સંહાર કરીને દેવકુરુ વગેરેમાં લઈ ગયા હોય તો ત્યાં ૧લા વગેરે આરામાં પણ દર્શન ૩ ની ક્ષપણા કરી ક્ષપકશ્રેણિ માંડે છે. મતાંતર-આગમિક મત મુજબ દુપ્પસહસૂરિજીને ક્ષાયિક સમ્યક્ત્વ માન્યું છે. દુપ્પસહસૂરિજી પાંચમા આરાને અંતે થનારા છે.

અહીં પણ પૂર્વભૂમિકા અને ત્રણ કરણ પૂર્વે કહ્યા મુજબ કરે છે.

અપૂર્વકરણમાં પ્રથમ સમયથી ઉદ્વલનાયુક્ત ગુણસંક્રમથી મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના દલિકો સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે. ઉદ્વલનાસંક્રમમાં અપૂર્વકરણના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સ્થિતિખંડ વિશેષહીન હોય છે. અપૂર્વકરણના પ્રથમ સમયની સ્થિતિસત્તા કરતા તેના ચરમ સમયની સ્થિતિસત્તા સંખ્યાતમા ભાગની છે. અપૂર્વકરણના પ્રથમ સમયના સ્થિતિબંધ કરતા તેના ચરમ સમયનો સ્થિતિબંધ સંખ્યાતમા ભાગનો છે.

અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાત વગેરે પહેલાની જેમ થાય

છે. અહીં અંતરકરણ થતું નથી. અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી દર્શન ૩ના દેશોપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણ થતા નથી. હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા અસંજ્ઞી પંચેન્દ્રિયની સ્થિતિસત્તાની તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા ચઉરિન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા તેઈન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા બેઈન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા એકેન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા પલ્યોપમ પ્રમાણ થાય છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૪૦ અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૯૬** ઉપર કહ્યું છે કે, 'દર્શન ૩ની સ્થિતિસત્તા એકેન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થયા પછી હજારો સ્થિતિઘાત પછી દર્શન ૩ની સ્થિતિસત્તા $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થાય છે.' ત્યાર પછીના સ્થિતિઘાતમાં $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ સ્થિતિસત્તા રાખી શેષ સર્વ સ્થિતિસત્તાનો ઘાત થાય છે. ત્યાર પછીના સ્થિતિઘાતમાં $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા રાખી શેષ સંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિસત્તાનો ઘાત થાય છે. આ ક્રમે હજારો સ્થિતિઘાત થાય છે. ત્યાર પછીના સ્થિતિઘાતમાં મિથ્યાત્વમોહનીયની સ્થિતિસત્તાના અસંખ્યબહુભાગોનો ઘાત થાય છે અને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયના સંખ્યાતા બહુભાગોનો ઘાત થાય છે. આ ક્રમે હજારો સ્થિતિઘાતો થાય છે. ત્યાર પછી મિથ્યાત્વમોહનીયની સ્થિતિસત્તા ૧ આવલિકા જેટલી રહે છે અને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સ્થિતિસત્તા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલી રહે છે. સ્થિતિઘાતથી ખાલી થતા મિથ્યાત્વમોહનીયના દલિકો સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયમાં નંખાય છે, મિશ્રમોહનીયના

## દર્શન ૩ ક્ષપણા




क, ख, ग, घ, च, छ, ज, झ, ट = હજારો સ્થિતિઘાતનો કાળ

त = દર્શન ૩ની સ્થિતિસત્તા અસંજ્ઞી પંચેન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય.

थ = દર્શન ૩ની સ્થિતિસત્તા ચઉરિન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય.

द = દર્શન ૩ની સ્થિતિસત્તા તેઈન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય.

ध = દર્શન ૩ની સ્થિતિસત્તા બેઈન્દ્રયની સ્થિતિસત્તા તુલ્ય થાય.

न = દર્શન ૩ની સ્થિતિસત્તા એકેન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય થાય.

प = દર્શન ૩ની સ્થિતિસત્તા ૧ પલ્યોપમ થાય. હવેથી પછી પછીના સ્થિતિઘાતમાં સંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિનો ઘાત કરે.

फ = હવેથી પછી પછીના સ્થિતિઘાતમાં મિથ્યાત્વમોહનીયની અસંખ્યબહુભાગ પ્રમાણ સ્થિતિનો ઘાત કરે, સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સંખ્યાતાબહુભાગ પ્રમાણ સ્થિતિનો જ ઘાત કરે.

ब = મિથ્યાત્વમોહનીયની સ્થિતિસત્તા ૧ આવલિકા થાય, સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સ્થિતિસત્તા પલ્યોપમ/અસંખ્ય થાય. હવેથી સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની અસંખ્યબહુભાગપ્રમાણ સ્થિતિનો પછી પછીના સ્થિતિઘાતમાં ઘાત કરે.

भ = મિશ્રમોહનીયની સ્થિતિસત્તા ૧ આવલિકા થાય, સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા ૮ વર્ષ થાય. અહીં નિશ્ચયનયના મતે દર્શનમોહક્ષપક કહેવાય. હવેથી પછી પછીના સ્થિતિઘાતમાં સમ્યક્ત્વમોહનીયની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિનો ઘાત કરે.

ठ = અનેક સ્થિતિઘાતકાળ

म = સમ્યક્ત્વમોહનીયના સ્થિતિઘાત પૂરા થયા. શેષ સ્થિતિ ઉદયથી ભોગવે. અહીં કૃતકરણ કહેવાય.

ड = સમ્યક્ત્વમોહનીયની શેષ સ્થિતિ

य = સમ્યક્ત્વમોહનીયનો ક્ષય. અહીં દર્શન ૩નો સર્વથા ક્ષય થવાથી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ કહેવાય.

દલિકો સમ્યક્ત્વમોહનીયમાં નંખાય છે અને સમ્યક્ત્વમોહનીયના દલિકો સ્વસ્થાનમાં નીચેની સ્થિતિમાં નંખાય છે. મિથ્યાત્વ-મોહનીયના ૧ આવલિકાના દલિકો સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વ-મોહનીયમાં નંખાય છે. આમ મિથ્યાત્વમોહનીયનો ક્ષય થાય છે. મિથ્યાત્વમોહનીયની સ્થિતિસત્તા ૧ આવલિકા પ્રમાણ થયા પછીના સ્થિતિઘાતમાં સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સ્થિતિસત્તાના અસંખ્ય બહુભાગોનો ઘાત થાય છે અને એક અસંખ્યાતમો ભાગ રહે છે. પછીના સ્થિતિઘાતમાં તે અસંખ્યાતમા ભાગના અસંખ્ય બહુભાગોનો ઘાત થાય છે અને એક અસંખ્યાતમો ભાગ રહે છે. આમ કેટલાક સ્થિતિઘાત બાદ મિશ્રમોહનીયની સ્થિતિસત્તા ૧ આવલિકા માત્ર રહે છે અને સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા ૮ વર્ષ પ્રમાણ રહે છે. તે વખતે બધા વિઘ્નો દૂર થવાથી નિશ્ચયનયના મતે દર્શનમોહનીયક્ષપક કહેવાય છે. મિશ્ર-મોહનીયના ૧ આવલિકાના દલિકો સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વ-મોહનીયમાં નંખાય છે. આમ મિશ્રમોહનીયનો ક્ષય થાય છે. સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા ૮ વર્ષ પ્રમાણ થાય ત્યારથી તેના અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડોનો ઘાત થાય છે. તેમનાં દલિકો ઉદયસમયથી ગુણશ્રેણિશીર્ષ સુધી અસંખ્યગુણાકારે નંખાય છે. ત્યાર પછી ચરમસ્થિતિ સુધી વિશેષહીન-વિશેષહીન દલિકો નંખાય છે. આમ દ્વિચરમ સ્થિતિખંડ સુધી અંતર્મુહૂર્ત પ્રમાણવાળા અને પૂર્વ પૂર્વ સ્થિતિખંડથી ઉત્તરોત્તર અસંખ્યગુણ પ્રમાણવાળા અનેક સ્થિતિખંડોનો ઘાત થાય છે અને તેમના દલિકો ઉપર કહ્યા પ્રમાણે નાંખે છે. દ્વિચરમ સ્થિતિખંડ કરતા ચરમ સ્થિતિખંડ સંખ્યાતગુણ છે. તેમાં ગુણશ્રેણિનો સંખ્યાતમો ભાગ અને તેની ઉપરની સંખ્યાતગુણ સ્થિતિઓ ખાલી થાય છે. તે દલિકો ઉદયસમયથી નવા ગુણશ્રેણિશીર્ષ સુધી પ્રતિસમય અસંખ્યગુણાકારે નંખાય છે.

સમ્યક્ત્વમોહનીયનો ચરમ સ્થિતિખંડ ખાલી થતા તે જીવ કૃતકરણ કહેવાય છે. કૃતકરણ અવસ્થામાં જીવ કાળ પણ કરે અને ચારમાંથી કોઈપણ એક ગતિમાં જઈ શકે. તે દેવગતિમાં જાય તો વૈમાનિક દેવ થાય. તે નરકગતિમાં જાય તો ૧લી નરકમાં જાય. તે મનુષ્યગતિ-તિર્યંચગતિમાં જાય તો અસંખ્ય વર્ષના આયુષ્યવાળો મનુષ્ય કે તિર્યંચ થાય. ત્યારે તેને કોઈપણ લેશ્યા હોય. તે તે ગતિમાં તે સમ્યક્ત્વમોહનીયની શેષ સ્થિતિને ભોગવીને ખપાવે અને ક્ષાયિક સમ્યક્ત્વ પામે. જો દેવગતિમાં કે નરકગતિમાં જઈને ક્ષાયિકસમ્યક્ત્વ પામે તો ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જાય. આમ ત્રીજા ભવે મોક્ષે જાય. જો મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં કે તિર્યંચમાં જઈને ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો ત્યાંથી દેવ થઈને પછી મનુષ્ય થઈને મોક્ષે જાય. આમ ચોથા ભવે મોક્ષે જાય. કોઈક જીવ કૃષ્ણ વાસુદેવ અને દુપ્પસહસૂરિની જેમ નરકમાં કે દેવમાં જઈને પછી મનુષ્ય થઈને ફરી દેવ થાય. પછી તે ફરી મનુષ્ય થઈને મોક્ષે જાય. આમ પાંચમા ભવે મોક્ષે જાય.

જો કૃતકરણ અવસ્થામાં જીવ કાળ ન કરે તો તે જ ભવમાં સમ્યક્ત્વમોહનીયની શેષ સ્થિતિને ભોગવીને ખપાવે. આમ સમ્યક્ત્વમોહનીયનો ક્ષય થતા તે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ બને. જો તેણે પૂર્વે આયુષ્ય અને જિનનામકર્મ ન બાંધ્યું હોય તો તે અવશ્ય તે જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડે. જો તેણે પૂર્વે વૈમાનિક દેવનું આયુષ્ય બાંધ્યું હોય તો તે તે જ ભવમાં ઉપશમશ્રેણિ માંડી શકે. જો તેણે પૂર્વે અન્ય ત્રણ ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તો તે એક પણ શ્રેણિ માંડી ન શકે. જો તેણે પૂર્વે જિનનામકર્મ બાંધ્યું હોય તો તે દેવગતિમાં કે નરકગતિમાં જઈને પછી મનુષ્ય થઈને મોક્ષે જાય.

ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જો ઉપશમશ્રેણિ માંડે તો પહેલા દર્શન ૩ની ઉપશમના કરે. તે આ પ્રમાણે -

## (૭) દર્શન ૩ ઉપશમના અધિકાર

અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરીને ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે રહેલો જીવ દર્શન ૩ની ઉપશમના કરે છે.

તેમાં પૂર્વે કહ્યા મુજબ પૂર્વભૂમિકા અને ત્રણ કરણો કરે છે.

અંતરકરણ કરતી વખતે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની પ્રથમસ્થિતિ ૧ આવલિકા જેટલી રાખે, સમ્યક્ત્વ-મોહનીયની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત જેટલી રાખે. દર્શન ૩ના અંતરકરણના દલિકો સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિમાં નાંખે છે. અંતરકરણ કર્યા પછી મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની પ્રથમસ્થિતિની ૧ આવલિકાના દલિકો સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વ-મોહનીયમાં સંક્રમાવે છે. સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિના દલિકો ઉદય દ્વારા ભોગવે છે. અંતરકરણ કર્યા પછી પહેલા સમયથી બીજી સ્થિતિમાં રહેલ દર્શન ૩ના દલિકોને પ્રતિસમય અસંખ્યગુણાકારે ઉપશમાવે છે.

સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિ ભોગવાઈ જતા અંતરકરણના પ્રથમસમયે બીજી સ્થિતિમાં રહેલ દર્શન ૩ના બધા દલિકો ઉપશાંત થઈ ગયા હોય છે. તેથી ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અંતરકરણના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના દલિકો ગુણસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે. ત્યાર પછી તેમનો વિધ્યાતસંક્રમ થાય છે.

# દર્શન ૩ની ઉપશમના

← અનિવૃત્તિકરણ (અંતર્મુહૂર્ત) →

સમ્યક્ત્વમોહનીય ↓ ग च अ ब↓ ट क ख↓

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિશુદ્ધિ (અંતર્મુહૂર્ત) | યથાપ્રવૃત્ત-કરણ (અંતર્મુહૂર્ત) | અપૂર્વ-કરણ (અંતર્મુહૂર્ત) | સંખ્યાતા બહુભાગ | ૧ સ્થિતિ બંધ કાળ | छ ज પ્રથમ-સ્થિતિ (અંતર્મુહૂર્ત) | અંતર ઉપશમ સમ્ય-ક્ત્વકાળ (અંતર્મુહૂર્ત) | બીજી સ્થિતિ ઉપ-શાંત |

મિથ્યાત્વમોહનીય ↓ ← અનિવૃત્તિકરણ (અંતર્મુહૂર્ત) →

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિશુદ્ધિ (અંતર્મુહૂર્ત) | યથાપ્રવૃત્ત-કરણ (અંતર્મુહૂર્ત) | અપૂર્વ-કરણ (અંતર્મુહૂર્ત) | સંખ્યાતા બહુભાગ | ૧ સ્થિતિ બંધ કાળ | પ્રથમ સ્થિતિ (૧ આવ૦) | અંતર (અંતર્મુહૂર્ત) | બીજી સ્થિતિ ઉપ-શાંત |

મિશ્રમોહનીય ↓ ← અનિવૃત્તિકરણ (અંતર્મુહૂર્ત) →

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિશુદ્ધિ (અંતર્મુહૂર્ત) | યથાપ્રવૃત્ત-કરણ (અંતર્મુહૂર્ત) | અપૂર્વ-કરણ (અંતર્મુહૂર્ત) | સંખ્યાતા બહુભાગ | ૧ સ્થિતિ બંધ કાળ | પ્રથમ સ્થિતિ (૧ આવ૦) | અંતર (અંતર્મુહૂર્ત) | બીજી સ્થિતિ ઉપ-શાંત |

ग = દર્શન ૩ની અંતરકરણક્રિયા અને સમ્યક્ત્વમોહનીયનો આગાલ શરૂ થાય.
च = દર્શન ૩ની ઉપશમના શરૂ
अ = ૧ આવલિકા
ब = ૧ આવલિકા
छ = સમ્યક્ત્વમોહનીયના આગાલ અને ગુણશ્રેણીનો વિચ્છેદ
ज = સમ્યક્ત્વમોહનીયના ઉદીરણા, સ્થિતિઘાત અને રસઘાતનો વિચ્છેદ
ट = સમ્યક્ત્વમોહનીયનો ઉદયવિચ્છેદ, દર્શન ૩ ઉપશાંત
क = અંતર્મુહૂર્ત
ख = મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ગુણસંક્રમવિચ્છેદ-વિધ્યાતસંક્રમ શરૂ, ૭ કર્મના સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણી નિવૃત્ત

દર્શન ૩ની ઉપશમના કરીને સંક્લેશ-વિશુદ્ધિના કારણે જીવ હજારો વાર ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે પરાવૃત્તિ કરે છે. ત્યાર પછી ચારિત્રમોહનીયની ઉપશમના કરે છે. તે આ પ્રમાણે -

## (૮) ચારિત્રમોહનીય ઉપશમના અધિકાર

ઔપશમિક સમ્યગ્દષ્ટિ કે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ચારિત્રમોહનીયની ઉપશમના કરે છે. તે પૂર્વે કહ્યા મુજબ પૂર્વભૂમિકા અને ત્રણ કરણો કરે છે. યથાપ્રવૃત્તકરણ ૭મા ગુણઠાણે થાય છે, અપૂર્વકરણ ૮મા ગુણઠાણે થાય છે, અનિવૃત્તિકરણ ૯મા ગુણઠાણે થાય છે.

અપૂર્વકરણમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, નવો સ્થિતિબંધ અને બધી અબધ્યમાન અશુભપ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ ગયે છતે નિદ્રા ૨નો બંધવિચ્છેદ થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાતો પસાર થયા પછી, એટલે કે અપૂર્વકરણના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, આહારક ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, ૧લુ સંસ્થાન, વર્ણાદિ ૪, સુખગતિ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, જિન, ત્રસ ૪, સ્થિર ૫ = ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. ત્યાર પછી ઘણા સ્થિતિઘાત પસાર થયા પછી અપૂર્વકરણના ચરમ સમયે હાસ્ય ૪નો બંધવિચ્છેદ થાય છે, હાસ્ય ૬નો ઉદયવિચ્છેદ થાય છે અને બધા કર્મોના દેશોપશમનાકરણ-નિધત્તિકરણ-નિકાચનાકરણનો વિચ્છેદ થાય છે. ત્યાર પછી અનિવૃત્તિકરણ શરૂ થાય છે.

અનિવૃત્તિકરણના પ્રથમ સમયે આયુષ્ય સિવાયના ૭ કર્મોની સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે અને સ્થિતિબંધ

## ચારિત્રમોહનીયોપશમનાન્તર્ગત યથાપ્રવૃત્તકરણ

યથાપ્રવૃત્તકરણ
સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ ન થાય.
પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધ.

## ચારિત્રમોહનીયોપશમનાન્તર્ગત અપૂર્વકરણ




क = અપૂર્વકરણ શરૂ. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, અપૂર્વસ્થિતિબંધ શરૂ. कख = ઉદયાવલિકા (પ્રથમ સમયે), पफ = ઉદયાવલિકા (બીજા સમયે)

कढ = ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (પ્રથમ સમયે). खढ = અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (પ્રથમ સમયે).

पढ = ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (બીજા સમયે). फढ = અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ (બીજા સમયે).

कग = અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ. ग = નિદ્રા-૨નો બંધવિચ્છેદ.

कझ = અપૂર્વકરણના સંખ્યાતા બહુ ભાગ.

झ = દેવ-૨ વગેરે ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ.

झट = અપૂર્વકરણનો છેલ્લો સંખ્યાતમો ભાગ.

ट = અપૂર્વકરણનો ચરમ સમય, હાસ્ય-૪નો બંધવિચ્છેદ, હાસ્ય-૬નો ઉદયવિચ્છેદ.

ढ = ગુણશ્રેણિશીર્ષ.

અંતઃક્રોડ સાગરોપમ પ્રમાણ છે. જો કે પૂર્વેના કરણોમાં પણ સ્થિતિસત્તા અને સ્થિતિબંધ આટલા પ્રમાણના જ હતા, છતાં અહીં તેમની અપેક્ષાએ સ્થિતિસત્તા અને સ્થિતિબંધ સંખ્યાતગુણહીન છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૫૦ અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૭૭** ઉપર કહ્યું છે કે, 'અનિવૃત્તિકરણના પ્રથમસમયે આયુષ્ય સિવાયના ૭ કર્મોના સ્થિતિસત્તા અને સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે.' **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૫૦ની મલયગિરિ મહારાજકૃત ટીકામાં પાના નં. ૧૭૭** ઉપર કહ્યું છે કે, 'પૂર્વેના કરણોના સ્થિતિસત્તા અને સ્થિતિબંધ કરતા અનિવૃત્તિકરણના સ્થિતિસત્તા અને સ્થિતિબંધ અસંખ્યગુણહીન છે.' ઉત્તરોત્તર સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ ન્યૂન કરે છે. અહીં સ્થિતિબંધનું અને સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| **પ્રકૃતિ** | **સ્થિતિબંધનું અને સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ** |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | વિશેષાધિક |

અહીં સુધી સદા સ્થિતિબંધનું અને સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ આ પ્રમાણે જ હોય છે.

અનિવૃત્તિકરણમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ સ્થિતિખંડનો ઘાત કરે છે. ઉત્કૃષ્ટ સ્થિતિખંડ કરતા જઘન્ય સ્થિતિખંડ નાનો હોય છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૫૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૭૭ ઉપર** કહ્યું છે કે, 'જો કે સાતે ય કર્મોનો સ્થિતિઘાત $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ કહ્યો છે, છતાં પણ નામ-ગોત્રની

# ચારિત્રમોહનીયોપશમનાન્તર્ગત અનિવૃત્તિકરણ




क = અનિવૃત્તિકરણ શરૂ. દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણ નષ્ટ થાય.
कख = અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ.
ख = અસંજ્ઞિપંચેન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય.
ग = ચઉરિન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય.
घ = તેઈન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય.
च = બેઈન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય.
छ = એકેન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય.
खग, गघ, घच, चछ = હજારો સ્થિતિઘાત.
छज = હજારો સ્થિતિઘાત
ज = અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણા શરૂ.
झ = દાનાંતરાય, મનઃપર્યવજ્ઞાનાવરણનો દેશઘાતી રસ બંધાય.
ट = અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ, લાભાંતરાયનો દેશઘાતી રસ બંધાય.
ठ = શ્રુતજ્ઞાનાવરણ, ભોગાંતરાય, અચક્ષુદર્શનાવરણનો દેશઘાતી રસ બંધાય.
ड = ચક્ષુદર્શનાવરણનો દેશઘાતી રસ બંધાય.
ढ = મતિજ્ઞાનાવરણ, ઉપભોગાંતરાયનો દેશઘાતી રસ બંધાય.
त = વીર્યાંતરાયનો દેશઘાતી રસ બંધાય.
जझ, झट, टठ, ठड, डढ, ढत = હજારો સ્થિતિઘાત.
तथ = હજારો સ્થિતિઘાત.
थ = અંતરકરણક્રિયા પ્રારંભ.
द = અંતરકરણક્રિયા સમાપ્ત.
दध = અનુદયવતી પ્રકૃતિની પ્રથમસ્થિતિ (૧ આવલિકા).
दन = ઉદયમાન વેદની પ્રથમસ્થિતિ.
दप = ઉદયમાન કષાયની પ્રથમસ્થિતિ.

સ્થિતિ ઓછી હોવાથી તેનો સ્થિતિઘાત અલ્પ છે, તેના કરતા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાયનો સ્થિતિઘાત વિશેષાધિક છે, તેના કરતા મોહનીયનો સ્થિતિઘાત વિશેષાધિક છે.'

હજારો સ્થિતિઘાત પસાર થયા પછી સ્થિતિબંધ સાગરોપમસહસ્રપૃથક્ત્વ પ્રમાણ થાય છે. ત્યાર પછી અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે સ્થિતિબંધ અસંજ્ઞી પંચેન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય થાય છે, એટલે કે નામ-ગોત્રનો સ્થિતિબંધ $\frac{૨૦૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયનો સ્થિતિબંધ $\frac{૩૦૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે અને મોહનીયનો સ્થિતિબંધ $\frac{૪૦૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે. ત્યાર પછી ઘણા સ્થિતિઘાત પસાર થયા પછી સ્થિતિબંધ ચઉરિન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય થાય છે, એટલે કે નામ-ગોત્રનો સ્થિતિબંધ $\frac{૨૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયનો સ્થિતિબંધ $\frac{૩૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે અને મોહનીયનો સ્થિતિબંધ $\frac{૪૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે. ત્યાર પછી ઘણા સ્થિતિઘાત પસાર થયા પછી સ્થિતિબંધ તેઈન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય થાય છે, એટલે કે નામ-ગોત્રનો સ્થિતિબંધ $\frac{૧૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયનો સ્થિતિબંધ $\frac{૧૫૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે અને મોહનીયનો સ્થિતિબંધ $\frac{૨૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે. ત્યાર પછી ઘણા સ્થિતિઘાત પસાર થયા પછી સ્થિતિબંધ બેઈન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય થાય છે, એટલે કે નામ-ગોત્રનો સ્થિતિબંધ $\frac{૫૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-

અંતરાયનો સ્થિતિબંધ $\frac{૭૫}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે, મોહનીયનો સ્થિતિબંધ $\frac{૧૦૦}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે. ત્યાર પછી ઘણા સ્થિતિઘાત પસાર થયા પછી સ્થિતિબંધ એકેન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય થાય છે, એટલે કે નામ-ગોત્રનો સ્થિતિબંધ $\frac{૨}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયનો સ્થિતિબંધ $\frac{૩}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે અને મોહનીયનો સ્થિતિબંધ $\frac{૪}{૭}$ સાગરોપમ પ્રમાણ થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત પસાર થયા પછી નામ-ગોત્રનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયનો સ્થિતિબંધ ૧$\frac{૧}{૨}$ પલ્યોપમ પ્રમાણ થાય છે અને મોહનીયનો સ્થિતિબંધ ૨ પલ્યોપમ પ્રમાણ થાય છે.

અહીં સુધી સ્થિતિબંધનું અલ્પબહુત્વ પૂર્વે કહ્યા મુજબ જ હોય છે. સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ પણ સ્થિતિબંધના અલ્પબહુત્વની જેમ જ હોય છે. અહીં સુધી બધા કર્મોનો નવો નવો સ્થિતિબંધ પૂર્વપૂર્વના સ્થિતિબંધ કરતા $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ ન્યૂન થાય છે.

જે કર્મનો સ્થિતિબંધ જ્યારે ૧ પલ્યોપમ પ્રમાણ થાય ત્યારથી તેનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. તેથી હવેથી નામ-ગોત્રનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે, શેષકર્મોનો નવો નવો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ ન્યૂન થાય છે. ત્યારે સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | સંખ્યાતગુણ (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | વિશેષાધિક |

આમ હજારો સ્થિતિબંધ વીત્યા પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે અને મોહનીયનો સ્થિતિબંધ □$૧\frac{૧}{૨}$ પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારે નામ-ગોત્રનો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થાય છે. ત્યારથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે, મોહનીયનો નવો નવો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ ન્યૂન થાય છે. ત્યારથી સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે થાય છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | સંખ્યાતગુણ (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | સંખ્યાતગુણ |

ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી મોહનીયનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારથી મોહનીયનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. ત્યારે શેષ કર્મોનો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થાય છે. અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | સંખ્યાતગુણ (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | સંખ્યાતગુણ |

□. કષાયપ્રાભૃતચૂર્ણિના ચારિત્રમોહનીય ઉપશમના અધિકારમાં પાના નં. ૧૮૨૬ ઉપર અહીં મોહનીયનો સ્થિતિબંધ $૧\frac{૧}{૩}$ પલ્યોપમ પ્રમાણ કહ્યો છે.

મોહનીયનો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થયા પછી નામ-ગોત્રનો નવો નવો સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે, એટલે કે $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ થાય છે, શેષ કર્મોનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૭ની બન્ને ટીકાઓમાં પાના નં. ૩૮, ૪૦ ઉપર** કહ્યું છે કે, 'મોહનીયના સંખ્યાતગુણહીન સ્થિતિબંધ પછી ઘણા સ્થિતિબંધો ગયે છતે મોહનીયનો પણ સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થાય છે. ત્યાર પછી નામ-ગોત્રનો સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે.' આમાં મોહનીયનો સંખ્યાતગુણહીન સ્થિતિબંધ થયા પછી ઘણા સ્થિતિબંધો પસાર થયા પછી મોહનીયનો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થાય છે એમ કહ્યું છે, પણ વાસ્તવમાં મોહનીયનો પહેલો સંખ્યાતગુણહીન સ્થિતિબંધ એ જ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ સ્થિતિબંધ છે. તેથી **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૭ની બન્ને ટીકાઓમાં ઉપર** પ્રમાણે જે કહ્યું છે તે ઘટતું નથી. **પંચસંગ્રહ ઉપશમનાકરણની ગાથા ૫૪-૫૫ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૭૮-૧૭૯ ઉપર** કહ્યું છે કે, 'મોહનીયનો સ્થિતિબંધ પલ્યોપમ પ્રમાણ થાય ત્યાર પછી તેનો અન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. મોહનીયનો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ થયે છતે નામ-ગોત્રનો અન્ય સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે, એટલે કે $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ થાય છે.' આ મત બરાબર લાગે છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | સંખ્યાતગુણ |

ત્યાર પછી ઘણા સ્થિતિબંધો પસાર થયા પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયનો નવો નવો સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે, એટલે કે $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ થાય છે. ત્યારે સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | અસંખ્યગુણ |

ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી [1]એક સાથે મોહનીયનો નવો નવો સ્થિતિબંધ પોતાના પૂર્વ પૂર્વ સ્થિતિબંધ કરતા અસંખ્યગુણહીન થાય છે અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાયના સ્થિતિબંધ કરતા પણ અસંખ્યગુણહીન થાય છે. અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| નામ, ગોત્ર | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| મોહનીય | અસંખ્યગુણ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |

ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી એક સાથે મોહનીયનો નવો સ્થિતિબંધ નામ-ગોત્રના સ્થિતિબંધ કરતા પણ અસંખ્યગુણહીન થાય છે. અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

---

૧. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૮ની બન્ને ટીકાઓ**માં કહ્યું છે કે, 'અહીં બીજો કોઈ વિકલ્પ (મોહનીયનો નવો સ્થિતિબંધ નામ-ગોત્રના સ્થિતિબંધની સમાન કે સંખ્યાતગુણહીન થાય છે એવો વિકલ્પ) કરવો નહીં.'

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| મોહનીય | અલ્પ |
| નામ, ગોત્ર | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |

ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સ્થિતિબંધ વેદનીયના સ્થિતિબંધ કરતા અસંખ્યગુણહીન થાય છે. અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| મોહનીય | અલ્પ |
| નામ, ગોત્ર | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| વેદનીય | અસંખ્યગુણ |

ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સ્થિતિબંધ નામ-ગોત્રના સ્થિતિબંધ કરતા અસંખ્યગુણહીન થાય છે. અહીં સ્થિતિબંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધનું અલ્પબહુત્વ |
|---|---|
| મોહનીય | અલ્પ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| નામ, ગોત્ર | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| વેદનીય | વિશેષાધિક[1] |

૧. પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૫૭ની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૭૯, ૧૮૦ ઉપર અહીં અસંખ્યગુણ કહ્યું છે.

ત્યાર પછી સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ પ્રારંભ ન થાય ત્યાં સુધી આ જ ક્રમે અલ્પબહુત્વ પ્રવર્તે છે. સર્વત્ર સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ સ્થિતિબંધના અલ્પબહુત્વ પ્રમાણે જાણવું.

જ્યારથી બધા કર્મોનો $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યારથી અસંખ્યસમયમાં બંધાયેલા કર્મોની જ ઉદીરણા થાય છે, એટલે કે બંધાતી સ્થિતિથી સમયાદિ ન્યૂન જે સત્તાગત સ્થિતિઓ છે તેમાંથી કર્મોની ઉદીરણા થાય છે, ઉપરની સ્થિતિઓમાંથી કર્મોની ઉદીરણા થતી નથી, કેમકે તે સ્થિતિઓના દલિકો ઘણા કાળ પૂર્વે બંધાયેલા હોવાથી તેમનો ક્ષય થઈ ગયો હોય છે. પૂર્વે થોડા દલિકોની ઉદીરણા થતી હતી. હવે ઘણા દલિકોની ઉદીરણા થાય છે. એટલે કે અસંખ્ય સમયોમાં બંધાયેલા દલિકોની ઉદીરણા થાય છે.

**દેશઘાતીરસબંધ** : જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સ્થિતિબંધ નામ-ગોત્રના સ્થિતિબંધ કરતા અસંખ્યગુણહીન થાય ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી દાનાંતરાય અને મનઃપર્યવજ્ઞાનાવરણનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ અને લાભાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુદર્શનાવરણ અને ભોગાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી ચક્ષુદર્શનાવરણનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી મતિજ્ઞાનાવરણ અને ઉપભોગાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી વીર્યાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. શ્રેણિ નહીં માંડનારા જીવો આ પ્રકૃતિઓનો સર્વઘાતી રસ બાંધે છે.

**અંતરકરણક્રિયા** :- વીર્યાંતરાયના દેશઘાતી રસબંધ પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી અનંતાનુબંધી ૪ સિવાયના

૧૨ કષાય અને ૯ કષાય = ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. જે કષાય અને જે વેદનો ઉદય હોય તેમની પ્રથમસ્થિતિ તેમના ઉદયકાળ જેટલી રાખે છે. શેષ ૧૧ કષાય અને ૮ નોકષાયની પ્રથમસ્થિતિ ૧ આવલિકા જેટલી રાખે છે. અંતરકરણક્રિયા એક સ્થિતિબંધ કે એક સ્થિતિઘાતના કાળમાં કરે છે. અંતરકરણ પ્રથમસ્થિતિ કરતા સંખ્યાતગુણ છે.

## ચાર કષાય અને ત્રણ વેદના ઉદયકાળનું અલ્પબહુત્વ

| પ્રકૃતિ | ઉદયકાળનું અલ્પબહુત્વ |
|---|---|
| નપુંસકવેદ, સ્ત્રીવેદ | અલ્પ (પરસ્પર તુલ્ય) |
| પુરુષવેદ | સંખ્યાતગુણ[૧] |
| સંજ્વલન ક્રોધ | વિશેષાધિક |
| સંજ્વલન માન | વિશેષાધિક |
| સંજ્વલન માયા | વિશેષાધિક |
| સંજ્વલન લોભ | વિશેષાધિક |

## ચારિત્રમોહનીયની પ્રકૃતિઓના અંતરકરણની વિષમતા




૧. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ** ગાથા ૪૨ની **ચૂર્ણિમાં પાના નં. ૪૮** ઉપર કહ્યું છે કે 'પુરુષવેદના ઉદયકાળ કરતા નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ઉદયકાળ સંખ્યાતમો ભાગ ન્યૂન છે. અર્થાત્ નપુંસકવેદ અને સ્ત્રીવેદના ઉદયકાળ કરતા પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતમો ભાગ અધિક છે.'


નપુંસકવેદ
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત


સ્ત્રીવેદ
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત (નપુંસકવેદની પ્રથમસ્થિતિ તુલ્ય)


પુરુષવેદ
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત (નપુંસકવેદ-સ્ત્રીવેદની પ્રથમસ્થિતિ કરતા સંખ્યાતગુણ)


સંજ્વલન ક્રોધ
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત (પુરુષવેદની પ્રથમસ્થિતિ કરતા વિશેષાધિક)


સંજ્વલન માન
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત (સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ કરતા વિશેષાધિક)


સંજ્વલન માયા
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત (સંજ્વલન માનની પ્રથમસ્થિતિ કરતા વિશેષાધિક)


સંજ્વલન લોભ
બીજીસ્થિતિ
(સંખ્યાતા વર્ષ)
પ્રથમસ્થિતિ
અંતર (અંતર્મુહૂર્ત)
અંતર્મુહૂર્ત (સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ કરતા વિશેષાધિક)

સંજવલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારને અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન ક્રોધનો ઉદય હોય.

સંજવલન માનના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારને અપ્રત્યાખ્યાનાવરણીય માન અને પ્રત્યાખ્યાનાવરણીય માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન માનનો ઉદય હોય.

સંજવલન માયાના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારને અપ્રત્યાખ્યાનાવરણીય માયા અને પ્રત્યાખ્યાનાવરણીય માયાનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન માયાનો ઉદય હોય.

સંજવલન લોભના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારને અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન લોભનો ઉદય હોય.

આમ બધા કર્મોનો અંતરકરણનો ઉપરનો ભાગ સમાન સ્થિતિવાળો છે, પણ નીચેનો ભાગ વિષમ સ્થિતિવાળો છે.

## અંતરકરણના દલિકો નાંખવાની વિધિ

**જેમનો બંધ અને ઉદય છે તે પ્રકૃતિઓના અંતરકરણના દલિકો નાંખવાની વિધિ**




**જે પ્રકૃતિઓનો માત્ર ઉદય હોય તેમના અંતરકરણના દલિકો નાંખવાની વિધિ**



**જે પ્રકૃતિઓનો માત્ર બંધ હોય તેમના અંતરકરણના દલિકો નાંખવાની વિધિ**




**જે પ્રકૃતિઓનો બંધ અને ઉદય ન હોય તેમના અંતરકરણના દલિકો નાંખવાની વિધિ**




## અંતરકરણના દલિકો નાંખવાની વિધિ

(૧) જે કર્મોનો બંધ અને ઉદય હોય તેમના અંતરકરણના દલિકો તેમની પ્રથમસ્થિતિમાં અને બીજીસ્થિતિમાં નાંખે છે. દા.ત. પુરુષવેદના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર પુરુષવેદના અંતરકરણના દલિકો પુરુષવેદની પ્રથમસ્થિતિ અને બીજીસ્થિતિમાં નાંખે છે.

(૨) જે કર્મોનો માત્ર ઉદય જ હોય, બંધ ન હોય, તેમના અંતરકરણના દલિકો તેમની પ્રથમસ્થિતિમાં જ નાંખે છે, બીજીસ્થિતિમાં નાંખતો નથી. દા.ત. સ્ત્રીવેદના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર સ્ત્રીવેદના અંતરકરણના દલિકો સ્ત્રીવેદની પ્રથમસ્થિતિમાં જ નાંખે છે.

(૩) જે કર્મોનો ઉદય ન હોય, માત્ર બંધ હોય, તેમના અંતરકરણના દલિકો તેમની બીજીસ્થિતિમાં જ નાંખે છે, પ્રથમસ્થિતિમાં નાંખતો નથી. દા.ત. સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર શેષ સંજ્વલન કષાયોના અંતરકરણના દલિકો તેમની બીજી સ્થિતિમાં જ નાંખે છે.

(૪) જે કર્મોનો બંધ કે ઉદય ન હોય તેમના અંતરકરણના દલિકો બંધાતી પરપ્રકૃતિમાં નાંખે છે. દા.ત. અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધના અંતરકરણના દલિકો બંધાતા સંજ્વલન ક્રોધમાં નાંખે છે.

**૭ વસ્તુઓ** - અંતરકરણ કર્યા પછીના સમયથી એક સાથે ૭ વસ્તુઓ શરૂ થાય છે. તે આ પ્રમાણે છે -

(૧) પુરુષવેદ અને સંજ્વલન ૪નો આનુપૂર્વી સંક્રમ થાય છે. પુરુષવેદના દલિકો સંજ્વલન ક્રોધ વગેરેમાં જ નાંખે છે. સંજ્વલન ક્રોધના દલિકો સંજ્વલન માન વગેરેમાં જ નાંખે છે, પુરુષવેદમાં નહીં. સંજ્વલન માનના દલિકો સંજ્વલન માયા વગેરેમાં જ નાંખે છે, પુરુષવેદ-સંજ્વલન ક્રોધમાં નહીં. સંજ્વલન માયાના દલિકો સંજ્વલન લોભમાં જ નાંખે છે, પુરુષવેદ-સંજ્વલન ક્રોધ-સંજ્વલન માનમાં નહીં.

(૨) સંજ્વલન લોભનો સંક્રમ ન થાય.

(૩) બંધાતા દલિકોની ૭ આવલિકા પછી ઉદીરણા થાય છે. અહીં સુધી બંધાતા દલિકોની બંધાવલિકા પછી ઉદીરણા થતી હતી.

(૪) મોહનીયના ૧ ઠાણિયા રસના બંધ અને ઉદય થાય છે. જો કે એકાંતવિશુદ્ધ અધ્યવસાયસ્થાન ક્ષપકશ્રેણિમાં જ હોવાથી

૧ ઠાણિયો રસ ત્યાં જ બંધાય છે, છતાં અહીં સર્વવિશુદ્ધ ૨ ઠાણિયો રસ ઉત્કૃષ્ટ ૧ ઠાણિયા રસની ઘણો સમાન હોવાથી તેનો ૧ ઠાણિયા રસ તરીકે ઉપચાર કર્યો હોય એમ સંભવે છે. તત્ત્વ કેવળીગમ્ય છે.

(૫) મોહનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ થાય છે.

(૬) મોહનીયની સંખ્યાતા વર્ષની ઉદીરણા થાય છે, એટલે કે પૂર્વે બાંધેલા કે ત્યારે બાંધેલા કર્મોના સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિસ્થાનોના દલિકોની ઉદીરણા થાય છે.

(૭) મોહનીયનો ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે, શેષકર્મોનો ઉત્તરોત્તર સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે.[1]

---

૧. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૬૩, ૬૪ અને તેમની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૮૯, ૧૯૦** ઉપર સાતમી વસ્તુ આ પ્રમાણે કહી છે, 'નપુંસકવેદનો અસંખ્યગુણાકારે ઉપશમ કરે છે.'

**કષાયપ્રાભૃતચૂર્ણિના સૂત્ર ૨૪૦માં પાના નં. ૧૮૩૮** ઉપર ૭ વસ્તુઓ આ પ્રમાણે કહી છે -

(૧) મોહનીયનો આનુપૂર્વી સંક્રમ થાય.
(૨) સંજ્વલન લોભનો સંક્રમ ન થાય.
(૩) મોહનીયનો ૧ ઠાણિયો રસ બંધાય.
(૪) નપુંસકવેદનો પ્રથમસમયઉપશામક થાય.
(૫) બંધાતા દલિકોની છ આવલિકા પછી ઉદીરણા થાય.
(૬) મોહનીયના ૧ ઠાણિયા રસનો ઉદય થાય.
(૭) મોહનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ થાય.

**કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૪૩-૪૪ની ચૂર્ણિમાં પાના નં. ૫૧-૫૩** ઉપર ૭ વસ્તુઓ આ પ્રમાણે કહી છે -

(૧) મોહનીયનો આનુપૂર્વી સંક્રમ થાય.
(૨) સંજ્વલન લોભનો સંક્રમ ન થાય.
(૩) બંધાતા દલિકોની ૬ આવલિકા પછી ઉદીરણા થાય.

**નપુંસકવેદઉપશમના** :- અંતરકરણ કર્યા પછીના સમયથી નપુંસકવેદ ઉપશમાવવાનું શરૂ કરે છે. પ્રથમ સમયે થોડા દલિકો ઉપશમાવે છે. બીજા સમયે અસંખ્યગુણ દલિકો ઉપશમાવે છે. ત્રીજા સમયે અસંખ્યગુણ દલિકો ઉપશમાવે છે. એમ ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકોને ઉપશમાવે છે. દ્વિચરમ સમય સુધી પ્રતિસમય ઉપશમતા દલિકો કરતા અસંખ્યગુણ દલિકો સંક્રમાવે છે. ચરમ સમયે સંક્રમતા દલિકો કરતા ઉપશમતા દલિકો અસંખ્યગુણ છે.[૧] નપુંસકવેદોપશમના શરૂ કરે ત્યારથી પ્રતિસમય બધા કર્મોના ઉદીરણાના દલિકો અલ્પ હોય છે, ઉદયના દલિકો અસંખ્યગુણ હોય છે. આમ હજારો સ્થિતિબંધ જાય એટલે નપુંસકવેદ સર્વથા ઉપશાંત થાય છે.

**સ્ત્રીવેદઉપશમના** :- ત્યાર પછી તે જ રીતે સ્ત્રીવેદ ઉપશમાવવાનું શરૂ કરે છે. ત્યારે જ નવો સ્થિતિબંધ અને નવો સ્થિતિઘાત થાય છે. સ્ત્રીવેદોપશમનાકાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય ત્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સંખ્યાતા વર્ષ

---

(૪) મોહનીયનો ૧ ઠાણિયો રસ બંધાય.

(૫) નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ થાય.

(૬) મોહનીયની સંખ્યાતા વર્ષની ઉદીરણા થાય.

(૭) મોહનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ થાય.

૧. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં પાના નં. ૧૮૪૩ ઉપર, ધવલામાં અને લબ્ધિસાર ગાથા ૨૫૩ની સંસ્કૃત ટીકા**માં નપુંસકવેદની ઉપશમનાની વિધિ આ પ્રમાણે કહી છે, 'પ્રથમ સમયે ઉદીરણાગત દ્રવ્ય અલ્પ છે, તેના કરતા ઉદયગત દ્રવ્ય અસંખ્યગુણ છે, તેના કરતા સંક્રમતુ દ્રવ્ય અસંખ્યગુણ છે, તેના કરતા ઉપશમતુ દ્રવ્ય અસંખ્યગુણ છે. ચરમ સમય સુધી આ જ રીતે જાણવું.' જુઓ અમે લખેલ **'ઉપશમનાકરણ વિસ્તૃત ગુજરાતી વિવેચન ભાગ ૧, પાના નં. ૧૭૦.'**

# નપુંસકવેદોપશમના




अक =અંતરકરણક્રિયાકાળ

क = (૧) મોહનીયનો આનુપૂર્વી સંક્રમ,
(૨) સંજ્વલન લોભનો અસંક્રમ,
(૩) મોહનીયનો એકસ્થાનિક રસબંધ અને રસોદય,
(૪) મોહનીયની સંખ્યાતા વર્ષની ઉદીરણા,
(૫) મોહનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ,
(૬) બધ્યમાન દલિકોની છ આવલિકા બાદ ઉદીરણા,
(૭) નપુંસકવેદ ઉપશમના, આ ૭નો પ્રારંભ

कख = નપુંસકવેદની પ્રથમસ્થિતિ. (૧ આવલિકા)

ग = નપુંસકવેદોપશમનાનો દ્વિચરમસમય.

क થી ग સુધી - ઉપશમ્યમાન દલિક કરતા સંક્રમતુ દલિક અસંખ્યગુણ.

घ = નપુંસકવેદોપશમનાનો ચરમસમય. સંક્રમતા દલિક કરતા ઉપશમ્યમાન દલિક અસંખ્યગુણ. નપુંસકવેદ સર્વથા ઉપશાંત.

खछ = અંતરકરણ.

कघ = નપુંસકવેદોપશમના કાળ.

## નપુંસકવેદની ઉપશમના




અસંખ્ય = ૨, અંતર્મુહૂર્ત = ૧૫ સમય
(સ્ત્રીવેદ અને હાસ્ય ૬ની ઉપશમના નપુસંકવેદની ઉપશમના પ્રમાણે જાણવી)

પ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્યારથી તેમનો ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. ત્યારથી મોહનીય સિવાયની ૧૨ દેશઘાતી પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ ૪, દર્શનાવરણ ૩, અંતરાય ૫) નો ૧ ઠાણિયો રસ બંધાય છે. આમ હજારો સ્થિતિબંધ પસાર થાય એટલે સ્ત્રીવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે.

**હાસ્ય ૬ અને પુરુષવેદની ઉપશમના :-** ત્યાર પછી તે જ રીતે હાસ્ય ૬ અને પુરુષવેદ = ૭ પ્રકૃતિઓને ઉપશમાવવાનું શરૂ

## સ્ત્રીવેદોપશમના




अप = અંતરકરણક્રિયાકાળ

पक = નપુંસકવેદોપશમનાકાળ

क = સ્ત્રીવેદોપશમના પ્રારંભ

कख = સ્ત્રીવેદોપશમના કાળનો સંખ્યાતમો ભાગ.

ख = જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયના સંખ્યાતા વર્ષના સ્થિતિબંધનો પ્રારંભ, કેવળ-૨ સિવાય ઘાતી-૩ની ઉત્તરપ્રકૃતિઓના ૧ ઠાણિયા રસબંધનો પ્રારંભ.

ग = સ્ત્રીવેદ સર્વથા ઉપશાંત

कग = સ્ત્રીવેદોપશમના કાળ.

કરે છે. ત્યારે જ નવો સ્થિતિબંધ અને નવો સ્થિતિઘાત શરૂ થાય છે. આ ૭ પ્રકૃતિઓના ઉપશમનાકાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય ત્યારે નામ-ગોત્રનો સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, વેદનીયનો અસંખ્ય વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે સ્થિતિબંધ પૂર્ણ થયા પછી વેદનીયનો પણ સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૬૭ની સ્વોપજ્ઞટીકામાં પાના નં. ૧૯૧** ઉપર કહ્યું છે કે, 'સાત નોકષાયના ઉપશમનાકાળનો સંખ્યાતમો ભાગ પસાર થાય ત્યારે નામ-ગોત્રનો સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય અને વેદનીયનો અસંખ્ય વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય. ત્યાર પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી બધા કર્મોનો સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.' **કષાયપ્રાભૃતચૂર્ણિમાં સૂત્ર ૧૮૧ માં પાના નં. ૧૮૪૭** ઉપર કહ્યું છે કે, 'સાત નોકષાયોના ઉપશમનાકાળનો સંખ્યાતમો ભાગ પસાર થયા પછી નામ, ગોત્ર અને વેદનીયનો સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.' જે કર્મોનો સ્થિતિબંધ જ્યારે સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય ત્યારથી તેમનો ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. પુરુષવેદની પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી હોય ત્યારે પુરુષવેદનો આગાલવિચ્છેદ થાય છે અને પુરુષવેદની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. ત્યારથી જ હાસ્ય ૬ના દલિકો પુરુષવેદમાં સંક્રમતા નથી, પણ સંજ્વલન કષાયોમાં જ સંક્રમે છે. પુરુષવેદની પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી હોય ત્યારે તેનો ઉદીરણાવિચ્છેદ થાય છે. બધા કર્મોનો સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થયા પછી હજારો સ્થિતિબંધ પસાર થયા પછી હાસ્ય ૬ સર્વથા ઉપશાંત થઈ જાય છે. ત્યારે પુરુષવેદની પ્રથમસ્થિતિમાં માત્ર ૧ સમયની સ્થિતિ બાકી હોય છે. એટલે કે પુરુષવેદોદયના ચરમ સમયે હાસ્ય ૬ને સર્વથા ઉપશમાવે છે. ત્યારે પુરુષવેદનો

સ્થિતિબંધ ૧૬ વર્ષનો થાય છે અને સંજ્વલન ૪નો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ[1] પ્રમાણ થાય છે.

પુરુષવેદની ૧ સમયની સ્થિતિ ઉદય વડે ભોગવાય છે. તે જ સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ થાય છે. પછી તે જીવ અવેદી થાય છે. અવેદકકાળના પ્રથમ સમયે પુરુષવેદના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો અનુપશાંત હોય છે, શેષ બધા દલિકો ઉપશાંત થઈ ગયા હોય છે, કેમકે કોઈપણ સમયે બંધાયેલ દલિક બંધાવલિકા પસાર થયા પછી ઉપશમાવે. તે ઉપશમતા કે સંક્રમતા પણ ૧ આવલિકા થાય છે. અનુપશાંત દલિકોને અવેદકકાળની સમય ન્યૂન ૨ આવલિકામાં ઉપશમાવે છે. પ્રથમ સમયે થોડા દલિકો ઉપશમાવે છે, બીજા સમયે અસંખ્યગુણ દલિકો ઉપશમાવે છે. એમ સમય ન્યૂન બે આવલિકાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકો ઉપશમાવે છે. પ્રતિસમય પરપ્રકૃતિમાં યથાપ્રવૃત્તસંક્રમ વડે દલિકો સંક્રમાવે છે. જો કે અહીં યથાપ્રવૃત્તસંક્રમ સંભવતો નથી, પણ ગુણસંક્રમ સંભવે છે, છતા કર્મપ્રકૃતિના ચૂર્ણિકાર અને ટીકાકારના વચનથી અહીં યથાપ્રવૃત્તસંક્રમ જ માનવો. પ્રથમ સમયે ઘણા દલિકો સંક્રમાવે છે. બીજા સમયે વિશેષહીન દલિકો સંક્રમાવે છે. એમ સમય ન્યૂન ૨ આવલિકાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે વિશેષહીન દલિકો સંક્રમાવે છે. અવેદકકાળની સમય ન્યૂન ૨ આવલિકાના અંતે પુરુષવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે. ત્યારે સંજ્વલન ૪ નો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષ પ્રમાણ થાય છે અને જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાય-વેદનીય-નામ-ગોત્રનો

---

૧. **કષાયપ્રાભૃતચૂર્ણિ, ધવલા અને લબ્ધિસાર**માં અહીં સંજ્વલન ૪ નો સ્થિતિબંધ ૩૨ વર્ષપ્રમાણ કહ્યો છે. જુઓ અમે લખેલ **'ઉપશમનાકરણ, વિસ્તૃત ગુજરાતી વિવેચન, ભાગ-૧, પાના નં. ૧૮૨'**

## ૭ નોકષાયોપશમના




अप = અંતરકરણક્રિયાકાળ.

पफ = નપુંસકવેદોપશમનાકાળ.

फक = સ્ત્રીવેદોપશમનાકાળ.

क = ૭ નોકષાય ઉપશમના પ્રારંભ.

पघ = પુરુષવેદની પ્રથમસ્થિતિ.

कख = ૭ નોકષાય ઉપશમના કાળનો સંખ્યાતમો ભાગ.

ख = નામ-ગોત્રનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ.

खग = ૧ સ્થિતિબંધકાળ.

ग = વેદનીયનો સંખ્યાતા વર્ષનો સ્થિતિબંધ.

घ = પુરુષવેદોદયનો ચરમ સમય, હાસ્ય ૬ સર્વથા ઉપશાંત, પુરુષવેદના બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ.

घच = સમયોન બે આવલિકા.

च = પુરુષવેદ સર્વથા ઉપશાંત.

# પુરુષવેદની ઉપશમના




અંતર્મુહૂર્ત = ૧૫ સમય, આવલિકા = ૪ સમય
સમયન્યૂન ૨ આવલિકા = ૭ સમય, અસંખ્ય = ૨, વિશેષહાનિ = ૧,૦૦૦

સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ થાય છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૪૭ની ચૂર્ણિમાં પાના નં. ૫૬** ઉપર કહ્યું છે કે, 'અવેદકકાળના પ્રથમ સમયે સંજ્વલન ૪નો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૨ વર્ષ પ્રમાણ થાય છે.' **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૭૦ અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૯૨** ઉપર કહ્યું છે કે, 'પુરુષવેદ સર્વથા ઉપશાંત થાય ત્યારે સંજ્વલન ૪નો સ્થિતિબંધ ૩૨ વર્ષ પ્રમાણ થાય છે.'

**ક્રોધ ૩ની ઉપશમના :-** અવેદકકાળના પ્રથમ સમયથી અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને સંજ્વલન ક્રોધને એક સાથે પૂર્વે કહ્યા મુજબ ઉપશમાવે છે. ઉપશમના કરતા પૂર્વપૂર્વ સ્થિતિબંધ પૂર્ણ થયા પછી ઉત્તરોત્તર સ્થિતિબંધ સંજ્વલન ૪નો સંખ્યાતમો ભાગહીન કરે છે અને શેષ કર્મોનો સંખ્યાતગુણહીન કરે છે. શેષ સ્થિતિઘાત વગેરે પૂર્વેની જેમ જ થાય છે. સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિની સમય ન્યૂન ૩ આવલિકા બાકી હોય ત્યારથી સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. ત્યારથી અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધના દલિકો સંજ્વલન ક્રોધમાં ન સંક્રમાવે. સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન ક્રોધનો આગાલવિચ્છેદ થાય છે. સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન ક્રોધની જઘન્ય સ્થિતિઉદીરણા થાય અને બંધવિચ્છેદ-ઉદયવિચ્છેદ-ઉદીરણાવિચ્છેદ થાય છે. ત્યારે સંજ્વલન ૪નો સ્થિતિબંધ ૪ માસનો થાય છે, શેષ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષનો થાય છે. ત્યારે *અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-પ્રત્યાખ્યાનાવરણીય* ક્રોધ સર્વથા ઉપશાંત *થઈ જાય છે. ત્યારે સંજ્વલન ક્રોધના પ્રથમસ્થિતિની* ૧ આવલિકાના દલિકો અને બીજીસ્થિતિની સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા

## ક્રોધ ૩ ઉપશમના




क = પુરુષવેદનો બંધોદયવિચ્છેદ, ક્રોધ-૩ ઉપશમના પ્રારંભ.

कख = સમયોન બે આવલિકા.

ख = પુરુષવેદ સર્વથા ઉપશાંત.

ग = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા શેષે સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થાય.

घ = પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષે આગાલવિચ્છેદ થાય.

च = પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષે સંજ્વલન ક્રોધના બંધોદયોદીકરણાનો વિચ્છેદ, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ સર્વથા ઉપશાંત.

चछ = પ્રથમસ્થિતિની ચરમાવલિકા સ્તિબુકસંક્રમથી માનમાં સંક્રમાવે.

चज = સમયોન બે આવલિકા

ज = સંજ્વલન ક્રોધ સર્વથા ઉપશાંત.

દલિકો અનુપશાંત છે, શેષ બધા દલિકો ઉપશાંત થઈ ગયા છે. સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિની ચરમાવલિકાના દલિકોને સ્તિબુકસંક્રમથી સંજ્વલન માનમાં સંક્રમાવે છે. સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકોને તેટલા જ કાળે પુરુષવેદની જેમ ઉપશમાવે છે અને સંક્રમાવે છે. આમ સંજ્વલન ક્રોધના બંધોદયોદીરણાવિચ્છેદ પછી સમય ન્યૂન ૨ આવલિકા પછી સંજ્વલન ક્રોધ સર્વથા ઉપશાંત થઈ જાય છે.

**માન ૩ની ઉપશમના :-** જે સમયે સંજ્વલન ક્રોધના બંધોદયોદીરણાવિચ્છેદ થાય છે તે જ સમયે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માનના દલિકો ખેંચીને તેની માનોદયકાળ કરતા ૧ આવલિકા અધિક પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. ઉદયસમયમાં થોડા દલિકો નાંખે છે. બીજા સમયે અસંખ્યગુણ દલિકો નાંખે છે. એમ પ્રથમસ્થિતિના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકો નાંખે છે. સંજ્વલન માનની પ્રથમસ્થિતિના પ્રથમ સમયે સંજ્વલન ૩નો સ્થિતિબંધ ૪ માસનો છે અને બાકીના કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ છે. **કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૪૮ની ચૂર્ણિમાં પાના નં. ૫૭** ઉપર કહ્યું છે કે, 'સંજ્વલન માનની પ્રથમસ્થિતિના પ્રથમ સમયે સંજ્વલન ૩નો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૪ માસ છે.' સંજ્વલન માનની પ્રથમસ્થિતિ કરે ત્યારથી જ અપ્રત્યાખ્યાનાવરણીય માન, પ્રત્યાખ્યાનાવરણીય માન અને સંજ્વલન માનને પૂર્વે કહ્યા મુજબ એક સાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. સંજ્વલન માનની પ્રથમસ્થિતિની સમય ન્યૂન ૩ આવલિકા બાકી હોય ત્યારથી સંજ્વલન માનની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. ત્યારથી અપ્રત્યાખ્યાનાવરણીય માન અને પ્રત્યાખ્યાનાવરણીય માનના દલિકો સંજ્વલન માનમાં ન સંક્રમાવે, પણ સંજ્વલન માયા વગેરેમાં સંક્રમાવે છે. સંજ્વલન માનની પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન માનનો

## માન ૩ ઉપશમના




क = સંજ્વલન ક્રોધનો બંધોદયોદીરણાવિચ્છેદ, સંજ્વલન માનની પ્રથમસ્થિતિ કરે, માન-૩ ઉપશમના પ્રારંભ.
कख = સમયોન બે આવલિકા.
ख = સંજ્વલન ક્રોધ સર્વથા ઉપશાંત
ग = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા શેષે સંજ્વલન માનની પતદ્ગ્રહતા નષ્ટ થાય.
घ = પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષે આગાલપ્રત્યાગાલવિચ્છેદ.
च = પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષે સંજ્વલન માનનો બંધોદયોદીરણાવિચ્છેદ, અપ્રત્યાખ્યાનાવરણીય માન - પ્રત્યાખ્યાનાવરણીય માન સર્વથા ઉપશાંત.
चछ = પ્રથમસ્થિતિની ચરમાવલિકા સ્તિબુકસંક્રમથી સંજ્વલન માયામાં સંક્રમાવે.
चज = સમયોન બે આવલિકા
ज = સંજ્વલન માન સર્વથા ઉપશાંત.
कछ = બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી કરાયેલી સંજ્વલન માનની પ્રથમસ્થિતિ.

આગાલવિચ્છેદ થાય છે. સંજ્વલન માનની પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન માનના બંધોદયોદીરણાવિચ્છેદ થાય છે. ત્યારે સંજ્વલન ૩નો સ્થિતિબંધ ૨ માસનો થાય છે અને શેષ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય છે. ત્યારે અપ્રત્યાખ્યાનાવરણીય માન - પ્રત્યાખ્યાનાવરણીય માન સર્વથા ઉપશાંત થઈ જાય છે. ત્યારે સંજ્વલન માનના પ્રથમસ્થિતિની ૧ આવલિકાના દલિકો અને બીજી સ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો અનુપશાંત છે, શેષ બધા દલિકો ઉપશાંત થઈ ગયા છે. સંજ્વલન માનની પ્રથમસ્થિતિની ૧ આવલિકાના દલિકોને સ્તિબુકસંક્રમથી સંજ્વલન માયામાં સંક્રમાવે છે. સંજ્વલન માનના બીજીસ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો તેટલા જ કાળે પુરુષવેદની જેમ ઉપશમાવે છે અને સંક્રમાવે છે. સંજ્વલન માનના બંધોદયોદીરણાવિચ્છેદ પછી સમય ન્યૂન ૨ આવલિકા પછી સંજ્વલન માન સર્વથા ઉપશાંત થઈ જાય છે.

**માયા ૩ની ઉપશમના :-** જે સમયે સંજ્વલન માનના બંધોદયોદીરણાવિચ્છેદ થાય છે, તે જ સમયે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માયાના દલિકો ખેંચીને તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે જ સમયથી અપ્રત્યાખ્યાનાવરણીય માયા, પ્રત્યાખ્યાનાવરણીય માયા અને સંજ્વલન માયાને પૂર્વે કહ્યા મુજબ એક સાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. સંજ્વલન માયાની પ્રથમ-સ્થિતિના પ્રથમ સમયે સંજ્વલન ૨નો સ્થિતિબંધ ૨ માસ પ્રમાણ છે અને શેષ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ છે. સંજ્વલન માયાની પ્રથમસ્થિતિની સમય ન્યૂન ૩ આવલિકા બાકી હોય ત્યારથી સંજ્વલન માયાની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. ત્યારથી અપ્રત્યાખ્યાનાવરણીય માયા અને પ્રત્યાખ્યાનાવરણીય માયાના

## માયા ૩ ઉપશમના




क = સંજ્વલનમાનના બંધોદયોદીરણાવિચ્છેદ, સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ કરે, માયા-૩ ઉપશમના પ્રારંભ.

कख = સમયોન બે આવલિકા.

ख = સંજ્વલન માન સર્વથા ઉપશાંત

ग = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા શેષે સંજ્વલન માયાની પતદ્ગ્રહતા નષ્ટ થાય.

घ = પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષે આગાલ-પ્રત્યાગાલ વિચ્છેદ.

च = પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષે સંજ્વલન માયાનો બંધોદયોદીરણાવિચ્છેદ, અપ્રત્યાખ્યાનાવરણીય માયા - પ્રત્યાખ્યાનાવરણીય માયા સર્વથા ઉપશાંત.

चज = સમયોન બે આવલિકા

चछ = સંજ્વલન માયાની પ્રથમસ્થિતિની ચરમાવલિકા સ્તિબુકસંક્રમથી સંજ્વલન લોભમાં સંક્રમાવે.

ज = સંજ્વલન માયા સર્વથા ઉપશાંત.

कछ = બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી કરાયેલી સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ.

દલિકો સંજ્વલન માયામાં ન સંક્રમાવે, પણ સંજ્વલન લોભમાં સંક્રમાવે. સંજ્વલન માયાની પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન માયાનો આગાલવિચ્છેદ થાય છે. સંજ્વલન માયાની પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન માયાના બંધોદયોદીરણાવિચ્છેદ થાય છે. ત્યારે સંજ્વલન ૨નો સ્થિતિબંધ ૧ માસ પ્રમાણ થાય છે અને શેષકર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય છે. ત્યારે અપ્રત્યાખ્યાનાવરણીય માયા - પ્રત્યાખ્યાનાવરણીય માયા સર્વથા ઉપશાંત થઈ ગઈ છે. ત્યારે સંજ્વલન માનના પ્રથમસ્થિતિની ૧ આવલિકાના દલિકો અને બીજીસ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો અનુપશાંત છે, શેષ સર્વ દલિકો ઉપશાંત થઈ ગયા છે. સંજ્વલન માયાની પ્રથમસ્થિતિની ૧ આવલિકાના દલિકો સ્તિબુકસંક્રમથી સંજ્વલન લોભમાં સંક્રમાવે છે. સંજ્વલન માયાની બીજીસ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો તેટલા જ કાળે પુરુષવેદની જેમ ઉપશમાવે છે અને સંક્રમાવે છે. સંજ્વલન માયાના બંધોદયોદીરણાવિચ્છેદ થાય ત્યારથી સમય ન્યૂન ૨ આવલિકા પછી સંજ્વલન માયા સર્વથા ઉપશાંત થઈ જાય છે.

**લોભ ૩ની ઉપશમના :-** જે સમયે સંજ્વલન માયાના બંધોદયોદીરણાવિચ્છેદ થાય છે તે જ સમયે બીજીસ્થિતિમાંથી સંજ્વલન લોભના દલિકો ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. સંજ્વલન લોભના ઉદયકાળના ત્રણ ભાગ કરીએ તેમાંથી બે ભાગ પ્રમાણ આ પ્રથમસ્થિતિ કરે છે. તે બે ભાગમાંથી પહેલા ભાગને અશ્વકર્ણકરણાદ્ધા કહેવાય છે અને બીજા ભાગને કિટ્ટિકરણાદ્ધા કહેવાય છે.

**(૧) અશ્વકર્ણકરણાદ્ધા** - સંજ્વલન લોભની પ્રથમસ્થિતિના પ્રથમ સમયે સંજ્વલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન ૧ માસ પ્રમાણ

## લોભ ૩ ઉપશમના




क = સંજ્વલન માયાના બંધોદયોદીરણાવિચ્છેદ, સંજ્વલન લોભની પ્રથમસ્થિતિ કરે, લોભ-૩ ઉપશમના પ્રારંભ.

कख = સમયોન બે આવલિકા.

ख = સંજ્વલન માયા સર્વથા ઉપશાંત

कग = અશ્વકર્ણકરણાદ્ધા

गज = કિટ્ટિકરણાદ્ધા

घ = પ્રથમસ્થિતિની સમયોન ૩ આવલિકા શેષે સંજ્વલન લોભની પતદ્‌ગ્રહતા નષ્ટ થાય.

च = પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષે આગાલ-પ્રત્યાગાલવિચ્છેદ.

छ = પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ, બાદર લોભના ઉદયોદીરણાવિચ્છેદ, પ્રત્યાખ્યાનાવરણીય લોભ - અપ્રત્યાખ્યાનાવરણીય લોભ સર્વથા ઉપશાંત.

छज = પ્રથમસ્થિતિની ચરમાવલિકા કિટ્ટિઓમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે.

छझ = સમયોન ૨ આવલિકા.

झ = બાદર લોભ સર્વથા ઉપશાંત.

कज = બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચી કરાયેલી સંજ્વલન લોભની પ્રથમસ્થિતિ.

છે અને શેષ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ છે. સંજ્વલન લોભની પ્રથમસ્થિતિના પ્રથમ સમયથી જ અપ્રત્યાખ્યાનાવરણીય લોભ, પ્રત્યાખ્યાનાવરણીય લોભ અને સંજ્વલન લોભને પૂર્વે કહ્યા મુજબ એક સાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. અશ્વકર્ણકરણાદ્ધામાં પૂર્વસ્પર્ધકોમાંથી પ્રતિસમય દલિકો લઈ તેનો રસ અત્યંત હીન કરી અપૂર્વસ્પર્ધકો બનાવે છે. અનાદિ સંસારમાં ભમતા જીવે આ પૂર્વે ક્યારેય આવા રસસ્પર્ધકો બાંધ્યા ન હતા. અશ્વકર્ણકરણાદ્ધામાં જ પ્રકૃષ્ટવિશુદ્ધિના કારણે પૂર્વસ્પર્ધકોમાંથી અપૂર્વસ્પર્ધકો કરે છે. તેથી જ તેમને અપૂર્વસ્પર્ધક કહેવાય છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૭૫ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૯૫** ઉપર કહ્યું છે કે, 'અશ્વકર્ણકરણાદ્ધામાં માયાના વિદ્યમાન દલિકોના બંધાતા સંજ્વલન લોભના સ્વરૂપે સ્પર્ધકો કરે છે.' આ અશુદ્ધ લાગે છે. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૭૫ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૯૫** ઉપર કહ્યું છે કે, 'અશ્વકર્ણકરણાદ્ધામાં સંજ્વલન લોભમાં સંક્રમેલા સંજ્વલન માયાના દલિકો અને સંજ્વલન લોભના પૂર્વે બંધાયેલા સત્તાગત દલિકોને સંજ્વલન લોભના બંધાતા દલિકોની જેમ અત્યંત નીરસ કરે છે.' આમ અપૂર્વસ્પર્ધકો બનાવતા સંખ્યાતા સ્થિતિબંધો પસાર થાય ત્યારે અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ થાય છે. ત્યાર પછી કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ કરે છે.

(૨) **કિટ્ટિકરણાદ્ધા :-** કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે સંજ્વલન લોભનો સ્થિતિબંધ દિનપૃથક્ત્વ પ્રમાણ થાય છે અને શેષ કર્મોનો સ્થિતિબંધ વર્ષપૃથક્ત્વ પ્રમાણ થાય છે. કિટ્ટિકરણાદ્ધામાં પૂર્વસ્પર્ધકોમાંથી અને અપૂર્વસ્પર્ધકોમાંથી દલિકો લઈને પ્રતિસમય અનંત કિટ્ટિઓ કરે છે. પૂર્વસ્પર્ધકોમાંથી અને અપૂર્વસ્પર્ધકોમાંથી વર્ગણાઓ લઈ તેમનો રસ જઘન્ય સ્પર્ધકની વર્ગણાઓ કરતા પણ અનંતગુણહીન કરી મોટા આંતરાવાળી વર્ગણાઓ બનાવવી તે કિટ્ટિકરણ. મોટા આંતરાવાળી તે વર્ગણાઓને કિટ્ટિ કહેવાય છે.

દા.ત. જે વર્ગણાઓમાં દરેક પરમાણુ ઉપર ૧૦૦, ૧૦૧, ૧૦૨ રસાણુઓ હતા તે વર્ગણાઓને ક્રમશઃ ૫, ૧૦, ૧૫ રસાણુઓવાળા પરમાણુવાળી બનાવવી તે કિટ્ટિકરણ. ૫, ૧૦, ૧૫ રસાણુઓવાળા પરમાણુવાળી વર્ગણાઓ તે કિટ્ટિઓ છે.

એક રસસ્પર્ધકમાં રહેલ અનંત વર્ગણાઓના અનંતમા ભાગમાં રહેલ અનંત વર્ગણાઓ જેટલી કિટ્ટિઓ દરેક સમયે બનાવે છે. પ્રથમ સમયે અલ્પ કિટ્ટિઓ બનાવે છે, બીજા સમયે તેના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ બનાવે છે, ત્રીજા સમયે તેના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ બનાવે છે. એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વ પૂર્વ સમયે બનાવેલી કિટ્ટિઓના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ બનાવે છે.

પ્રથમ સમયે સર્વકિટ્ટિગત દલિકો અલ્પ છે. તેના કરતા બીજા સમયે સર્વકિટ્ટિગત દલિકો અસંખ્યગુણ છે. તેના કરતા ત્રીજા સમયે સર્વકિટ્ટિગત દલિકો અસંખ્યગુણ છે. એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે સર્વકિટ્ટિગત દલિકો પૂર્વ પૂર્વ સમયના સર્વકિટ્ટિગત દલિકો કરતા અસંખ્યગુણ છે

પ્રથમ સમયે કરેલી કિટ્ટિઓનો રસ સૌથી વધારે છે. તેના કરતા બીજા સમયે કરેલી કિટ્ટિઓનો રસ અનંતમા ભાગ જેટલો છે. તેના કરતા ત્રીજા સમયે કરેલી કિટ્ટિઓનો રસ અનંતમા ભાગ જેટલો છે. એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે કરેલી કિટ્ટિઓનો રસ પૂર્વ પૂર્વ સમયે કરેલી કિટ્ટિઓના રસના અનંતમા ભાગ જેટલો છે.

પ્રથમ સમયની કિટ્ટિઓમાં સર્વજઘન્ય રસવાળી કિટ્ટિમાં ઘણા દલિકો હોય છે. તેના કરતા અનંતગુણરસવાળી બીજી કિટ્ટિમાં

## તે તે સમયની કિટ્ટિઓ, તેમાં સર્વરસ અને તેમાં સર્વદલિક

| કિટ્ટિકરણાદ્ધાના સમયો | કિટ્ટિઓ | સર્વકિટ્ટિગત રસ | સર્વકિટ્ટિગત દલિક |
|---|---|---|---|
| ૧ | સૌથી વધુ | સૌથી વધુ | અલ્પ |
| ૨ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ૩ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ૪ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ૫ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ૬ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ૭ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ૮ | અસંખ્યાતમો ભાગ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |

અસત્કલ્પનાએ કિટ્ટિકરણાદ્ધાના સમયો = ૮

## પ્રથમ સમયની કિટ્ટિઓમાં રસ અને દલિક

| પ્રથમ સમયની કિટ્ટિઓ | રસ | દલિક |
|---|---|---|
| ૧ | સૌથી વધુ | અલ્પ |
| ૨ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ૩ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ૪ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ૫ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ૬ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ૭ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ૮ | અનંતમો ભાગ | વિશેષાધિક |

અસત્કલ્પનાએ
પ્રથમ સમયની કિટ્ટિઓ = ૮.
બીજા વગેરે સમયની કિટ્ટિઓના રસ અને દલિકનું અલ્પબહુત્વ પ્રથમ સમયની કિટ્ટિઓના રસ અને દલિકના અલ્પબહુત્વની જેમ જાણવું.

## તે તે સમયની ઉત્કૃષ્ટ-જઘન્ય કિટ્ટિઓમાં રસ અને દલિક

| કિટ્ટિઓ | રસ | દલિક |
|---|---|---|
| પ્રથમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ | સૌથી વધુ | અલ્પ |
| પ્રથમ સમયની જઘન્ય રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| બીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| બીજા સમયની જઘન્ય રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ત્રીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ત્રીજા સમયની જઘન્ય રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ચોથા સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ચોથા સમયની જઘન્ય રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | વિશેષાધિક |
| ⋮ | ⋮ | ⋮ |
| ચરમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | અસંખ્યગુણ |
| ચરમ સમયની જઘન્ય રસવાળી કિટ્ટિ | અનંતમો ભાગ | વિશેષાધિક |

વિશેષહીન દલિકો હોય છે. તેના કરતા અનંતગુણરસવાળી ત્રીજી કિટ્ટિમાં વિશેષહીન દલિકો હોય છે. એમ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ સુધી ઉત્તરોત્તર કિટ્ટિમાં પૂર્વપૂર્વ કિટ્ટિ કરતા વિશેષહીન દલિકો હોય છે. એમ દરેક સમયની બધી કિટ્ટિઓમાં જાણવું.

પ્રથમ સમયની જઘન્ય રસવાળી કિટ્ટિમાં રસ અલ્પ છે. તેના કરતા બીજી કિટ્ટિમાં રસ અનંતગુણ છે. તેના કરતા ત્રીજી કિટ્ટિમાં રસ અનંતગુણ છે. એમ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ સુધી ઉત્તરોત્તર કિટ્ટિમાં પૂર્વ પૂર્વ કિટ્ટિના રસ કરતા અનંતગુણ રસ છે. એમ દરેક સમયની બધી કિટ્ટિઓમાં જાણવું.

પ્રથમ સમયની જઘન્ય રસવાળી અને ઉત્કૃષ્ટ પ્રદેશવાળી કિટ્ટિમાં દલિકો અલ્પ છે. તેના કરતા બીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી અને જઘન્ય પ્રદેશવાળી કિટ્ટિમાં દલિકો અસંખ્યગુણ છે. તેના કરતાં ત્રીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી અને જઘન્ય પ્રદેશવાળી કિટ્ટિમાં દલિકો અસંખ્યગુણ છે. એમ ચરમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ સુધી ઉત્તરોત્તર સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિમાં પૂર્વ પૂર્વ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિના દલિકો કરતા અસંખ્યગુણ દલિકો છે.

પ્રથમ સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિનો રસ સૌથી વધુ છે. તેના કરતા પ્રથમ સમયની જઘન્ય રસવાળી કિટ્ટિનો રસ અનંતમા ભાગનો છે. તેના કરતા બીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિનો રસ અનંતમા ભાગનો છે. તેના કરતા બીજા સમયની જઘન્ય રસવાળી કિટ્ટિનો રસ અનંતમા ભાગનો છે. તેના કરતા ત્રીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિનો રસ અનંતમા ભાગનો છે. તેના કરતા ત્રીજા સમયની જઘન્ય રસવાળી કિટ્ટિનો રસ અનંતમા ભાગનો છે. એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધી જાણવું.

કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા બહુભાગ ગયા પછી સ્થિતિબંધ આ પ્રમાણે થાય છે -

## કિટ્ટિઓમાં રસ




## કિટ્ટિઓમાં દલિકો



| પ્રકૃતિ | સ્થિતિબંધ |
|---|---|
| સંજ્વલન લોભ | અંતર્મુહૂર્ત |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | દિવસપૃથક્ત્વ |
| નામ, ગોત્ર, વેદનીય | વર્ષસહસ્રપૃથક્ત્વ |

સંજ્વલન લોભની પ્રથમસ્થિતિની સમય ન્યૂન ૩ આવલિકા બાકી હોય ત્યારથી સંજ્વલન લોભની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. ત્યારથી અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભના દલિકો સંજ્વલન લોભમાં ન સંક્રમાવે, પણ સ્વસ્થાનમાં જ ઉપશમાવે. સંજ્વલન લોભની પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી હોય ત્યારે બાદર સંજ્વલન લોભનો આગાલવિચ્છેદ થાય છે. સંજ્વલન લોભની પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ થાય છે અને બાદર સંજ્વલન લોભનો ઉદયોદીરણાવિચ્છેદ થાય છે. ત્યારે અપ્રત્યાખ્યાનાવરણીય લોભ-પ્રત્યાખ્યાનાવરણીય લોભ સર્વથા ઉપશાંત થઈ જાય છે. ત્યારે સંજ્વલન લોભના પ્રથમસ્થિતિના ૧ આવલિકામાં રહેલા દલિકો, બીજી સ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો અને કિટ્ટિના દલિકો અનુપશાંત છે, શેષ બધા દલિકો ઉપશાંત થઈ ગયા છે. ત્યારે ૯મું ગુણઠાણુ પૂર્ણ થાય છે. ત્યારે સ્થિતિબંધ આ પ્રમાણે થાય છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધ |
|---|---|
| સંજ્વલન લોભ | અંતર્મુહૂર્ત (પૂર્વેના અંતર્મુહૂર્ત કરતા નાનુ) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ન્યૂન અહોરાત્ર |
| નામ, ગોત્ર, વેદનીય | ન્યૂન ૨ વર્ષ |

**સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક (કિટ્ટિવેદનાદ્ધા) :-** કિટ્ટિકરણાદ્ધા પૂર્ણ થયા પછી સંજ્વલન લોભના ઉદયકાળના ત્રીજા ભાગરૂપ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે. તેના પ્રથમ સમયે

બીજીસ્થિતિમાંથી કિટ્ટિઓને ખેંચી તેની ૧૦મા ગુણઠાણાના કાળ જેટલી પ્રથમસ્થિતિ કરે છે. ૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયથી કિટ્ટિકરણાદ્ધાની સંજ્વલન બાદર લોભની પ્રથમસ્થિતિની ચરમાવલિકાના દલિકો સ્તિબુકસંક્રમથી કિટ્ટિના દલિકોમાં સંક્રમાવે છે. ૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયે કુલ કિટ્ટિઓના અસંખ્ય બહુભાગ જેટલી કિટ્ટિઓ વેદે છે. પ્રથમસમયકૃત કિટ્ટિઓનો ઉપરનો અસંખ્યાતમો ભાગ અને ચરમસમયકૃત કિટ્ટિઓનો નીચેનો અસંખ્યાતમો ભાગ છોડી શેષ કિટ્ટિઓની ૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયે ઉદીરણા કરીને તેમને અનુભવે છે, એટલે કે તે કિટ્ટિઓમાંથી કેટલાક દલિકો ઉદયમાં આવે છે. ૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયે પ્રથમસમયકૃત કિટ્ટિઓનો ઉપરનો જે અસંખ્યાતમો ભાગ છોડ્યો હતો તેની નીચેની અસંખ્યાતમા ભાગ જેટલી કિટ્ટિઓ બીજા સમયે વધુ છોડે છે, એટલે કે તે ઉદયમાં નથી આવતી, કેમકે તેમનો ઉપશમ થઈ ગયો છે. ૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયે ચરમસમયકૃત કિટ્ટિઓનો નીચેનો જે અસંખ્યાતમો ભાગ છોડ્યો હતો તેમાંની ઉપરની અસંખ્યાતમા ભાગ જેટલી કિટ્ટિઓ ગ્રહણ કરે છે, એટલે કે ઉદયમાં આવે છે. આમ ૧૦મા ગુણઠાણાના ચરમ સમય સુધી પ્રતિસમય ૧-૧ અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ ઉપશાંત થતી હોવાથી તે ઉદયમાં આવતી નથી અને નવા નવા ૧-૧ અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ ઉદયમાં વધુ આવે છે. *૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયથી* ચરમ સમય સુધી બીજીસ્થિતિની કિટ્ટિઓના દલિકોને પૂર્વેની જેમ અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. ૧૦મા ગુણઠાણાના પ્રથમ સમયથી બીજી સ્થિતિમાં રહેલા સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા સંજ્વલન બાદર લોભના દલિકોને પણ તેટલા કાળે ઉપશમાવે છે. ૧૦મા

## સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક (કિટ્ટિવેદનાદ્ધા)




क = સંજ્વલન લોભ બંધવિચ્છેદ, બાદર લોભ ઉદયોદીરણાવિચ્છેદ, કિટ્ટિગત દલિક ખેંચી પ્રથમસ્થિતિ કરે, કિટ્ટિઓની ઉપશમનાનો પ્રારંભ.

कख = સમયોન બે આવલિકા.

ख = બાદર લોભ સર્વથા ઉપશાંત

कग = સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકનો કાળ (કિટ્ટિવેદનાદ્ધા).

ग = કિટ્ટિગત દલિક સર્વથા ઉપશાંત. મોહનીયકર્મ સર્વથા ઉપશાંત.

ગુણઠાણાની સમય ન્યૂન ૨ આવલિકા વીતે પછી સંજ્વલન બાદર લોભ સર્વથા ઉપશાંત થઈ જાય છે. ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે સ્થિતિબંધ આ પ્રમાણે થાય છે -

| પ્રકૃતિ | સ્થિતિબંધ |
|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | અંતર્મુહૂર્ત |
| નામ, ગોત્ર | ૧૬ મુહૂર્ત |
| વેદનીય | ૨૪ મુહૂર્ત |

૧૦મા ગુણઠાણાના ચરમ સમયે મોહનીયકર્મ સર્વથા ઉપશાંત થઈ જાય છે. ત્યાર પછી જીવ ૧૧મા ગુણઠાણે જાય છે.

**ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક :-** ૧૧મા ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે. ૧૧મા ગુણઠાણાના પ્રથમ સમયથી ૧૧મા ગુણઠાણાના સંખ્યાતમા ભાગ પ્રમાણ ગુણશ્રેણિ રચે છે. ૧૧મા ગુણઠાણાના ચરમ સમય સુધી આ ગુણશ્રેણિ રચે છે. જેમ જેમ નીચેનો ૧-૧ સમય ઉદય વડે ભોગવાતો જાય છે તેમ તેમ ગુણશ્રેણિના દલિકો ૧-૧ સમયમાં વધુ નાંખે છે. ઉત્તરોત્તર સમયે તુલ્ય દલિકો ગ્રહણ કરે છે. તેથી ગુણશ્રેણિ કાળ અને પ્રદેશથી તુલ્ય છે. ૧૧મા ગુણઠાણે મોહનીયની બધી પ્રકૃતિઓ સર્વથા ઉપશાંત થઈ ગઈ છે. તેથી તેઓ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ, ઉદીરણાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણને અયોગ્ય બને છે. ૧૧મા ગુણઠાણે ઉપશાંત દર્શન ૩ માં સંક્રમકરણ અને અપવર્તનાકરણ પ્રવર્તે છે. મિથ્યાત્વમોહનીયનો મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ-મોહનીયમાં સંક્રમ થાય છે. મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ થાય છે. દર્શન ૩ની અપવર્તના થાય છે.

આમ સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર માટે જાણવું.

## ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક




कछ = ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનકનો કાળ.
कग = પ્રથમ સમયે શેષકર્મોની અવસ્થિત ગુણશ્રેણિનો નિક્ષેપ.
ग = ઉત્કૃષ્ટ પ્રદેશોદય, પ્રથમ સમયની ગુણશ્રેણિનું શીર્ષ.
खघ = બીજા સમયે શેષકર્મોની અવસ્થિત ગુણશ્રેણિનો નિક્ષેષ.
घ = બીજા સમયની ગુણશ્રેણિનું શીર્ષ.
च = ભવક્ષયથી પ્રતિપાત.
छ = કાળક્ષયથી પ્રતિપાત.

## મોહનીયની ઉપશમના

| | |
|---|---|
| મોહનીય સર્વથા ઉપશાંત (અંતર્મુહૂર્ત) | ૧૧મું ગુણઠાણુ |
| સંજ્વલનલોભ ઉપશાંત, કિટ્ટિવેદનાદ્ધા | ૧૦મું ગુણઠાણુ |
| અપ્ર૦-પ્ર૦ લોભ ઉપશાંત, કિટ્ટિકરણાદ્ધા | ૯મું ગુણઠાણુ અનિવૃત્તિકરણ |
| સંજ્વલન માયા ઉપશાંત, અશ્વકર્ણકરણાદ્ધા | |
| અપ્ર૦-પ્ર૦ માયા ઉપશાંત, લોભ ૩ ઉપશમના શરૂ | |
| સંજ્વલન માન ઉપશાંત | |
| અપ્ર૦-પ્ર૦ માન ઉપશાંત, માયા ૩ ઉપશમના શરૂ | |
| સંજ્વલન ક્રોધ ઉપશાંત | |
| અપ્ર૦-પ્ર૦ ક્રોધ ઉપશાંત, માન ૩ ઉપશમના શરૂ | |
| પુરુષવેદ ઉપશાંત | |
| હાસ્ય ૬ ઉપશાંત, ક્રોધ ૩ ઉપશમના શરૂ | |
| સ્ત્રીવેદ ઉપશાંત, હાસ્ય ૬-પુરુષવેદની ઉપશમના શરૂ | |
| નપુંસકવેદ ઉપશાંત, સ્ત્રીવેદની ઉપશમના શરૂ | |
| નપુંસકવેદની ઉપશમના શરૂ | |
| હાસ્ય ૪નો બંધવિચ્છેદ, હાસ્ય ૬નો ઉદયવિચ્છેદ | ૮મું ગુણઠાણુ અપૂર્વકરણ |
| દેવ ૨ વગેરે ૩૦નો બંધવિચ્છેદ | |
| નિદ્ર ૨નો બંધવિચ્છેદ | |
| યથાપ્રવૃત્તકરણ | ૭મું ગુણઠાણુ |
| વિશુદ્ધિ | |
| દર્શન ૩ ઉપશાંત | ૬ઠ્ઠું-૭મું ગુણઠાણુ |
| દર્શન ૩ ઉપશમના શરૂ | |
| અપૂર્વકરણ | |
| યથાપ્રવૃત્તકરણ | |
| વિશુદ્ધિ | |
| અનંતાનુબંધી ૪ ઉપશાંત કે વિસંયોજિત | ૪થા ગુણઠાણા થી ૭મું ગુણઠાણું |
| અનંતાનુબંધી ૪ ઉપશમના શરૂ | |
| અપૂર્વકરણ, અનંતાનુબંધી વિસંયોજના શરૂ | |
| યથાપ્રવૃત્તકરણ | |
| વિશુદ્ધિ | |

**ભિન્ન-ભિન્ન કષાયોદયે ઉપશમશ્રેણિ માંડનારની ભિન્નતા :**

સંજ્વલન માનના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર સંજ્વલન માનને ભોગવતો નપુંસકવેદોપશમનામાં કહેલા ક્રમ પ્રમાણે પહેલા ત્રણ ક્રોધને ઉપશમાવે છે. પછી સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર જેમ ત્રણ ક્રોધને ઉપશમાવે છે તેમ સંજ્વલન માનના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર ત્રણ માનને ઉપશમાવે છે. પછી સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારની જેમ સંજ્વલન માનના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર માટે જાણવું.

સંજ્વલન માયાના ઉદયે શ્રેણિ માંડનાર સંજ્વલન માયાને ભોગવતો નપુંસકવેદોપશમનામાં કહેલા ક્રમ પ્રમાણે પહેલા ત્રણ ક્રોધને અને ત્રણ માનને ઉપશમાવે છે. પછી સંજ્વલન ક્રોધોદયે ઉપશમશ્રેણિ માંડનાર જેમ ત્રણ ક્રોધને ઉપશમાવે છે તેમ સંજ્વલન માયાના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર ત્રણ માયાને ઉપશમાવે છે. પછી સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારની જેમ સંજ્વલન માયાના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર માટે જાણવું.

સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ માંડનાર સંજ્વલન લોભને ભોગવતો નપુંસકવેદોપશમનામાં કહેલા ક્રમ પ્રમાણે પહેલા ત્રણ ક્રોધને, ત્રણ માનને અને ત્રણ માયાને ઉપશમાવે છે. પછી સંજ્વલન ક્રોધોદયે ઉપશમશ્રેણિ માંડનાર જેમ ત્રણ ક્રોધને ઉપશમાવે છે તેમ સંજ્વલન લોભના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર ત્રણ લોભને ઉપશમાવે છે. તેમાં અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા અને કિટ્ટિવેદનાદ્ધા સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ માંડનારને કહી તેમ જાણવી.

આમ પુરુષવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર માટે જાણવું.

**ભિન્ન-ભિન્ન વેદોદયે ઉપશમશ્રેણિ માંડનારની ભિન્નતા** -

સ્ત્રીવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર પહેલા નપુંસકવેદને ઉપશમાવે છે. પછી તે સ્ત્રીવેદને ઉપશમાવે છે. સ્ત્રીવેદોદયના ચરમ સમયે સ્ત્રીવેદના તે ચરમ સમયના દલિકો સિવાયના બધા દલિકો ઉપશાંત થઈ જાય છે. તે ચરમ સમયના દલિકોને ઉદય વડે ભોગવે છે. ત્યારે સ્ત્રીવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે. પછી અવેદક થઈ પુરુષવેદ અને હાસ્ય ૬ને એકસાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. ત્યાર પછી પુરુષવેદોદયે ઉપશમશ્રેણિ માંડનારની જેમ સ્ત્રીવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર માટે જાણવું.

સ્ત્રીવેદોદયે કે પુરુષવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર જે સ્થાને નપુંસકવેદને સર્વથા ઉપશાંત કરે છે તે સ્થાન સુધી નપુંસકવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર એકલા નપુંસકવેદને ઉપશમાવે છે. ત્યાર પછી તે નપુંસકવેદ-સ્ત્રીવેદ બન્નેને સાથે ઉપશમાવે છે. નપુંસકવેદોદયના ચરમ સમયે સ્ત્રીવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે. અને નપુંસકવેદના તે ચરમ સમયના દલિકો સિવાયના બધા દલિકો ઉપશાંત થઈ જાય છે. નપુંસકવેદના તે ચરમ સમયના દલિકો ઉદય વડે ભોગવાય છે. ત્યાર પછી નપુંસકવેદ સર્વથા ઉપશાંત થઈ જાય છે. પછી અવેદક થઈ પુરુષવેદ અને હાસ્ય ૬ એક સાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. ત્યાર પછી પુરુષવેદોદયે ઉપશમશ્રેણિ માંડનારની જેમ નપુંસકવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર માટે જાણવું.

**૧૧મા ગુણઠાણેથી પ્રતિપાત :-** ૧૧મા ગુણઠાણેથી જીવ બે રીતે પડે છે. તે આ પ્રમાણે -

**(૧) ભવક્ષયથી :-** ૧૧મા ગુણઠાણે જે જીવનું આયુષ્ય પૂરું થાય છે તે જીવ મરીને વૈમાનિક દેવલોકમાં જાય છે અને ત્યાં ૪થું

ગુણઠાણું પામે છે. તેને પહેલા સમયથી જ બધા કરણો પ્રવર્તે છે. ઉદીરણાકરણ અને અપવર્તનાકરણ વડે બીજી સ્થિતિમાંથી દલિકોને ખેંચીને અંતરકરણમાં ગોઠવે છે અને ભોગવે છે. ઉદીરણાકરણથી આવતા દલિકો ઉદયાવલિકામાં નાંખે છે. અપવર્તનાકરણથી આવતા દલિકો ઉદયાવલિકાની ઉપર ગોપુચ્છાકારે ગોઠવે છે.

(૨) **કાળક્ષયથી :-** ૧૧મા ગુણઠાણાનો અંતર્મુહૂર્તકાળ પૂર્ણ થાય એટલે જીવ ત્યાંથી પડે છે. તે જે ક્રમથી સ્થિતિઘાત વગેરે કરતા કરતા ચઢ્યો હોય તે જ ક્રમથી પશ્ચાનુપૂર્વીથી સ્થિતિઘાત વગેરે કરતા કરતા પડે છે. ચઢતી વખતે જે જે સ્થાને જે જે કરણ, બંધ, ઉદય, સત્તા વગેરેનો વિચ્છેદ થયો હોય, પડતી વખતે તે તે સ્થાને તે તે કરણ, બંધ, ઉદય, સત્તા વગેરે શરૂ થાય છે.

સર્વપ્રથમ સંજ્વલન લોભનો ઉદય કરે છે. પછી સંજ્વલન લોભનો બંધ શરૂ કરે છે. પછી જ્યાં સંજ્વલનમાયાનો બંધોદયોદીરણાવિચ્છેદ થયો હોય ત્યાંથી સંજ્વલન માયાના બંધોદયોદીરણા શરૂ કરે છે. પછી જ્યાં સંજ્વલન માનનો બંધોદયોદીરણાવિચ્છેદ થયો હોય ત્યાંથી સંજ્વલન માનના બંધોદયોદીરણા શરૂ કરે છે. પછી જ્યાં સંજ્વલન ક્રોધનો બંધોદયોદીરણાવિચ્છેદ થયો હોય ત્યાંથી સંજ્વલન ક્રોધના બંધોદયોદીરણા શરૂ કરે છે.

આમ ક્રમથી ઉદયસમય પ્રાપ્ત થતા તે તે કષાયને અનુભવવા માટે બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે. ઉદયસમયમાં ઘણા દલિકો ગોઠવે છે, તેના કરતા બીજા સમયે વિશેષહીન દલિકો ગોઠવે છે, તેના કરતા ત્રીજા સમયે વિશેષહીન દલિકો ગોઠવે છે. એમ ઉદયાવલિકાના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વ પૂર્વ સમય કરતા વિશેષહીન દલિકો ગોઠવે છે.

ઉદયાવલિકાના ચરમ સમયના દલિકો કરતા ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સમયમાં અસંખ્યગુણ દલિકો ગોઠવે છે. તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ દલિકો ગોઠવે છે. એમ ગુણશ્રેણિના શીર્ષ સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વપૂર્વ સમય કરતા અસંખ્યગુણ દલિકો ગોઠવે છે. ત્યાર પછી ઉત્તરોત્તર સમયે પૂર્વપૂર્વ સમય કરતા વિશેષહીન દલિકો ગોઠવે છે.

જે પ્રકૃતિઓનો ઉદય ન હોય તેમના દલિકો ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સમયથી ગુણશ્રેણિશીર્ષ સુધી પ્રતિસમય અસંખ્ય-ગુણાકારે ગોઠવે છે અને ત્યાર પછી ઉત્તરોત્તર સમયે પૂર્વપૂર્વ સમય કરતા વિશેષહીન-વિશેષહીન દલિકો ગોઠવે છે.

હવે આનુપૂર્વીસંક્રમનો નિયમ નથી, અનાનુપૂર્વીથી પણ સંક્રમ થઈ શકે છે.

હવે બંધાયા પછી ૬ આવલિકા પછી જ ઉદીરણા થવાનો નિયમ નથી, બંધાયા પછી બંધાવલિકા પછી ઉદીરણા થાય છે.

પડતી વખતે મોહનીયની જે પ્રકૃતિઓનો ઉદય થાય તેમની ગુણશ્રેણિ તેમના ઉદયકાળ કરતા અધિક કાળવાળી, ચઢતી વખતની તે પ્રકૃતિઓની ગુણશ્રેણિના કાળની તુલ્ય કાળવાળી અને અવસ્થિત કાળવાળી થાય છે. મોહનીયની શેષ પ્રકૃતિઓની ગુણશ્રેણિ પણ તેટલા કાળવાળી થાય છે, પણ તે ઉદયાવલિકા ઉપર થાય છે. મોહનીય સિવાયના કર્મોની ગુણશ્રેણિ અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણના કાળ કરતા વિશેષાધિક કાળવાળી અને ગલિતાવશેષ થાય છે, એટલે કે નીચેથી ઉદય દ્વારા ૧-૧ સમય ભોગવાતા ગુણશ્રેણિની રચના શેષ સમયોમાં થાય છે, પણ ગુણશ્રેણિશીર્ષ ઉપર ૧-૧ સમય વધતુ નથી. જે કષાયના ઉદયે ઉપશમશ્રેણિ માંડી હોય તે કષાયનો ઉદય થતા તેની અને મોહનીયની શેષ

પ્રકૃતિઓની ગુણશ્રેણિ શેષકર્મોની ગુણશ્રેણિની સમાન કરે છે. શેષ કર્મો માટે ચઢતી વખતે જે કહ્યું હતું તે પડતી વખતે બધુ સમાન જાણવું.

ક્ષપકશ્રેણિમાં ચઢતી વખતે જે સ્થાને જેટલો સ્થિતિબંધ થાય તેના કરતા ઉપશમશ્રેણિમાં ચઢતી વખતે તે જ સ્થાને બમણો સ્થિતિબંધ થાય છે. તેના કરતાં ઉપશમશ્રેણિથી પડતા તે જ સ્થાને બમણો સ્થિતિબંધ થાય છે.

ક્ષપકશ્રેણિમાં ચઢતા જે સ્થાને અશુભપ્રકૃતિઓનો જેટલો રસ બાંધે તેના કરતા ઉપશમશ્રેણિમાં ચઢતા તે જ સ્થાને અશુભપ્રકૃતિઓનો અનંતગુણ રસ બાંધે છે. તેના કરતા ઉપશમશ્રેણિથી પડતા તે જ સ્થાને અશુભપ્રકૃતિઓનો અનંતગુણ રસ બાંધે છે.

ક્ષપકશ્રેણિમાં ચઢતા જે સ્થાને શુભપ્રકૃતિઓનો જેટલો રસ બાંધે તેના કરતા ઉપશમશ્રેણિમાં ચઢતા તે જ સ્થાને શુભપ્રકૃતિઓનો અનંતમા ભાગ પ્રમાણ રસ બાંધે છે. તેના કરતા ઉપશમશ્રેણિથી પડતા તે જ સ્થાને શુભપ્રકૃતિઓનો અનંતમા ભાગ પ્રમાણ રસ બાંધે છે.

આમ પડતા પડતા ૬ઠ્ઠા ગુણઠાણા સુધી આવે છે. ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે હજારો વાર પરાવર્તન કરી કોઈ જીવ ૫મા ગુણઠાણે કે ૪થા ગુણઠાણે પણ આવે છે. અનંતાનુબંધી ૪ની ઉપશમના કરીને પણ ઉપશમશ્રેણિ મંડાય એવું માનનારના મતે કોઈક જીવ પડતા પડતા ૨જા ગુણઠાણે પણ આવે છે.

ઉપશમશ્રેણિમાં ચઢતા કે પડતા મૃત્યુ પામે તો વૈમાનિક દેવ થાય. સાસ્વાદન ગુણઠાણે આવેલો જીવ પણ કાળ કરે તો વૈમાનિક

## અવરોહકને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક




क = લોભ-૩ અનુપશાંત થાય, કિટ્ટિઓ ખેંચી પ્રથમસ્થિતિ કરે, ૬ આવલિકા બાદ ઉદીરણાના નિયમનો અભાવ, આનુપૂર્વી સંક્રમના નિયમનો અભાવ.

कग = ઉદયાવલિકા (પ્રથમ સમયે)

कछ = પ્રથમ સમયે સંજ્વલન લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

खघ = ઉદયાવલિકા (બીજા સમયે)

खज = બીજા સમયે સંજ્વલન લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

छ = પ્રથમ સમયે ગુણશ્રેણિનું શીર્ષ.

ज = બીજા સમયે ગુણશ્રેણિનું શીર્ષ.

गछ = પ્રથમ સમયે અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

घज = બીજા સમયે અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

## અવરોહકને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક (ચાલુ)




कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા

गझ = પ્રથમ સમયે શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

घझ = બીજા સમયે શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

झ = ગુણશ્રેણિશીર્ષ (સર્વ સમયોમાં)

कझ = પ્રથમ સમયે શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

खझ = બીજા સમયે શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

# અવરોહકને અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે સંજ્વલનલોભવેદકાદ્ધા




क = અનિવૃત્તિકરણનો પ્રથમ સમય, બાદરલોભની પ્રથમસ્થિતિ કરી ભોગવે, સંજ્વલન લોભનો બંધ શરૂ, અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભના સંક્રમનો પ્રારંભ.

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા.

ग = સર્વકિટ્ટિનાશ.

खघ = બીજા સમયે ઉદયાવલિકા.

कज = પ્રથમ સમયે સંજ્વલન લોભનો ગુણશ્રેણિનિક્ષેપ

खझ = બીજા સમયે સંજ્વલન લોભનો ગુણશ્રેણિનિક્ષેપ

कच = બાદરલોભવેદકાદ્ધાનો ૧લો ભાગ.

चछ = બાદરલોભવેદકાદ્ધાનો ૨જો ભાગ.

ज = પ્રથમ સમયે ગુણશ્રેણિશીર્ષ.

झ = બીજા સમયે ગુણશ્રેણિશીર્ષ.

कछ = સંજ્વલનલોભવેદકાદ્ધા.

गज = પ્રથમ સમયે અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

घझ = બીજા સમયે અપ્રત્યાખ્યાનાવરણીય લોભ અને પ્રત્યાખ્યાનાવરણીય લોભનો ગુણશ્રેણિનિક્ષેપ.

## અવરોહકને અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે સંજ્વલનલોભવેદકાદ્ધા (ચાલુ)




कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા

गज = પ્રથમ સમયે શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

घज = બીજા સમયે શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

ज = ગુણશ્રેણિશીર્ષ

कज = પ્રથમ સમયે શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

खज = બીજા સમયે શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

## અવરોહકને સંજ્વલનમાયાવેદકાદ્ધા




अक = સંજ્વલનલોભવેદકાદ્ધા

क = ત્રણ માયા અનુપશાંત થાય, સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ કરે અને ભોગવે, સંજ્વલન માયાનો બંધ શરૂ, અનાનુપૂર્વીસંક્રમ શરૂ.

कच = સંજ્વલનમાયાવેદકાદ્ધા

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા.

कछ = પ્રથમ સમયે સંજ્વલન માયાનો ગુણશ્રેણિનિક્ષેપ

खज = બીજા સમયે સંજ્વલન માયાનો ગુણશ્રેણિનિક્ષેપ

गछ = પ્રથમ સમયે લોભ ૩, અપ્રત્યાખ્યાનાવરણીય માયા અને પ્રત્યાખ્યાનાવરણીય માયાનો ગુણશ્રેણિનિક્ષેપ.

घज = બીજા સમયે લોભ ૩, અપ્રત્યાખ્યાનાવરણીય માયા અને પ્રત્યાખ્યાનાવરણીય માયાનો ગુણશ્રેણિનિક્ષેપ.

छ = પ્રથમ સમયે ગુણશ્રેણિશીર્ષ.

ज = બીજા સમયે ગુણશ્રેણિશીર્ષ.

## અવરોહકને સંજ્વલનમાયાવેદકાદ્ધા (ચાલુ)




कख = પ્રથમ સમયે ઉદયાવલિકા
पग = બીજા સમયે ઉદયાવલિકા
खज = પ્રથમ સમયે શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
गज = બીજા સમયે શેષકર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
ज = ગુણશ્રેણિશીર્ષ
कज = પ્રથમ સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
पज = બીજા સમયે શેષકર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

## અવરોહકને સંજ્વલનમાનવેદકાદ્ધા




क = માન ૩ અનુપશાંત થાય, સંજ્વલન માનની પ્રથમસ્થિતિ કરે અને ભોગવે, સંજ્વલન માનનો બંધ શરૂ.

कच = સંજ્વલનમાનવેદકાદ્ધા

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા

छ = પ્રથમ સમયે ગુણશ્રેણિશીર્ષ

ज = બીજા સમયે ગુણશ્રેણિશીર્ષ.

कछ = પ્રથમ સમયે સંજ્વલન માનનો ગુણશ્રેણિનિક્ષેપ

खज = બીજા સમયે સંજ્વલન માનનો ગુણશ્રેણિનિક્ષેપ

गछ = પ્રથમ સમયે લોભ ૩, માયા ૩, અપ્રત્યાખ્યાનાવરણીય માન અને પ્રત્યાખ્યાનાવરણીય માનનો ગુણશ્રેણિનિક્ષેપ.

घज = બીજા સમયે લોભ ૩, માયા ૩, અપ્રત્યાખ્યાનાવરણીય માન અને પ્રત્યાખ્યાનાવરણીય માનનો ગુણશ્રેણિનિક્ષેપ.

# અવરોહકને સંજ્વલનમાનવેદકાદ્ધા (ચાલુ)




कग = પ્રથમ સમયે ઉદયાવલિકા
खघ = બીજા સમયે ઉદયાવલિકા
गझ = પ્રથમ સમયે શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घझ = બીજા સમયે શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
झ = ગુણશ્રેણિશીર્ષ
कझ = પ્રથમ સમયે શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
खझ = બીજા સમયે શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

## અવરોહકને સંજ્વલનક્રોધવેદકાદ્ધા




क = ક્રોધ ૩ ઉપશમના નષ્ટ, સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ કરી ભોગવે, સંજ્વલનક્રોધનો બંધ શરૂ.

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા.

कज = પ્રથમ સમયે સંજ્વલન ક્રોધનો અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.

खज = બીજા સમયે સંજ્વલન ક્રોધનો અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.

गज = પ્રથમ સમયે લોભ ૩, માયા ૩, માન ૩, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

घज = બીજા સમયે લોભ ૩, માયા ૩, માન ૩, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

ज = ગુણશ્રેણિશીર્ષ.

## અવરોહકને ૭ નોકષાય ઉપશમનાનાશ




क = પુરુષવેદ અને હાસ્ય-૬ની ઉપશમના નષ્ટ થાય, પુરુષવેદની પ્રથમસ્થિતિ કરી ભોગવે, પુરુષવેદનો બંધ શરૂ.
कच = પુરુષવેદવેદકાદ્ધા.
कग = પ્રથમ સમયે ઉદયાવલિકા
खघ = બીજા સમયે ઉદયાવલિકા.
कज = પ્રથમ સમયે સંજ્વલન ક્રોધ, પુરુષવેદ અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
खज = બીજા સમયે સંજ્વલન ક્રોધ, પુરુષવેદ અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.
गज = પ્રથમ સમયે ૧૧ કષાય, ૬ નોકષાય અને શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घज = બીજા સમયે ૧૧ કષાય, ૬ નોકષાય અને શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
ज = ગુણશ્રેણિશીર્ષ.

## અવરોહકને સ્ત્રીવેદોપશમનાનાશ




क = સ્ત્રીવેદની ઉપશમના નષ્ટ થાય.

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા.

कज = પ્રથમ સમયે સંજ્વલન ક્રોધ, પુરુષવેદ અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.

खज = બીજા સમયે સંજ્વલન ક્રોધ, પુરુષવેદ અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.

गज = પ્રથમ સમયે ૧૧ કષાય, ૬ નોકષાય, સ્ત્રીવેદ અને શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

घज = બીજા સમયે ૧૧ કષાય, ૬ નોકષાય, સ્ત્રીવેદ અને શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.

ज = ગુણશ્રેણિશીર્ષ.

## અવરોહકને નપુંસકવેદોપશમનાનાશ




प = ક્રોધ ૩ ઉપશમના નષ્ટ થાય.

फ = પુરુષવેદ, હાસ્ય ૬ ઉપશમના નષ્ટ થાય.

ब = સ્ત્રીવેદોપશમના નષ્ટ થાય.

बभ = આરોહકના સ્ત્રીવેદોપશમનાકાળના સંખ્યાતા બહુભાગ.

भक = આરોહકના સ્ત્રીવેદોપશમનાકાળનો સંખ્યાતમો ભાગ.

भ = જ્ઞાનાવરણ ૪, દર્શનાવરણ ૩, અંતરાય ૫ નો ૨ ઠાણીયો રસબંધ શરૂ.

क = નપુંસકવેદોપશમના નષ્ટ થાય.

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા

खघ = બીજા સમયે ઉદયાવલિકા.

कथ = પ્રથમ સમયે સંજ્વલન ક્રોધ, પુરુષવેદ અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.

खथ = બીજા સમયે સંજ્વલન ક્રોધ, પુરુષવેદ અને શેષ કર્મોની ઉદયવતી પ્રકૃતિઓનો ગલિતાવશેષ ગુણશ્રેણિનિક્ષેપ.

गथ = પ્રથમ સમયે ૧૧ કષાય, ૮ નોકષાય, શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
घथ = બીજા સમયે ૧૧ કષાય, ૮ નોકષાય, શેષ કર્મોની અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ.
ढ = અંતરકરણક્રિયાસમાપ્તિકાળ (આરોહકનો)
कच = આરોહકના નપુંસકવેદોપશમનાકાળના સંખ્યાતા બહુભાગ.
चढ = આરોહકના નપુંસકવેદોપશમનાકાળનો સંખ્યાતમો ભાગ.
च = મોહનીયનો બે ઠાણીયો રસબંધ-રસોદય શરૂ, અસંખ્ય વર્ષનો સ્થિતિબંધ શરૂ.
छ = વીર્યાંતરાયનો સર્વઘાતી રસબંધ શરૂ.
ज = મતિજ્ઞાનાવરણ અને ઉપભોગાંતરાયનો સર્વઘાતી રસબંધ શરૂ.
झ = ચક્ષુદર્શનાવરણનો સર્વઘાતી રસબંધ શરૂ.
ट = શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુદર્શનાવરણ, ભોગાંતરાયનો સર્વઘાતી રસબંધ શરૂ.
ठ = અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ, લાભાંતરાયનો સર્વઘાતી રસબંધ શરૂ.
ड = મનઃપર્યવજ્ઞાનાવરણ, દાનાંતરાયનો સર્વઘાતી રસબંધ શરૂ.
द = અસંખ્યસમયપ્રબદ્ધની ઉદીરણાનો વ્યવચ્છેદ.
ण = અનિવૃત્તિકરણ સમાપ્ત, નામકર્મ વગેરેનો અંતઃક્રોડ વર્ષ પ્રમાણ બંધ.
चछ = હજારો સ્થિતિબંધનો કાળ.
छज = હજારો સ્થિતિબંધનો કાળ.
जझ = સ્થિતિબંધપૃથક્ત્વનો કાળ.
झट = સ્થિતિબંધપૃથક્ત્વનો કાળ.
टठ = હજારો સ્થિતિબંધનો કાળ.
ठड = હજારો સ્થિતિબંધનો કાળ.
थ = ગુણશ્રેણિશીર્ષ

## અવરોહકને અપૂર્વકરણ




कज = અપૂર્વકરણ

क = દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણ શરૂ થાય, હાસ્ય ૪નો બંધ શરૂ, હાસ્ય ૬નો ઉદય શરૂ.

कग = પ્રથમ સમયે ઉદયાવલિકા.

खघ = બીજા સમયે ઉદયાવલિકા.

कझ = પ્રથમ સમયે ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ

खझ = બીજા સમયે ઉદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ

गझ = પ્રથમ સમયે અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ

घझ = બીજા સમયે અનુદયવતી પ્રકૃતિઓનો ગુણશ્રેણિનિક્ષેપ

झ = ગુણશ્રેણિશીર્ષ

कच = અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ

चछ = અપૂર્વકરણના સંખ્યાતા બહુભાગ

छज = અપૂર્વકરણનો સંખ્યાતમો ભાગ

च = દેવ-૨ વગેરે ૩૦ પ્રકૃતિઓનો બંધ શરૂ.

छ = નિદ્રા-૨નો બંધ શરૂ.

ज = અપૂર્વકરણ સમાપ્ત, ૭ કર્મોની ગલિતાવશેષ ગુણશ્રેણિ સમાપ્ત.

## અવરોહકને યથાપ્રવૃત્તકરણ




क = ગુણસંક્રમ, ગુણશ્રેણિ ન થાય.

कख = ઉદયાવલિકા

ग = સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયથી અપૂર્વકરણના ચરમ સમય સુધી થતી ગલિતાવશેષ ગુણશ્રેણિનું શીર્ષ.

દેવ થાય, કેમકે કોઈપણ આયુષ્ય ન બાંધ્યુ હોય અથવા દેવાયુષ્ય બાંધ્યું હોય એવા જીવો જ ઉપશમશ્રેણિ માંડે છે.

૧૧મા ગુણઠાણેથી થતા પ્રતિપાતના વિશેષ વિવેચન માટે જુઓ અમે લખેલ **'ઉપશમનાકરણ, વિસ્તૃત ગુજરાતી વિવેચન, ભાગ ૧'**

ઉત્કૃષ્ટથી એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ માંડી શકાય. જે એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ માંડે તે તે જ ભવમાં ક્ષપકશ્રેણિ ન માંડી શકે. જે એક ભવમાં એક વાર ઉપશમશ્રેણિ માંડે તે તે જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકે. આ કર્મગ્રન્થનો મત છે. આગમના મતે એક ભવમાં બેમાંથી એક જ શ્રેણિ હોય છે, એક ભવમાં બે શ્રેણિ ન હોય.

## (૯) કરણકૃત દેશોપશમના અધિકાર

વિશેષ પ્રકારના અધ્યવસાયથી થોડા કર્મદલિકોને ઉપશમાવવા, બધાને નહીં તે દેશોપશમના છે. દેશોપશમનામાં જીવ યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ વડે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશને ઉપશમાવે છે. દેશોપશમનાથી ઉપશમેલા દલિકોમાં ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ અને સંક્રમકરણ પ્રવર્તે છે, શેષ કરણો પ્રવર્તતા નથી. અપૂર્વકરણ સુધીના બધા જીવો બધા કર્મોની દેશોપશમના કરે છે. દર્શન ૩ની ક્ષપણા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં થાય છે. દર્શન ૩ની ઉપશમના ૬ઠ્ઠા ગુણઠાણે અને ૭મા ગુણઠાણે થાય છે. ૧લા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં દર્શન ૩ની ક્ષપણાના કે ઉપશમનાના અપૂર્વકરણ સુધી દર્શન ૩ની દેશોપશમના થાય છે. પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પામતા મિથ્યાદષ્ટિને અપૂર્વકરણ સુધી મિથ્યાત્વમોહનીયની દેશોપશમના થાય છે. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કે ઉપશમના

ચારે ગતિના ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો કરે છે. ૧લા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીમાં અનંતાનુબંધી ૪ની વિસંયોજનાના કે ઉપશમનાના અપૂર્વકરણ સુધી અનંતાનુબંધી ૪ની દેશોપશમના થાય છે. શેષ ચારિત્રમોહનીયની અને શેષ સર્વ પ્રકૃતિઓની દેશોપશમના ૮મા ગુણઠાણા સુધી થાય છે.

મોહનીયની સર્વોપશમના અને દેશોપશમના બન્ને થાય છે. શેષ પ્રકૃતિઓની સર્વોપશમના થતી નથી, માત્ર દેશોપશમના જ થાય છે.

દેશોપશમનાના ચાર પ્રકાર છે - પ્રકૃતિદેશોપશમના, સ્થિતિદેશોપશમના, રસદેશોપશમના અને પ્રદેશદેશોપશમના. આ દરેકના બે બે પ્રકાર છે - મૂળપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક. **પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૯પની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૨૦૬** ઉપર કહ્યું છે કે, 'દેશોપશમનાના બે પ્રકાર છે - મૂળપ્રકૃતિવિષયક દેશોપશમના અને ઉત્તરપ્રકૃતિવિષયક દેશોપશમના. આ બન્નેના ૪-૪ પ્રકાર છે - પ્રકૃતિદેશોપશમના, સ્થિતિદેશોપશમના, રસદેશોપશમના અને પ્રદેશદેશોપશમના.'

### (૧) પ્રકૃતિ દેશોપશમના :-

### (i) સાદ્યાદિ પ્રરૂપણા :-

**મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિદેશોપશમનાના સાદ્યાદિ ભાંગા** - આઠે મૂળપ્રકૃતિઓની દેશોપશમના સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ છે. ઉપરના ગુણઠાણેથી પડીને ૮મા ગુણઠાણે આવે તેને આઠે મૂળપ્રકૃતિની દેશોપશમના સાદિ છે. ૮મા ગુણઠાણાથી ઉપર નહીં ગયેલાને આઠે મૂળપ્રકૃતિઓની દેશોપશમના અનાદિ છે. અભવ્યને આઠે મૂળપ્રકૃતિઓની દેશોપશમના ધ્રુવ છે. ભવ્યને ૯મુ ગુણઠાણુ પામે ત્યારે આઠે મૂળપ્રકૃતિઓની દેશોપશમના અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં પ્રકૃતિદેશોપશમનાના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | દેશોપશમના | કુલ ભાંગા |
|---|---|---|
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય = ૮ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | ૩૨ |

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિદેશોપશમનાના સાદ્યાદિ ભાંગા-

(૧) **ધ્રુવસત્તાક પ્રકૃતિઓ ૧૩૦** - મિથ્યાત્વમોહનીયની અને અનંતાનુબંધી ૪ની દેશોપશમના પોતપોતાના અપૂર્વકરણ પછી થતી નથી. અપૂર્વકરણથી આગળ જઈને પડે તેને આ પ્રકૃતિઓની દેશોપશમના સાદિ છે. અપૂર્વકરણથી આગળ નહીં ગયેલા જીવોને આ પ્રકૃતિઓની દેશોપશમના અનાદિ છે. શેષ ૧૨૫ પ્રકૃતિઓની દેશોપશમના ૮મા ગુણઠાણા પછી થતી નથી. ૯મા ગુણઠાણાથી પડીને ૮મા ગુણઠાણે આવેલાને આ ૧૨૫ પ્રકૃતિઓની દેશોપશમના સાદિ છે. ૯મું ગુણઠાણુ નહીં પામેલાને આ ૧૨૫ પ્રકૃતિઓની દેશોપશમના અનાદિ છે. અભવ્યને ૧૩૦ ધ્રુવસત્તાક પ્રકૃતિઓની દેશોપશમના ધ્રુવ છે. ભવ્યને અનિવૃત્તિકરણ કે ૯મું ગુણઠાણુ પામે ત્યારે આ પ્રકૃતિઓની દેશોપશમના અધ્રુવ છે.

(૨) **અધ્રુવસત્તાક પ્રકૃતિઓ ૨૮** - આ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક હોવાથી તેમની દેશોપશમના સાદિ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં પ્રકૃતિદેશોપશમનાના સાદ્યાદિ ભાંગા

| ઉત્તરપ્રકૃતિ | દેશોપશમના | કુલ ભાંગા |
|---|---|---|
| ધ્રુવસત્તાક ૧૩૦ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | ૫૨૦ |
| અધ્રુવસત્તાક ૨૮ | સાદિ, અધ્રુવ | ૫૬ |
| કુલ | | ૫૭૬ |

## (ii) દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા -

### (૧) જ્ઞાનાવરણ - દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન-૧

| દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|
| ૫નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |

૯મા ગુણઠાણેથી પડીને ૮મા ગુણઠાણે આવેલાને જ્ઞાનાવરણનું ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણું નહીં પામેલાને જ્ઞાનાવરણનું ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અનાદિ છે. અભવ્યને જ્ઞાનાવરણનું ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન ધ્રુવ છે. ભવ્યને ૯મું ગુણઠાણું પામે ત્યારે જ્ઞાનાવરણનું ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

### (૨) દર્શનાવરણ - દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન-૧

| દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|
| ૯નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |

૯મા ગુણઠાણેથી પડીને ૮મા ગુણઠાણે આવેલાને દર્શનાવરણનું ૯નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણું નહીં પામેલાને દર્શનાવરણનું ૯નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અનાદિ છે. અભવ્યને દર્શનાવરણનું ૯નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન ધ્રુવ છે. ભવ્યને ૯મું ગુણઠાણું પામે ત્યારે દર્શનાવરણનું ૯નું દેશોપશમના-પ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

### (૩) વેદનીય - દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન-૧

| દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|
| ૨નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |

૯મા ગુણઠાણેથી પડીને ૮મા ગુણઠાણે આવેલાને વેદનીયનું ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણું નહીં પામેલાને વેદનીયનું ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અનાદિ છે. અભવ્યને વેદનીયનું ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન ધ્રુવ છે. ભવ્યને ૯મું ગુણઠાણું પામે ત્યારે વેદનીયનું ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૪) **મોહનીય** - દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો-૬

| ક. | દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨૮નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો |
| ૨ | ૨૭નું | ૨૮—સમ્યક્ત્વ-મોહનીય | સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી ૧લા ગુણઠાણે કે ૩જા ગુણઠાણે રહેલા જીવોને |
| ૩ | ૨૬નું | ૨૭—મિશ્રમોહનીય | સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૧લા ગુણઠાણે રહેલા જીવોને અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવોને. |
| ૪ | ૨૫નું | ૨૮—દર્શન ૩ | ૨૬ની સત્તાવાળા ૧લા ગુણઠાણાવાળા જીવને ઔપશમિક સમ્યક્ત્વ પામતા અપૂર્વકરણ પછી મિથ્યાત્વમોહનીય સિવાય ૨૫ પ્રકૃતિઓની દેશોપશમના થાય. |
| ૫ | ૨૪નું | ૨૮—અનંતાનુબંધી ૪ | અનંતાનુબંધી ૪ની વિસંયોજનાના અપૂર્વકરણ પછી અનંતાનુબંધી ૪ સિવાયની ૨૪ પ્રકૃતિઓની દેશોપશમના થાય. અનંતાનુબંધી ૪ની વિસંયોજના કર્યા પછી પણ અનંતાનુબંધી ૪ સિવાયની ૨૪ પ્રકૃતિઓની દેશોપશમના થાય. |

| ક્ર. | દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૬ | ૨૧નું | ૨૮–અનંતાનુબંધી ૪, દર્શન ૩ | દર્શન ૩ની ક્ષપણા કે ઉપશમના કરતા અપૂર્વકરણ પછી દર્શન ૩ની દેશોપશમના ન થાય. અનંતાનુબંધી ૪ની ઉપશમના કે વિસંયોજના પૂર્વે થઈ ગઈ હોવાથી તેની પણ દેશોપશમના ન થાય. તેથી ૨૧ પ્રકૃતિઓની દેશોપશમના થાય. ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ૨૧ની સત્તા હોવાથી ૨૧ની દેશોપશમના થાય. |

(૧) **૨૮નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ઔપશમિક સમ્યક્ત્વ પામે ત્યારે ૨૮નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થાય ત્યારે અથવા અનંતાનુબંધી ૪ના વિસંયોજના કે ઉપશમનાના અનિવૃત્તિકરણ પામે ત્યારે ૨૮નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૨) **૨૭નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૩) **૨૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. અનાદિ મિથ્યાદૃષ્ટિને ૨૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અનાદિ છે. અભવ્યને ૨૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન ધ્રુવ છે. ભવ્યને ઔપશમિક સમ્યક્ત્વ પામતા અનિવૃત્તિકરણ પામે ત્યારે ૨૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૪) **૨૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ઔપશમિક સમ્યક્ત્વ પામતા અનિવૃત્તિકરણ પામે ત્યારે ૨૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન

સાદિ છે. ઔપશમિકસમ્યક્ત્વ પામ્યા પછી ૨૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૫) **૨૪નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - અનંતાનુબંધી ૪ની વિસંયોજના કે ઉપશમનાના અનિવૃત્તિકરણો પામે ત્યારે ૨૪નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ફરી અનંતાનુબંધી ૪ બાંધે ત્યારે અથવા દર્શન ૩ની ક્ષપણા કે ઉપશમનાના અનિવૃત્તિકરણો પામે ત્યારે ૨૪નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૬) **૨૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - દર્શન ૩ની ક્ષપણા કે ઉપશમનાના અનિવૃત્તિકરણો પામે ત્યારે ૨૧નું દેશોપશમના-પ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણુ પામે ત્યારે અથવા ઔપશમિક સમ્યક્ત્વથી પડે ત્યારે ૨૧નું દેશોપશમના-પ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૫) **આયુષ્ય :-** દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો-૨

| દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|
| ૨નું | વેદ્યમાન આયુષ્ય, પરભવનું આયુષ્ય | પરભવનું આયુષ્ય બાંધ્યા પછી ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |
| ૧નું | વેદ્યમાન આયુષ્ય | પરભવનું આયુષ્ય બાંધ્યા પહેલા ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |

(૧) **૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - પરભવનું આયુષ્ય બાંધ્યા પછી ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. વેદ્યમાન આયુષ્ય પૂર્ણ થાય ત્યારે ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૨) **૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - વેદ્યમાન આયુષ્યના પહેલા સમયે ૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. પરભવનું આયુષ્ય બાંધ્યા પછી ૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

## (૬) નામ - દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો-૭

| ક્રમ | દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧૦૩નું | સર્વ | [1]૪થા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો. |
| ૨ | ૧૦૨નું | ૧૦૩ – જિન | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો. |
| ૩ | ૯૬નું | ૧૦૩ – આહારક ૭ | [2]૧લા ગુણઠાણાવાળા જીવો અને ૪થા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો. |
| ૪ | ૯૫નું | ૧૦૩ – જિન, આહારક ૭ | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો. |
| ૫ | ૯૩નું | ૯૫ – દેવ ૨/ નરક ૨ | ૯૫ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયને દેવ ૨/ નરક ૨ની ઉદ્વલના થયા પછી તથા ત્યાંથી અન્યત્ર જઈને જ્યાં સુધી દેવ ૨/નરક ૨ ન બાંધે ત્યાં સુધી ૯૩નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન હોય છે. |
| ૬ | ૮૪નું | ૯૫ – દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ | ૯૩ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયને નરક ૨/દેવ ૨, વૈક્રિય ૭ની ઉદ્વલના થયા પછી અને ત્યાંથી અન્યત્ર જઈને જ્યાં સુધી નરક ૨/ દેવ ૨, વૈક્રિય ૭ ન બાંધે ત્યાં સુધી ૮૪નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન હોય છે. |
| ૭ | ૮૨નું | ૮૪ – મનુષ્ય ૨ | ૮૪ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયને તેઉકાય-વાયુકાયમાં ગયા પછી મનુષ્ય ૨ની ઉદ્વલના થયા પછી અને ત્યાંથી અન્યત્ર જઈને મનુષ્ય ૨ બાંધે નહીં ત્યાં સુધી ૮૨નું દેશોપશમના-પ્રકૃતિસ્થાન હોય છે. |

૧. *જિનનામકર્મ અને આહારક ૭ બન્નેની સત્તાવાળો જીવ ૧લા ગુણઠાણે ન* જાય. ૨જા, ૩જા ગુણઠાણે જિનનામકર્મની સત્તા ન હોય. માટે ૧૦૩ના દેશોપશમનાપ્રકૃતિસ્થાનના સ્વામી ૪થા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો કહ્યા.

૨. પૂર્વે નરકાયુષ્ય બાંધ્યું હોય તેવો મનુષ્ય પછીથી જિનનામકર્મ બાંધે ત્યારે છેલ્લા અંતર્મુહૂર્તમાં અને નરકના પહેલા અંતર્મુહૂર્તમાં ૧લા ગુણઠાણે આવે. ત્યાં તેને ૯૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન હોય.

(૧) **૧૦૩નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૧૦૩ની સત્તા થાય ત્યારે ૧૦૩નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણું પામે ત્યારે ૧૦૩નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૨) **૧૦૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૧૦૨ની સત્તા થાય ત્યારે ૧૦૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. આહારક ૭ની ઉદ્વલના થયા પછી અથવા ૯મું ગુણઠાણુ પામે ત્યારે ૧૦૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૩) **૯૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૯૬ની સત્તા થાય ત્યારે ૯૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણુ પામે ત્યારે ૯૬નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૪) **૯૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૯૫ની સત્તા થાય ત્યારે ૯૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. દેવ ૨/નરક ૨ ની ઉદ્વલના થાય ત્યારે અથવા ૯મું ગુણઠાણુ પામે ત્યારે ૯૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૫) **૯૩નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૯૫ની સત્તાવાળાને દેવ ૨/ નરક ૨ની ઉદ્વલના થાય ત્યારે અથવા ૮૪ની સત્તાવાળો નરક ૨/દેવ ૨, વૈક્રિય ૭ બાંધે ત્યારે ૯૩નું દેશોપશમના-પ્રકૃતિસ્થાન સાદિ છે. ૯૩ની સત્તાવાળો દેવ ૨/નરક ૨ બાંધે ત્યારે અથવા નરક ૨/દેવ ૨, વૈક્રિય ૭ની ઉદ્વલના કરે ત્યારે ૯૩નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૬) **૮૪નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૯૩ની સત્તાવાળાને નરક ૨/દેવ ૨, વૈક્રિય ૭ની ઉદ્વલના થાય ત્યારે અથવા ૮૨ની સત્તાવાળો મનુષ્ય ૨ બાંધે ત્યારે ૮૪નું દેશોપશમના-પ્રકૃતિસ્થાન સાદિ છે. ૮૪ની સત્તાવાળો નરક ૨/દેવ ૨,

વૈક્રિય ૭ બાંધે ત્યારે અથવા મનુષ્ય ૨ની ઉદ્વલના કરે ત્યારે ૮૪નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૭) **૮૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૮૪ની સત્તાવાળો મનુષ્ય ૨ની ઉદ્વલના કરે ત્યારે ૮૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૮૨ની સત્તાવાળો મનુષ્ય ૨ બાંધે ત્યારે ૮૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૭) **ગોત્ર** - દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો-૨

| દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|
| ૨નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |
| ૧નું | નીચગોત્ર | ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી મિથ્યાદૃષ્ટિ તેઉકાય-વાયુકાય વગેરે |

(૧) **૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૧ની સત્તાવાળો ઉચ્ચગોત્ર બાંધે ત્યારે ૨નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૨ની સત્તાવાળો ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે ત્યારે ૨નું દેશોપશમના પ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૨) **૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન** - ૨ની સત્તાવાળો ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે ત્યારે ૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૧ની સત્તાવાળો ઉચ્ચગોત્ર બાંધે ત્યારે ૧નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

(૮) **અંતરાય** :- દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો-૧

| દેશોપશમનાનું પ્રકૃતિસ્થાન | પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|
| ૫નું | સર્વ | ૧લા ગુણઠાણાથી ૮મા ગુણઠાણા સુધીના જીવો |

૯મા ગુણઠાણેથી પડીને ૮મા ગુણઠાણે આવેલાને ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન સાદિ છે. ૯મું ગુણઠાણુ નહીં પામેલાને ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અનાદિ છે. અભવ્યને ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન ધ્રુવ છે. ભવ્યને ૯મું ગુણઠાણુ પામે ત્યારે ૫નું દેશોપશમનાપ્રકૃતિસ્થાન અધ્રુવ છે.

**આઠ કર્મોમાં દેશોપશમનાના પ્રકૃતિસ્થાનો અને તેના સાદ્યાદિ ભાંગા -**

| મૂળપ્રકૃતિ | દેશોપશમના-પ્રકૃતિસ્થાનો | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫નું | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| દર્શનાવરણ | ૯નું | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| વેદનીય | ૨નું | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| મોહનીય | ૨૮નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૨૭નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૨૬નું | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| | ૨૫નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૨૪નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૨૧નું | ✓ | – | – | ✓ | ૨ |
| | કુલ | ૬ | ૧ | ૧ | ૬ | ૧૪ |
| આયુષ્ય | ૨નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૧નું | ✓ | – | – | ✓ | ૨ |
| | કુલ | ૨ | – | – | ૨ | ૪ |
| નામ | ૧૦૩નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૧૦૨નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૯૬નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૯૫નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૯૩નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૮૪નું | ✓ | – | – | ✓ | ૨ |

| મૂળપ્રકૃતિ | દેશોપશમના-પ્રકૃતિસ્થાનો | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|
| | ૮૨નું | ✓ | – | – | ✓ | ૨ |
| | કુલ | ૭ | – | – | ૭ | ૧૪ |
| ગોત્ર | ૨નું | ✓ | – | – | ✓ | ૨ |
| | ૧નું | ✓ | – | – | ✓ | ૨ |
| | કુલ | ૨ | – | – | ૨ | ૪ |
| અંતરાય | ૫નું | ✓ | ✓ | ✓ | ✓ | ૪ |
| કુલ | | ૨૧ | ૫ | ૫ | ૨૧ | ૫૨ |

(૨) **સ્થિતિદેશોપશમના** - તે બે પ્રકારે છે - મૂળપ્રકૃતિવિષયક સ્થિતિદેશોપશમના અને ઉત્તરપ્રકૃતિવિષયક સ્થિતિદેશોપશમના. તે બન્નેના બે-બે પ્રકાર છે - મૂળપ્રકૃતિવિષયક જઘન્ય સ્થિતિ-દેશોપશમના અને મૂળપ્રકૃતિવિષયક ઉત્કૃષ્ટ સ્થિતિદેશોપશમના, ઉત્તરપ્રકૃતિવિષયક જઘન્ય સ્થિતિદેશોપશમના અને ઉત્તરપ્રકૃતિ-વિષયક ઉત્કૃષ્ટ સ્થિતિદેશોપશમના.

મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિદેશોપશમનાના સ્વામી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી પ્રમાણે જાણવા. મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના જઘન્ય સ્થિતિદેશોપશમનાના સ્વામી જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામીની જેમ જાણવા, પણ જઘન્ય સ્થિતિદેશોપશમનાના સ્વામી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિવાળા એકેન્દ્રિય જાણવા, કેમકે તેમને જ બધા કર્મોની જઘન્ય સ્થિતિસત્તા હોય છે. જે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તા અભવ્યપ્રાયોગ્ય નથી તેમાંથી આહારક ૭, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય = ૯ ઉદ્વલનાયોગ્ય પ્રકૃતિઓનો $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ચરમ સ્થિતિખંડ બાકી

હોય ત્યારે એકેન્દ્રિય અને એકેન્દ્રિય સિવાયના જીવો તે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિદેશોપશમના કરે છે. અનંતાનુબંધી ૪ અને મિથ્યાત્વમોહનીયની જઘન્ય સ્થિતિસત્તા અનંતાનુબંધી ૪ની વિસંયોજનાના અનિવૃત્તિકરણમાં અને પ્રથમઔપશમિક-સમ્યક્ત્વપ્રાપ્તિના અનિવૃત્તિકરણમાં મળે છે, પણ ત્યારે દેશોપશમના થતી નથી. તેથી તે પાંચ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિદેશોપશમના અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય જ કરે છે. શેષ ઉદ્વલનાયોગ્ય ૧૪ પ્રકૃતિઓ (દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, મનુષ્ય ૨, ઉચ્ચગોત્ર)નો $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ચરમ સ્થિતિખંડ બાકી હોય ત્યારે એકેન્દ્રિય જ જઘન્ય સ્થિતિદેશોપશમના કરે છે. શેષ બધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિદેશોપશમના ૮મા ગુણઠાણાના ચરમસમયવર્તી જીવો કરે છે.

(૩) **રસદેશોપશમના** - ઉત્કૃષ્ટ રસદેશોપશમનાના સ્વામી ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામીની જેમ જાણવા. અશુભપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસદેશોપશમના મિથ્યાદૃષ્ટિ કરે છે. શુભપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ રસદેશોપશમના ૮મા ગુણઠાણાના ચરમસમય સુધી રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવો કરે છે.

જિનનામકર્મની જઘન્ય રસદેશોપશમનાના સ્વામી જઘન્ય રસ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ પ્રથમસમયવર્તી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો છે. શેષ પ્રકૃતિઓની જઘન્ય રસદેશોપશમનાના સ્વામી અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય જીવો છે.

(૪) **પ્રદેશદેશોપશમના** - ઉત્કૃષ્ટ પ્રદેશદેશોપશમનાના સ્વામી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી પ્રમાણે જાણવા, પણ ૮મા

ગુણઠાણાના ચરમ સમય સુધીના જીવો જ ઉત્કૃષ્ટ પ્રદેશદેશોપશમના કરે છે.

જઘન્ય પ્રદેશદેશોપશમનાના સ્વામી જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી પ્રમાણે જાણવા.

ઉપશમનાકરણના તલસ્પર્શી જ્ઞાન માટે જુઓ અમે લખેલ **'ઉપશમનાકરણ, વિસ્તૃત ગુજરાતી વિવેચન, ભાગ ૧'**

**કર્મપ્રકૃતિના ઉપશમનાકરણનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

**કર્મપ્રકૃતિ**

# નિધત્તિકરણ-નિકાચનાકરણ

**પદાર્થસંગ્રહ**

**નિધત્તિકરણ :-** જે વીર્યવિશેષથી સત્તાગત કર્મદલિકો ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ સિવાયના બધા કરણોને અયોગ્ય બને તે નિધત્તિકરણ કહેવાય છે.

**નિકાચનાકરણ :-** જે વીર્યવિશેષથી સત્તાગત કર્મદલિકો બધા *કરણોને અયોગ્ય બને તે નિકાચનાકરણ કહેવાય છે.*

નિધત્તિકરણ અને નિકાચનાકરણના ભેદ અને સ્વામી દેશોપશમનાના ભેદ અને સ્વામીની જેમ જાણવા.

**કર્મપ્રકૃતિના નિધત્તિકરણ-નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

• • •

## ગુણશ્રેણિ, દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણ અને યથાપ્રવૃત્તસંક્રમના દલિકોનું અલ્પબહુત્વ

જ્યાં ગુણશ્રેણિ થતી હોય ત્યાં પ્રાયઃ દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણ અને યથાપ્રવૃત્તસંક્રમ પણ થતા હોય છે. આ પાંચનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| ક્ર. | દલિકો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | ગુણશ્રેણિના દલિકો | અલ્પ |
| ૨ | દેશોપશમનાના દલિકો | અસંખ્યગુણ |
| ૩ | નિધત્તિકરણના દલિકો | અસંખ્યગુણ |
| ૪ | નિકાચનાકરણના દલિકો | અસંખ્યગુણ |
| ૫ | યથાપ્રવૃત્તસંક્રમથી સંક્રમતા દલિકો | અસંખ્યગુણ |

આઠ કરણોના અધ્યવસાયોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| ક્ર. | અધ્યવસાયો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | સ્થિતિબંધના અધ્યવસાયો કે રસબંધના અધ્યવસાયો, એટલે કે બંધનકરણના અધ્યવસાયો | અલ્પ |
| ૨ | ઉદીરણાકરણના અધ્યવસાયો | અસંખ્યગુણ |
| ૩ | સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણના અધ્યવસાયો | અસંખ્યગુણ |
| ૪ | ઉપશમનાકરણના અધ્યવસાયો | અસંખ્યગુણ |
| ૫ | નિધત્તિકરણના અધ્યવસાયો | અસંખ્યગુણ |
| ૬ | નિકાચનાકરણના અધ્યવસાયો | અસંખ્યગુણ |

**કર્મપ્રકૃતિના આઠ કરણોનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

## કર્મપ્રકૃતિ

# ઉપશમનાકરણ

## મૂળગાથા-શબ્દાર્થ

**करणकयाऽकरणा वि य, दुविहा उवसामणत्थ बिइयाए ।**
**अकरणअणुइन्नाए, अणुओगधरे पणिवयामि ॥१॥**

અહીં ઉપશમના બે પ્રકારની છે - કરણકૃત અને અકરણકૃત. બીજી અકરણ-અનુદીર્ણ ઉપશમનાના અનુયોગધરોને વંદન કરું છું. (૧)

**सव्वस्स य देसस्स य, करणुवसमणा दुसन्नि एक्किक्का ।**
**सव्वस्स गुणपसत्था, देसस्स वि तासि विवरीया ॥२॥**

કરણોપશમના સર્વની અને દેશની હોય છે. દરેકના બે નામ છે. ગુણોપશમના અને પ્રશસ્તોપશમના- એ સર્વોપશમનાના નામો છે. દેશોપશમનાના નામો તેનાથી વિપરીત (અગુણોપશમના અને અપ્રશસ્તોપશમના) છે. (૨)

**सव्वुवसमणा मोहस्सेव उ, तस्सुवसमक्किया जोग्गो ।**
**पंचेंदिओ उ सन्नी, पज्जत्तो लद्धितिगजुत्तो ॥३॥**

**पुव्वं पि विसुज्झंतो, गंठियसत्ताणइक्कमिय सोहिं ।**
**अन्नयरे सागारे, जोगे य विसुद्धलेसासु ॥४॥**

**ठिइसत्तकम्म अंतो-कोडीकोडी करेत्तु सत्तण्हं ।**
**दुट्ठाणं चउट्ठाणं, असुभसुभाणं च अणुभागं ॥५॥**

**बंधंतो धुवपगडी, भवपाउग्गा सुभा अणाऊ य ।**
**जोगवसा य पएसं, उक्कोसं मज्झिम जहण्णं ॥६॥**

**ठिइबंधद्धापूण्णे, नवबंधं पल्लसंखभागूणं ।**
**असुभसुभाणणुभागं, अणंतगुणहाणिवुड्ढीहिं ॥७॥**

**करणं अहापवत्तं, अपुव्वकरणमनियट्टिकरणं च ।**
**अंतोमुहुत्तियाइं, उवसंतद्धं च लहइ कमा ॥८॥**

સર્વોપશમના મોહનીયની જ થાય છે. સર્વોપશમનાની ક્રિયાને યોગ્ય, પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય, ત્રણ લબ્ધિથી યુક્ત, કરણકાળની પૂર્વે પણ વિશુદ્ધ થતો, ગ્રન્થિદેશે રહેલા અભવ્યની વિશુદ્ધિને ઓળંગીને રહેલો, કોઈ પણ સાકાર ઉપયોગમાં, યોગમાં અને વિશુદ્ધ લેશ્યાઓમાં રહેલો, સાત પ્રકૃતિઓની સ્થિતિસત્તાને અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ કરીને, અશુભપ્રકૃતિઓ અને શુભપ્રકૃતિઓનો રસ ક્રમશઃ ૨ ઠાણિયો અને ૪ ઠાણિયો કરીને, આયુષ્ય સિવાયની ભવપ્રાયોગ્ય શુભ ધ્રુવપ્રકૃતિઓ બાંધતો, યોગને વશ ઉત્કૃષ્ટ-મધ્યમ-જઘન્ય પ્રદેશ બાંધતો, સ્થિતિબંધનો કાળ પૂર્ણ થયે છતે નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પ્રમાણ કરતો, અશુભ પ્રકૃતિઓ અને શુભ પ્રકૃતિઓનો રસ ક્રમશઃ અનંતગુણહાનિથી અને અનંતગુણવૃદ્ધિથી બાંધતો જીવ અંતર્મુહૂર્ત-પ્રમાણ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરીને ક્રમે કરીને ઉપશાંતકાળને પામે છે. (૩, ૪, ૫, ૬, ૭, ૮)

**अणुसमयं वड्ढंतो, अज्झवसाणाण णंतगुणणाए ।**
**परिणामट्ठाणाणं, दोसु वि लोगा असंखिज्जा ॥९॥**

કરણોમાં જીવ અધ્યવસાયોની અનંતગુણ વિશુદ્ધિથી વધે છે. યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણમાં પરિણામસ્થાનો અસંખ્ય-લોકાકાશપ્રદેશપ્રમાણ છે. (૯)

**मंदविसोही पढमस्स, संखभागाहि पढमसमये ।**
**उक्कस्सं उप्पिमहो, एक्केक्कं दोण्ह जीवाणं ॥१०॥**

**आचरमाओ सेसुक्कोसं, पुव्वप्पवत्तमिइनामं ।**
**बिइयस्स बिइयसमए, जहण्णमवि अणंतरुक्कस्सा ॥११॥**

પહેલા જીવની પહેલા સમયની જઘન્ય વિશુદ્ધિ કરતા સંખ્યાતમા ભાગ સુધીના સમયોની જઘન્ય વિશુદ્ધિ ઉત્તરોત્તર અનંતગુણ છે. તેના કરતા બીજા જીવની પહેલા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ છે. ત્યાર પછી ચરમ સમયની જઘન્ય વિશુદ્ધિ સુધી બન્ને જીવોની ઉપર અને નીચે ૧-૧ સમયની જઘન્ય વિશુદ્ધિ અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી શેષ સમયોની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ ઉત્તરોત્તર અનંતગુણ છે. પહેલા કરણનું નામ પૂર્વપ્રવૃત્તકરણ છે. બીજા કરણના બીજા સમયે જઘન્ય વિશુદ્ધિ પહેલા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતા અનંતગુણ છે. (૧૦, ૧૧)

**निव्वयणमवि ततो से, ठिइरसघायठिइबंधगद्धाओ ।**
**गुणसेढी वि य समगं, पढमे समये पवत्तंति ॥१२॥**

ત્યાર પછી અપૂર્વકરણનું નિર્વચન (અન્વર્થને અનુસરનારું વચન) કહેવું. પહેલા સમયે એકસાથે સ્થિતિઘાત, રસઘાત, સ્થિતિબંધકાળ અને ગુણશ્રેણિ પ્રવર્તે છે. (૧૨)

**उयहिपुहत्तुक्कस्सं, इयरं पल्लस्स संखतमभागो ।**
**ठिइकंडगमणुभागा-णणंतभागा मुहुत्तंतो ॥१३॥**

**अणुभागकंडगाणं, बहुहिं सहस्सेहिं पूरए एक्कं ।**
**ठिइकंडसहस्सेहिं, तेसिं बीयं समाणेर्ति ॥१४॥**

ઉત્કૃષ્ટથી સાગરોપમપૃથક્ત્વ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિકંડકને ઉકેરે છે. અંતર્મુહૂર્તમાં રસના અનંત ભાગો ખપાવે છે. ઘણા હજારો રસકંડકો વડે એક સ્થિતિખંડ પૂર્ણ થાય છે. હજારો સ્થિતિખંડો વડે અપૂર્વકરણ પૂર્ણ થાય છે. સ્થિતિઘાત અને સ્થિતિબંધ સાથે શરૂ કરે છે અને સાથે પૂર્ણ કરે છે. (૧૩, ૧૪)

**गुणसेढीनिक्खेवो, समये समये असंखगुणणाए ।**
**अद्धादुगाइरित्तो, सेसे सेसे य निक्खेवो ॥१५॥**

ગુણશ્રેણિનો નિક્ષેપ ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણના ક્રમે થાય છે. તે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળ કરતા અધિક કાળમાં થાય છે. પછી પછીના સમયે શેષ શેષ સમયોમાં નિક્ષેપ થાય છે. (૧૫)

**अनियट्टिम्मि वि एवं, तुल्ले काले समा तओ नामं ।**
**संखिज्जइमे सेसे, भिन्नमुहुत्तं अहो मुच्चा ॥१६॥**

**किंचूणमुहुत्तसमं, ठिइबंधद्धाएँ अंतरं किच्चा ।**
**आवलिदुगेक्कसेसे, आगाल उदीरणा समिया ॥१७॥**

અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાત વગેરે એ જ પ્રમાણે પ્રવર્તે છે. સમાન કાળમાં રહેલા જીવો સમાન વિશુદ્ધિવાળા હોય છે. તેથી તેનું નામ અનિવૃત્તિકરણ છે. અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે નીચે અંતર્મુહૂર્ત છોડીને એક સ્થિતિબંધના કાળમાં અંતર્મુહૂર્ત પ્રમાણ અંતર કરે છે. બે આવલિકા અને એક

આવલિકા બાકી હોય ત્યારે ક્રમશઃ આગાલવિચ્છેદ અને ઉદીરણાવિચ્છેદ થાય છે. (૧૬, ૧૭)

**मिच्छत्तुदए खीणे, लहए सम्मत्तमोवसमियं सो ।**
**लंभेण जस्स लब्भइ, आयहियमलद्धपुव्वं जं ॥१८॥**

મિથ્યાત્વમોહનીયનો ઉદય પૂર્ણ થયે છતે તે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. જેની પ્રાપ્તિથી પૂર્વે નહીં મળેલુ જે આત્મહિત તે મળે છે. (૧૮)

**तं कालं बीयठिइं, तिहाणुभागेण देसघाइ त्थ ।**
**सम्मत्तं सम्मिस्सं, मिच्छत्तं सव्वघाईओ ॥१९॥**

તે સમયે બીજીસ્થિતિના રસભેદે ત્રણ ભેદ કરે છે. એમાં દેશઘાતી રસવાળા દલિકો તે સમ્યક્ત્વમોહનીયના છે અને સર્વઘાતી રસવાળા દલિકો મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયના છે. (૧૯)

**पढमे समए थोवो, सम्मत्ते मीसए असंखगुणो ।**
**अणुसमयमवि य कमसो, भिन्नमुहुत्ता हि विज्झाओ ॥२०॥**

પહેલા સમયે સમ્યક્ત્વમોહનીયમાં થોડા દલિકો સંક્રમાવે અને મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ દલિકો સંક્રમાવે. અંતર્મુહૂર્ત સુધી દરેક સમયે ક્રમશઃ આ પ્રમાણે સંક્રમાવે છે. ત્યાર પછી વિધ્યાતસંક્રમ થાય છે. (૨૦)

**ठिइरसघाओ गुणसेढी,- विय तावं पि आउवज्जाणं ।**
**पढमठिईए एग-दुगावलिसेसम्मि मिच्छत्ते ॥२१॥**

જ્યાં સુધી ગુણસંક્રમ થાય ત્યાં સુધી આયુષ્ય સિવાયના સાત કર્મોના સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ પ્રવર્તે છે.

મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની ૧ આવલિકા અને ૨ આવલિકા બાકી હોય ત્યાં સુધી તેના ક્રમશઃ સ્થિતિઘાત-રસઘાત અને ગુણશ્રેણિ થાય છે. (૨૧)

**उवसंतद्धाअंते, विहिणा ओकड्डियस्स दलियस्स ।**
**अज्झवसाणणुरूव-स्सुदओ तिसु एक्कयरयस्स ॥२२॥**

ઉપશમ સમ્યક્ત્વના કાળને અંતે વિધિપૂર્વક ખેંચાયેલા ત્રણ દર્શનમોહનીયના દલિકોમાંથી કોઈપણ એકના દલિકોનો અધ્યવસાયને અનુરૂપ ઉદય થાય છે. (૨૨)

**सम्मत्तपढमलंभो, सव्वोवसमा तहा विगिट्ठो य ।**
**छालिगसेसाइ परं, आसाणं कोइ गच्छेज्जा ॥२३॥**

ઔપશમિકસમ્યક્ત્વનો પ્રથમ લાભ મિથ્યાત્વમોહનીયના સર્વથા ઉપશમથી થાય છે. તે મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ છે. સમ્યક્ત્વકાળની ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી હોય ત્યારે કોઈ જીવ સાસ્વાદન ગુણઠાણે જાય છે. (૨૩)

**सम्मद्दिट्ठी नियमा, उवइट्ठं पवयणं तु सद्दहइ ।**
**सद्दहइ असब्भावं, अजाणमाणो गुरुनियोगा ॥२४॥**

સમ્યગ્દષ્ટિ જીવ ગુરુએ ઉપદેશેલા પ્રવચનની અવશ્ય શ્રદ્ધા કરે છે. પોતે નહીં જાણતો તે ગુરુની આજ્ઞાના પારતંત્ર્યથી ખોટા પ્રવચનની શ્રદ્ધા કરે છે. (૨૪)

**मिच्छद्दिट्ठी नियमा, उवइट्ठं पवयणं न सद्दहइ ।**
**सद्दहइ असब्भावं, उवइट्ठं वा अणुवइट्ठं ॥२५॥**

મિથ્યાદૃષ્ટિ જીવ ગુરુએ ઉપદેશેલા પ્રવચનની અવશ્ય શ્રદ્ધા

કરતો નથી. તે ઉપદેશેલા કે નહીં ઉપદેશેલા ખોટા પ્રવચનની શ્રદ્ધા કરે છે. (૨૫)

**सम्मामिच्छद्दिट्ठी, सागारे वा तहा अणागारे ।**
**अह वंजणोग्गहम्मि य, सागारे होई नायव्वो ॥२६॥**

સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ સાકાર કે અનાકાર ઉપયોગમાં હોય છે. જો સાકાર ઉપયોગમાં હોય તો વ્યંજનાવગ્રહમાં હોય છે એમ જાણવું. (૨૬)

**वेयगसम्मद्दिट्ठी, चरित्तमोहुवसमाए चिट्ठंतो ।**
**अजओ देसजई वा, विरतो व विसोहिअद्धाए ॥२७॥**

વિશુદ્ધિકાળમાં રહેલો અવિરત, દેશવિરત કે સર્વવિરત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્રમોહનીયની ઉપશમના શરૂ કરે છે. (૨૭)

**अन्नाणाणब्भुवगम-अजयणाहिजओ अवज्जविरईए ।**
**एगव्वयाइ चरिमो, अणुमइमित्तो त्ति देसजई ॥२८॥**

**अणुमइविरओ य जई, दोण्ह वि करणाणि दोण्णि न उ तईयं ।**
**पच्छा गुणसेढी सिं, तावइया आलिगा उप्पि ॥२९॥**

અજ્ઞાન, અસ્વીકાર અને અયતનાથી અવિરત થાય છે. પાપની વિરતિથી એકવ્રતવાળાથી માંડીને છેલ્લો અનુમતિમાત્રને સેવનારો દેશવિરત થાય છે. અનુમતિથી પણ અટકેલ યતિ થાય છે. દેશવિરતિ અને *સર્વવિરતિની પ્રાપ્તિમાં બે કરણો* (યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ) હોય છે, ત્રીજુ (અનિવૃત્તિકરણ) હોતું નથી. બે કરણો પછી તેમની આવલિકા ઉપર અંતર્મુહૂર્તપ્રમાણવાળી ગુણશ્રેણિ થાય છે. (૨૮, ૨૯)

**परिणामपच्चयाओ-ऽणाभोगगया गया अकरणा उ ।**
**गुणसेढी सिं निच्चं, परिणामा हाणिवुड्ढिजुया ॥३०॥**

અનાભોગથી પરિણામનો હ્રાસ થવાથી દેશવિરતિ કે સર્વવિરતિથી ભ્રષ્ટ થયેલા જીવો કરણ કર્યા વિના ફરી દેશવિરતિ કે સર્વવિરતિ પામે છે. જ્યાં સુધી દેશવિરતિ કે સર્વવિરતિ રહે છે ત્યાં સુધી સમયે સમયે તેની ગુણશ્રેણિ થાય છે. તે ગુણશ્રેણિ પરિણામની હાનિ અને વૃદ્ધિથી યુક્ત હોય છે. (૩૦)

**चउगइया पज्जत्ता, तिन्नि वि संयोयणा विजोयंति ।**
**करणेहिं तिहिं सहिया, नंतरकरणं उवसमो वा ॥३१॥**

ત્રણ કરણોથી સહિત, ચારે ગતિના પર્યાપ્તા અવિરત, દેશવિરત અને સર્વવિરત જીવો અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે છે. અહીં અંતરકરણ કે ઉપશમ થતો નથી. (૩૧)

**दंसणमोहे वि तहा, कयकरणद्धा य पच्छिमे होइ ।**
**जिणकालगो मणुस्सो, पट्ठवगो अट्ठवासुप्पिं ॥३२॥**

જેમ અનંતાનુબંધીની વિસંયોજના કહી તેમ દર્શનમોહનીયની ક્ષપણા પણ કહેવી. ચરમ સ્થિતિખંડ ઉકેર્યા પછી જીવ કૃતકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. ૮ વર્ષથી ઉપરની વયનો જિનકાલિક મનુષ્ય દર્શનમોહનીયની ક્ષપણા શરૂ કરે છે. (૩૨)

**अहवा दंसणमोहं, पुव्वं उवसामइत्तु सामन्ने ।**
**पढमठिइमावलियं, करेइ दोण्हं अणुदियाणं ॥३३॥**

અથવા સાધુપણામાં પહેલા દર્શનમોહનીયની ઉપશમના કરે છે. ઉદયમાં નહીં આવેલ બે પ્રકૃતિઓ (મિશ્રમોહનીય, મિથ્યાત્વ-મોહનીય)ની પ્રથમસ્થિતિ ૧ આવલિકા પ્રમાણ કરે છે. (૩૩)

**अद्धापरिवत्तीओ, पमत्तइयरे सहस्ससो किच्चा ।**
**करणाणि तिन्नि कुणए, तइयविसेसे इमे सुणसु ॥३४॥**

૬ઠ્ઠા ગુણઠાણે અને ૭મા ગુણઠાણે હજારો વાર કાળની પરાવૃત્તિઓ કરીને ત્રણ કરણો કરે છે. ત્રીજા (અનિવૃત્તિ)કરણના આ વિશેષો સાંભળ. (૩૪)

**अंतोकोडाकोडी, संतं अनियट्टिणो य उदहीणं ।**
**बंधो अंतोकोडी, पुव्वकमा हाणि अप्पबहू ॥३५॥**

અનિવૃત્તિકરણના પ્રથમ સમયે સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે અને સ્થિતિબંધ અંતઃકોડી સાગરોપમ પ્રમાણ છે. સ્થિતિબંધની હાનિ પૂર્વે કહેલા ક્રમે થાય છે. સ્થિતિબંધનું અલ્પબહુત્વ પૂર્વે કહેલા ક્રમે હોય છે. (૩૫)

**ठिइकंडगमुक्कस्सं पि, तस्स पल्लस्स संखतमभागो ।**
**ठिइबंधबहुसहस्से, सेक्केक्कं जं भणिस्सामो ॥३६॥**

તે ચારિત્રમોહનીયની ઉપશમના કરનારનો ઉત્કૃષ્ટ સ્થિતિકંડક પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. ચારિત્રમોહનીય ઉપશમકના ઘણા હજારો સ્થિતિબંધ ગયે છતે જે એક-એક અધિકાર થાય છે તે કહીશ. (૩૬)

**पल्लदिवड्ढबिपल्लाणि, जाव पल्लस्स संखगुणहाणी ।**
**मोहस्स जाव पल्लं, संखेज्जइभागहाऽमोहा ॥३७॥**

**तो नवरमसंखगुणा, एक्कपहारेण तीसगाणमहो ।**
**मोहे वीसग हेट्ठा य, तीसगाणुप्पि तइयं च ॥३८॥**

**तो तीसगाणमुप्पिं च, वीसगाइं असंखगुणणाए ।**
**तइयं च विसगाहि य, विसेसमहियं कमेणेति ॥३९॥**

નામ-ગોત્રનો, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયનો અને મોહનીયનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ, ૧$\frac{1}{2}$ પલ્યોપમ અને ૨ પલ્યોપમ થાય ત્યાં સુધી પૂર્વના ક્રમે જ હાનિ અને અલ્પબહુત્વ થાય. જેનો સ્થિતિબંધ પલ્યોપમ પ્રમાણ થાય ત્યારથી તેનો સ્થિતિબંધ સંખ્યાતગુણહાનિથી થાય. મોહનીયનો સ્થિતિબંધ પલ્યોપમ પ્રમાણ થાય ત્યાં સુધી તેનો નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ હીન પ્રમાણ થાય છે. ત્યાર પછી મોહનીય સિવાયની પ્રકૃતિ (નામ-ગોત્ર)નો સ્થિતિબંધ અસંખ્ય-ગુણહીન કરે છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો વીત્યા પછી મોહનીયનો સ્થિતિબંધ એકસાથે જ્ઞાનાવરણાદિના સ્થિતિબંધની નીચે થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો વીત્યા પછી મોહનીયનો સ્થિતિબંધ નામ-ગોત્રના સ્થિતિબંધની નીચે થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો વીત્યા પછી ત્રીજા (વેદનીય) કર્મનો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિ કર્મોના સ્થિતિબંધની ઉપર થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો વીત્યા પછી નામ-ગોત્રનો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિના સ્થિતિબંધની ઉપર થાય છે. મોહનીયનો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિના સ્થિતિબંધ કરતા અસંખ્યગુણહીન થયા પછી સર્વત્ર અસંખ્યગુણહીનના ક્રમે સ્થિતિબંધ થાય છે. ત્રીજા (વેદનીય) કર્મનો સ્થિતિબંધ નામ-ગોત્રના સ્થિતિબંધ કરતા વિશેષાધિકના ક્રમે થાય છે. (૩૭, ૩૮, ૩૯)

**अहुदीरणा असंखेज्ज-समयबद्धाण देसघाइऽत्थ ।**
**दाणंतरायमणपज्जवं च, तो ओहिदुगलाभो ॥४०॥**

**सुयभोगाचक्खूओ, चक्खू य ततो मई सपरिभोगा ।**
**विरियं च असेढिगया, बंधंति उ सव्वघाईणि ॥४१॥**

ત્યાર પછી અસંખ્યસમયબદ્ધ કર્મોની ઉદીરણા થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી દાનાંતરાય અને મનઃપર્યવજ્ઞાનાવરણનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ અને લાભાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી શ્રુતજ્ઞાનાવરણ, ભોગાંતરાય અને અચક્ષુદર્શનાવરણનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી ચક્ષુદર્શનાવરણનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી મતિજ્ઞાનાવરણ અને પરિભોગાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી વીર્યાંતરાયનો દેશઘાતી રસ બંધાય છે. જેમણે શ્રેણિ નથી માંડી એવા જીવો આ પ્રકૃતિઓનો સર્વઘાતી રસ બાંધે છે. (૪૦, ૪૧)

**संजमघाईणंतरमेत्थ उ, पढमट्ठिई य अन्नयरे ।**
**संजलणावेयाणं, वेइज्जंतीण कालसमा ॥४२॥**

ત્યાર પછી હજારો સ્થિતિબંધો પસાર થયા પછી ચારિત્રમોહનીય પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. એમાં ચાર સંજ્વલન કષાય અને ત્રણ વેદમાંથી જેનો ઉદય હોય તેની પ્રથમસ્થિતિ પોતાના ઉદયકાળ તુલ્ય કરે છે. (૪૨)

**दुसमयकयंतरे आलिगाण, छण्हं उदीरणाभिनवे ।**
**मोहे एक्कट्ठाणे, बंधुदया संखवासाणि ॥४३॥**

**संखगुणहाणिबंधो, एत्तो सेसाणऽसंखगुणहाणी ।**
**पउवसमए नपुंसं, असंखगुणणाइ जावंतो ॥४४॥**

અંતરકરણ કર્યા પછીના સમયે નવા બંધાયેલા કર્મોની ઉદીરણા છ આવલિકા પછી થાય છે, મોહનીયનો ૧ ઠાણિયો રસ બંધાય છે, મોહનીયના સંખ્યાતા વર્ષના બંધ અને ઉદીરણા થાય છે, અહીંથી મોહનીયનો સંખ્યાતગુણહીન બંધ થાય છે, શેષ કર્મોનો સ્થિતિબંધ અસંખ્યગુણહીન થાય છે, નપુંસકવેદોપશમનાના ચરમ સમય સુધી નપુંસકવેદને અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. (૪૩, ૪૪)

**एवित्थी संखतमे गयम्मि, घाईण संखवासाणि ।**
**संखगुणहाणि एत्तो, देसावरणाणुदगराई ॥४५॥**

એ જ પ્રમાણે સ્ત્રીવેદની ઉપશમના કરે છે. સ્ત્રીવેદોપશમનાનો સંખ્યાતમો ભાગ ગયે છતે ઘાતીકર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય છે. ત્યારથી તેનો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. અહીંથી દેશ આવરણ (જ્ઞાનાવરણ ૪, દર્શનાવરણ ૩) નો પાણીમાં રેખા સમાન ૧ ઠાણિયો રસ બંધાય છે. (૪૫)

**ता सत्तण्हं एवं, संखतमे संखवस्सिगो दोण्हं ।**
**बिइयो पुण ठिइबंधो, सव्वेसिं संखवासाणि ॥४६॥**

ત્યાર પછી એ જ પ્રમાણે સાત નોકષાયોની ઉપશમના કરે છે. તેમની ઉપશમનાનો સંખ્યાતમો ભાગ ગયે છતે બે પ્રકૃતિઓ (નામ+ગોત્ર)નો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષનો થાય છે. ત્યાર પછીનો બીજો સ્થિતિબંધ બધા કર્મોનો સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય છે. (૪૬)

**छस्सुवसमिज्जमाणे, सेक्का उदयट्ठिई पुरिससेसा ।**
**समऊणावलिगदुगे, बद्धा वि य तावदद्धाए ॥४७॥**

હાસ્ય ૬ ઉપશાંત થયે છતે પુરુષવેદની ૧ ઉદયસ્થિતિ બાકી

રહે છે. સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકોને પણ તેટલા કાળમાં ઉપશમાવે છે. (૪૭)

**तिविहमवेओ कोहं, कमेण सेसेवि तिविहतिविहे य ।**
**पुरिससमा संजलणा, पढमठिई आलिगा अहिगा ॥४८॥**

અવેદી જીવ ત્રણ પ્રકારના ક્રોધને ઉપશમાવે છે. શેષ ત્રણ-ત્રણ પ્રકારના કષાયોને પણ ક્રમે કરીને ઉપશમાવે છે. સંજ્વલનની ઉપશમના પુરુષવેદની જેમ થાય છે. પુરુષવેદની અપેક્ષાએ સંજ્વલન કષાયોની પ્રથમસ્થિતિમાં ૧ આવલિકા અધિક હોય છે. (૪૮)

**लोभस्स बेतिभागा, बिइयतिभागोऽत्थ किट्टिकरणद्धा ।**
**एगप्फड्डगवग्गण-अणंतभागो उ ता हेट्ठा ॥४९॥**

લોભવેદકકાળના $\frac{2}{3}$ ભાગ જેટલી લોભની પ્રથમસ્થિતિ કરે છે. એમાં બીજો $\frac{1}{3}$ ભાગ કિટ્ટિકરણાદ્ધા છે. પ્રથમ સમયે એક રસસ્પર્ધકની વર્ગણાઓના અનંતમા ભાગ જેટલી કિટ્ટિઓ કરે છે. તેમનો રસ જઘન્ય રસસ્પર્ધકની પણ નીચે હોય છે. (૪૯)

**अणुसमयं सेढीए, असंखगुणहाणि जा अपुव्वाओ ।**
**तव्विवरीयं दलियं, जहन्नगाई विसेसूणं ॥५०॥**

જે નવી કિટ્ટિઓ કરે છે તે પ્રતિસમય અસંખ્યગુણહાનિની શ્રેણિથી કરે છે. કિટ્ટિઓનું દલિક પ્રતિસમય તેનાથી વિપરીત (એટલે કે અસંખ્યગુણ) હોય છે. જઘન્ય કિટ્ટિથી માંડીને દરેક કિટ્ટિમાં દલિકો વિશેષન્યૂન છે. (૫૦)

***अणुभागोऽणंतगुणो, चाउम्मासाइ संखभागूणो ।***
***मोहे दिवसपुहुत्तं, किट्टीकरणाइसमयम्मि ॥५१॥***

પ્રથમ સમયની કિટ્ટિઓનો રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. સંજવલન કષાયોનો સ્થિતિબંધ ૪ માસનો થયા પછી નવો નવો સ્થિતિબંધ સંખ્યાતભાગન્યૂન થાય છે. કિટ્ટિકરણાદ્ધાના પહેલા સમયે મોહનીયનો સ્થિતિબંધ દિવસપૃથક્ત્વ પ્રમાણ થાય છે. (૫૧)

**भिन्नमुहुत्तो संखिज्जेसु य, घाईण दिणपुहुत्तं तु ।**
**वाससहस्सपुहुत्तं, अंतोदिवसस्स अंते सिं ॥५२॥**

**वाससहस्सपुहुत्ता, बिवरिसअंतो अघाइकम्माणं ।**
**लोभस्स अणुवसंतं, किट्टीओ जं च पुव्वुत्तं ॥५३॥**

કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા ભાગો ગયા પછી સંજવલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્તપ્રમાણ થાય છે, ઘાતીકર્મોનો સ્થિતિબંધ દિવસપૃથક્ત્વ પ્રમાણ થાય છે અને નામ-ગોત્ર-વેદનીયનો સ્થિતિબંધ ઘણા હજારો વર્ષ પ્રમાણ થાય છે. કિટ્ટિકરણાદ્ધાને અંતે સંજવલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે, ઘાતીકર્મોનો સ્થિતિબંધ અહોરાત્રથી ન્યૂન થાય છે, અઘાતીકર્મોનો સ્થિતિબંધ ઘણા હજારો વર્ષથી ઘટતો ઘટતો ૨ વર્ષથી ન્યૂન થાય છે. ત્યારે સંજવલન લોભની કિટ્ટિઓ અને પૂર્વે કહેલ દલિક (પ્રથમસ્થિતિના ૧ આવલિકાના દલિકો અને બીજી સ્થિતિના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો) અનુપશાંત છે. (૫૨, ૫૩)

**सेसद्धं तणुरागो, तावइया किट्टिओ य पढमठिई ।**
**वज्जिय असंखभागं, हेट्ठुवरिमुदीरए सेसा ॥५४॥**

શેષ $\frac{1}{3}$ ભાગ સૂક્ષ્મ રાગવાળો હોય છે. સૂક્ષ્મસંપરાય ગુણઠાણાના કાળ જેટલી કિટ્ટિઓની પ્રથમસ્થિતિ કરે છે. પહેલા સમયે નીચે અને ઉપર અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ છોડી શેષ કિટ્ટિઓની ઉદીરણા કરે છે. (૫૪)

**गेण्हंतो य मुयंतो, असंखभागो य चरिमसमयम्मि ।**
**उवसामेई बीय-ठिइं पि पुव्वं व सव्वद्धं ॥५५॥**

સૂક્ષ્મસંપરાય ગુણઠાણાના ચરમસમય સુધી પ્રતિસમય કિટ્ટિઓનો નવો નવો અસંખ્યાતમો ભાગ ગ્રહણ કરતો અને ઉદયપ્રાપ્ત કિટ્ટિઓનો અસંખ્યાતમો ભાગ છોડતો સૂક્ષ્મસંપરાય ગુણઠાણાના સર્વ કાળ સુધી પૂર્વેની જેમ બીજીસ્થિતિને ઉપશમાવે છે. (૫૫)

**उवसंतद्धा भिन्नमुहुत्तो, तीसे य संखतमतुल्ला ।**
**गुणसेढी सव्वद्धं, तुल्ला य पएसकालेहिं ॥५६॥**

ઉપશાંતમોહ ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે. ઉપશાંતમોહ ગુણઠાણાના સંપૂર્ણ કાળ સુધી તેના સંખ્યાતમા ભાગ પ્રમાણ અને પ્રદેશ તથા કાળની અપેક્ષા તુલ્ય ગુણશ્રેણિ કરે છે. (૫૬)

**उवसंता य अकरणा, संकमणोवट्टणा य दिट्ठितिगे ।**
**पच्छाणुपुव्विगाए, परिवडइ पमत्तविरतोत्ति ॥५७॥**

ઉપશાંત થયેલી મોહનીયની પ્રકૃતિઓને કરણો લાગતા નથી. ઉપશાંત થયેલ દર્શન ૩માં સંક્રમકરણ અને ઉદ્વર્તનાકરણ પ્રવર્તે છે. ૧૧મા ગુણઠાણાનો કાળ પૂર્ણ થતા પશ્ચાનુપૂર્વીથી પ્રમત્તસંયત ગુણઠાણા સુધી પડે છે. (૫૭)

***उक्कड्ढित्ता बिइयठिईहिं, उदयादिसुं खिवइ दव्वं ।***
**सेढीइ विसेसूणं, आवलिउप्पिं असंखगुणं ॥५८॥**

બીજી સ્થિતિમાંથી દ્રવ્યને ખેંચીને ઉદયસમય વગેરેની સ્થિતિઓમાં નાંખે છે. ૧ આવલિકા સુધી શ્રેણિથી (ક્રમશઃ) વિશેષન્યૂન વિશેષન્યૂન દ્રવ્ય નાંખે છે. આવલિકાની ઉપર અસંખ્યગુણ દ્રવ્ય નાંખે છે. (૫૮)

**वेइज्जंतीणेवं इयरासिं, आलिगाइ बाहिरओ ।**
**न हि संकमाणुपुव्वी, छावलिगोदीरणा णुप्पिं ॥५९॥**

ઉદયવાળી પ્રકૃતિઓનો દલિકનિક્ષેપ આ રીતે થાય છે. ઉદય વિનાની પ્રકૃતિઓનો દલિકનિક્ષેપ આવલિકાની બહારથી થાય છે. આનુપૂર્વીસંક્રમ થતો નથી. બંધાયેલા કર્મોની ઉદીરણા છ આવલિકા પછી નથી થતી, બંધાવલિકા પછી થાય છે. (૫૯)

**वेइज्जमाणसंजलणद्धा, अहिगा उ मोहगुणसेढी ।**
**तुल्ला य जयारूढो, अतो य सेसेहि तुल्लत्ति ॥६०॥**

મોહનીયકર્મની ગુણશ્રેણિ ઉદયવાળા સંજ્વલન કષાયના કાળથી અધિક કાળવાળી હોય છે અને ચઢતી વખતની ગુણશ્રેણિની તુલ્ય હોય છે. જે સંજ્વલન કષાયના ઉદયે ઉપશમશ્રેણિ માંડી હોય પડતી વખતે તેનો ઉદય થતા તેની ગુણશ્રેણિ શેષકર્મોની ગુણશ્રેણિની સમાન થાય છે. (૬૦)

**खवगुवसामगपडिवय-माणदुगुणो य तहिं तहिं बंधो**
**अणुभागोऽणंतगुणो, असुभाण सुभाण विवरीओ ॥६१॥**

ક્ષપક, ઉપશમક અને ઉપશમશ્રેણિથી પડનારાને તે તે સ્થાને સ્થિતિબંધ ક્રમશઃ બમણો થાય છે, અશુભ પ્રકૃતિઓનો રસબંધ ક્રમશઃ અનંતગુણ થાય છે અને શુભપ્રકૃતિઓનો રસબંધ ક્રમશઃ વિપરીત (અનંતગુણહીન) થાય છે. (૬૧)

**किच्चा पमत्ततदियरठाणे, परिवत्ति बहुसहस्साणि ।**
**हिट्ठिल्लणंतरदुगं, आसाणं वा वि गच्छेज्जा ॥६२॥**

પ્રમત્તસંયત ગુણઠાણે અને અપ્રમત્તસંયત ગુણઠાણે ઘણા હજારો વાર પરાવૃત્તિ કરીને કોઈ જીવ નીચેના બે ગુણઠાણે (દેશવિરતિ

ગુણઠાણે અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે) જાય છે અથવા કોઈ જીવ સાસ્વાદન ગુણઠાણે પણ જાય છે. (૬૨)

**उवसमसम्मत्तद्धा-अंतो आउक्खया धुवं देवो ।**
**तिसु आउगेसु बद्धेसु, जेण सेढिं न आरुहइ ॥६३॥**

ઉપશમસમ્યક્ત્વના કાળમાં આયુષ્યનો ક્ષય થાય તો અવશ્ય દેવ થાય, કેમકે દેવાયુષ્ય સિવાયના ત્રણ આયુષ્ય બંધાયા હોય તો જીવ ઉપશમશ્રેણિ માંડતો નથી. (૬૩)

**उग्घाडियाणि करणाणि, उदयट्ठिइमाइगं इयरतुल्लं ।**
**एगभवे दुक्खुत्तो, चरित्तमोहं उवसमेज्जा ॥६४॥**

ચઢનારાને જે જે સ્થાને જે જે કરણોનો વિચ્છેદ થયો હોય પડનારાને તે તે સ્થાને તે તે કરણો શરૂ થાય છે. પડનારાના ઉદયસ્થિતિ વગેરે ચઢનારાની સમાન છે. એક ભવમાં બે વાર ચારિત્રમોહનીયની ઉપશમના થાય છે. (૬૪)

**उदयं वज्जिय इत्थी, इत्थिं समयइ अवेयगा सत्त ।**
**तह वरिसवरो वरिसवरि-त्थिं समगं कमारद्धे ॥६५॥**

સ્ત્રીવેદે ઉપશમશ્રેણિ માંડનાર જીવ ઉદયસ્થિતિને છોડીને સ્ત્રીવેદને ઉપશમાવે છે. તે અવેદક થઈને સાત નોકષાયોને ઉપશમાવે છે. નપુંસકવેદે ઉપશમશ્રેણિ માંડનાર જીવ તે *રીતે (ઉદયસ્થિતિ* છોડીને) ક્રમથી ઉપશમાવવા શરૂ કરાયેલ નપુંસકવેદ અને સ્ત્રીવેદને એક સાથે ઉપશમાવે છે. (૬૫)

**पगइ-ठिई-अणुभाग-प्पएसमूलुत्तराहि पविभत्ता ।**
**देसकरणोवसमणा, तीए समियस्स अट्ठपयं ॥६६॥**

દેશકરણોપશમના ચાર પ્રકારની છે - પ્રકૃતિદેશોપશમના, સ્થિતિદેશોપશમના, રસદેશોપશમના, પ્રદેશદેશોપશમના. તે દરેક મૂળપ્રકૃતિદેશોપશમના અને ઉત્તરપ્રકૃતિદેશોપશમના એમ બે ભેદવાળી છે. દેશોપશમનાથી ઉપશાંત થયેલા દલિકોનું સ્વરૂપ આવું છે. (૬૬)

**उव्वट्टणओवट्टण-संकमणाइं च नन्नकरणाइं ।**
**पगइतया समईऊं, पहू नियट्टिंमि वट्टंतो ॥६७॥**

દેશોપશમનાથી ઉપશાંત દલિકોમાં ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ અને સંક્રમકરણ પ્રવર્તે છે, અન્ય કરણો પ્રવર્તતા નથી. અપૂર્વકરણ ગુણઠાણા સુધીના જીવો મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓને દેશોપશમનાથી ઉપશાંત કરવા સમર્થ છે. (૬૭)

**दंसणमोहाणंताणुबंधिणं, सगनियट्टिओ णुप्पि ।**
**जा उवसमे चउद्धा, मूलुत्तरणाइसंताओ ॥६८॥**

દર્શનમોહનીય અને અનંતાનુબંધી ૪ની દેશોપશમના પોતપોતાના અપૂર્વકરણ સુધી થાય છે, તેની ઉપર થતી નથી. જે મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓ અનાદિ સત્તાવાળી છે તેમની દેશોપશમના ચાર પ્રકારની (સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. (૬૮)

**चउरादिजुया वीसा, एक्कवीसा य मोहठाणाणि ।**
**संकमनियट्टिपाउग्गाइं, सजसाइं नामस्स ॥६९॥**

૪ વગેરેથી યુક્ત એવા ૨૦ (૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮) અને ૨૧ એ મોહનીયના પ્રકૃતિદેશોપશમનાસ્થાનો છે. નામના યશ સહિતના પ્રકૃતિસંક્રમસ્થાનો અપૂર્વકરણ પ્રાયોગ્ય (દેશોપશમના પ્રાયોગ્ય) પ્રકૃતિસ્થાનો છે. (૬૯)

**ठिइसंकमो व्व ठिइउवसमणा, णवरिं जहन्निया कज्जा ।**
**अब्भवसिद्धिजहन्ना, उव्वलगनियट्टिगे वियरा ॥७०॥**

સ્થિતિદેશોપશમના સ્થિતિસંક્રમ પ્રમાણે જાણવી, પણ જઘન્ય સ્થિતિદેશોપશમનાનો સ્વામી અભવ્યસિદ્ધિક પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિમાં રહેલો જીવ કરવો. જેમની જઘન્ય સ્થિતિ અભવ્યપ્રાયોગ્ય નથી તેવી ઈતર પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિદેશોપશમના તેમની ઉદ્વલનામાં કે અપૂર્વકરણમાં મળે છે. (૭૦)

**अणुभागसंकमसमा, अणुभागुवसामणा नियट्टिम्मि ।**
**संकमपएसतुल्ला, पएसुवसामणा चेत्थ ॥७१॥**

રસદેશોપશમના રસસંક્રમની સમાન જાણવી, પણ તેના સ્વામી અપૂર્વકરણ સુધીના જીવો જ જાણવા. અહીં પ્રદેશદેશોપશમના પ્રદેશસંક્રમની સમાન જાણવી, પણ તેના સ્વામી અપૂર્વકરણ સુધીના જીવો જ જાણવા. (૭૧)

**કર્મપ્રકૃતિના ઉપશમનાકરણના મૂળગાથા - શબ્દાર્થ સમાપ્ત**

# કર્મપ્રકૃતિ

# નિધત્તિકરણ-નિકાચનાકરણ

## મૂળગાથા-શબ્દાર્થ

**देसोवसमणतुल्ला, होइ निहत्ती निकायणा नवरं ।**
**संकमणं पि निहत्तीइ, नत्थि सेसाणि वियरस्स ॥१॥**

નિધત્તિકરણ અને નિકાચનાકરણ દેશોપશમનાની સમાન છે, પણ નિધત્તિકરણમાં ઉદીરણાકરણ વગેરે અને સંક્રમકરણ પણ થતા નથી, ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ થાય છે તથા નિકાચનાકરણમાં શેષકરણો (ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ) પણ થતા નથી. (૧)

**गुणसेढिपएसग्गं, थोवं पत्तेगसो असंखगुणं ।**
**उवसमणाइसु तीसु वि, संकमणेहाप्पवत्ते य ॥२॥**

ગુણશ્રેણિના પ્રદેશો અલ્પ છે. ઉપશમના વગેરે ત્રણમાં (દેશોપશમના, નિધત્તિકરણ, નિકાચનાકરણમાં) અને યથાપ્રવૃત્ત-સંક્રમમાં દરેકમાં અસંખ્યગુણ પ્રદેશો છે. (૨)

**थोवा कसायउदया, ठिइबंधोदीरणा य संकमणे ।**
**उवसामणाइसु अज्झवसाया, कमसो असंखगुणा ॥३॥**

સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો અલ્પ છે. ઉદીરણાકરણ, સંક્રમકરણ અને ઉપશમનાકરણ વગેરે ત્રણ (ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણ)ના અધ્યવસાયો ક્રમશઃ અસંખ્યગુણ છે. (૩)

**કર્મપ્રકૃતિના નિધત્તિકરણ-નિકાચનાકરણના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત**

*આ સંપૂર્ણ ગ્રન્થમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું.*

★ ★ ★

## સુકૃતની કમાણી કરનાર
## પુણ્યશાળી પરિવાર

પદાર્થપ્રકાશ ભાગ ૧૨ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ

'હેમસુકૃતનિધિ'માંથી

**શ્રાદ્ધવર્ય મૂળીબેન અંબાલાલ શાહ ખંભાતવાળાએ લીધેલ છે.**

હ. પુત્રવધૂ રમાબેન પુંડરીકભાઈ,

પૌત્રવધૂ ખ્યાતિ શર્મેશકુમાર, મલય-દર્શી,

પૌત્રી પ્રેરણા દેવેશકુમાર, મેઘ-કુંજીતા,

પૌત્રી પ્રીતિ રાજેશકુમાર, દેવાંશ-નિર્જરા.

સંપત્તિનો સદ્વ્યય કરનાર સૌભાગ્યશાળી પરિવારની

અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

MULTY GRAPHICS
(022) 23873222 23884222